# સમાધિશતકમ્




-: લેખક :-

સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી

પ્રકાશક :-શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ, મુંબઈ

• શ્રી મહુડી (મધુપૂરી) જૈન શ્વેતામ્બર
મૂર્તિપૂજક ટ્રસ્ટ, મુંબઈ

# સમાધિશતકમ્



: વિવેચનકાર :

યોગનિષ્ઠ શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય—

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ

: પ્રકાશક :

**શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ટ્રસ્ટ**

**તથા**

**શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ, મુંબઈ**

C/o. મેસર્સ ભાખરીઆ બ્રધર્સ,

૭૩, બજારગેટ સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦૦૦૧.

પ્રથમાવૃત્તિ વિ. સં. ૧૯૬૫
દ્વિતીયાવૃત્તિ વિ. સં. ૧૯૯૪
તૃતીયાવૃત્તિ વિ. સં. ૨૦૨૧
ચતુર્થાવૃત્તિ વિ. સં. ૨૦૪૬

વીર સંવત ૨૫૧૫
વિક્રમ સંવત ૨૦૪૬
સન ૧૯૯૦

નકલ ૧૫૦૦
પ્રકાશક દિન
જેઠ વદ ૩
ગુરૂદેવ નિર્વાણ દિન

કિંમત–૧૪–૦૦

: મુદ્રણ સહકાર :

**નવનીત જે. મહેતા**
સાગર પ્રિન્ટર્સ
પાદશાહની પોળ, રીલીફ રોડ,
અમદાવાદ.

# ઉ દ્દે શ

આ ચતુર્ગતિરૂપ સંસારમાં જીવો કર્મના વશથી પુનઃ પુનઃ પરિભ્રમણ કરી અનંત દુઃખ પામે છે; જ્યારે કર્મનો નાશ થાય છે, ત્યારે જીવ મુક્તિપદ પ્રાપ્ત કરે છે.

અનંત કાળથી લાગેલાં કર્મનો નાશ કરવાને શ્રી તીર્થંકર મહારાજાએ વ્યવહાર અને નિશ્ચયનય પૂર્વક આત્મધર્મનું આચરણ પ્રતિપાદન કર્યું છે.

વ્યવહારનયથી શ્રી ચતુર્વિધ સંઘનો પ્રવાહ સદાકાળ ચાલ્યા કરે છે અને નિશ્ચયનયથી આત્મધર્મમાં પ્રવેશાય છે.

દરેક વસ્તુ અનેક ધર્મમય છે, માટે તેનું સ્વરૂપ સાત નયથી એકાંતપણે જાણી શકાય છે. સાતનય અને સપ્તભંગીનું યથાર્થ સ્વરૂપ જાણવાથી એકાંત કદાગ્રહરૂપ મિથ્યાત્વનો નાશ થાય છે.

પ્રભુનાં વચન સાપેક્ષપણે વર્તે છે, સાપેક્ષબુદ્ધિ થયા વિના તત્ત્વ સ્વરૂપ પમાતું નથી. જે ભવ્યજીવે સાતનયથી તથા સપ્તભંગીથી વસ્તુરૂપ જાણ્યું છે, તે યથાર્થ જ્ઞાની જાણવો. અનેકાંતમત સદાકાળ જગતમાં વિજયવંત વર્તે છે.

અનેકાંતમતનું જ્ઞાન કરીને પણ સ્વભાવમાં રમણતા કરવાનું મુખ્ય કારણ અધ્યાત્મજ્ઞાન છે; અધ્યાત્મ જ્ઞાન વિના ખરી સમાધિ મળતી નથી. માટે અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કરવા અહર્નિશ પ્રયત્ન કરવો જોઈએ.

અધ્યાત્મજ્ઞાનથી બહિરાત્મભાવ છૂટે છે અને આત્મા પોતાના સ્વરૂપાભિમુખ પ્રવૃત્તિ કરે છે. અધ્યાત્નજ્ઞાનથી અંતર શુદ્ધ બને છે.

જે એકાન્ત વ્યવહારમાં રાચીમાચીને અધ્યાત્મજ્ઞાનનો તિરસ્કાર કરે છે, તે ભૂલ કરે છે. તેમ જે અધ્યાત્મજ્ઞાનના ઉપર ઉપરના રાગથી અધ્યાત્મી બની જઈ ઉચિત ક્રિયા કરે છે. તે જીવો પણ ભૂલ કરે છે.

**ज्ञान–क्रियाभ्यां मोक्षः** જ્ઞાન અને ક્રિયા એ બેથી મોક્ષની પ્રાપ્તિ છે. જ્ઞાન વિનાની ક્રિયા ઇચ્છીત લાભ આપનારી નથી અને ક્રિયા વિનાનું જ્ઞાન પણ ઇચ્છિત લાભ આપી શકતું નથી. જ્ઞાન અને ક્રિયા એ બેનું સેવન કરવું જોઈએ.

વ્યવહારમાર્ગનું સેવન કરવા યોગ્ય છે. પ્રથમથી જ કંઈ અધ્યાત્મજ્ઞાની બની જવાતું નથી. શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજીએ વ્યવહાર અને નિશ્ચયનય ગર્ભિત ઘણા ગ્રંથો બનાવ્યા છે.

સમાધિશતક નામનો આ ગ્રંથ પણ તેમનો બનાવેલો છે. મૂળ સમાધિશતક એક સંસ્કૃત ભાષામાં ગ્રંથ છે. તે ઉપરથી કેટલોક સુધારો વધારો કરી બાળજીવોને બોધ પ્રાપ્તિ અર્થે ગુજરાતી ભાષામાં રચ્યો છે.

શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય સંવત્ ૧૭૪૦ ની સાલ લગભગમાં વિદ્યમાન હતા. તેઓએ બાર વર્ષ પર્યંત કાશીના મઠમાં રહી વિદ્યાભ્યાસ કર્યો હતો. તેઓશ્રી ન્યાય-શાસ્ત્રમાં મહાસમર્થ વિદ્વાન હતા, એમ તેમના ગ્રંથોથી માલુમ પડે છે. તેમણે શત ગ્રંથોની રચના કરી છે.

તેઓશ્રીનો વિહાર સુરત, રાંદેર, ભરૂચ, નીકોર, વડોદરા, પાદરા, કાવી, ગંધાર, ખંભાત, અમદાવાદ, પાટણ, શંખેશ્વર, મારવાડ વિગેરે ઠેકાણે થયો હતો, એમ અનુમાનથી સિદ્ધ થાય છે.

શ્રી યશોવિજયજી ઉપાધ્યાય મહાધુરંધર, સમર્થજ્ઞાની હતા, એમ તેમના ગ્રંથોથી માલુમ પડે છે. તેમના સમયમાં અધ્યાત્મજ્ઞાની શ્રી આનંદઘનજી મહારાજ વિદ્યમાન હતા. શ્રી આનદઘનજી સ્તુતિરૂપ અષ્ટપદી ઉપાધ્યાયજીએ રચી છે.

શ્રી યશોવિજયજીના સમયમાં શ્રી વિનયવિજયજી ઉપાધ્યાય તથા જ્ઞાનવિમળસૂરિ તથા શ્રી સત્યવિજયજી પન્યાસ તથા બીજા પણ વિદ્વાન મુનીશ્વરો હયાતીમાં હતા.

સત્તરમા સૈકામાં જ્ઞાનનો મહા ઉદ્યોત હતો. શ્રી ઉપાધ્યાયજી મહારાજે વડોદરા પાસેના ડભોઈ ગામમાં દેહોત્સર્ગ કર્યો. ત્યાં ઉપાધ્યાયજીની પાદુકા હાલ પણ છે. તેમના બનાવેલા ગ્રંથોની કેટલીક યાદી નીચે મુજબ છે.

## ગુજરાતી ભાષામાં રચેલા ગ્રંથો

(૧) સવાસો ગાથાનું સ્તવન.
(૨) દોઢસો ગાથાનું સ્તવન.
(૩) સાડા ત્રણસો ગાથાનું સ્તવન.
(૪–૬) ત્રણ ચોવીશીઓ.
(૭) વિહરમાન તીર્થંકરની વીશી સ્તવન.
(૮) સમકિતના સડસઠ બોલની સજઝાય.

(૯–૧૦) અઢાર પાપ સ્થાનકની સજ્ઝાય.

(૧૧) દ્રવ્યગુણપર્યાયનો રાસ ટબા સહ.

(૧૨) સમતા શતક.

(૧૩) સમાધિશતક.

(૧૪) ષડસ્થાનક ચોપાઈ

(૧૫) દિગ્પટ ચોરાસી બોલ વિચાર.

(૧૬) પદ બહોતેરી.

(૧૭) જશ વિલાસ.

(૧૮) અષ્ટપદી.

(૧૯) આવશ્યક સ્તવન.

(૨૦) મૌન એકાદશી સ્તવન.

(૨૧) સમુદ્ર વહાણ સંવાદ.

(૨૨) જેશલમેર લખેલ પત્ર.

(૨૩) અન્ય સજ્ઝાય સંગ્રહ.

(૨૪) દશમતનું સ્તવન.

(૨૫) જ્ઞાન સાર ટબો (કચ્છ કોડાયમાં તે છે એમ સંભળાય છે.)

(૨૬) જંબૂ સ્વામીનો રાસ.

(૨૭) શ્રીપાલનો રાસ (ઉત્તરાર્ધ.)

(૨૮) તત્ત્વાર્થ બાળાવબોધ.

(૨૯) શઠ પ્રકરણ.

# સંસ્કૃત ગ્રન્થો.

(૧) ગુરુતત્ત્વ નિર્ણય
(૨) પ્રતિમા શતક
(૩) અધ્યાત્મ પરીક્ષા
(૪) ખંડન ખાદ્ય.
(૫) ભાષા રહસ્ય.
(૬) ઉપદેશ રહસ્ય.
(૭) બત્રીશ બત્રીશી.
(૮) ધર્મ પરીક્ષા.
(૯) નયોપદેશ.
(૧૦) સમાચારી.
(૧૧) વૈરાગ્ય કલ્પલતા.
(૧૨) જ્ઞાનબિંદુ.
(૧૩) ન્યાયાલોક.
(૧૪) સ્યાદ્વાદ કલ્પલતા—શાસ્ત્ર વાર્તા સતુચ્ચયની ટીકા.
(૧૫) અધ્યાત્મમત દલન.
(૧૬) મુક્તા શક્તિ.
(૧૭) જ્ઞાનસાર.
(૧૮) જૈન તર્ક પરિચય.
(૧૯) ષોડશક ટીકા.
(૨૦) ધર્મપરીક્ષા.
(૨૧) માર્ગશુદ્ધિ.
(૨૨) મહાવીર સ્તવન.
(૨૩) તત્ત્વાર્થ ટીકા ભાષાનુસારી.
(૨૪) યતિ લક્ષણ સમુચ્ચય.
(૨૫) પ્રમાણ રહસ્ય.
(૨૬) આત્મખ્યાતિ.
(૨૭) અષ્ટકટબાર્થ.
(૨૮) વિચારીબિન્દુ.
(૨૯) આધ્યાત્મસાર.
(૩૦) ૧૦૮ બોલ.
(૩૧) ૧૦૧ બોલ.
(૩૨) અનેકાન્ત વ્યવસ્થા (વિધિ પક્ષવાદ)
(૩૩) અષ્ટ સહસ્રી ટીકા.

આ સિવાય બીજા પણ ગ્રન્થો છે, પણ જે હાલ મળી આવતા નથી; જેવા કે (૧) છંદ ચૂડામણિ ટીકા. (૨) મંગળવાર (૩) વિધિવાદ. (૪) સ્યાદ્વાદવાદ. (૫) લવાદ્વય

(૬) જ્ઞાનાર્ણવ. (૭) માર્ગશુદ્ધિ પૂર્વાધ. (૮) સિદ્ધાન્ત તર્ક પરિષ્કાર (૯) પાતંજલ યોગ સૂત્રવૃત્તિ. (૧૦) ત્રિસૂત્ર્યાલોક.

તે પૈકીનો આ સમાધિશતક ગ્રંથ પણ છે. આત્માથી જીવોને આ ગ્રંથ બહુ ઉપયોગી છે. આ ગ્રંથનો એકેક દોધક પણ બહુ ઉપકારકર્તા છે.

શ્રી ઉપાધ્યાયજીની ભાષારૂપવાણી પણ અતિ ગંભીર છે. તેમના રચેલા દોધકનો ખરો આશય તો તેઓશ્રી અથ ગીતાર્થ જ્ઞાની જાણે. તો પણ તેમના દોધકનું વિવેચન ભક્તિના વિશે મારાથી કરવામાં આવ્યું છે. સમાધિશતક મૂળ સંસ્કૃતમાં દિગંબરી છે. તેના શ્લોક પણ આ ગ્રંન્થમાં દાખલ કર્યા છે. તેનો ઉદ્ધાર વધારા સુધારા સાથે ભાષામાં કરનાર શ્રી ઉપાધ્યાયજીની જેટલી સ્તુતિ કરીએ તેટલી ઓછી છે.

સંવત ૧૯૬૨ ના વૈશાખ વદી ૧૧ ના રોજ શેઠ લાલભાઈ દલપતભાઈના માતુશ્રી શેઠાણી ગંગાબેન વિગેરે સંઘના આગ્રહથી અમદાવાદમાં ગુરુમહારાજ શ્રી સુખસાગરજી સાથે આવવાનું થયું.

તેમના વંડામાં એક માસ કલ્પ કર્યો. શેઠ લાલભાઈ દલપતભાઈ તથા તેમના માતુશ્રી શેઠાણી ગંગાબેન વિગેરેના આગ્રહ અને વિનંતિથા અમદાવાદમાં ચોમાસું કર્યું.

આ પ્રસંગે શેઠ જગાભાઈ દલપતભાઈ બી. એ. એ અમારી પાસે તત્ત્વનું વાચન શરૂ કર્યું. સમાધિશતક તેમણે

વાંચ્યું. તેમના ભાવથી તથા આગ્રહથી આ સમાધિશતકનું વિવેચન સુશ્રાવક, શેઠ દલપતભાઇ ભગુભાઇના વંડામાં શરૂ કર્યું. ગુરુપ્રસાદથી પૂર્ણ કર્યું.

આ ગ્રંથના વિવેચનમાં કોઈ સ્થળે કર્તાના આશય વિરુદ્ધ વિવેચન કરાયું હોય, તો તે સંબંધી મિચ્છામિ દુક્કડં દઉં છું. કારણ કે છદ્મસ્થ મનુષ્યની વિસ્મૃતિ થઈ જાય છે.

જ્યાં સંશય પડે ત્યાં વિદ્વાનોને પૂછી નિર્ણય કરવો. સ્યાદ્વાદ દૃષ્ટિથી સાપેક્ષપણે જે સત્ય હોય તે જ સત્ય માનવું, તેથી વિરુદ્ધ હોય તે સંબંધી વાચક સજ્જનોએ પક્ષપાત કરવો નહિ, એજ લેખકની ભલામણ છે.

शान्ति : शान्ति : शान्ति :

વિ. સં. ૧૯૬૪<br>
માગશર સુદિ ૧૧<br>
અમદાવાદ

મુનિ બુદ્ધિસાગર

# પ્રસ્તાવના

આનંદની અભીપ્સા સૌ સચેતન પ્રાણીમાં પડેલી જ હોય છે માત્ર અભીપ્સા જ હોય છે એટલું નહિ પણ આનંદની પ્રાપ્તિ માટે પોતાના જ્ઞાન, શક્તિ અને આવડત પ્રમાણે હરહંમેશ મંદ કે તીવ્ર પ્રયત્ન પણ કરતો જ હોય છે.

આજના ઉદ્યાનો, ક્રિડાંગણો, ચલચિત્રગૃહો, સ્નાનાગારો વિગેરે મનોરંજનને લગતી ચીજો આનંદ મેળવવાને ખાતર જ સર્જન કરવામાં આવેલી છે.

આ કૃતિમ સાધનો દ્વારા પ્રાપ્ત થતા આનંદનું સ્થિરીકરણ અતિઅલ્પ પ્રમાણનું હોય છે, વસ્તુતઃ એ આનંદ, આનંદ જ ન ગણાય, એ તો આનંદનો આભાસ માત્ર હોય છે.

પરોપકાર પ્રવણ મહાપુરૂષોએ સ્થિર આનંદનું સ્થાન અને આનંદ પ્રાપ્તિના ઉપાયો સુંદર રીતે દેખાડેલા છે. એ ઉપાયોદ્વારા હરકોઈ સુજ્ઞ આનંદ મેળવી શકે છે.

શાન્ત અને નિખાલસ મનથી વિચાર કરતાં સહુ સ્હેજે સમજી શકે છે કે આનંદ એ આત્મામાં જ છે!

એ કોઈ બહારનો પદાર્થ નથી કે દેખાડી શકાય !!

એ કોઈ એવી વસ્તુ નથી કે થોકબંધ રૂપીયાના બંડલો દ્વારા વેચાતી લઈ શકાય ! ! !

એ કોઈ એવી દવા નથી કે શીશી ભરી આપી દેવાય કે પવાલામાં નાખી પી લેવાય ! ! !

એ અપૂર્વ અજોડ અદ્વિતીય અને અસાધારણ વસ્તુ છે. ! એ આપણા ચૈતન્ય–સ્વરૂપ આત્મામાં જ છે !! આપણે તો આનંદની ગવેષણા કરી અનુભવ કરવાનો છે !!

ઝગમગતો દીપક અન્ધકારના આવરણોને ભેદી દશ્યમાન જડ પદાર્થ સમુહને દેખાડે છે, તેમ મહાપુરુષોના ગ્રન્થો આનંદ પ્રાપ્તિના ઉપાયો જણાવે છે, અને ઉપાય જાણ્યા પછી એના અમલીકરણ માટે પુરુષાર્થ કરવો, એ આપણી પોતાની પવિત્ર ફરજ છે.

"સમાધિશતક" એ આત્માને આનંદમાં સ્થાપન કરવા માટેના ઉપાયોને જ્ઞાપન કરતો સો શ્લોક પ્રમાણનો સુંદરતર સંસ્કૃત ભાષાનો આધ્યાત્મિક ગ્રન્થ છે.

આ ગ્રંથના કર્તા દિગંબર સંપ્રદાયના અચાર્ય શ્રી પ્રભેન્દુજી છે, જેને શ્રી પૂજ્યપાદ સ્વામી પણ કહેવામાં આવે છે

આ ગ્રંથ ઉપર દિગંબર આચાર્ય શ્રી પ્રભાચંદ્રજીએ ટીકા પણ લખી છે

છતાં જોવાની ખૂબી એ છે કે શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છીય પ૦ પૂ૦ ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજી મહોપાધ્યાયજીએ આ શ્રેષ્ઠ ગ્રંથ ઉપર એ શ્લોકના જ ભાવો વાળું બાળજીવોના બોધને અનુલક્ષી દોધક છંદમાં ગૂર્જર ભાષીય શતક બનાવ્યું છે.

જો પરમ પૂજ્ય શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજીએ અનુનાદ રૂપ શતક ન બનાવ્યું હોત તો આજે આ ઉત્તમ ગ્રંથ વાચનના લાભથી પ્રાયઃ આપણે વંચિત રહેત અથવા તો આ ગ્રન્થ વિરૂદ્ધ સંપ્રદાયનો છે એવું માની એ ગ્રન્થ પ્રતિ ઉપેક્ષાભાવ રહ્યા કરત.

પરન્તુ ઉપેક્ષાભાવ નથી રહ્યો એ રૂડા પ્રતાપ છે પ. પૂ. મહોપાધ્યાયજીના અને "યોગનિષ્ઠ" એટલા ટૂંકા નામથી ખ્યાતનામ થયેલા પરમપૂજ્ય અષ્ટોત્તરશત ગ્રંથ પ્રણેતા શાસ્ત્રવિશારદ યોગનિષ્ઠ આચાર્યદેવ શ્રી બુદ્ધિસાગર-સૂરીશ્વરજીના.

પ૦ પૂ૦ યોગનિષ્ઠ આચાર્યદેવશ્રીએ મૂળ સંસ્કૃત સમાધિશતક ગ્રન્થ અને મહોપાધ્યાયજીનો અનુવાદિત સમાધિશતક ઉપર પોતાની અધ્યાત્મભાવના ભરી કલમે વિવેચન લખી અધ્યાત્મરસિક આત્માઓ ઉપર ઉત્તમ ઉપકાર કર્યો છે.

મૂળ ગ્રંથરત્ન દિગંબરીય સંપ્રદાયનો હોવા છતાં એમાં કયાંય ખંડનાત્મકતા જણાઈ નથી. જો ખંડનાત્મકતા હોય તો સાહસાગ્રણી મહોપાધ્યાયજી એ ચલાવી લે, એ માનવા જેવું જણાતું નથી.

મંગલાચરણના બીજા શ્લોકમાં "जयन्ति यस्याऽव-दतोऽपि भारती" પદમાં "अवदता" શબ્દથી આ ગ્રન્થ દિગબંર સંપ્રદાયનો છે એમ જાણી શકાય છે. જો "अवदतो"

શબ્દ ન હોત તો બીજું કોઇ એવું પ્રમણ શોધવું મુશ્કેલ હતું કે આ ગ્રન્થરત્ન દિગંબરીય છે કે શ્વેતાંબરીય છે?

સંસ્કૃત સમાધિશતક અને ગૂર્જર સમાધિશતક કઇ સાલમાં અને કયા સ્થળે રચાય છે એ સંબંધી ઉલ્લેખ જાણુમાં આવ્યા નથી. માટે એ વિગત આલેખી શકાણી નથી.

હવે સમાધિ અને શતક શબ્દોનો વિચાર કરીએ.

આધિ વ્યાધિ ઉપાધિ અને સમાધિ આ ચારે શબ્દોમાં આ ઉપસર્ગપૂર્વક ધા ધાતુ છે. આધિ, વ્યાધિ, ઉપાધિ સ્વયં સર્જિત છે, છતાં અણમાનિતી વસ્તુઓ છે અને સમાધિ શબ્દ સાંભળતાં હ્રદયકુંજમાં આહ્લાદકતાનો ઉદ્‌ભવ થાય છે.

શાંતિ, સમતા, આનંદ, સુખ, મનઃપ્રફુલ્લતા, સૌમ્યભાવ વિગેરે અર્થો વ્યવહાર રીતે સમાધિ શબ્દના થઇ શકે છે. પરન્તુ શાસ્ત્રીય પરિભાષામાં નીચે પ્રમાણે અર્થો થાય છે. દૃષ્ટાન્તો પૂર્વક એનો વિચાર કરીએ.

**"जे आवकहा समाहिए दविए कालमकासि पंडिए" ॥**

જે જીવનપર્યંત સમાધિમાં-જ્ઞાનાદિ પ્રવૃત્તિમાં રાગદ્વેષ રહિત એવા સદસદ્વિવેકી પુરુષે સમય વ્યતીત કરવો જોઇએ.

**सम्यग् आहितः आत्मा ज्ञानदौ येन समाहितः । समाधिन शोभनानध्यवसायेन युक्तः ।**

શ્રી સૂત્રકૃતાંગ ૨ અ૦ ૨ ઉ૦ ૪ શ્લોક૦

અહીં સમાધિ શબ્દ આત્મામાં જ્ઞાનાદિ સ્થાપવા અર્થમાં કે શુભ અધ્યવસાયની યુક્તતાને સમાધિ કહે છે.

* * *

**"कामेहिं गिद्धा अज्झोववन्ना समाहिमाधायमजोसयंता सत्थारमेयं फरुषं वयंति"** ॥

કામ ભોગોમાં આસક્ત અને ગૌરવત્રિકમાં આસક્ત એવા આત્માઓ ઈન્દ્રિયસંયમરૂપ સમાધિને નહિ આચરવાના કારણે આચાર્યાદિ હિત શિખામણ આપે તો એની સામે બોલે છે.

**समाधि-इन्द्रिय-प्रणिधानम्** ।

શ્રી આચારાંગસૂ. ૬ અ૦ ૪ ઉદ્દે૦ ૧૮૫ સૂત્ર.

અહીં સમાધિ શબ્દ ઇન્દ્રિયસંયમ અર્થમાં છે.

× × ×

**"आदेज्जवक्के कूसले वियत्ते,**
**स अरिहइ भाषिउ तं समाहिं"** ॥

આદેય વચની હોય, આગમ પ્રતિપાદનમાં નિપુણ હોય, વિચારશીલ હોય, તે જ સર્વજ્ઞકથિત જ્ઞાનાદિ ભાવ-સમાધિને કહેવા માટે યોગ્યતા ધરાવે છે.

**तं-ज्ञानादिकं भावसमाधिम्** ॥

શ્રી સૂત્રકૃતાંગ ૧૪ અ૦ ૨૭ શ્લો૦

અત્ર સમાધિ એટલે જ્ઞાનાદિ ગુણો લીધા છે.

* * *

**"एवं ण से होइ समाहिपत्ते,**
**जे पण्णवं भिक्खु विउक्कसेज्जा"** ॥

એ પ્રમાણે જે સાધુ પોતાની બુદ્ધિનો કે લાભનો મદ કરે અને અન્યને હીણા-મંદભાગી માને તો તે સાધું મોક્ષમાર્ગ કે ધર્મધ્યાનાદિ પામી શકતો નથી.

समाधि-मोक्षमार्ग ज्ञान-दर्शन-चारित्ररूपं धर्मध्यानाख्यं वा ।

श्री સૂયગડાંગસૂત્ર ૧૩ અ૦ ૧૪ ગાથા.

અત્ર મોક્ષમાર્ગ અને ધર્મધ્યાનના અર્થમાં સમાધિ શબ્દનો પ્રયોગ છે.

* * *

चत्तारि पडिमा पण्णता, तं जहा समाहि पडिमा, उवहाण पडिमा, विवेग पडिमा, विउसग्ग पडिमा ॥

ચાર પડિમા-પ્રતિજ્ઞા પ્રરૂપી છે. તે આ પ્રમાણે સમાધિ પ્રતિમા, ઉપધાન પ્રતિમા, વિવેક પ્રતિમા અને વ્યુત્સર્ગ પ્રતિમા.

समाधिः श्रुतं चारित्रं च तद्विषया प्रतिज्ञा प्रतिमा अभिग्रहः ।

શ્રી સ્થાનાંગ સૂત્ર. ૪ સ્થાનક ૧ ઉ૦ ૨૫૧ સૂત્ર.

અત્ર જ્ઞાન અને ચારિત્રના ભાવમાં સમાધિ શબ્દ છે.

× × ×

एकाग्रे च निरुद्धे च समाधिरिति चेन्न तत् ॥

એકાગ્ર અને નિરુદ્ધ ચિત્તને સમાધિ કહેતા હો તો એ યુક્ત નથી,

समाधिरिति एकाग्रतापृष्ठभाविनीश्चित्तस्यालक्ष्यत्वात्-

દ્વાત્રિંશિકા. ૧૧ શ્લો. ૩૧

અત્ર સમાધિ શબ્દનો એ અર્થ છે કે ચિત્તની એકાગ્રતા થયા પછીની અવસ્થા વિશેષ.

* * *

"वितिगिच्छ समावण्णेणं अप्पाणेणं णो लहइ समाहिं" ॥

ધર્મના ફલમાં શંકાશીલતાને પામેલો આત્મા સ્વયં ચિત્ત સ્વસ્થતા રૂપ સમાધિને પામી શકતો નથી.

"समाधिं" चित्तस्वास्थ्यं । ज्ञान-दर्शन-चारित्रात्मको समाधिः । निर्विण्णस्याचार्या समाधिमाहुः-यथा भो साधो ! मा विषादमवलम्बिष्ठाः । भव्यो भवान्, यतो भवता सम्यक्त-मभ्युपगतम् ॥

श्री આચારાંગ સૂ. ૫ અ. ૫ ઉ. ૧૬૨ સૂત્ર.

આ સ્થળે સમાધિનો અર્થ ચિત્તસ્વાથ્ય-મનઃપ્રફુલ્લતા કરવામાં આવેલ છે.

सर्वार्थतैकाग्रतयोः, समाधिस्तु क्षयोदयौ ।

દ્વાત્રિંશદ્વા૦ ૨૪ શ્લોક. ૪૨

સર્વાર્થતાનો ક્ષય અને એકાગ્રતાનો ઉદય એને સમાધિ કહેવાય છે.

"સર્વાર્થતાનો ક્ષય એટલે વિભિન્ન પદાર્થોમાં મનો-વિચારોના પરિણમનનું કેન્દ્રીકરણ"

આ સ્થળે સમાધિ એટલે ભટકતા વિચારોનો અત્યંત અભિભવ અને એકાગ્રતાની અભિવ્યક્તિ એ અર્થ કર્યો છે.

दव्वं जेण व दव्वेण, समाहि आहियं च जं दव्वं ।
भावसमाहि चउव्विह, दंसणनाणे तवचरित्ते ॥

શ્રી દશવૈકાલિક સૂત્ર૦ ૯ અ૦ ૧ ઉદ્દે૦ નિર્યુક્તિ ગાથા ૩૨૭

૧ दव्वं—જે દ્રવ્ય પોતે સમાધિ રૂપ હોય. જેમ દૂધ વિગેરે.

૨ जेण व दव्वेण જે દ્રવ્યવડે સમાધિ થાય. જેમ ત્રિફલા વિગેરે.

૩ आहियं च जं दव्वं—જે દ્રવ્યના આરોગવાથી સમતા સમાધિ થાય.

આ ત્રણ દ્રવ્ય સમાધિ છે અને દર્શન, જ્ઞાન, ચારિત્ર તપ એ ચારમાંથી કોઈને પરસ્પર વાંધો ન પડે તે પૂર્વકની આરાધના તે ભાવ સમાધિ.

× × ×

**बहुगुणविप्पगइ, कुज्जा अत्तसमाहिए ।**
**जेणऽण्णे णो विसज्झेज्जा, तेण तं तं समायरे ॥**

શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર૦ ૩ અ૦ ૩ ઉ૦ ૧૯ ગા૦

આત્મ શાંતિ અર્થે બહુ ગુણકારી દૃષ્ટાન્તો અને મધ્યસ્થ વચનો બોલવા જેથી અન્ય દર્શનીયોને વિરોધનું કારણ ન બને. તેથી તે તે અવિરોધિ વચન અને આચારોનું પરિપાલન કરવું.

**"समाधिः" चित्तस्वास्थ्यत्-**

આ પ્રકરણમાં 'ચિત્ત શાંતિ' અર્થમાં સમાધિ શબ્દ વપરાયો છે.

* * *

**समाधिनिष्ठा तु परा, तदाऽऽसङ्गविवर्जिता ।**
**सात्मीकृत-प्रवृत्तिश्च, तदुत्तीर्णाऽऽशयेति च ॥**

યોગદૃષ્ટિસમુ૦ શ્લો૦ ૧૭૬

સમાધિ નામના યોગાંગથી યુક્ત, આસંગ દોષરહિત, આત્મીયતા ભાવની પ્રવૃત્તિ વાળી અને જેમાં આશય-આકાંક્ષા ન રહ્યા હોય અર્થાત્ નિરાશી ભાવવાળી પરા નામની આઠમી દષ્ટિ છે.

"समाधिः" ध्यानविशेषफलम्-

આ પ્રસંગમાં સમાધિ શબ્દનો અર્થ ધ્યાનનું ફળ તે સમાધિ એ રીતે કર્યો છે.

× × ×

तदेवार्थमात्रनिर्भासं स्वरूपशून्यमिव समाधिः ।

શ્રી પાતંજલ યોગદર્શન તૃતીયપાદ સૂત્ર૦ ૩

તેજ (ધ્યાન કાળમાં જુદા જુદા હોય એમાંનો કોઈ એક) અર્થ માત્રનો નિર્ભાસ (એકાગ્રતા પૂર્વકની તલ્લીનતા) તે સમાધિ કહેવાય. સ્વરૂપ શૂન્યની જેમ (આ સમાધિમાં ધ્યાતા ધ્યાન ધ્યેય એમ વિભાગ હોતા નથી. ત્રણેનું એકીકરણ થઈ જાય છે) હોય છે.

न तु ध्यातृ-ध्यान-ध्येयादि विभागं गृह्णाति तदा समाधिरुच्यते ।

મહર્ષિ શ્રી પતંજલિ ઋષિજીએ ધ્યાતા-ધ્યેય-ધ્યાન એ ત્રણે વિભાગો જેમાં ન હોય, માત્ર ત્રણેની સમતુલા એકમેકતા વાળું ચિત્ત તે સમાધિ કહેવાય, એ પ્રમાણે સમાધિ શબ્દની વ્યાખ્યા કરી છે અને સમાધિને યોગનું આઠમું અંગ બતાવ્યું છે.

પરમપૂજ્ય યાકિની મહત્તરાસૂનુ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ અને પ૦ પૂ૦ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજાએ પણ સમાધિને યોગના આઠમા અંગ તરીકે સ્વીકાર કરેલ છે પરન્તુ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીએ યોગશાસ્ત્રમાં સાત અંગો લીધા છે. પણ સમાધિ નામના આઠમા અંગનો ધ્યાન નામના યોગના સાતમા અંગમાં સમાવેશ કરી દીધો છે.

શુકલધ્યાનના છેલ્લા પાયામાં સમાધિ આવી જાય છે. શુકલધ્યાન અને સમાધિનું એકીકરણ કરવાથી સમાધિ અંગ એમણે ન વર્ણવ્યું. એ આપેક્ષિક સત્ય છે.

આ રીતે સમાધિ શબ્દનો વિવેચનાત્મક અર્થ અત્ર રજુ કર્યો છે. હજુ ઘણાં સ્થળે એ શબ્દ પ્રયોગ થયેલો છે. પણ મોટે ભાગે અત્ર વર્ણવેલા અર્થોમાં એ અર્થોનો સમાવેશ થઈ જતો હશે, કદાચ કોઈ ઠેકાણે જુદા અર્થ પણ થતાં હોય.

પ્રાર્થનાને રજુ કરતા શ્રી જયવીયરાય સૂત્રમાં તો એક બાજુ નિયાણું કરવાની ના પાડી છે, છતાં બીજી બાજુ હિતકરદૃષ્ટિ રાખી કલ્યાણકર નિયાણાની રજુઆત કરી છે. નમસ્કાર કરવાના ફળ તરીકે એ નિયાણમાં સમાધિ મરણની પણ યાચના નમ્ર રીતે કરી છે.

**दुक्खक्खओ कम्मक्खओ, समाहिमरणं च बोहिलाभो अ।**
**संपज्जउ मह एअं, तुह नाह ! पणामकरणेणं ॥**

શ્રી જયવીયરાય સૂત્ર૦ ગાથા ૪

આ ઉપરથી એટલું જાણી શકાય છે કે સમાધિ શબ્દ આપણા ત્યાં કેવો રૂઢ છે.

વિશેષ જ્ઞાન–સમજણની અલ્પતા વાળા મનુષ્યો સમાધિ એટલે શ્વાસોશ્વાસ બંધ કરી ધ્યાનમુદ્રાએ બેસી જાય કે જમીનમાં દટાઈ જાય એને કહે છે, પણ એ વાસ્ત-સમાધિ ન ગણાય.

ઉપર કરેલા અર્થોથી એ ફલિતાર્થ થાય છે કે સમાધિ શબ્દ ઘણાં અર્થમાં વપરાય છે, જ્યાં જે અર્થ ઘટમાન હોય તેને ઘટાવવો.

હવે શતક શબ્દને વિચાર ઉપર લઈએ.

સો શ્લોક પ્રમાણ ગ્રન્થ તે શતક. આ છે શતક શબ્દનો ટૂંકો અર્થ.

સંખ્યા ગણત્રી કરતાં એકમ, દશક, શતક એમ ગણના થાય છે. એટલે શતકમાં ત્રણ સંખ્યા આવી અને મન, વચન, કાયા એ પણ ત્રણ છે.

કાયાની પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ તેને આપણે એકમના પુરૂષાર્થમાં મૂકીએ તો વચન ઉપરના નિયંત્રણને દશકના સ્થાને રાખવો જોઈએ. અર્થાત્ કાયાના નિયંત્રણ માટે જેટલો પુરૂષાર્થ કરવો પડે છે એના કરતાં દશગુણ પુરૂષાર્થ વચન નિયંત્રણ માટે આવશ્યક છે અને મનના નિયંત્રણ માટે શતગુણો પુરૂષાર્થ ખેડવો જરૂરી છે. આપણે શતક સમજશું.

એટલે સમાધિશતક એ માનસિક નિયંત્રણ કરાવનાર શત સંખ્યક શ્લોકનો ગ્રન્થરત્ન.

મારા દાદાગુરુના દાદાગુરુ પૂ. આચાર્ય ભગવંતશ્રીએ ગુજરાતી વિવેચન લખવા દ્વારા અધ્યાત્મરસિકો માટે આ ગ્રન્થરત્ન વાંચવામાં સરલતા ભર્યો બની ગયો છે.

સાહિત્યકારોને ભાષાની દૃષ્ટિએ જોતાં આ ગ્રન્થની ભાષામાં ઉણપ જણાશે પરન્તુ આ ગ્રન્થરત્ન અધ્યાત્મનો છે, માટે એની ભાષા તરફ જોવા કરતાં ભાવ તરફ જોવાશે તો લાભદાયી થશે.

અલંકારની આકૃતિમાં રહેલાં સુવર્ણના મૂલ્ય કરતાં લગડીના સુવર્ણનું મૂલ્ય ઓછું અંકાતું નથી. જનસાધારણને એમાં આકર્ષકતા ન જણાય એ બનવા જોગ છે પણ સુજ્ઞ સજ્જનો એના ગુણ તરફ જ લક્ષ બાંધે છે.

બીજી વાત, આ ગ્રન્થના વિવેચન લખાયાને આજે લગભગ છ દાયકા જેટલો સમય વહી ચૂકયો છે. ત્યારની ભાષા પદ્ધતિ અને આજની ભાષા પદ્ધતિમાં ઘણાં રૂપાન્તરો થયા છે.

ત્રીજી વાત, ગુણશીલ વિવેચનકારશ્રીએ પ્રાથમિક યોગ અવસ્થામાં આ વિવેચન લખ્યું છે અને એ વેળા એઓશ્રી ઉપર ગ્રામ્ય ભાષાઓનું પ્રભુત્વ હતું, આ પણ એ કારણ ગણી શકાય તેમ છે.

સોળે કળાએ ખીલેલા ચંદ્રની પ્રભાને જોઈ જેમ ચકોર પક્ષીને આનંદ આવે છે, તેમ આત્માનુલક્ષી મહાનુભાવોને આ વિવેચન વાંચતાં જરૂર આનંદ આવશે. એમાં વળી સહજાનંદમાં મસ્ત રહેનારા યોગમૂર્તિશ્રી આનંદઘનજી

મહારાજ અને પ. પૂ ચિદાનંદજી મહારાજના પદો તો અનેરો આનંદમાં વધારો કરશે.

બીજી આવૃત્તિના પુસ્તકો અલભ્ય થતાં તૃતીય આવૃત્તિ રૂપે પ્રકાશિત કરવા માટે શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળે પ. પૂ. પ્રાતઃસ્મરણીય પરમોપકારી વ્યાખ્યાન વાચસ્પતિ ઉપાધ્યાયજી શ્રી કૈલાસ સાગરજી ગણીન્દ્રને વિનંતિ કરી અને પરમતારક ગુરુદેવશ્રીએ સંપાદનનું કાર્ય મને સોંપી ઉપકારીતામાં વધુ ઉમેરો કર્યો છે. હું ઋણી હતો અને વધુ ઋણી બન્યો છું. આવું ઋણ પણ આનંદ પ્રદાયી છે.

પ્રસ્તાવનાદિ લખવાનો વિશિષ્ટ અને ક્રમબદ્ધ અભ્યાસ ન હોવાના કારણે એ પદ્ધતિમાં ક્ષતિ હોય એ સ્હેજે સમજાય તેવું છે, એથી એની ઉણપ માટે સૂચન આપવા વિનંતિ છે, એ દ્વારા બીજી વેળાએ ક્ષતિ પરિમાર્જની-કરણ માટે ઉપાયો લઇ શકાય.

મુદ્રણ કાર્યમાં જાગરુકતાનો ભાવ અને પ્રયત્ન છતાં પ્રમત્તત્તાદિના કારણે ક્ષતિયો રહેવા પામી હોય તો વિનમ્રતા પૂર્વક ક્ષમા યાચના ઇચ્છું છું.

ગુણશીલ મહાનુભાવો આ પ્રકાશનને આનંદભેર અપનાવશે એજ મંગલ મનોરથ હૈયે રાખી વિરમું છું.

શ્રી સિદ્ધક્ષેત્ર
૨૦૨૧ માઘશુક્લા પૂર્ણિમા

**સ્નેહરશ્મિ**

## શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ

# નિ....વે.....દ.....ન

પ્રસ્તુત મંડળની સ્થાપના માણસામાં વિ. સં. ૧૯૬૫માં સ્વ. પૂ. આ. મ. શ્રી બુદ્ધિસાગરસૂરજીએ કરી હતી.

તેઓશ્રી મહાનયોગી, પ્રખરવક્તા, અને શીઘ્રકવિ હતા. તેમનું અખિલ સંયમી જીવન લોકભોગ્ય, વિદ્વદ્ભોગ્ય અને રચનાત્મક સાહિત્ય સર્જક તરીકે સુવિખ્યાત છે. ત્યાગી અવસ્થામાં એકસો પંદર ઉપરાંત ગ્રંથો તેમણે લખ્યા છે.

લગભગ પંદર વર્ષ પહેલાં પૂ. આચાર્ય શ્રી કીર્તિ-સાગર સૂરીશ્વરજી મુંબઈમાં ચાતુર્માસ હતા, ત્યારે લગ-ભગ ચાલીસ હજારનું ભંડાળમાં તેમની નિશ્રામાં થયું હતું.

અત્યાર સુધી સંસ્થા તરફથી સ્વ. પૂ. આચાર્ય શ્રી બુદ્ધિસાગર સૂરીશ્વર મ. લગભગ તમામ ગ્રંથો છપાઇ ગયા છે. કર્મયોગ તથા આનંદઘનપદ સંગ્રહ જેવા મહાન ગ્રંથોની લગભગ ત્રણ આવૃત્તિઓ બહાર પાડવામાં આવી છે. તાજેતરમાં એમના હસ્તાક્ષરમાં જ લખેલી 'મહાવીર-ગીતા' લગભગ ત્રણ હજાર સંસ્કૃત શ્લોકોવાલીની એક પ્રત પ્રાપ્ત થઇ છે. તેનું વિશુદ્ધિકરણ થઇને છપાય છે. સ્વાનુ-ભવચિંતન; જ્ઞાનામૃત અને કર્મયોગની કંડિકાઓના બે ભાગો છપાઇને છેલ્લાં પ્રકાશિત થઈ ગયા છે.

અમદાવાદમાં શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ સાહિત્ય પ્રકાશન ગ્રંથમાળા તરફથી પુસ્તક છપાવવાનું કાર્ય પૂ. આ. શ્રી કીર્તિ-સાગરજીની નિશ્રામાં હાથ ધર્યું છે. મંડળની સંમતિથી તાજેતરમાં શિષ્યોપનિષદ્ પુસ્તક પ્રગટ થયું છે, જેની નકલો મંડળના સભ્યોને નિયમાનુસાર મોકલાયેલ છે. મંડળની પ્રવૃત્તિઓનો વાર્ષિક અહેવાલ પ્રતિવર્ષ પ્રગટ કરવામાં આવે છે. છેલ્લો અહેવાલ સં. ૨૦૧૯ ની સાલનો પ્રકાશિત થઈ ગયેલ છે. વિજાપુરમાં અધ્યાત્મ ભુવનમાં સ્વ. પૂ. આ મ. શ્રી બુદ્ધિ-સાગરસૂરીજીના આધ્યાત્મ અને યોગના પુસ્તકોનો સંગ્રહ છે. ઘણા પુસ્તકોની નકલ હવે જુજ રહી. છે, તે નૂતન આવૃત્તિ માગે છે. સ્ટોકમાં રહેલ અન્ય પુસ્તકોનું વિતરણ જેમ બને તેમ જલ્દી કરવા મંડળ ઇચ્છે છે અને તે માટે યોજના ચાલુ છે.

પ્રસ્તુત મંડળ તરફથી બે પુસ્તકો સમાધિકશતક તથા અધ્યાત્મસાર પ્રગટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. **સમાધિશતક** પુસ્તકના પ્રકાશન માટે પ. પૂ. ઉપાધ્યાય મહારાજ શ્રી કૈલાસસાગરજીની પ્રેરણાથી શ્રી માટુંગા જૈન મૂર્તિપૂજક સંઘ તરફથી રૂા. ૧૫૦૦) ની રકમ મંડળને મળેલ છે. તે માટે શ્રી માટુંગા જૈન સંઘનો આભાર માનવામાં આવે છે. **અધ્યાત્મસાર** ભાષાંતર ગ્રંથની નવી આવૃત્તિ પ્રગટ કરવાને માટે પણ તેઓશ્રીની પ્રેરણાથી જ શ્રી સાયન જૈન મૂર્તિપૂજક સંઘ તરફથી રૂા. ૨૦૦૧ની રકમ મળેલ છે. તે ગ્રંથનું મુદ્રણકાર્ય પણ હાથ ધરવામાં આવ્યું છે અને ટુંક

સમયમાં ગ્રંથ પણ બહાર પડશે. આ બન્ને ગ્રંથોના પ્રકાશન કાર્યોમાં ઉપાધ્યાય શ્રી કૈલસસાગરજીએ પ્રેરણા અર્પેલ છે એટલું જ નહિ પણ તેના મુદ્રણકાર્યને પણ ચીવટભરી રીતે સંભાળેલ છે. તેના પ્રુફોને તપાસવામાં અને પ્રેસને જરૂરી સુચનાઓ વગેરે આપવામાં પોતાના કિંમતી સમયનો ભોગ અર્પેલ છે. માટે મંડળ તેઓશ્રીનું ઋણી છે.

સમાધિશતક ગ્રંથ ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણીનો છે, તેના ઉપર પૂ. આ બુદ્ધિસાગર-સૂરિજીએ અર્થ ભાવાર્થ અને વિવેચન કરેલું છે. સમાધિશતકનું મૂળ એક દિગંબર સંપ્રદાયનો માનનીય સમાધિશતક નામનો સંસ્કૃત ગ્રંથ છે. જેના કર્તા અને ટીકાકાર શ્રી પ્રભેંદુ તથા શ્રી પ્રભાચંદ્ર નામના દિગંબર આધ્યાત્મિક વિચારકો છે.

પ્રસ્તુત સમાધિશતક ગ્રંથમાં સ્વ. પૂ. આચાર્યશ્રીએ યોગ માર્ગની દિશાં બતાવી ઘણા દૃષ્ટાંતો આપેલ છે. અને તેને સવિશેષપણે સ્પષ્ટ કરવા પોતાનાં તથા શ્રીમાન યોગિરાજ શ્રી ચિદાનંદજી તથા પૂ. ઉ. શ્રી યશોવિજયજી વિગેરેનાં અનેક પદો ઉતાર્યો છે. આ ગ્રંથ ઘણો જ ઉપયોગી અને અલભ્ય હોવાથી પ્રસ્તુત ગ્રંથની ત્રીજી આવૃત્તિ સંસ્થા તરફથી પ્રગટ કરવામાં આવેલ છે. યોગ માર્ગના અભ્યાસીઓને પ્રસ્તુત ગ્રંથ વાંચવા લાયક, મનન કરવા લાયક અને નિદિધ્યાસન કરવા લાયક શ્રેષ્ઠ પુસ્તક છે.

પ્રસ્તુત ગ્રંથની પ્રસ્તાવના પૂ. ઉ. મ. શ્રી કૈલાસસાગરજીના વિદ્વાન શિષ્યરત્ન શ્રીએ લખી છે. પ્રસ્તુત પુસ્તકમાં દૃષ્ટિ-દોષથી કે મુદ્રણદોષથી જે કાંઈ અશુદ્ધિ રહી જવા પામી હોય તે માટે ક્ષમા યાચી વિરમીએ છીએ.

મુંબઈ, વિ. સં. ૨૦૨૧
ચૈત્ર સુદી ૧૫, ગુરૂવાર

હીરાલાલ જુ. શાહ
જયંન્તીલાલ લ. દલાલ
પોપટલાલ મ. પાદશાકર
માનદ્ મંત્રીઓ
શ્રી અધ્યાત્મ જ્ઞાન
પ્રસારક મંડળ

# નિવેદન

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી કૃત 'સમાધિશતક' નામનો ગ્રંથ ઘણા સમયથી ઉપલબ્ધ નહોતો. એટલે એની આ ચોથી આવૃત્તિ પ્રગટ કરતાં અમે અત્યંત હર્ષ અનુભવીએ છીએ.

પૂ. આચાર્ય ભગવંતે વિ.સં. ૧૯૬૨માં અમદાવાદમાં ચાતુર્માસ દરમિયાન આ ગ્રંથની રચના કરી હતી અને સં. ૧૯૬૫માં શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ તરફથી તે પ્રગટ થયો હતો.

'સમાધિશતક' ગ્રંથની વિશિષ્ટતા એ છે કે આ મૂળ ગ્રંથની રચના સંસ્કૃત ભાષામાં સો શ્લોકમાં દિગંબરાચાર્ય શ્રી પૂજ્યપાદસ્વામી શ્રી પ્રભેન્દુજીએ કરેલી છે. ત્યાર પછી ત્રણસો વર્ષ પૂર્વે આ કૃતિ ઉપરથી ગુજરાતીમાં, પદ્યમાં દુહાની કડીઓમાં રચના ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે કરી હતી. એ એની મહત્તા દર્શાવે છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ દિગંબર પરંપરાના કેટલાક મતનું ખંડન કર્યું છે, તેમ છતાં એ પરંપરાનો એક ગ્રંથ ભાવાનુવાદ માટે એમણે સ્વીકાર્યો એ એમના હૃદયની ઉદારતા અને ગુણગ્રાહી તથા સમન્વયકારી ભાવના દર્શાવે છે.

મૂળ કૃતિના પ્રત્યેક સંસ્કૃત શ્લોક ઉપર અને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજની દુહાની પ્રત્યેક કડી ઉપર આ 'સમાધિશતક' ગ્રંથમાં ગુજરાતીમાં સવિસ્તર વિવેચન શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ કર્યું છે. એથી આપણને વિશેષ લાભ થયો છે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી આધ્યાત્મિક અનુભૂતિ ધરાવનાર બહુશ્રુત પંડિત પણ હતા. એથી આ ગહન કૃતિ અધ્યાત્મરસિક વ્યક્તિઓ માટે સમજવામાં સરળ અને સ્પષ્ટ બની છે.

આ ગ્રંથનું વાંચન-મનન અનેક મુમુક્ષુઓને ઉપકારક નીવડશે એવી દૃઢ આશા છે.


અષાઢ સુદ-૧૧ લિ.
વિ. સં. ૨૦૪૬ **રમણલાલ ચી. શાહ**
૩-૭-૧૯૯૦ પ્રમુખ
મુંબઈ **શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ**

# શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ

## સં. ૨૦૪૬ની કાર્યવાહક સમિતિ.

* ૧ શ્રી રમણલાલ ચી. શાહ–પ્રમુખ.
* ૨ ,, ગૌતમલાલ અ. શાહ–ઉપ–પ્રમુખ.
* ૩ ,, પોપટલાલ ન. ભાખરીયા–ખજાનચી
૪ ,, પોપટલલાલ મ. પાદરાકર–માનદ્–મંત્રી.
૫ ,, પ્રદ્યુમ્નભાઈ પો. ભાખરીયા–માનદ્–મંત્રી.
* ૬ ,, ચંદુલાલ પોપટલાલ મહેતા–રાહ મંત્રી.
* ૭ ,, ચીનુભાઈ વાડીલાલ વોરા
૮ રશ્મીકાંતભાઈ કેશવલાલ મહેતા
૯ ,, નટવરલાલ એસ. શાહ
૧૦ ,, સુરેશભાઈ માણેકલાલ શાહ
૧૧ ,, સુરેન્દ્રભાઈ કે. શાહ
૧૨ ,, રતિલાલ પોપટલાલ મહેતા
૧૩ ,, લક્ષ્મીચંદ ગુલાબચંદ ઝવેરી
૧૪ ,, વિજયકુમાર જયન્તીલાલ દલાલ
૧૫ ,, ડૉ. મનુભાઈ જે. શાહ
૧૬ ,, વિનુભાઈ ગુલાબચંદ શાહ
૧૭ ,, ચીમનલાલ પાલીતાણાકર
૧૮ ,, બાબુલાલ દીપચંદ મહેતા
૧૯ ,, દેવાંગકુમાર વી. પાદરાકર

* આ નિશાનીવાળા સભ્યો મંડળના ટ્રસ્ટીઓ છે.



પાદ્દશત ગ્રંથ પ્રણેતા યોગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી

યથાશક્તિ અને ભાવિત આત્મજ્ઞાન અનેક પ્રકારનાં કષ્ટો પ્રાપ્ત થતાં પણ ટળતું નથી, તે બતાવે છે

**દોધક છંદ**

દુઃખ પરિતાપેં નવિ ગલૈ, દુઃખ ભાવિત મુનિ જ્ઞાન,
વજ્ર ગલે નવિ દહનમેં, કંચનકે અનુમાન. ૮૭
તાતેં દુઃખસુ ભાવિયે, આપ શક્તિ અનુસાર,
તો દ્રઢતર હુઈ ઉલ્લસે, જ્ઞાન ચરણ આચાર. ૮૮

વિવેચન–દુઃખના પરિતાપથી દુઃખભાવિત મુનિવરનું જ્ઞાન ગળી જતું નથી, નાશ થતું નથી. જેમ અગ્નિમાં વજ્ર ગળતું નથી તથા કંચન અગ્નિમાં નાખતાં પોતાનું મૂળ સ્વરૂપ ત્યાગતું નથી. ઉલટું સારૂં થાય છે, દીપ્તિમાન બને છે અને મેલ દૂર થાય છે.

આ પ્રમાણે અનેક પ્રકારનાં પરીષહ રૂપ અગ્નિ સંયોગે પણ સુવર્ણ સમાન મુનિવર પોતાનું સ્વરૂપ ત્યાગતા નથી અને ઉલટું તેમનું વાન વધે છે.

માટે પોતાની શક્તિ અનુસાર શરીરાદિ કષ્ટ સહન કરી આત્માને ભાવવો કે જેથી મૃત્યુ સમયે શરીરમાં ઘણી વેદના થતાં પણ આત્મભાન ભૂલાય નહિ અને આત્માનો ઉપયોગ સ્થિર વર્તે એવું ધૈર્ય પ્રગટે. એમ કરવાથી જ્ઞાન અને ચારિત્રનો દઢ ભાવ થાય છે.

**प्रयत्नादात्मनो वायुरिच्छाद्वेषप्रवर्तितात् ।**
**वायोः शरीरयन्त्राणि, वर्तन्ते स्वेषु कर्मसु ॥१०३॥**

વિવેચન–જો આત્મા શરીરથી નિરંતર ભિન્ન છે, તો તેના ચાલવાથી કેમ શરીર ચલાયમાન થાય છે? અને તેના

# समाधिशतकम्

॥ ॐ अर्हं नमः ॥

# સમાધિ શતક

**येनाऽऽत्माऽबुध्यतात्मैव, परत्वेनैव चापरम् ।**
**अक्षयाऽनन्तबोधाय, तस्मै सिद्धात्मने नमः ॥ १ ॥**

ભાવાર્થ—સકલ કર્મથી રહિત મુક્ત એવા સિદ્ધ ભગવાનને નમસ્કાર થાઓ, જે સિદ્ધભગવંતે આત્માને આત્મ રૂપે જાણ્યો તેમજ જેણે શરીર, મન, વાણી, આદિ પુદ્ગલ ભાવને પરરૂપે જાણ્યો.

આત્માથી અન્ય સર્વ અચેતન છે, એમ જાણી જેઓ તેનાથી વિરામ પામ્યા, એવા સિદ્ધ ભગવાન અનંત, અવિનશ્વર, જ્ઞાનમય, સદાકાલ વર્તે છે, તેમને નમસ્કાર થાઓ.

કૈવલ્યજ્ઞાન કહેવાથી અનંત દર્શન, અનંત સુખનું ગ્રહણ થાય છે, કારણ કે તે જ્ઞાનની સાથે દર્શન, સુખનો અવિનાભાવ છે. (નિત્ય સંબંધ છે.)

અત્ર સ્થળે શંકા થશે કે, ઇષ્ટ દેવ પંચ પરમેષ્ઠિરૂપ છે, છતાં સિદ્ધને કેમ નમસ્કાર કર્યો. તેના સમાધાનમાં સમજવું કે—વ્યાખ્યાતા અને શ્રોતાને સિદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવાની ઇચ્છા છે, માટે સિદ્ધિને નમસ્કાર કર્યો છે. વળી સિદ્ધ શબ્દથી જ અરિહંત આદિનું ગ્રહણ થાય છે, કારણ કે તેમને પણ નયાપેક્ષાએ દેશથી સિદ્ધપણું છે.

અત્ર પૂર્વાર્ધથી મોક્ષોપાય કહ્યો, અને ઉત્તરાર્ધથી મોક્ષ સ્વરૂપ કહ્યું છે—

**जयन्ति यस्याऽवदतोऽपि भारती,**
**विभूतयस्तीर्थकृतोऽप्यनीहतुः ।**
**शिवाय धात्रे सुगताय विष्णवे;**
**जिनाय तस्मै सकलात्मने नमः ॥ २ ॥**

ભાવાર્થ—પૂર્વોક્ત સિદ્ધ સ્વરૂપ પ્રાપ્તિ-અર્થે ઉપદેશ કર્તા સકલ ઇષ્ટ દેવતાની સ્તુતિ કરે છે જે ભગવાનની ભારતી રૂપ વાણી વિભૂતિ કોઈ પણ આત્માને બાધ ન કરતી છતી વિજયી વર્તે છે.

તે ભારતીની વિભૂતિયો કેવી છે તે કહે છે.. अवदतोऽपि એ વિશેષણ દિગમ્બર આમ્નાયનું છે, કેમ કે દિગંબર મતમાં ભગવાનની દિવ્ય ધ્વનિ અનક્ષર રૂપ છે. શ્વેતામ્બર મતમાં ભગવાન અક્ષર રૂપ વાણીથી મુખ દ્વારા ઉપદેશ આપે છે. ભગવાન અક્ષરરૂપથી ઉપદેશ આપે છે, તેનો નિર્ણય સિદ્ધાંત જોઈ લેવો.

अवदतोऽपि એ વિશેષણ સહિત વિભૂતિયો જાણવી, અથવા દ્વંદ્વ-સમાસ કરતાં, વાણી તથા છત્ર, ચામર, પ્રાતિહાર્યાદિક વિભૂતિ એમ એનો સમાવેશ ગ્રહી શકાય. નિરીહ એવા ભગવંત છતાં જેની એવી વિભૂતિ છે.

ઇચ્છા મોહનીય કર્મથી ઉત્પન્ન થાય છે. પ્રભુએ મોહનીય કર્મનો નાશ કર્યો છે, તેથી ઇચ્છા રહિત છે, અર્થાત્ કૈથી કરવાની ઇચ્છા રહિત એવા તીર્થંકર છે. એટલે કે સંસાર સમુદ્રથી તરવાના તીર્થ જેવું આગમ (તીર્થ) કરનાર છે.

શિવાય–પરમ કલ્યાણ સ્વરૂપ છે તેમને, ધાત્રે એટલે સકલ લોકનો ઉદ્ધાર કરનાર એવા તેમને, સુગતાય એટલે સમ્યગ્ અનંત ચતુષ્ટયને પ્રાપ્ત થાય છે, એવા તેમને જિનાય એટલે રાગ–દ્વેષ જિત્યા છે એવા તેમને, વિષ્ણુવે એટલે સર્વે લોકાલોકના કેવળજ્ઞાન વડે વ્યાપક બને છે એવા તેમને, સકલ નિર્મલ આત્મ.ઓને નમસ્કાર થાઓ.

આ સ્થળે શિવાય, ધાત્રે, સુગતાય, વિષ્ણુવે એ પદથી એમ સૂચવ્યું કે પૂર્વોક્ત વ્યુત્પત્તિ દ્વારા સિદ્ધ એવા જિન તે જ શિવ છે. (મહાદેવ) તે જ સુગત છે. તે જ કેવલજ્ઞાનથી સર્વ જ્ઞેય પદાર્થોને જાણે છે માટે વિષ્ણુ છે. અને તે જ પોતાના ગુણોને આવિર્ભાવપણે કરવાથી બ્રહ્મા (વિધાતા) જાણવા. શિવ એટલે મહાદેવ (પરમ નિર્મલ આત્મા જેનો છે તે મહાદેવ જાણવા.) કહ્યું છે કે—

**रागद्वेषौ महामल्लौ, दुर्जितौ येन निर्जितौ ।**
**महादेवं तु तं मन्ये, शेषा वै नामधारकाः ॥१ ॥**

અર્થ–દુર્જય રાગ–દ્વેષ રૂપ બે મહામલ્લ છે. તે બેને જેણે જિત્યાં તે મહાદેવ જાણવા. બાકીના નામધારક મહાદેવ જાણવા.

ધાત્રે એ પદના કથનથી સમજવાનું કે–, જે અજ્ઞાની લોકો દુનિયાના બનાવનાર બ્રહ્મા કહે છે, તે બ્રહ્માનું અત્રે ગ્રહણ કર્યું નથી.

સુગતાય એ પદના કથનથી જિન તે જ સુગત છે પણ અન્ય ક્ષણીકવાદીઓ જેને સુગત માને છે તે સુગત નહીં.

વિષ્ણુ એ પદથી સમજવું કે-જિનેશ્વર જ કેવલજ્ઞાનથી વિષ્ણુ જાણવા. પણ જે દુનિયામાં અવતાર ધારણ કરે છે, તે વિષ્ણુ કે જે રાગ-દ્વેષ સહિત છે. તેનુ અત્રે ગ્રહણ કરવું નહીં. કારણ કે રાગ-દ્વેષાદિકના અસ્તિત્વથી તે માત્ર નામના વિષ્ણુ છે. જિન તે જ વાસ્તવિક વિષ્ણુ જાણવા.

હવે આત્મસ્વરૂપ પ્રયોજન દર્શાવે છે.

**श्रुतेन लिंगेन यथात्मशक्ति, समाहितान्तकरणेन सम्यक् ।**
**समीक्ष्य कैवल्य सुखस्पृहाणां, विविक्तमात्मानमथाभिधास्ये ॥३॥**

ભાવાર્થ-શ્રુતથી, લિંગથી, શક્તિને અનુસરીને સમાહિત હૃદયથી, સમ્યગ્ નિરીક્ષા કરીને, કૈવલ્યસુખ સ્પૃહવંતોને માટે વિવિક્ત શુદ્ધ આત્મસ્વરૂપ કહીશ.

ઇષ્ટદેવને નમસ્કાર કર્યા બાદ કર્મમલ રહિત આત્મસ્વરૂપ કહીશ. શક્તિને અનુસરી યથાશક્તિ કહું છું. તેવા પ્રકારના આત્માની નિર્મળ મનથી નિરીક્ષા કરીને કહું છું.

નિરીક્ષા શાથી થાય ? એક તો શ્રુતિ એટલે સૂત્રસિદ્ધાંતથી. તેમજ લિંગ એટલે હેતુથી, તે આ પ્રમાણે.

આત્મા શરીરાદિકથી ભિન્ન છે, કેમકે કે ભિન્ન લક્ષણવાળો છે. જે જેનાથી ભિન્ન લક્ષણવાળું હોય તે તેનાથી ભિન્ન હોય છે.

જેમકે જલથી અગ્નિ ભિન્ન લક્ષણવાળો છે તો જલથી અગ્નિ ભિન્ન છે. તેમ આત્મા અને શરીર ભિન્ન લક્ષણોપેત છે. એ લક્ષણ કંઈ અપ્રસિદ્ધ છે એમ નથી. કેમકે આત્મા જ્ઞાનથી ઉપલક્ષિત છે અને શરીર જડ સ્વભાવવાળું છે. એકાગ્ર ચિત્તથી આવું અનુભવજ્ઞાન પામીને એનાં લક્ષણ કહું છું.

સકલ કર્મમલથી રહિત થતાં જે નિર્મલ શાશ્વતસુખ ભાસે છે, તે સુખની સ્પૃહા જેમને છે તેવા અધિકારીને આત્મસ્વરૂપ કહું છું.

શ્રી યશોવિજય ઉપાધ્યાયજી કૃત સમાધિશતક દોધક છંદમાં છે તેનું વિવેચન.

## સમાધિશતક

પ્રણમી સરસતિ ભારતી, પ્રણમી જિન જગબંધુ,
કેવલ આતમ બોધકો, કરશું સરસ પ્રબંધ. ૧
કેવલ આતમ બોધ હે, પરમારથ શિવપંથ,
તામેં જીનકું મગનતા, સોઇ ભાવ નિગ્રંથ. ૨
ભોગજ્ઞાન જ્યું બાલકો. બાણજ્ઞાનકી દોર,
તરૂણભોગ અનુભવ જીસ્યો, મગનભાવ કછુ ઔર. ૩

વિવેચન—સરસ્વતી ભારથીને તથા જગતના બંધુ એવા જિનેશ્વરને નમસ્કાર કરીને શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કહે છે કે—કેવલ જેનાથી આત્મબોધ થાય એવો આત્મજ્ઞાનનો સ–રસ પ્રબંધ રચીશ.

કેવલ આત્મજ્ઞાન જ પરમાર્થાથી મોક્ષનો માર્ગ છે, એવા આત્મજ્ઞાનમાં જે મુનિને મગ્નતા છે તેજ ભાવનિગ્રંથ જાણવા.

ચાર નિક્ષેપાએ નિગ્રંથના ચાર ભેદ છે. ૧. નામ નિગ્રંથ, ૨. સ્થાપના નિગ્રંન્થ. ૩. દ્રવ્ય નિગ્રંન્થ ૪. ભાવ નિગ્રન્થ. ૧. નામ નિગ્રંથ જેનું નિગ્રંથ એવું નામ તે. સ્થાપના નિગ્રંથ કોઇપણ વસ્તુમાં ૨. નિગ્રંથની સ્થાપના તે.

૩. દ્રવ્યનિગ્રંથ એટલે વ્યવહારે જોતાં નિગ્રંથનો વેષ ધારણ કર્યો છે પણ આત્મજ્ઞાનનો સમ્યગ્ રીતિએ જેને ઉપયોગ નથી તે. ૪. પૂર્વોક્ત વેષાદિ સહિત આત્મજ્ઞાનના ઉપયોગે જે મુનિ વર્તે છે, તે ભાવનિગ્રંથ છે.

આત્માજ્ઞાનની ચાહનાથી અને તેમાં મગ્નતાથી ભાવનિગ્રંથપણું સાબીત થાય છે. શ્રી આનંદઘનજી મહારાજ કે જે અધ્યાત્મજ્ઞાની હતા, તેઓ વાસુપૂજ્યના સ્તવનમાં કહે છે કે–

આત્મજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતિસંગી રે.
—વાસુપૂજ્ય

જે શુદ્ધ આત્મસ્વરૂપના જ્ઞાતા છે, તે શ્રમણ કહેવાય છે. नाणेण य मुणी होइ આત્મજ્ઞાનથી મુનિ જાણવા, એમ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે.

આત્મજ્ઞાનહીન રજોહરણ મુખવસ્ત્રિકા ધારણ કરનાર દ્રવ્યલિંગી જાણવા. ભાવલિંગીપણું તો સ્વરૂપ જ્ઞાનમાં વ્યાપી રહ્યું છે, માટે વસ્તુ જેવી છે તેવી વસ્તુને પ્રકાશે, પ્રગટ કરે.

આત્માથી બાહ્ય પદાર્થોમાં સ્વરૂપજ્ઞાન નથી, પણ આત્મિકજ્ઞાન તે જ સ્વરૂપજ્ઞાન જાણવું. આત્મજ્ઞાની આનંદનો ઘન જે પરમાત્મા તેમાં જેણે પોતાની મતિ સહચારી કરી તેવો હોય છે.

તરુણ પુરુષ અને તરુણ સ્ત્રીના હાસ્ય, કેલિ, ભોગાદિકના આનંદનું અનુભવજ્ઞાન નાના બાળકોને હોતું નથી,

તેવી જ રીતે જે જીવો બાહ્યજ્ઞાનની દોરમાં જ્યાં ત્યાં ભ્રાંતિથી સુખની બુદ્ધિ ધારણ કરી રહ્યા છે, એવા આત્મ-જ્ઞાનથી અજ્ઞાની જીવો છે.

તેમને અધ્યાત્મજ્ઞાનથી થતું સુખ તેની મગ્નતાનું ભાન બીલકુલ લેશમાત્ર પણ થતું નથી. કારણ કે, અજ્ઞાની અજ્ઞાનમાં, જેમ સૂવર–ભુંડ વિષ્ટામાં આનંદ માને છે તેમ તે માને છે. હંસ જેમ માનસરોવરમાં આનંદ માને છે; તેમ જ્ઞાની આત્મજ્ઞાનમાં આનંદ માને છે.

તાત્પયાર્થ કે અજ્ઞાની અધ્યાત્મસુખનો સ્વાદ શી રીતે આસ્વાદે ! આત્મજ્ઞાની સત્ય સુખ ભોગવે છે, અધ્યાત્મ સુખની બરોબર કોઈ સુખ નથી. શ્રી અધ્યાત્મસારમાં શ્રી યશોવિજયજી કહે છે કે—

**कान्ताधरसुधास्वादाद्यूनां यज्जायते सुखम् ।**
**बिन्दुः पार्श्वे तदध्यात्मशास्त्रस्वादसुखोदधेः ॥**

સ્ત્રીના અધરરૂપ અમૃતના સ્વાદથી જુવાન પુરુષોને જે સુખ ઊપજે છે, તે સુખ તો અધ્યાત્મશાસ્ત્રના સ્વાદથી ઉત્પન્ન થતા સુખ સમુદ્રની આગળ એક બિંદુ માત્ર છે.

આત્મજ્ઞાનની મગ્નતા કંઈ જુદા જ પ્રકારની છે. એ મગ્નતાની આગળ સર્વ પ્રકારની ક્ષણીક મગ્નતા તુચ્છ છે. માટે આત્મજ્ઞાન પરમ સુખકારી છે, એમ સમજી સર્વ ભવ્ય જીવોએ તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઇએ.

આત્મજ્ઞાન સર્વ સુખ શિરોમણિ છે. આત્મજ્ઞાનથી થતી મગ્નતા જેણે જાણી તેણે જાણી છે. વાણીથી કહી શકાતી નથી.

**बहिरन्तः परश्चेति, त्रिधाऽऽत्मा सर्वदेहिषु ।**
**उपेयातात्र परमं, मध्योपायाद् बहिस्त्यजेत् ॥ ५**

સર્વ દેહીમાં—બહિરાત્મા, અંતરાત્મા, અને પરમાત્મા, એમ ત્રણ પ્રકારે આત્મા છે. તેમાં અંતરાત્માથી પરમાત્માની પ્રાપ્તિ કરવી અને બહિરાત્માનો ત્યાગ કરવો.

જડ વસ્તુમાં આત્મબુદ્ધિ તે બહિરાત્મા, શરીરમાં આત્મા છે, એવી બુદ્ધિ તે અંતરાત્મા અને નિર્મલ રત્નત્રયી યુક્ત, તે પરમાત્મા, એ ત્રણ પ્રકારે આત્મા સર્વ દેહીમાં રહેલો છે.

અભવ્ય જીવોમાં તો બહિરાત્મા માત્રનો જ સંભવ છે. ત્યારે પ્રશ્ન કે સર્વ દેહીમાં ત્રિધા આત્મા હોય તે શી રીતે કહેવાય? ઉત્તરમાં સમજવું કે—

અભવ્યમાં પણ દ્રવ્યરૂપતાએ ત્રણ પ્રકારના આત્માનો સદ્ભાવ ઉત્પન્ન છે. અભવ્ય જીવોમાં અંતરાત્મત્વ, અને પરમાત્મત્વ સત્તાએ રહ્યું છે પણ અભવ્યોમાં અંતરાત્મત્વ અને પરમાત્મત્વનો આવિર્ભાવ (પ્રગટભાવ) થતો નથી અને મોક્ષમાં જતા નથી.

અભવ્ય જીવોમાં આવિર્ભાવે સદાકાળ બહિરાત્મપણું છે. કારણ કે તેમાં તેવા પ્રકારનો સ્વભાવ જ કારણ છે. અભવ્ય જીવોમાં પાંચ જ્ઞાનાવરણની ઉપપત્તિ ઘટે છે.

કેવલજ્ઞાન, કેવલદર્શન અને ક્ષાયીક ચારિત્રની સામગ્રી તેઓને પ્રાપ્ત થવાની નથી, માટે તે અભવ્ય કહેવાય છે. પણ તેઓમાં સત્તાની અપેક્ષાએ ત્રિધાત્મનું અભાવપણું ઘટતુ

નથી અથવા ભવ્ય રાશિની અપેક્ષાથી સર્વ દેહી એમ કહ્યું છે એમ પણ માની શકાય.

અથવા આસન્ન તેથી દૂર તથા દૂરતર ભવ્યોમાં તથા અભવ્યોમાં ત્રિધા આત્મા કહ્યો ત્યારે શ્રી સર્વજ્ઞ જે પરમાત્મા છે, તેનામાં અંતરાત્મા અને બહિરાત્માના અભાવથી એ વાત ઘટી નહિ એમ શંકા કરવી તે પણ નકામી છે, કારણ – ભૂતપ્રજ્ઞાપનનયની અપેક્ષાથી તેમનામાં પણ તે આત્માનો વિરોધ નથી એમ ઘૃતઘટની પેઠે આ વાત સિદ્ધ થાય છે.

જે સર્વજ્ઞાવસ્થામાં પરમાત્મા થયા તે પણ પૂર્વે અંતરાત્મા અને તે અંતરાત્માની પૂર્વે બહિરાત્મા હતા એમ ઘૃતના ઘટની પેઠે સિદ્ધ જ છે. અંતરાત્મત્વનું બહિરાત્મત્વ જે તે ભૂતપ્રજ્ઞાપનનયની અપેક્ષાએ તથા અંતરાત્મત્વ જે તે ભાવિ પ્રજ્ઞાપનનયની અપેક્ષાએ જોઈ લેવું.

આ ત્રણ પ્રકારનાં આત્મામાં શાથી શાનું ઉપાદાન કરવું અને શાનો ત્યાગ કરવો તે કહે છે. પરમાત્માની પ્રાપ્તિ કરવી અને બહિરાત્માનો ત્યાગ કરવો. પરમાત્માને પામવાનો ઉપાય અંતરાત્મા છે અને બહિરાત્માને અંતરાત્માના ઉપાયથી તજવો.

પ્રત્યેકનું હવે પૃથક્ લક્ષણ કહે છે.

શ્રી યશોવિજયજી ઉપાધ્યાયકૃત દોધક છંદમાં સમાધિશતક

આતમજ્ઞાને મગનજો, સો સબ પુદ્ગલ ખેલ;
ઇંદ્રજાલ કરિ લેખવે, મિલૈ નતહું મન મેલ. ૪
જ્ઞાન વિના વ્યવહારકો, કહા બનાવત નાચ;
રત્ન કહોકો કાચકું, અંત કાચ સો કાચ. ૫
રાચે સાચે ધ્યાનમેં, જાચૈ વિષય ન કોઈ;
નાચૈ માચૈ મુગતિરસ, આતમજ્ઞાની સોઈ. ૬

વિવેચન—જે ભવ્ય પુરુષ આત્મજ્ઞાનમાં સદા મગ્ન રહે છે, તે સર્વ સુવર્ણ, રૂપું, આભૂષણ, અહારાદિક પુદ્ગલ ખેલને ઇંદ્રજાલ સમાન જાણે છે. અને તેનું પુદ્ગલ પ્રદાર્થોમાં ચિત્ત ચોટતું નથી અને પુદ્ગલ પદાર્થમાં તેનું મન મળતું નથી અર્થાત્ તેવો આત્મજ્ઞાની રાગ-દ્વેષના પરિણામથી પુદ્ગલ પદાર્થોમાં પરિણમતો નથી.

શ્રી જ્ઞાનસારજીની ટીકામાં શ્રી દેવચંદ્રજી કહે છે કે—

**आया-सभावनाणी भोइ, रमइ विवथ्थु धम्मस्स ।**
**सो उत्तमो महप्पा, अवरे भवसूयरा जीव ॥ १ ॥**

જે આત્મા પોતાના આત્મસ્વભાવનો જ્ઞાની તથા આત્મધર્મનો ભોગી પોતાના સ્વરૂપમાં રમે છે, તે ઉત્તમ મહાત્મા જાણવો. બાકી જે પંચેન્દ્રિયના વિષયમાં રાચી માચી પુદ્ગલ એંઠમાં રાગદ્વેષમાં પરિણમે છે.

તે સંસારમાં ભૂંડના સમાન જાણવા.

અમૃતરસના ભોગીને જેમ વિષ્ટા રુચે નહિ તેમ આત્મજ્ઞાનીને પૌદ્ગલીક ભોગ રુચે નહીં, કારણ કે તેમાં

સુખ નથી. આત્મજ્ઞાની પોતાના અનંતગુણ અનંતા ધર્મમાં સદાકાળ રાચી રહે છે.

જ્ઞાન વિના ફક્ત એકલા વેષ ક્રિયાકાંડ વ્યવહારથી મુક્તિની સાધના કરવી તે નાટક સમાન છે. કોઈ કાચને રત્ન માની તેને મસ્તક પર ધારણ કરે, અને રત્નને પગ-તળે ખુંદે તો પણ અંતે પરીક્ષકની પરીક્ષામાં કાચ તે કાચ જ રહેવાનો અને રત્ન તે રત્ન જ જણાવાનું.

કોઈ માણસ કાચના કટકાને રત્ન બુદ્ધિથી લેઈ મનમાં હર્ષાયમાન થયો અને તે કોઈ કામ પ્રસંગે ધનને માટે કાચના કટકાને વેચવા ઝવેરીઓ પાસે ગયો. પણ કોઈએ તેની કિંમત ફુટી બદામ જેટલી પણ આપી નહીં, ત્યારે તે અંતે દુઃખી થયો.

એમ જે કોઇ મનુષ્ય બાહ્ય ધર્મના વ્યવહારમાં મુક્તિ માની ફક્ત ક્રિયાકાંડ આદિ ઉપરના વ્યવહારમાં રાચી માચી રહે છે, પણ આત્મા શું છે, તે જાણતો નથી, તે ભલે બાહ્ય વ્યવહારને મુક્તિનો માર્ગ કહે અને તેમાં રાચે પણ તેથી તેને મુક્તિની પ્રાપ્તિ થતી નથી.

આત્મજ્ઞાન તે રત્નસમાન છે અને જ્ઞાન વિના ફક્ત એકલો ક્રિયાવ્યવહાર તે કાચ સમાન છે, માટે આત્મજ્ઞાન તે જ મુક્તિનો હેતુ છે એમ સમજી તેની શ્રદ્ધા કરવી.

શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કહે છે કે, જયાં લગે આતમ દ્રવ્યનું, લક્ષણ નવિ જાણ્યું;

તિંહા લગે ગુણ ઠાણું ભલું, કિમ આવ્યે તાણ્યું આતમ૦
કષ્ટ કરો સંજમ ધરો, ગાળો નિજ દેહ;
જ્ઞાનદશા વિણ જીવને, નહીં દુ:ખનો છેહ. આતમ૦

જ્યાંસુધી આત્મદ્રવ્યનું લક્ષણ રૂડી રીતે જાણ્યું નથી. અનેકાંતપણે આત્માને રૂડી રીતે જાણ્યો નથી, ત્યાંસુધી રૂડું એવું ગુણસ્થાનક તાણ્યું છતું પણ આવતું નથી.

ભલે તમે અનેક પ્રકારના કષ્ટ કરો અને સંયમ ધારણ કરો, પોતાના દેહને ગાળી નાખો પણ આત્મજ્ઞાનદશાની પ્રાપ્તિ વિના દુ:ખનો નાશ થતો નથી.

શ્રી આનંદઘનજી મહારાજ પણ કહે છે કે:-

કોઈ કંત કારણ કાષ્ટ ભક્ષણ કરે રે, મળશું કંતને ધાય,
એ મેળો નવિ કહિએ સંભવે રે, મેળો ઠામ ન ઠાય.
રુષભ૦ ૧

કોઈ પતિરંજન અતિઘણું તપ કરે રે, પતિરંજન તન તાપ,
એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુ મિલાપ
રુષભ૦ ૨

ઇત્યાદિકથી સમજવું કે આત્મજ્ઞાન વિના મુક્તિની પ્રાપ્તિ નથી. શ્રી દશવૈકાલીકમાં પણ કહ્યું છે કે **पढमं नाणं तओ दया** પ્રથમ જ્ઞાન પશ્ચાત દયા. અર્થાત્ જીવ તથા અજીવના જ્ઞાન વિના દ્રવ્યદયા તથા ભાવદયા પણ થઈ શકતી નથી. વળી કહ્યું છે કે:—

श्लोक

आत्माऽज्ञानभवं दुःखमात्मज्ञानेन हन्यते ।
अभ्यस्यँस्तत्तथा तेन, येनात्मा चिन्मयो भवेत् ॥ १॥

વળી અન્ય મતોમાં પણ કહ્યું છે કે ज्ञानाग्निः सर्वकर्माणि; भस्मसात् कुरुतेऽर्जुन ! જ્ઞાનરૂપ અગ્નિ સર્વ કર્મને બાળી ભસ્મીભૂત કરે છે.

વળી યશોવિજયજી ઉપાધ્યાય દ્રવ્યગુણ પર્યાના રાસમાં કહે છે કેઃ—

બાહ્યક્રિયા છે બાહિરયોગ, અંતરક્રિયા દ્રવ્ય અનુયોગ,
બાહ્યહીન પણ જ્ઞાનવિશાલ, ભલો કહ્યો મુનિ ઉપદેશમાળ. ૧

વળી પ્રવચન સારોદ્ધારમાં કહ્યું છે કેઃ—

गाथा

जो जाणइ अरिहंते, दव्वगुणपज्जवंतेहिं ।
सो जाणइ अप्पाणं मोहो खलु जाहि तस्स लयं ॥१॥

જે ભવ્ય દ્રવ્ય ગુણ અને પર્યાયથી અરિહંતને જાણે છે, તે પોતાના આત્માને જાણે છે અને તેનાથી મોહનો નાશ થાય છે, માટે જ્ઞાન વિના માત્ર વ્યવહાર ચારિત્રથી મુક્તિની પ્રાપ્તિ થતી નથી માટે આત્મજ્ઞાનનો ખપ કરવો.

આત્મજ્ઞાનીનું લક્ષણ કહે છે. જે સત્ય એવા ધર્મધ્યાન અને શુકલધ્યાનમાં રાચે અને તેમાં માચી રહે (મગ્નતા ધારણ કરે) અને પંચેંદ્રિયના વિષયોની યાચના કરે નહિ, ફક્ત મોક્ષમાર્ગમાં માચી રહે અને તેમાં જ લયલીનતાથી નાચી રહે, તે જ આત્મજ્ઞાની જાણવો.

**દોધક છંદ.**

બાહિર અંતર પરમ એ, આત્મ પરિણતિ તીન,
દેહાદિક આતમભરમ, બહિરાતમ બહુદીન ૭

વિવેચનઃ—બહિરાત્મા. અંતરાત્મા અને પરમાત્મા એ રીતે આત્માની ત્રણ પરિણતિ છે.

તેમાં પ્રથમ દેહ, વાણી, મન વિગેરેમાં જેને આત્મત્વબુદ્ધિ છે તે બહિરાત્મા જાણવો. તેવો બહિરાત્મ પ્રાણી પરવસ્તુને પોતાની માની રાગદ્વેષના યોગે કર્માષ્ટક ગ્રહી અનેક યોનિમાં અવતાર ધારણ કરી અનેક પ્રકારનાં તીવ્ર દુઃખ પામે છે.

જેમ કસાઈના હાથમાં આવેલી બકરી અતિ દીન હોય છે, તેમ આત્મા પણ સિંહસમાન હોવા છતાં પરવસ્તુમાં પોતાની બુદ્ધિ ધારણ કરી કર્મ પાંજરામાં પડયો છતો અતિ દીન ગરીબ થઇ ગયો છે.

જેમ દુનિયામાં કોઈ માણુસની પાસે ધન હોય નહિ. ખાવા પીવાનું હોય નહિ, વસ્ત્ર પણ મળે નહિ, તે દીન કહેવાય છે, તેમ બહિરાત્મા પણ જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ લક્ષ્મીના અભાવે, તેમ જ જ્ઞાનરૂપભોજનના અભાવે સમતા રૂપ પાણીના અભાવે, વૈરાગ્યરૂપ વસ્ત્રના અભાવે, પુદ્ગલરૂપ ભિક્ષાને ઇચ્છારૂપ પાત્રમાં ગ્રહણ કરતો અતિ દુઃખી થઈ ગયો છે.

જેમ કોઈ મનુષ્યના શરીરે અનેક પ્રકારના રોગ થાય છે, તેને જરા માત્ર પણ શાંતિ મળતી નથી, મુખે હાય

હાય પોકારે છે. સૌ સગાંવહાલાં પાસે બેઠાં બેઠાં રૂદન કરે છે, પણ કોઈનાથી દુઃખ લેવાતું નથી. રોગી મનુષ્ય આવા પ્રસંગે અતિ દુઃખી હોય છે.

તેવી જ રીતે અજ્ઞાની જીવે શરીરને જ આત્મા માની લીધો છે અથવા પંચભૂત છે તે જ આત્મા છે એમ માની લીધું છે, તે મનુષ્ય મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ, આધિ, વ્યાધિ, ઉપાધિથી મહારોગી જાણવો. તેનો રોગ કોઈનાથી લેવાતો નથી. અંતે તે બહિરાત્મા પ્રાણી મરીને નરક અથવા તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય છે અને ત્યાં પણ રૌદ્ર દુઃખો ભોગવે છે. માટે બહિરાત્મ પ્રાણી બહુ દીન જાણવો. બહિરાત્મ પ્રાણી પોતાના અજ્ઞાનથી અનેક પ્રકારના દુઃખ પામે છે.

જેમ કોઈ આંધળો પુરૂષ ચાલતાં ચાલતાં ખાડામાં પડી જાય છે, કાંટાની વાડમાં પડી જાય છે, અથવા કૂવામાં પડી જાય છે, તેમ પરવસ્તુ જે શરીર તે જ આત્મા છે, એમ માનનારો આંધળો બહિરાત્મ રોગ, શોક, વિયોગ વૈર, ઝેરથી દુઃખનું પાત્ર બને છે અને અંતે નરકરૂપ મોટા અંધકારમય કૂવામાં પડી મહાદુઃખી બને છે.

બહિરાત્મપણું મહાદુઃખદાયક છે અને તેના યોગે પુનઃ પુનઃ અનંતીવાર ચોરાશીલાખ જીવયોનિમાં આત્મા પરિભ્રમણ કરી જન્મ, જરા મરણમાં મહાદુઃખ પામે છે, એમ શ્રી સર્વજ્ઞ ભગવાન કહે છે.

बहिरात्मा शरीरादौ, जातात्मभ्रान्तिरान्तरः ।
चित्तदोषात्मविभ्रान्ति, परमात्माऽतिनिर्मलः ॥ ५ ॥
निर्मलः केवल सिद्धो, विविक्तः प्रभुरव्ययः ।
परमेष्ठी परात्मेति, परमात्मेश्वरो जिनः ॥ ६ ॥

શરીરાદિકમાં આત્મભ્રાંતિવાળો બહિરાત્મા જાણવો. ચિત્ત અને રાગાદિકમાં થતી આત્મભ્રાંતિ જેણે દૂર કરી છે, તે અંતરાત્મા અને અતિ નિર્મલ તે પરમાત્મા જાણવો.

શરીર, વાણી અને મનમાં આત્મભ્રાંતિ જેને છે તે બહિરાત્મા જાણવો.

ચિત્ત એટલે વિકલ્પ અને રાગદ્વેષાદિક દોષ, અને આત્મા તે શુદ્ધ ચેતના દ્રવ્ય, તેમાંથી જેને ભ્રાંતિ ગઈ છે તે અંતરાત્મા, અર્થાત્ ચિત્તને ચિત્ત સ્વરૂપે જાણ્યું છે. રાગાદિકને રાગાદિક સ્વરૂપે જાણ્યાં છે અને આત્માને આત્મ સ્વરૂપે જેણે જાણ્યો છે તે અંતરાત્મા જાણવો. અથવા ધર્માસ્તિકાયાદિક ષડ્દ્રવ્યને દ્રવ્યગુણ પર્યાયથી સમ્યક્ સમજી આત્મ દ્રવ્યમાં આત્મબુદ્ધિ ધારણ કરી છે અને બાકીના પંચ અજીવ દ્રવ્યમાં અજીવબુદ્ધિ ધારણ કરી છે તે અંતરાત્મા જાણવો. અને જે અતિ નિર્મલ છે, અશેષ કર્મમલ જેના ક્ષીણ થયા છે, તે પરમાત્મા જાણવો.

નિર્મલ એટલે કર્મમલ રહિત છે. કેવલ એટલે શરીરાદિ સંબંધ રહિત છે. શુદ્ધ એટલે દ્રવ્યકર્મ અને ભાવકર્મ રહિત પરમ વિશુદ્ધ છે. વિવિક્ત એટલે શરીર કર્માદિથી અસંસ્પૃષ્ટ, પ્રભુ એટલે ઇંદ્રાદિકના સ્વામી છે.

અવ્યય એટલે પોતાના સ્વરૂપથી નાશ નહિ થનાર એવા છે. પરમેષ્ઠી એટલે ઇંદ્રાદિથી વંદ્યસ્થાને બીરાજનાર છે. ઈશ્વર એટલે પરમૈશ્વર્યને જે ધારણ કરે છે તે પરમાત્મા એટલે સંસારી જીવોથી જેનો ઉત્કૃષ્ટ આત્મા છે. જિન એટલે રાગદ્વેષને જિતનાર ઈત્યાદિ અનેક નામ ધારક પરમાત્મા છે.

## દોધક છંદ

ચિત્તદોષ આતમભરમ, અંતર આતમ ખેલ;
અતિનિર્મલ પરમાતમા, નહિ કર્મ કો ભેલ. ૮

ચિત્ત તેમ જ રાગાદિકમાંથી આત્મભ્રમ જેનો નાશ થયો છે, તે અંતરાત્મા જાણવો. શરીરથી ભિન્ન આત્મા અસંખ્ય પ્રદેશી, અરૂપી, અનામી, અનંતધર્મી, જાણી તું તેમાં રમણતા કર.

આત્મા તે જ તું છે. આ દેખાતું શરીર તું નથી અને તે તારું નથી. તું એનાથી ભિન્ન ચેતના લક્ષણવાળો છે, આમ જેની બુદ્ધિ થઇ છે તે ભેદજ્ઞાની જાણવો.

જેમ હંસ દૂધ અને પાણી ભેગાં મળી ગયાં હોય છે. તેને પોતાની ચાંચથી જુદાં કરે છે, તેમ દૂધ અને પાણીની પેઠે મળી ગયેલ પુદ્ગલ અને આત્માને ભેદજ્ઞાની ભિન્ન પાડે છે અને પોતાના સ્વરૂપમાં આનંદ માનતો ત્યાં ખેલે છે.

પરમાત્મા તો અતિ નિર્મલ છે. તેમનામાં કર્મ મેલ નથી. તેરમા ગુણસ્થાનકે રહ્યા છે અને જેમણે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતીયા કર્મ ક્ષય કર્યાં છે, એ પણ પરમાત્મા કહેવાય છે. તેમ જ અષ્ટકર્મનો ક્ષય કરી સિદ્ધિસ્થાનમાં પહોંચ્યા છે તે પરમાત્મા કહેવાય છે.

સમભિરૂઢ નયની અપેક્ષાએ ત્રયોદશમ (તેરમા) ગુણસ્થાનકવર્તી પરમાત્મા કહેવાય છે અને એવંભૂતનયની અપેક્ષાએ સિદ્ધિ સૌધમાં પ્રાપ્ત થયા, તે પરમાત્મા કહેવાય છે.

શ્રી આનંદઘનજી મહારાજ પણ સુમતિનાથ ભગવાન સ્તવનમાં કહે છે—

જ્ઞાનાનંદે હો પૂરણપાવનો, વરજિત સકલઉપાધ સુજ્ઞાની,
અતીંદ્રિયગુણગણમણિઆગરૂ, ઈમ પરમાતમ સાધ સુજ્ઞાની.
સુમતિ૦ ૪

બહિરાતમ તજ અંતરઆતમા, રૂપ થઈ થિરભાવ સુજ્ઞાની
પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અર્પણ દાવ સુજ્ઞાની.
સુમતિ૦ ૫

ઇત્યાદિ પરમાતમ સ્વરૂપ હૃદયમાં ભાવવું.

बहिरात्मेन्द्रियद्वारैरात्मज्ञानपराङ्मुखः ।
स्फुरितः स्वात्मनो देहमात्मत्वेनाध्यवस्यति ॥७॥

ભાવાર્થ—ઇન્દ્રિય દ્વારથી બાહ્ય એવા પરાર્થના ગ્રહણ પ્રતિ સ્ફુરણા પામવાથી જે બહિરાત્મા આત્મજ્ઞાન

પરાઙ્મુખ થઈ એમ જ જાણે છે કે, આ દેહ એ જ આત્મા છે અને શરીર તે જ હું છું, એવી તેને બુદ્ધિ થાય છે, તેથી તે શરીરને જ આત્મા માને છે.

**नरदेहस्थमात्मानमविद्वान् मन्यते नरम् ।**
**तिर्यञ्च तिर्यगङ्गस्थं, सुराङ्गस्थ सुरं तथा ॥ ८ ॥**

ભાવાર્થ—નર એટલે મનુષ્ય તેના દેહમાં રહેલો પોતાને નર માને છે એમ અજ્ઞાની બહિરાત્મા માને છે. અને તેવી જ રીતે પશુ દેહમાં હોય તો આત્માને પશુ માને છે. અને દેવના શરીરમાં હોય તો પોતાને દેવ માને છે. એમ અજ્ઞાની બહિરાત્મા જેવા શરીરમાં હોય તેવો પોતાને માને છે.

**દોધક છંદ**

નરદેહાદિક દેખકે, આતમજ્ઞાને હીન;
ઈંદ્રિયબલ બહિરાતમા, અહંકાર મન લીન. ૯

વિવેચન--મનુષ્યનું શરીર દેખીને બહિરાત્મા પોતાને મનુષ્ય માને છે. તેમ તિર્યંચ હોય તો તિર્યંચ, નારકી હોય તો પોતાને નારકી માને છે. અને દેવ શરીર પ્રાપ્ત થયું હોય તો પોતાને દેવ માને છે. એમ આત્મજ્ઞાને હીન પંચેન્દ્રિયમાં તથા બળમાં, આત્મભાવ ધારણ કરી અંહકારથી મનમાં લીન થઈ કર્મ ગ્રહણ કરે છે.

**દોધક છંદ**

અલખનિરંજન અકલ ગતિ, વ્યાપી રહ્યો શરીર;
લખો સુજ્ઞાને આતમા, લીન જ્યું નીર. ૧૦

વિવેચન—અલખ એટલે લક્ષમાં નહિ આવનાર, નિરંજન એટલે કર્મરૂપ અંજનથી રહિત અને અકલ ગતિ એટલે જેની ગતિ કળી શકાય નહિ, એવો આત્મા શરીરમાં અસંખ્યાત પ્રદેશથી વ્યાપી રહેલો છે. તે જ્ઞાન વડે ઓળખાય છે.

દૂધમાં જેમ પાણી મળી રહેલું છે, તેમ શરીરમાં આત્મા વ્યાપી રહ્યો છે. એમ કહેવાથી પંચભૂતના સંયોગથી આત્મા ઉત્પન્ન થાય છે, એમ માનનાર ચાર્વાકવાદીનું ખંડન થયું સમજવું.

**नारकं नारकाङ्गस्थ, न स्वयं तत्त्वस्तथा ।**
**अनन्तानथीशाक्तः, स्वसंवेद्योऽचलस्थितिः ॥ ९ ॥**

ભાવાર્થ—નરક યોગ્ય દેહમાં રહ્યો હોય તો આત્મા હું નારકી છું એમ માને છે. પણ પોતાનું યથાર્થ રૂપ તે જાણતો નથી.

આત્મા કર્મની ઉપાધિ વિના નરાદિક રૂપને પોતાની મેળે લેતો નથી. તત્વ થકી કર્મની ઉપાધિવાળો આત્મા નથી, માત્ર વ્યવહારમાં તેવો કહેવાય છે.

જીવને મનુષ્યાદિપર્યાય પ્રાપ્ત થયેલા છે, તે કર્મોપાધિકૃત છે. કેમ કે કર્મ નિવૃત્તિ થતાં પર્યાય પણ નિવૃત્તિ પામે છે. અર્થાત્ તે તે પર્યાય જીવને વાસ્તવ નથી માટે જ કહેવામાં આવે છે.

આત્મા તો અનંતાનંત જ્ઞાન શક્તિવાળો છે અને અનંતવીર્ય શક્તિવાળો છે. એવો છતાં શી રીતે જાણી

શકાય? માટે જણાવે છે કે તે આત્મા સ્વયંવેદ્ય છે અને તે અચળ સ્થિતિવાળો છે, તેના રૂપનો વિનાશ સંભવતો નથી.

**स्वदेहसदृशं दृष्ट्वा, परदेहमचेतनम् ।**
**परात्माधिष्ठितं मूढः, परत्वेनाध्यवस्यति ॥ १० ॥**

વિવેચન—બહિરાત્મા સ્વદેહના સરખું પારકું શરીર પણ જોઈ કર્મ વશથી સ્વીકાર કરેલા અચેતન દેહને પણ અન્ય આત્મા તરીકે સ્વીકારે છે.

આમ કરવાથી પશ્ચાત્ શું કરે છે, તે બતાવે છે.

**स्वपराध्यवसायेन, देहेष्वविदितात्मनाम् ।**
**वर्तते विभ्रमः पुंसां, पुत्रभार्यादिगोचरः ॥ ११ ॥**

અર્થ—જેઓએ નથી જાણ્યું આત્મ સ્વરૂપ એવા પુરુષોને સ્વ અને પરની પરિણતિથી, અમુક પુત્ર, અમુક સ્ત્રી, અમુક મારો આદિ પ્રગટપણે વિપર્યાસ થાય છે.

ભાવાર્થ—વિભ્રમ એટલે વિપર્યાસ-મિથ્યાજ્ઞાન, તે થાય છે.

કોને થાય છે? જે આત્મસ્વરૂપ નથી જાણતા તેઓને.

શાથી થાય છે?

ઉક્ત એવા સ્વપર અધ્યવસાયથી.

ક્યાં થાય છે?

દેહમાં.

શા પ્રકારનો વિભ્રમ થાય છે?

પુત્ર ભાર્યાદિગોચર, અર્થાત્ આત્માને ઉપકારક નહિ એવાં પુત્ર, દારા, ધન, ધાન્યાદિક પોતાનાં છે એવો ભ્રમ થાય છે. તેમની સંપત્તિમાં સંતોષ માને છે.

**દોધક છંદ**

અરિ પુત્રાદિક કલ્પના, દેહાતમ અભિમાન;
નિજ પર તનુ સંબંધ મતિ, તાકો હોત નિદાન. ૧૧

વિવેચન—દેહને વિષે આત્મબુદ્ધિના અભિમાનથી શત્રુ, પુત્ર, મિત્ર આદિ કલ્પના થાય છે. આ પારકું અને આ પોતાનું એવો અધ્યવસાય પુદ્ગલ ભાવમાં ઉત્પન્ન કરાવનાર દેહમાં આત્મબુદ્ધિનું અભિમાન છે.

**દોધક છંદ**

દેહાદિક આતમભ્રમી, કલ્પી નિજ પર ભાવ;
આતમજ્ઞાની જગ લહે, કેવલ શુદ્ધ સ્વભાવ. ૧૨

વિવેચન—દેહ. વાણી, પ્રાણ અને મનમાં આત્મબુદ્ધિનો જેને ભ્રમ છે એવો પુરુષ આ પોતાનું અને આ પારકું છે, એમ પુદ્ગલ ભાવમાં કલ્પના કરે છે, પણ જેને આત્મજ્ઞાન થયેલું છે, તેવો ભવ્યાત્મા કેવળ આત્મિક શુદ્ધ સ્વભાવને જગત્‌માં પોતાનો માને છે. પુદ્ગલમાં અહંવૃત્તિનો ઉદય જ્ઞાનીને થતો નથી. જ્ઞાની પોતાના આત્મામાં સ્વબુદ્ધિ ગ્રહણ કરે છે.

**अविद्यासंज्ञितस्तस्मात्संस्कारो जायते दृढः ।**
**येन लोकोऽङ्गमेव स्व, पुनरप्यभिमन्यते ॥ १२ ॥**

અર્થ—બહિરાત્મામાં અવિદ્યાનો સંસ્કાર દૃઢ થાય છે અને તેનાથી લોક જન્માન્તરમાં પણ શરીરને જ આત્મ માને છે.

વિવેચન—તે વિભ્રમ થકી બહિરાત્મામાં આત્મા ભ્રાન્તિ રૂપ વાસના દઢ થાય છે. અને તે અવિદ્યા થકી અજ્ઞાની જીવ જન્માન્તરમાં પોતાના શરીરને જ આત્મરૂપ સ્વીકારે છે.

સંસ્કારનું એવું સામર્થ્ય છે કે પરભવમાં પણ તેવા જ પ્રકારની બુદ્ધિ ઉત્પન્ન થાય છે. જેમ આજના દિવસના કરેલા કાર્યના સંસ્કારો બીજા દિવસે, રાત્રિનું અન્તર છતાં પણ તેવા જ રૂપે ભાસે છે, તે જ રીતે આ ભવના સંસ્કારો જેવી બુદ્ધિમાં દઢ થયેલા હોય છે, તેના પ્રકારના પરભવમાં જન્મ થતાં પ્રગટ થાય છે.

સમ્યક્ મતિથી સમ્યક્ સંસ્કાર અને દુષ્ટ મતિથી દુષ્ટ સંસ્કાર પરભવમાં પ્રાપ્ત થાય છે, માટે ભવ્ય પુરુષે એ આત્મામાં જ આત્મબુદ્ધિ ધારણ કરવી અને પુદ્ગલમાં અજીવ બુદ્ધિ ધારણ કરી સ્વસ્વભાવમાં રમવું.

**देहे स्वबुद्धिरात्मानं, युनक्त्येतेन निश्चयात् ॥**
**स्वात्मन्येवात्मधीस्तस्माद्वियोजयति देहिनम् ॥ १३ ॥**

અર્થ—દેહમાં આત્મબુદ્ધિ થવાથી દેહ સાથે જ આત્માનો યોગ રહે છે અને આત્મામાં આત્મબુદ્ધિથી દેહનો વિયોગ થાય છે.

ભાવાર્થ—અનાદિકાળથી બહિરાત્માને દેહમાં આત્મ-બુદ્ધિની ભ્રાંતિ થાય છે અને તે આત્માને પરમાનંદ નહિ પામવા દેતાં દેહમાં જ બાંધી રાખે છે. અર્થાત્ દીર્ઘ સંસાર રૂપ તાપમાં પાડે છે, આત્માને જડ જેવો રાખે છે.

જેને આત્મામાં જ આત્મબુદ્ધિ છે એવો અંતરાત્મા પોતે પુદ્ગલના સંયોગથી મુક્ત થાય છે અને પરમાત્મારૂપ બને છે.

**देहेष्वात्मधियां जाताः, पुत्रभार्यादिकल्पनाः ।**
**सम्पत्तिमात्मनस्ताभिर्मन्यते हा हतं जगत् ॥ १४ ॥**

અર્થ—દેહમાં આત્મબુદ્ધિ થતાં પુત્ર ભાર્યાદિકની કલ્પનાઓ થઇ અને પોતાની સંપત્તિ તેથી મનાઇ છે. હા ઇતિ ખેદે આવી ભ્રાંતિથી જગત હણાયું છે.

વિવેચન—અજ્ઞાની જીવને દેહમાં આત્મબુદ્ધિની ભ્રાંતિ થતાં આ મારો પુત્ર; આ મારી પ્રાણપ્રિયા સ્ત્રી, આ મારી માતા, આ મારા પિતા, આ મારું ઘર, આ મારું રાજ્ય, આ મારું ક્ષેત્ર, આ મારો બાગ એવી અહંવૃત્તિની કલ્પનાઓનો પ્રાદુર્ભાવ થાય છે.

અનાત્મરૂપ વસ્તુઓથી આત્માને લેશ પણ ઉપકાર થતો નથી, તેમ છતાં પણ અજ્ઞાન યોગે જેઓ સ્ત્રી, ધન પુત્ર, લક્ષ્મીને પોતાના માને છે, તેઓ કેવળ ઠગાય છે.

હા ! એમ માનનારું આ જગત વિનાશ પામ્યું છે. અર્થાત્ સ્વસ્વરૂપના પરિજ્ઞાન વિના જગતમાત્ર બહિરાત્મ ભાવવાળું થઈ ગયું છે.

## દોધક છંદ

સ્વપરવિકલ્પૈ વાસન ! હોત અવિદ્યારૂપ,
તાતે બહુરિ વિકલ્પમય, ભરમજાલ અન્ધકૂપ. ૧૩

પુત્રાદિકકી કલ્પના, દેહાતમ ભ્રમભૂલ;
તાકું જડ સમ્પતિ કહે, હહા મોહ પ્રતિકૂલ. ૧૪

ભાવાર્થ—સ્વ અને પરના વિકલ્પથી અવિદ્યારૂપ વાસના ઉદ્ભવે છે અને તેથી બહુ વિકલ્પ થાય છે અને બહુ વિકલ્પભ્રમજાળરૂપ અંધકૂપમાં જે મનુષ્યો પતન પામે છે તે દુઃખે કરી તેમાંથી બહાર નીકળી શકે છે.

અહો ! પર વસ્તુના વિકલ્પ સંકલ્પ યોગે આ દેખાતી દુનિયા સમયે સમયે સાત અથવા આઠ કર્મ ગ્રહણ કરી બંધાય છે. પર વસ્તુ યોગે થતાં વિકલ્પ સંકલ્પ તે જ ભ્રમણા, જાલ અને તે જ અંધકૂપ મહાદુઃખદાયક જાણવો.

જેને જડ વસ્તુ અને ચેતનનું ભિન્ન ભિન્ન લક્ષણે કરી યથાર્થ જ્ઞાન થયું નથી, તે પુત્રાદિ પ્રત્યક્ષ પોતાનાથી ભિન્ન દેખાતા ભાવોને પોતાની સંપત્તિરૂપે જાણે છે.

અહો ! તેવો પ્રાણી જડ જાણવો. અહા ! કેવી મોહની પ્રતિકૂલતા છે. એવા પ્રાણીઓ બહિરાત્મભાવમાં પોતાનું જીવન નિરર્થક ગાળે છે.

અરે ! સમજવું જોઈએ કે મરતી વખતે કોઈ વસ્તુ પોતાની સાથે આવતી નથી, છતાં મૂઢ જીવ અજ્ઞાનપણાથી બહિરાત્મ ભાવયોગે જાણે એ વસ્તુઓ તે જ હું છું, એમ દૃઢ સંસ્કાર ભાવ કલ્પી તેમાંને તેમાં રાચી–માચી રહે છે.

મમતાના યોગે પર વસ્તુઓને સંપત્તિરૂપે માનતો અજ્ઞાની જીવ રાગદ્વેષ યોગે કર્મગ્રહણ કરતો ભવમાં ભમે.

છે. તેમાં મમતા જ કારણભૂત છે. અધ્યાત્મસારમાં કહ્યું છે કે—

**व्याप्नोति महतीं भूमिं, वटबीजाद्यथा वटः ।**
**तथैकममताबीजात्प्रपंचस्यापि कल्पना ॥ १ ॥**

જેમ એક વડના બીજથી વડ ઘણી ભૂમિને વ્યાપ્ત કરે છે, તેમ એક મમતાબીજથી ઘણા પ્રપંચની કલ્પના ઉઠે છે.

કહ્યું છે કે—

**स्वयं येषां च पोषाय, खिद्यते ममतावशः ।**
**इहामुत्र च ते न स्युस्त्राणाय शरणाय वा ॥ २ ॥**

મમતા વશ થએલો જીવ પુત્ર સ્ત્રી આદિના પોષણને માટે ખેદ પામે છે, અને અંતે અહીં તથા પરભવમાં દુઃખની વખતે રક્ષણ માટે અથવા શરણ માટે તે પુત્ર સ્ત્રી વગેરે સહાયક થતા નથી માટે મમતા ભાવ દૂર કરીને જે યથાર્થ વસ્તુ સ્વરૂપ દેખે છે, તે જ દેખતો જાણવો.

કહ્યું છે કે—

**भिन्नाः प्रत्येकमात्मानो, विभिन्नाः पुद्गला अपि ।**
**शून्यसंसर्ग इत्येवं, यः पश्यति स पश्यति ॥ ३ ॥**

ભાવાર્થઃ—પ્રત્યેક આત્મા વ્યક્તિથી ભિન્ન ભિન્ન છે અને વર્ણ, ગંધ, રસ, સ્પર્શમય પુદ્ગલો પણ આત્માથી ભિન્ન ભિન્ન છે, તેમ તે બેનો સંસર્ગ પણ શૂન્ય છે. એવી રીતે જે દેખે છે, તે જ દેખતો જાણવો એમ જે દેખતો નથી, તે બહિરાત્મા જાણવો અને એવો અજ્ઞાની બહિરાત્મા પશુ સમાન જાણવો

**मूलं संसारदुःखस्य, देह एवात्मधीस्ततः ।**
**त्यक्त्वैनां प्रविशेदन्तर्बहिरव्यावृतेन्द्रियः ॥ १५ ॥**

**અર્થ:**—દેહમાં આત્મ બુદ્ધિરૂપ ભ્રાંતિ જ સંસાર દુઃખનું મૂળ છે. બાહ્ય વિષયોમાં નથી પ્રવર્તાવી ઈંદ્રિયો જેણે એવો પુરુષ બહિરાત્મ બુદ્ધિનો ત્યાગ કરી અંતરાત્મ બુદ્ધિ ધારણ કરે છે.

સંસાર દુઃખનું મૂલ કારણ દેહમાં આત્મબુદ્ધિની ભ્રાંતિ ધારવી તે જ છે, માટે તત્વનું સ્વરૂપ સમ્યક્ સમજી આત્મામાં જ આત્મબુદ્ધિ કરવી. જડ વસ્તુ તે કદાપિ કાળે આત્મરૂપે થવાની નથી, માટે તે પોતાની નથી એ નિશ્ચય કરવો.

દેહનાં પાંચ પ્રકાર છે. ૧ ઔદારીક શરીર. ૨ વૈક્રિય શરીર. ૩ આહારક શરીર. ૪ તેજસ શરીર. ૫ કાર્મણ શરીર.

જે સાત સાતુથી બનેલું શરીર છે, તેને ઔદારીક શરીર કહે છે.

જે લબ્ધિથી પ્રગટ થાય છે; તેને વૈક્રિય શરીર કહે છે. મનુષ્યાદિકને વૈક્રિય લબ્ધિ યોગે વૈક્રિય શરીરની પ્રાપ્તિ થાય છે. દેવતા અને નારકીના જીવોને તે ભવ પ્રત્યયીક વૈક્રિય શરીર ઉત્પન્ન છે. દેવતા ભવ પ્રત્યયીક શરીર વિના બીજું શરીર બનાવે છે, તેને ઉત્તર વૈક્રિય શરીર કહે છે.

[1]આહારને પચાવે તેને તેજસ શરીર કહે છે. આઠ કર્મથી બનેલા શરીર ને કાર્મણ શરીર કહે છે. આ પાંચ શરીરથી આત્મા સદા ભિન્ન છે.

૧. આહારલબ્ધિ ધારકમુનિ આહાર શરીર બનાવે છે.

પંચ પ્રકારનાં શરીરો પુદ્ગલ સ્કંધોથી બનેલાં છે, અને પાછાં તે શરીરો સ્થિતિપૂર્ણ થતાં વિખરાઈ જાય છે. માટે પુદ્ગલ દેહો કંઈ આત્માનાં નથી.

પુદ્ગલ જડ છે અને આત્મા જ્ઞાન ગુણવાળો છે. બન્ને દ્રવ્યના લક્ષણ તથા ધર્મ જુદાં છે.

પર વસ્તુને પર વસ્તુરૂપે નિર્ધારી અને આત્માને આત્મારૂપે નિર્ધારી ભવ્ય પ્રાણી સમકિત રત્નની પ્રાપ્તિ કરે છે અને અંતરાત્મા થઈ પરમાત્મારૂપ સાધ્યની સાધના કરે છે.

**मत्तश्च्युत्वेन्द्रिय-द्वारैः पतितो विषयेष्वहम् ।**
**तान्प्रपद्याहमिति मां, पुरा वेद न तत्वः ॥१६॥**

**અર્થ :--**અંતરાત્મા થયેલો જીવ અલભ્ય લાભ પામી પોતાની બહિરાત્મવૃત્તિ સંભારીને ખેદ કરે છે.

અહો ! મત્ત થઈ ઇન્દ્રિય દ્વારોથી બાહ્ય વિષયમાં પડેલો હું પૂર્વે પોતાને હું જ આત્મા છું એમ તત્ત્વથી જાણતો નહોતો.

મત્ત હોઇ આત્મસ્વરૂપથી ભ્રષ્ટ થએલ અને ઇન્દ્રિય દ્વારા વિષયોમાં પતિત એવો હું પોતે જ આત્મા છું. શરીરાદિ તે આત્મા નથી એમ પૂર્વે જાણ્યું નહિ. અનંતકાળ ગયો પણ હું આત્મા છું એવું જાણ્યું નહિ. અહો ! કેટલી મોટી ભૂલ થઈ.

અંતરાત્મ થતાં પૂર્વની બહિરાત્મ ચેષ્ટાથી આત્મા પશ્ચાતાપ કરે છે, અને પોતાનું સ્વરૂપ ઓળખવાથી આત્મા આનંદ પામે છે.

હવે આત્મજ્ઞાનનો ઉપાય દર્શાવે છે.

**एवं त्यक्त्वा बहिर्वाचं, त्यजेदन्तरशेषतः ।**
**एवं योगः समासेन, प्रदीपः परमात्मन ॥ १७ ॥**

ભાવાર્થ—એ પ્રમાણે બાહ્યવાણી ત્યાગી અંતરને પણ અશેષ-સમગ્રપણે ત્યજે, સંક્ષેપથી પરમાત્માનો દીપક સમાન એ યોગ છે.

એ પ્રમાણે પુત્ર, સ્ત્રી, ધન, ધાન્ય, કુટુંબ, ભોગાદિ બાહ્ય વસ્તુના વાચક શબ્દ માત્ર તેને સર્વથા પ્રકારે તજવા અને તે પછી અંતરવાચાને પણ અશેષપણે તજવી. અર્થાત્ જેથી અહંતા સિદ્ધ થાય છે તેવી વાચા માત્ર તજવી. એટલે હું સુખી, હું દુઃખી, આ મારું આ તારું ઇત્યાદિ અંતર-વાચા પણ તજવી.

વાચાના ચાર ભેદ છે. ૧ પરાવાચા. ૨ પશ્યન્તિવાચા. ૩ મધ્યમાવાચા અને ૪ વૈખરીવાચા.

મુખથી જે વાણી બોલાય છે તે વૈખરીવાચા કહેવાય છે, તેને જ બાહ્ય વાચા કહે છે.

અંતરમાં સૂક્ષ્મ ચિંતનરૂપ જે સંકલ્પ ઉઠે છે તે તથા પશ્યંતિ અને મધ્યમાને અંતર્વાચા કહેવામાં આવે છે.

પૂર્વોક્ત બાહ્ય અને અંતર્વાચાને તજવાથી બાહ્ય આંતર ત્યાગરૂપ યોગ કહ્યો. તે કરવાથી આત્માની સ્થિરતારૂપ એવો સમાધિયોગ થાય કે સંક્ષેપમાં આત્મસ્વરૂપ પ્રકાશક તે યોગ જલ્દીથી બને છે. અહિં ગ્રંથકર્તાએ ઉત્તમ સમાધિ-યોગ બતાવ્યો છે. ચિત્તવૃત્તિ નિરોધ લક્ષણ સમાધિનું

રહસ્ય પ્રાદુર્ભાવ પામે છે. અંતરવાચાને તજવી તે રાજ-યોગનું લક્ષણ છે, તેને પણ અન્તરભાવ અહિં આ શ્લોકના ભાવાર્થમાં થાય છે.

यन्मया दृष्यते रुपं, तन्न जानाति सर्वथा ।
जानन्न दृश्यते रुपं, ततः केन ब्रवीम्यहं ॥ १८ ॥

અર્થ—જે રૂપ મારાથી દેખાય છે, તે તો મને સર્વથા જાણતું નથી અને જે જાણે છે તે દશ્ય નથી, ત્યારે હું કોની સાથે બોલું.

ઇન્દ્રયાદિથી પરિછિદ્યમાન શરીરાદિક જે દશ્ય છે, તે તો અચેતન છે એટલે હું તેને જે કંઈ કહું તેને સમજવાનું નથી અને વાત કરવાનો વ્યવહાર તો જે જાણે તેની સાથે ઘટે.

શરીરાદિક તો જડ છે, તેથી તે કંઈ જાણતું નથી અને જાણનાર તો આત્મા છે, તે તો દશ્યમાન નથી. અર્થાત્ ઇન્દ્રિયોથી ગ્રાહ્ય નથી. એમ છે ત્યારે હું કોની સાથે બોલું. આ પ્રમાણે બાહ્યવિકલ્પ તજાવી અંતરવિકલ્પ તજવાની યુક્તિ કરે છે.

यत्परैः प्रतिपाद्योऽहं यत्परान्प्रतिपादयेत् ।
उन्मत्त चेष्टितं तन्मे, यदहं निर्विकल्पकः ॥१९॥

અર્થ—હું જે પરથકી પ્રતિપાદ્ય થાઉં છું અને હું પારકાઓને પ્રતિપાદન કરૂં છું, તે સર્વ મારું ઉન્મત્ત ચેષ્ટિત છે, કારણ કે હું તો નિર્વિકલ્પ છું.

વિવેચન—પર એટલે ઉપાધ્યાય ગુરુઆદિ તે મને પ્રતિપાદન કરે, અને હું શિષ્યાદિકને પ્રતિપાદન કરવા બેસું છું, તે સર્વ મારી ઉન્મત્ત ચેષ્ટા જાણવી.

મોહવશથી ઉન્મત્તની પેઠે વિકલ્પ જાલ રૂપ ચેષ્ટિત જાણવું. કારણ કે નિર્વિકલ્પ સ્વરૂપ મારા આત્માનું છે. વચન વિકલ્પો વડે હું અગ્રાહ્ય છું, તો મારા માટે વચન વિકલ્પ પણ હવે આત્મસ્વરૂપ પ્રાપ્ત થતાં ખપનો નથી.

**દોધક છંદ**

યા ભ્રમમતિ અબ છાંડિ દો, દેખો અંતર દૃષ્ટિ;
મોહદૃષ્ટિ જો છોડિયે, પ્રગટે નિજગુણ સૃષ્ટ. ૧૫
રૂપાદિકકો દેખવો, કહન કહાવન કૂટ;
ઈન્દ્રિય જોગાદિક બલે, એ સબ લૂટાલૂટ. ૧૬
પરપદ આતમ દ્રવ્યકું, કહન સુનન કુછ નાહિ;
ચિદાનંદઘન ખેલહી, નિજપદ તો નિજમાંહિ. ૧૭

વિવેચન—હે ચેતન! હવે ભ્રાંતિવાળી બુદ્ધિનો ત્યાગ કરી અંતરદૃષ્ટિથી તારું ધન દેખ. હે ચેતન! અંતરમાં તારી રિદ્ધિનો અક્ષય ખજાનો છે, તે મોહ દૃષ્ટિથી અવરાયો છે. અને તેથી તે દેખાતો નથી.

મોહવાળી દૃષ્ટિથી જોતાં પરવસ્તુમાં જ તને સદા અહંવૃત્તિ પ્રગટે છે. મોહ દૃષ્ટિથી સર્વજગત અંતરદૃષ્ટિથી શૂન્ય થયું છે.

જેમ કોઈ મનુષ્યે ધંતુરાનું પાન કર્યું હોય તેને જેમ સર્વ વસ્તુઓ પીળી સોના (સુવર્ણ) જેવી લાગે છે,

તેવી જ રીતે મોહદૃષ્ટિથી આત્માની બાહ્યદશા વર્તી રહી છે. અને તેથી તે અસત્‌માં સત્ પણાની બુદ્ધિ ધારણ કરી છે. પણ એ સર્વ ભ્રાંતિ છે.

જેમ ધંતુરભક્ષકને ધંતુરાનું ઘેન ઉતર્યા પછી જેવી વસ્તુઓ છે તેવી દેખાય છે, તેમ મોહદૃષ્ટિના ત્યાગથી અંતરદૃષ્ટિ પ્રગટતાં, આત્માનું યથાર્થ સ્વરૂપ ભાસે છે.

મોહદૃષ્ટિ છોડીને જ્યારે નિજસ્વરૂપમાં રમણતા કરીએ ત્યારે આત્માના અનંત ગુણરૂપ સૃષ્ટિનો આવિર્ભાવ થાય છે.

રૂપાદિકને દેખવું, તેનું કહેવું, કહેવરાવવું, તે સર્વ કૂટમિથ્યા છે. ઇન્દ્રિય તથા વચન, મન કાયાના બળે કરી પરમાં પરિવર્તન થાય છે.

ઇન્દ્રિય અને મન, વચન અને કાયાના યોગ બળે, આત્મા પરભાવમાં પેસતાં, આત્માની રિદ્ધિની લૂંટાંલૂટ થઈ રહી છે.

એટલે જ્યારે આત્મા સ્વ-સ્વભાવને મૂકી પરસ્વભાવમાં પેસે છે, ત્યારે રાગ, દ્વેષ, ક્રોધ, નિંદા, અજ્ઞાનરૂપ ચોરો આત્માની રિદ્ધિ લૂંટે છે અને આત્માને દીન કરી નાખે છે.

જ્યારે આત્મા સ્વસ્વભાવરૂપ ઘરમાં હોય છે, ત્યારે રાગ, દ્વેષાદિક ચોરોનું કશું ચાલતું નથી, પણ જરા પણ આત્મસ્વભાવમાંથી આત્મા પગ દેઈ પરસ્વભાવરૂપ ઘરમાં પેંસવા ચાલ્યો કે તુરત ચોરો આત્માની જ્ઞાનાદિક રિદ્ધિ લૂંટવા લાગે છે.

પંચેન્દ્રિયની મોકળાશ અને મન, વચન ને કાયાની પરપ્રવૃત્તિદ્વારાથી રાગ, દ્વેષાદિક ચોરો ક્ષણે ક્ષણે લાગ જોઇને આત્મામાં પ્રવેશી આત્મરિદ્ધિની લૂંટાલૂંટ કરે છે, તો પણ આત્માને મોહરૂપ મદિરાની બેભાનતાથી કશી ખબર પડતી નથી.

અહો ! કેટલી અજ્ઞાનતા ! આત્મા સમજતો નથી. કે આજ સુધી મેં પરિભ્રમણ કર્યું, તે પણ મોહના યોગે કર્યું છે.

હવે સદ્ગુરુ સંગતિ પ્રાપ્ત થતાં મોહનું સ્વરૂપ જાણવામાં આવ્યું અને નિર્ધાર થયો કે આત્મા પોતાના શુદ્ધ સ્વભાવરૂપ ઘરમાં નહિ વસવાથી, ઘરની રિદ્ધિ રાગાદિક ચોરો લૂંટે છે.

પણ સર્વ પુદ્ગલ દશાનો ત્યાગ કરી, અલખ અરૂપી અસંખ્ય પ્રદેશરૂપ મારા ઘરમાં વસી, પરમાં જરા માત્ર પણ ઉપયોગ દઉં નહીં, તો રાગાદિક ચોરો મારી સિદ્ધિ લૂંટતા બંધ થઈ જાય. આ જ ઉપાય સત્ય છે. તે વિના બીજો ઉપાય નથી.

શ્રી ચોવીશમાં તીર્થંકર શ્રી મહાવીર પ્રભુ પણ ધર્મ-ધ્યાન અને શુકલધ્યાનથી પોતાના સ્વરૂપમાં રમતા હતા. બાર વર્ષથી અધિક સમય પર્યંત આ પ્રમાણે સ્વસ્વભાવરૂપ ઘરમાં વસી, અંદર પેસી ગયેલા રાગ–દ્વેષરૂપ ચોરોને સમૂળગા કાઢી મૂકયા અને પોતાનું ઘર નિર્મળ કર્યું ત્યારે સુખી થયા.

જ્યાં સુધી જીવ મિથ્યાત્વદશામાં છે, ત્યાં સુધી પોતાની રિદ્ધિની લૂંટાલૂંટ ચાલ્યા કરે છે; તેની પોતાને મોહદશાથી સમજણ પડતી નથી.

જેમ કોઈ મનુષ્ય ભરનિદ્રામાં સૂતો હોય અને તેના ઘરમાં ચોરો ખાતર પાડી જાય પણ તેને ખબર પડે નહિ, તેમ જ્યાં સુધી અજ્ઞાન અને મોહથી જીવ પ્રમાદરૂપ ઉંઘમાં ઉંઘી ગયો છે, ત્યાં સુધી પોતાની રિદ્ધિ લૂંટાય છે, તેની તેને સમજણ પડતી નથી.

માટે હવે ચેતન તું જાગ. તારું સ્વરૂપ અલખ છે, તું પોતે પરમાત્મા છે. તારામાં સર્વ છે. ઉત્કૃષ્ટ નિર્મલ આત્મદ્રવ્યને વાણીથી કથવાનું તથા કાનથી શ્રવણ કરવાનું કંઈ નથી, કારણ કે જ્ઞાન અને આનંદનો ઘન એવો આત્મા તે તો પોતાના સ્વરૂપમાં જ છે.

અરૂપી, વચનને અગોચર, નિર્વિકલ્પ આત્મા સ્વયં પ્રકાશ છે, તો આત્મા અર્થે વચન વિકલ્પ પણ આત્મા-સ્વરૂપ પ્રાપ્ત થતાં ખપનો નથી.

**यदग्राह्यं न गृह्णाति, गृहीतं नापि मुञ्चति ।**
**जानाति सर्वथा सर्वं, तत्स्वसंवेद्यमस्म्यहम् ॥२०॥**

અર્થ—જે અગ્રાહ્યને ગ્રહણ કરતો નથી અને ગ્રહણ કરેલને મૂકતો નથી અને સર્વને સર્વથા જાણે છે, તે સ્વ-સંવેદ્ય હું છું.

જે શુદ્ધાત્મ સ્વરૂપ છે, તે અગ્રાહ્ય એવું જે કર્મોદય નિમિત્ત ક્રોધ, માન, માયા, લોભાદિ સ્વરૂપ તેને ગ્રહણ કરતું નથી.

અર્થાત્ અગ્રાહ્ય એવા ક્રોધાદિ સ્વરૂપને શુદ્ધાત્મ સ્વરૂપતાએ ગ્રહણ કરતો નથી અને અનંતજ્ઞાન, દર્શન ને ચારિત્ર ગુણમય શુદ્ધાત્મસ્વરૂપ તેનો કદાપિ ત્યાગ કરતો નથી. અર્થાત્ પોતાના જ્ઞાનાદિગુણમાં સદાકાળ રમણ કરે છે.

પરવસ્તુમાં જરા માત્ર પણ દૃષ્ટિ દેતો નથી એવો અને જે જીવ અજીવાદિ તત્વ સ્વરૂપને સમ્યક્ પ્રકારે જાણે છે. અર્થાત્ દ્રવ્ય, ગુણ અને પર્યાયથી ષડ્દ્રવ્યને જે જાણે છે તેવા પ્રકારનો હું સ્વસંવેદ્ય આત્મા છું.

**દોધક છંદ**

ગ્રહણ અયોગ્ય ગ્રહે નહિ, ગ્રહ્યો ન છંડે જેહ;
જાણે સર્વ સ્વભાવને, સ્વપર પ્રકાશી તેહ. ૧૮

આનો અર્થ વીશમા શ્લોકની અંદર સમાઈ જાય છે, તો પણ કિંચિત્ વિવેચન કરવામાં આવે છે.

જેને આત્મજ્ઞાન થયું છે, એવો મુનીશ્વર ગ્રહણ કરવામાં અયોગ્ય એવી પુદ્ગલ વસ્તુને ગ્રહે નહિ; કારણ કે આ આત્માને પુદ્ગલ વસ્તુ ગ્રહણ કરવા લાયક નથી.

એ પુદ્ગલ વસ્તુને ગ્રહણ કરી સંસારમાં પરિભ્રમણ કરે છે. કોઇ વખત દેવ થાય છે, તો કોઈ વખત મનુષ્ય થાય છે, અને તે જીવ પાછો કોઇ વખત તિર્યંચ થાય છે, અને વળી તે પાછો, નારકીપણે ઉત્પન્ન થાય છે.

જડ એવું પુદ્ગલ દ્રવ્ય ત્રણે કાલમાં આત્માને હિત-કારક નથી. આહાર પણ પુદ્ગલનો, તેમ પાન પણ પુદ્ગલનું,

તેમ પંચપ્રકારના શરીર અને છ પ્રકારની લેશ્યા આદિ સર્વ પુદ્ગલ જ જાણવું.

જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મની વર્ગણાઓ પણ પુદ્ગલ વસ્તું જાણવી. એમ પુદ્ગલ પરમાણુઓના સ્કંધોને ગ્રહણ કરતો આત્મા અનંતી અનંતીવાર દુઃખ પાત્ર બન્યો.

અનંત સિદ્ધ જીવોએ વમેલી પુદ્ગલ એંઠને પણ સુખની પિપાસાએ ગ્રહણ કરતો જડ જેવો બની ગયો. જો કે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શમય એવું પુદ્ગલ દ્રવ્ય સદાકાળ આત્માથી ભિન્ન છે, તો પણ આત્મા તેમાં સુખની બુદ્ધિ ધારણ કરી છેતરાય છે.

જેમ મૃગ ઝાંઝવાનાં જળમાં સાચા જળની બુદ્ધિ ધારણ કરી જળ પીવા દોડે છે, પણ જ્યારે પાસે જાય છે, ત્યારે નિરાશ થાય છે.

તેમ અજ્ઞાની જીવ પુદ્ગલ વસ્તુને પોતાની માની તેનું ગ્રહણ કરે છે, પણ જ્યારે મરતી વખતે તે પોતાની થતી નથી, તેને તેનાથી સુખ મળતું નથી, ત્યારે નિરાશા પામે છે. માટે સમજવાનું કે પુદ્ગલ વસ્તુ ગ્રહણ કરવા યોગ્ય નથી.

પોતાનું શુદ્ધ આત્મસ્વરૂપ ગ્રહણ કરવા યોગ્ય છે. જે અગ્રાહ્યને ગ્રહણ કરતો નથી અને પોતાના શુદ્ધ સ્વરૂપનું જ ગ્રહણ કરે છે.

સાત નય, સપ્તભંગી નિક્ષેપાથી તથા ગુણપર્યાય સહિત ષડ્દ્રવ્યને યથાર્થપણે જાણે છે, તે સ્વપર પ્રકાશી નિર્મલ આત્મજ્ઞાની થાય, ત્યારે સમકિતી જીવ જાણવો.

સમકિતી જીવ રાગદ્વેષથી પરવસ્તુમાં રાચતો માચતો નથી, તે અન્તરથી ન્યારો વર્તે છે.

જળમાં ઉત્પન્ન થયેલ કમલ જળથી નિર્લેપ રહે છે, તેમ ભવ્ય જીવ સમકિતની પ્રાપ્તિ થતાં સંસારમાં પરવસ્તુના સંબંધથી ન્યારો વર્તે છે. જ્ઞાન ધ્યાનથી પોતાના આત્માને પોષે છે. સર્વ સાંસારિક પદાર્થોની મમતા ત્યાગે છે. પુદ્ગલ વસ્તુમાં થતી ઇષ્ટ અને અનિષ્ટ બુદ્ધિનો ત્યાગ કરે છે એવો સ્વસંવેદ્યજ્ઞાની આત્માં જાણવો.

**उत्पन्नपुरुषभ्रान्तेः, स्थाणौ यद्वद्विचेष्टितम् ।**
**तद्वन्मे चेष्टितं पूर्वं, देहादिष्वात्मविभ्रमात् ॥२१॥**

અર્થ—જેને લાકડાના થાંભલામાં પુરુષની ભ્રાન્તિ ઉત્પન્ન થઈ છે, તે જેવી ચેષ્ટા કરે તેવી જ રીતે દેહાદિકમાં આત્મ વિભ્રમ થવાથી પૂર્વે મારું ચેષ્ટિત હતું.

વિવેચન—આત્માનું સ્વરૂપ જાણ્યા પૂર્વે મારૂં કેવું ચેષ્ટિત હતું, તે કહે છે. જેને એક થાંભલો જોતાં આ પુરુષ છે એવી ભ્રાન્તિ થઈ છે, તે પુરુષ થાંભલા પ્રતિ જેવી ચેષ્ટા કરે છે, તેવી જ મારી પણ ચેષ્ટા હતી.

કોના પ્રતિ હતી? તો કહે છે કે દેહાદિક પ્રતિ, દેહાદિકમાં આત્માનો ભ્રમ થવાથી મારી એવી ચેષ્ટા હતી.

હવે આત્મજ્ઞાન થયા બાદ હું એવી ચેષ્ટા કેમ કરૂં? જેમ નાનું બાળક લાકડાની પૂતળીને પોતાની સ્ત્રી માને છે, અને તેના પ્રતિ અનેક પ્રકારના હાવભાવ કરે છે તેને પોતાની માને છે અને પ્રેમ લાવે છે. પૂતળી પડી જાય છે તો રૂવે છે અને મારી વહુ વિગેરે શબ્દોથી બોલાવે છે.

તેમ જ જેને આત્મજ્ઞાન થયું નથી, તે શરીરમાં આત્મબુદ્ધિ ધારણ કરી, શરીરની વૃદ્ધિથી પોતાને વૃદ્ધિવાળો માને છે અને શરીર જાડું થાય ત્યારે પોતાને જાડો માને છે, શરીર સુકાય ત્યારે પોતાને સુકાયેલો માને છે; શરીર રોગી થાય છે, ત્યારે રોગી માને છે.

શરીરની પુષ્ટિ અર્થે અનેક પ્રકારના પાપો કરે છે. માંસ મદીરા, ખાવામાં અચકાતો નથી અને અનેક પ્રકારના પાપો કરી અન્તે નરક નીગોદમાં મરીને અવતરે છે.

એમ અનાદિ કાળથી આત્મા શરીરને જ આત્મા માની તેના અર્થે અનેક પ્રકારના પાપો કરી પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થઈ ભવમાં ભટકે છે.

આત્મામાં આત્મ બુદ્ધિ થતાં જણાયું કે,

અહો! મેં આજ સુધી પર વસ્તુને પોતાની માની, બાલ, જુવાન, વૃદ્ધ શરીર તે જ હું એવું માન્યું: પણ હવે તે પુદ્ગલ વસ્તુ મારી નથી. તો તેનો સંગ કેમ કરૂં? તેમાં કેમ રાચું–માચું?

આવી રીતે આત્મજ્ઞાન થયાથી પર વસ્તુનો ત્યાગ ભાવ થાય છે અને બાળકને જેમ પૂતળીમાં સ્ત્રી બુદ્ધિ હતી, પણ તે બુદ્ધિ મોટો થતાં ટળે છે, અને તેવા પ્રકારના હાવભાવ કરતો નથી; તેમ અજ્ઞાન અવસ્થામાં આત્માએ શરીરમાં આત્મબુદ્ધિ ધારણ કરી, અજ્ઞાન ચેષ્ટા કરી, પણ આત્મજ્ઞાન થયા બાદ તેવા પ્રકારની ચેષ્ટા કરતો નથી.

**यथाऽसौ चेष्टते स्थाणौ, निवृत्ते पुरुषाग्रहे ।**
**तथा चेष्टोस्मि देहादौ, विनिवृत्तात्मविभ्रमः ॥२२॥**

અર્થ—સ્થાણુમાંથી પુરુષ ગ્રહ નિવૃત્ત થતાં સ્થાણુ પ્રતિ જેવી ચેષ્ટા થાય છે, તે જ પ્રકારની દેહમાંથી આત્મબુદ્ધિ ભ્રમ નિવૃત્ત થતાં દેહાદિ પ્રતિ મારી ચેષ્ટા થઈ છે.

સ્થાણુને પુરુષ માનીને તેના પ્રતિ જે ચેષ્ટા થતી હતી, તે જ્યારે સ્થાણુ તે પુરુષ છે એવી ભ્રાંતિ મટી ગઇ, ત્યારે જેમ સ્થાણુને સ્થાણુરૂપે જાણવા પ્રવૃત્તિ થઈ, અર્થાત્ પુરુષગ્રહથી ઉત્પન્ન થએલી ઉપકાર તથા અપકારરૂપ પ્રવૃત્તિ અટકી; તે જ પ્રમાણે દેહમાં થતો આત્મબુદ્ધિનો ભ્રમ નષ્ટ થવાથી તેવી જ ચેષ્ટાવાળો થયો છું.

આત્મામાં પુરુષલિંગ આદિ કે જેની સંખ્યા નથી, તેનું સ્પષ્ટ કથન કરે છે.

**येनात्मनानुभूयेऽहमात्मनैवात्मनाऽऽत्मनि ।**
**सोऽहं न तन्न सा नासौ, नैको न द्वौ न वा बहुः ॥२३॥**

અર્થ—જે આત્મા વડે જ આત્મસ્વરૂપમાં અનુભવાઉ છું. તે જ હું આત્મા છું. નાન્યતર નથી, નારી નથી, નર નથી, એક નથી, બે નથી અને ઘણામાં પણ હું નથી.

વિવેચન—જે ચૈતન્ય સ્વરૂપથી આત્મામાં સ્વસંવેદન સ્વભાવ વડે અનુભવાઉ છું, તે જ હું આત્મા છું.

હું નપુંસક, સ્ત્રી કે પુરુષરૂપે નથી તેમ જ એક, બે કે બહુ રૂપે પણ હું નથી.

નપુંસકાદિ ધર્મ તે કર્મ જનિત છે અને હું આત્મા તો સ્વભાવે શુદ્ધ કર્મ રહિત નિર્મલ છું તે તે નપુંસકાદિરૂપે હું કેમ માનું ? અર્થાત્ અન્યમાં સ્વબુદ્ધિ કેમ ધારણ કરૂં ?

બાહ્ય નપુંસકાદિ સ્વરૂપથી હું સદા ન્યારો છું, તો પુરુષ, સ્ત્રી આદિનો અધ્યાસ ધારણ કરી, હું પુરુષ, સ્ત્રી, એમ અહંવૃત્તિ આજ પર્યંત ધારણ કરી તે મિથ્યા જાણવી, એમ હવે નિશ્ચય થયો.

यदभावे सुषुप्तोऽहं, यद् भावे व्युत्थितः पुनः ।
अतीन्द्रियमनिर्देश्यं, तत्स्वसंवेद्यमस्म्यहम्. ॥२४॥

અર્થ—જેના અભાવે હું સૂતો અને જેના ભાવે વળી હું જાગેલો છું, એવો અતીન્દ્રિય અનિર્દેશ્ય સ્વસંવેદ્ય હું છું.

જે શુદ્ધ સંવેદ્યના અભાવે હું સૂતો હતો, યથાર્થ શુદ્ધ આત્માના તેના અભાવરૂપ ગાઢ નિદ્રામાં લપેટાયલો હતો. તેના ભાવે એટલે તે શુદ્ધ આત્મસ્વરૂપનો અનુભવ થતાં વિશેષે. કરી જાગેલો છું. હું બાહ્ય ઇન્દ્રિયો વડે અગોચરપણાથી કથન કરવાને અશક્ય, સ્વસ્વરૂપ સ્પર્શજ્ઞાન ગ્રાહ્ય આત્મા છું.

## દોધક છંદ

રૂપેકે ભ્રમ સીપમેં, જ્યું જડ કરે પ્રયાસ,
દેહાતમ ભ્રમતેં ભયો, ત્યું તુજ કૂટપ્રયાસ. ૧૯

મિટે રજત ભ્રમ સીપમેં, જન પ્રવૃત્તિ જિમ નાહિ,
નરમેં આતમ ભ્રમ મિટૈ, ત્યું દેહાદિકમાંહિ. ૨૦

ફિરે અબોધે કંઠ ગત; ચામીકરકે ન્યાય,
જ્ઞાન પ્રકાશૈ મુગતિ તુજ, સહજ સિદ્ધિ નિરૂપાય. ૨૧

યા વિન તું સૂતો સદા, યોગે ભોગે જેણે,
રૂપ અતીન્દ્રિય તું છતે, કહી શકે કહુ કેણિ. ૨૨

દેખૈ ભાખૈ ઔ કરે, જ્ઞાની સબહિ અચંભ;
વ્યવહારે વ્યવહારસૂં. નિશ્ચમેં થિરથંભ. ૨૩

વિવેચન—જેમ કોઈ અજ્ઞાનીને शुक्तौ इदं रजतम् છીપમાં રૂપાનો ભ્રમ થવાથી તેને લેવા માટે પ્રયાસ કરે છે, પણ તે પ્રયાસ જેમ ખોટો છે, તેમ તને દેહમાં આત્મબુદ્ધિના ભ્રમથી કૂટ અભ્યાસ થયો છે.

પર વસ્તુને પોતાની માનવી અને તેના યોગે રાગ-દ્વેષમાં લપટાઈ પુનઃ પુનઃ કર્મની વર્ગણાઓને ગ્રહણ કરવી, ધન, ધાન્ય, દેહાદિક પર વસ્તુ અર્થે અનેક પ્રકારના ઉદ્યોગો કરવા અને કલેશો સહન કરવા. એ સર્વ કૂટ અભ્યાસ બહિરાત્મબુદ્ધિથી હે આત્મા ! તને થયો છે એમ તું જાણ

છીપમાં થતી રજતબુદ્ધિનો ભ્રમ મટી જતાં, જેમ મનુષ્યોની પ્રવૃત્તિ છીપ ગ્રહણ કરવામાં થતી નથી, તેમ દેહાદિમાં થતો જે આત્મભ્રમ તેનો નાશ થવાથી દેહાદિકમાં પૂર્વે રાગ-દ્વેષના યોગે જેવી પ્રવૃત્તિ થતી હતી, તે હવે થતી નથી.

જેમ કોઈ અજ્ઞાની પોતાના કંઠમાં હાર છે, પણ ભ્રમ થવાથી મારો હાર ક્યાં એમ કહેતો ફરે છે, પણ ભ્રાંતિ દૂર થવાથી પોતાના કંઠમાં જ હાર છે, એમ તેને સત્ય ભાસે છે, એમ અજ્ઞાની જીવ પણ દેહાદિ પર વસ્તુમાં, આત્મભ્રાંતિ ધારણ કરી, ત્યાં આત્મતત્ત્વને શોધે છે, પણ તે ભ્રાંતિ દૂર થવાથી જ્ઞાન યોગે પોતાનામાં આત્મસ્વરૂપ ભાસે છે.

પોતાના જ્ઞાન વડે જ મુક્તિ થાય છે. સહજ સ્વભાવે આત્માનું પર્યાયાર્થિક નયની અપેક્ષા સિદ્ધ પણું. પ્રગટ થાય છે. એમાં બાહ્ય ઉપાયની જરૂર પડતી નથી. સહજ સમાધિભાવે આત્મા પોતાનું સિદ્ધ સ્વરૂપ પ્રકાશે છે.

જે આત્મજ્ઞાનની પ્રાપ્તિ વિના તું બાહ્ય યોગમાં અને બાહ્ય વસ્તુના ભોગમાં સૂતો હતો, હવે જ્યારે આત્મજ્ઞાન પ્રગટ્યું, ત્યારે સમજાયું કે તું તો અતીન્દ્રિય છે એટલે સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોતેન્દ્રિય એ પાંચ ઇન્દ્રિયોથી જણાતો નથી.

ત્વચાથી સ્પર્શાતો નથી, કારણ કે તું તો આઠ પ્રકારના રસ રહિત છે.

જીવથી તું ગ્રહાતો નથી. કારણ કે તું તો પાંચ પ્રકારના રસ રહિત છે

તું નાસિકાથી ગ્રહણ થતો નથી. કારણ કે તું તો બે પ્રકારના ગંધ રહિત છે. ગંધ જેનામાં હોય તેને નાસિકા ગ્રહણ કરે છે.

વળી ચક્ષુ ઈન્દ્રિયરૂપને ગ્રહણ કરે છે અને તું આત્મા તો કાળો, નીલો ઈત્યાદિ પાંચ પ્રકારના રૂપથી રહિત છે, તેથી ચક્ષુરિન્દ્રિયથી પણ ગ્રહણ થતો નથી.

શ્રોત્રેન્દ્રિય ત્રણ પ્રકારના શબ્દનું ગ્રહણ કરે છે અને તું તો શબ્દ રહિત છે, માટે શ્રોત્રથી ગ્રહણ થતો નથી. માટે હું ઇન્દ્રિય અગોચર છું. ફક્ત જ્ઞાન સ્વરૂપે હું છું.

મારૂં સ્વરૂપ કથન કરવું અશક્ય છે.

તો મને વાચા અગોચરને કોણ કહી શકે ? એવો સ્વપર પ્રકાશક ત્રિકાલ નિત્ય હું, એમ આત્મજ્ઞાની અંતરાત્મા નિશ્ચય કરે છે.

જ્ઞાની દેખે કંઈ અને બોલે કંઇ. જ્ઞાનીનું સર્વ કર્તવ્ય આશ્ચર્યકારક છે. વ્યવહારમાં શુદ્ધ રીતે વર્તે છે. તેમજ નિશ્ચયનયે પોતાના શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિર સ્તંભ સમાન વર્તે છે.

શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કહે છે. "निश्चयदृष्टि चित्त धरीजी, पाले जे व्यवहार." એથી સર્વ સ્વરૂપ સમજવું. વ્યહાર અને નિશ્ચયની ચર્ચા ઘણી છે. તેનું સ્વરૂપ સદ્ગુરુ દ્વારા ધારવું.

क्षीयन्तेऽत्रैव रागाद्यास्तत्त्वतो मां प्रपश्यतः ।
बोधात्मानं ततः कश्चिन्न मे शत्रुर्न च प्रियः ॥२५॥

અર્થ—જ્ઞાનસ્વરૂપ આત્માને તત્વથી જાણનારા રાગાદિ શત્રુ અહિં જ ક્ષીણ થાય છે. પશ્ચાત્ મારે કોઈ શત્રુ કે પ્રિય નથી.

અત્ર એટલે આ જન્મમાં જ. જ્ઞાનસ્વરૂપ સર્વ પરભાવથી રહિત એવા નિર્મલ આત્માને જાણનાર પુરુષના રાગ-દ્વેષાદિ દોષોનો નાશ થાય છે.

શાથી ક્ષીણ થાય છે ? ઉત્તરમાં સમજવું કે આત્માને તત્ત્વથી જાણવાથી, યથાવત્ આત્મસ્વરૂપ જાણવાથી રાગાદિ ક્ષીણ થયા તેથી મારે કોઈ શત્રુ કે મિત્ર રહેતા નથી.

**मामपश्यन्नयं लोको, न मे शत्रुर्न च प्रियः ।**
**मां प्रपश्यन्नयं लोको न मे शत्रुर्न च प्रियः ॥२६॥**

અર્થ—મને નહીં દેખતો એવો આ લોક મારે શત્રુ નથી, કે મારો મિત્ર નથી અને મને દેખતો આ લોક મારો શત્રુ નથી કે મારો મિત્ર નથી.

આત્મસ્વરૂપ પ્રતિપન્ન-પ્રાપ્ત થયે છતે, અથવા અપ્રતિપન્ન-અપ્રાપ્ત થયે છતે, આ લોક મારા ઉપર શત્રુ-મિત્રભાવને અંગીકાર કરે નહિ; તેમાં આત્મસ્વરૂપ અપ્રતિપન્ન છતાં મને નહીં દેખતો એવો લોક મારો શત્રુ કે મિત્ર નથી.

અપ્રતિપન્ન છતાં વસ્તુસ્વરૂપમાં રાગાદિકની ઉત્પત્તિ માનતા અતિપ્રસંગ આવે, તેમ આત્મસ્વરૂપ પ્રતિપન્ન-અંગીકાર કર્યા છતાં પણ લોક મારો શત્રુ કે મિત્ર નથી, કારણ કે આત્મસ્વરૂપની પ્રતીતિ થયે છતે રાગાદિકનો વિશેષ કરી ક્ષય થવાથી શી રીતે શત્રુ મિત્રભાવ મારે હોય ?

હવે અંતરાત્મા બહિરાત્માનો ત્યાગ કરે. પશ્ચાત્ પરમાત્મ પ્રાપ્તિનો શો ઉપાય ? તે બતાવે છે.

**त्यक्त्वैव बहिरात्मानमन्तरात्मव्यवस्थितः ।**
**भावयेत्परमात्मानं, सर्वसंकल्पवर्जितम् ॥२७॥**

અર્થ--આ પ્રમાણે બહિરાત્માને તજીને અંરાત્મામાં વ્યવસ્થિત થએલાએ સર્વ સંકલ્પ વર્જિત પરમાત્માની પૂર્વોક્ત પ્રકારે ભાવના કરવી.

અંતરાત્માદ પ્રાપ્ત કરે છતે, બહિરાત્માનો ત્યાગ કરી અંતરાત્મા પરમાત્માની ભાવના કરે.

કેવા પ્રકારનો પરમાત્મા છે ? તો કહે છે કે સર્વ સંકલ્પ વર્જિત છે, અથવા સર્વ સંકલ્પ વર્જિત થઇ પરમાત્માને ભાવે તે પરમાત્મા થાય છે. જે જેનું ધ્યાન કરે, તે તેવો થઈ જાય છે.

શ્રી જ્ઞાન વિમલસૂરિ કહે કે—

"इलि भमरी संगथी, भमरी पद पावे;
ज्ञानविमल प्रभु आतमा, परमानंद पावे."

**सोहमित्यात्त-संस्कारस्तस्मिन्भावनया पुन: ।**
**तत्रैव दृढसंस्काराल्लभते ह्यात्मन: स्थितिम् ।।२८।।**

અર્થ—તેમાં આત્મભાવનાથી તે જ હું અને તેજ દૃઢ સંસ્કારથી ફરી આત્માની સ્થિતિ આત્મા પામે છે.

જેણે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ક્ષાયિક ચારિત્ર ક્ષાયિક સમક્તિ, ક્ષાયિકભાવે દાનાદિ પાંચલબ્ધિ અને અષ્ટ ગુણથી પૂર્ણ એવા પરમાત્મા, તે જ હું એવો–દૃઢ સંસ્કાર ગ્રહણ કર્યો છે, અને તે દૃઢ ભાવનાથી પુનઃ પરમાત્માને વિષે જેને એકાગ્રતા થઇ છે, તે આત્માનું સ્વરૂપ પામે છે.

જગ જાણે ઉન્મત્તઓ, ઓ જાણે જગ અંધ,
જ્ઞાનીકું જગમેં રહ્યો, યું નહિ કોઈ સંબંધ. ૨૪
યા પરછાહી જ્ઞાનકી, વ્યવહારૈ જું કહાઇ.
નિર્વિકલ્પ તુજ રૂપમેં, દ્વિધા ભાવ ન સહાઈ, ૨૫

યું બહિરાતમ છાંડીકે, અંતર આતમ હોઈ,
પરમાતમ મતિ ભાવીએ, જહાં વિકલ્પ ન કોઈ. ૨૬

સોમૈં યા દૃઢ વાસના, પરમાતમ પદ હેત,
ઇલિકા ભમરી ધ્યાનગત, જિનમતિ જિનપદ દેત. ૨૭

વિવેચન-જગત જ્ઞાનીને ઉન્મત્ત જાણે છે, ત્યારે જ્ઞાની જગતને આંધળું જાણે છે. કારણ કે જગતના સર્વ જીવ માયાથી ફસાયા છે અને પરવસ્તુંમાં માયા, મમતા ધારણ કરે છે અને જ્ઞાનચક્ષુથી રહિત છે, માટે તે અંધ છે, એમ જ્ઞાની વિચારે છે. જ્ઞાનીને જગતમાં રહેતાં છતાં પણ કોઈની સાથે સંબંધ નથી.

જેમ ધાવમાતા પારકા પુત્રને ખવરાવે છે, પીવરાવે છે, રમાડે છે, પણ તેનાથી તે પોતાનો નથી એમ જાણે છે, તેમ જ્ઞાની પણ ઔદયિક ભાવના યોગે પરના સંબંધમાં આવે છે, પણ અંતરથી ન્યારો વર્તે છે. અને નિશ્ચયથી તેને પરપુદ્‌ગલની સાથે સંબંધ નથી, કારણ કે તે અંતરથી પરપુદ્‌ગલના સંબંધ રહિત વર્તે છે અને રાગ-દ્વેષથી પરવસ્તુમાં લેપાતો નથી.

જે પરછાયા જ્ઞાનની વ્યવહારમાં જેમ કથાય છે, તેમ નિર્વિકલ્પ હે આત્મા ! નિર્વિકલ્પ તારા શુદ્ધ સ્વરૂપમાં બે પ્રકારનો ભાવ સોહાતો નથી અર્થાત્ હોતો નથી.

એમ બહિરાત્મભાવ ત્યાગીને, અંતરાત્મા થઈ જ્યાં સંકલ્પ વિકલ્પ નથી, એવા પરમાત્માની શુદ્ધ મતિથી

ભાવના કરવી. તે જ જ્ઞાન, દર્શન અને ચારિત્રમય આત્મા હું છું. એવી દૃઢ વાસના પરમાત્મપદની પ્રાપ્તિ માટે છે.

ઇલિકા અને ભમરીના દૃષ્ટાંતે અહિં રાગદ્વેષ રહિત એવી જિનમતિ જિનપદની પ્રાપ્તિ માટે છે અર્થાત્ જિનના ધ્યાનથી આત્મા સ્વયં જિન બની જાય છે.

**मूढात्मा यत्र विश्वस्तस्ततो नान्यद् भयास्पदम् ।**
**यतो भीतस्ततो नान्यदभयस्थानमात्मनः ॥२९॥**

અર્થ--મૂઢાત્માને જે જડ ઉપર વિશ્વાસ છે તે કરતાં વધારે ભયસ્થાન અન્ય કોઈ નથી અને જેનાથી તે ભય પામ્યો છે, તેના કરતાં બીજું નિર્ભય સ્થાન આત્માને કોઈ નથી.

મૂઢાત્મા એટલે બહિરાત્મા, જ્યાં શરીર, પુત્ર, ધન, ધાન્ય, ઘરબાર, હાટ, વખાર, દુકાન વિગેરેમાં વિશ્વાસ કરે છે. એ વસ્તુઓ મારી છે, હું એ વસ્તુઓથી ભિન્ન નથી, એમ અભેદ બુદ્ધિ અશુદ્ધ પરિણામથી ધારણ કરે છે, તેનાથી કોઈ અન્ય ભયસ્થાન નથી. એટલે તે જ વસ્તુ તેને ભયનું કારણ છે.

અને જે પરમાત્મા સ્વરૂપ તેમાં રમણતા, તેની ભાસકતા, તેમાં તન્મયતી, તેની એકાગ્રતા, તેમાં લયલીનતા તે થકી ભય પામેલો છે પણ તેનાથી બીજું કોઇ અભય-સ્થાન નથી. અર્થાત્ અજ્ઞાની જીવ આત્મસ્વરૂપમાં પ્રવૃત્તિ કરતાં ભય પામે છે, પણ ખરેખર નિશ્ચયથી જોતાં આત્માનું ધ્યાન, આત્માનું જ્ઞાન, આત્મામાં રમણતા અને આત્મામાં સ્થિરતા કરવાથી અનંત સુખની પ્રાપ્તિ થાય છે, અને તે જ અભયસ્થાન છે.

**દોધક છંદ**

ભારે ભય પદ સોઇ હૈ, જહેં જડકૂ બીસાસ;
જિનસું ઓ ડરતો ફિરે સોઇ અભયપદ તાસ. ૨૮

છંદનો અર્થ ઉપરના શ્લોકમાં સમાય છે તેથી વિશેષ વિસ્તાર કર્યો નથી.

**सर्वेन्द्रियाणि संयम्य, स्तिमितेनान्तरात्मना ।**
**यत्क्षणं पश्यतो भाति, तत्तत्वं परमात्मनः ॥३०॥**

અર્થ–સર્વે ઇન્દ્રયોનું સંયમન કરી સ્થિરભૂત અંતરાત્મા વડે ક્ષણમાત્ર જોતાં જે જણાય છે, તે જ પરમાત્માનું તત્વ છે. પોતપોતાના વિષયમાં પ્રવર્તતી બધી, અર્થાત્ સંયમન કરીને તેમજ સ્થિરાત્માથી જોતાં જે ચિદાનંદ પ્રતિભાસે છે, તે જ પરમાત્માનું સ્વરૂપ.

**દોધક છંદ**

ઈન્દ્રિયવૃત્તિ નિરોધ કરી, જો બિનુ ગલિત વિભાવ;
દેખે અંતર આતમા, સો પરામાતમ ભાવ. ૨૯

આનો અર્થ ઉપરના શ્લોકમાં સમાય છે તેથી વિશેષ વિસ્તાર કર્યો નથી. અર્થ સુગમ છે.

**यः परात्मा स एवाहं, योऽहं स परमस्ततः ।**
**अहमेव मयोपास्यो, नान्यः कश्चिदिति स्थितिः ॥३१॥**

અર્થ—જે પરમાત્મા તે જ હું અને જે હું તે જ પરમાત્મા એટલે હું જ જે પરમ એટલે પ્રસિદ્ધ ઉત્કૃષ્ટ આત્મા છે, તે જ હું છું, અને જે સ્વસંવેદન પ્રસિદ્ધ હું એ

નિશ્ચયનું સ્થાન અંતરાત્મા છું. તે જ પરમાત્માનો આવો અભેદ છે, એટલે હું જ મારે પોતાને ઉપાસ્ય છું, બીજા કોઈની આરાધનાની મારે જરૂર નથી એવી મારી સ્થિતિ છે.

प्रच्याव्य विषयेभ्योऽहं, मां मयैव मयि स्थितम् ।
बोधात्मानं प्रपन्नोऽस्मि, परमानन्द-निर्वृत्तम् ॥३२॥

અર્થ--મને પોતાને મારી મેળે વિષયોથી ખેંચી આણી મારામાં રહેલા જ્ઞાનાત્મા જે પરમાનંદ નિવૃત્ત છે, તેને પ્રપન્ન હું છું.

વિવેચન--હું જે દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયથી શુદ્ધ તે મારા આત્માને જ પ્રાપ્ત છું. તે સ્વરૂપ હું ત્રિકાલમાં અખંડપણે સત્તાએ છું. ક્ષયોપશમચેતના યોગે વિષયોમાંથી ખેંચી, પોતાના અબાધિત સહજ સ્વભાવમાં પ્રપન્ન છું. મારા જ્ઞાનગુણમય આત્મામાં પરમ આનંદ વડે પરિપૂર્ણ છું.

यो न वेत्ति परं देहादेवमात्मानमव्ययम् ।
लभते न स निर्वाणं, तप्त्वापि परमं तपः ॥३३॥

અર્થ—આ પ્રકારે અવ્યય તથા દેહથી પર આત્માને જે જાણતો નથી, તે જીવ પરમ તપ તપ્યા છતાં પણ મોક્ષ પામતો નથી.

વિવેચન—જે દેહથી આત્માને ઉક્ત પ્રકારે ભિન્ન જાણતો નથી, તથા અવ્યય એટલે ત્રિકાલમાં નાશ ન થાય, એવો જાણતો નથી, તે બહિરાત્મા મિથ્યાત્વી જીવ મોક્ષ પામી શકતો નથી. અનેક પ્રકારનાં ઘોર તપ તપ્યા છતાં

પણ મોક્ષ પામતો નથી, આત્મજ્ઞાનની દશા ઉત્પન્ન થયા વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી. શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કહે છે કે--

કષ્ટ કરો સંજમ ધરો, ગાળો નિજ દેહ,
જ્ઞાન દશા વિણ જીવને, નહીં દુઃખનો છેહ. આતમ૦

જ્યાંસુધી આત્મજ્ઞાન થયું નથી, ત્યાંસુધી રાગાદિ દોષોનો ક્ષય થતો નથી. કહ્યું છે કે--

## પદ

સમજન ધરમ ધરમ મુખ બોલે, અંતર પડદો ન ખોલે, સબ૦
કોઈ ગંગા જમના ઝૂલ્યા, કોઈ ભભૂતે ભૂલ્યા,
કોઈ જનોઇમાં ઝંખાણા, ફકીરી લેઇ કેઈ ફુલ્યા. સબ૦ ૧
મુંડ મુંડાવે ગાડરીયાં જગ, કેશને તોડે રંડી,
માલા મણકા વૈરી પ્હેરે, નિત્ય ચાલે પગદંડી. સબ૦ ૨
ધર્મ ન વરણે ધર્મ ન મરણે, ધર્મ ન કરવત કાશી,
ધર્મ ન જાતિ ધર્મ ન ભાતિ, ધર્મ ન જંગલવાસી. સબ૦ ૩
ગદ્ધાં ખાખ માંહિ આળોટે, તે પણ સાચાં ખાખી,
નિર્વસ્ત્રાં પશુ પંખી કરે છે, મમતા દીલમાં રાખી. સબ. ૪
જબતક અંતર્તત્ત્વ ન ખુલે, તબતક ભવમાં ડુલે,
બુદ્ધિસાગર આતમધર્મે, ભ્રાંતિ ભ્રમણા ભૂલે. સબ૦ ૫

વળી શ્રી યશોવિજય ઉપાધ્યાયજીમ૦ નીચે મુજબ કહે છે કે--(જ્ઞાન દશા મહિમા વિશે)

પદ

જ્ઞાની જ્ઞાનમગન રહે રે, રાગાદિક મલ ખોય,
ચિત્ત ઉદાસ કરણી કરે રે, કર્મ બંધ નહિ હોય. ચેતન૦ ૩

લીન ભયો વ્યવહારમેં રે, યુક્તિ ન ઉપજે કોય,
દીનભયો પ્રભુપદ જપે રે, મુક્તિ કીહાંસુ હોય. ચેતન૦ ૪

પ્રભુ પૂજો સમરો પદો, કરો વિવિધ વ્યવહાર,
મોક્ષ સરૂપી આતમા જ્ઞાનગમ્ય નિરધાર. ચેતન૦ ૫

જ્ઞાનકલા ઘટઘટ વસે, જોગ જુગતકે પાર,
નિજ નિજ કલા ઉદ્યોત કરે, મુગતિ હોય સંસાર. ચેતન૦૬

બહુવિધ ક્રિયા કલેશશું, શિવપદ લહે ન કોય,
જ્ઞાનકલા પરગાસસું, સહજ મોક્ષ પદ હોય. ચેતન૦ ૭

ઇત્યાદિથી આત્મજ્ઞાનનો મહિમા મોટામાં મોટો જાણવો. મોક્ષસ્વરૂપી આત્મા જ્ઞાનથી ગમ્ય છે. અને જ્ઞાનથી જ તેનો નિશ્ચય થાય છે.

અનેક પ્રકારનાં તપ, સંયમરૂપ ક્રિયાના કલેશથી જ ફક્ત કોઈ મુક્તિ પામતું નથી. જ્યારે અંતર જ્ઞાનકલાનો પ્રકાશ થાય છે, ત્યારે સહેજે મુક્તિ પદ મળે છે.

**દોધક છંદ**

દેહાદિકતેં ભિન્નમેં, મોથૈ ન્યારે તેહુ;
પરમાતમ પથદીપિકા, શુદ્ધ ભાવના એહુ. ૩૦

વિવેચન--હું દેહ, વાણી અને મન આદિથી ભિન્ન ત્રણે કાલમાં છું. અને તે મારાથી ન્યારાં છે; આવી સતત

શુદ્ધ ભાવના ભાવવી તે પરમાત્મ માર્ગની દીવી છે.

જેમ કોઈ અંધકારમય સ્થાનમાં થઇ અન્ય સ્થાને જવું હોય તો દીવાની જરૂર છે, તેના વિના જઈ શકાય નહિ, તેમ અત્રે પણ પૂર્વોક્ત પ્રકારની શુદ્ધ ભાવના વિના મોક્ષમાર્ગમાં ગમન કરી શકાય નહિ, માટે **શુદ્ધ ભાવના, અંતરાત્માની પરમમાત્મ સ્થિતિ પ્રગટાવવામાં** દીવીના સમાન પ્રકાશ કરી આપે છે, અથવા પરમાત્મા-પદના માર્ગમાં દીવી સમાન છે એમ અર્થ ગ્રહણ કરવો.

દોધક છંદ

ક્રિયા કષ્ટ ભા નહુ લહે, ભેદ જ્ઞાન સુખવંત;
યા વિન બહુ વિધિ તપ કરે, તો ભી નહિ ભવ અંત. ૩૨

શરીરથી ભિન્ન આત્મા છે, એમ નિશ્ચય કર્યા વિના અનેક પ્રકારની ક્રિયાનાં કષ્ટ સહન કરે અને અનેક પ્રકારનાં તપ કરે, તો પણ ભવનો અંતમ થતો નથી.

શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કહે છે કે—

પર પરિણતિ પોતાની માને, ક્રિયા ગર્વે ઘહેલો;
બંધ મોક્ષ કારણ ન પીછાણે, તે મૂરખમેં પહેલો. ૩૩

જે જીવ પર પર પરિણતિ પોતાની માને છે, એટલે રાગદ્વેષમાં મુંઝાયો છે, તે આત્મા ને પુદ્ગલનો ભેદ જાણતો નથી. અને સાંસારીક પદાર્થ પોતાનો છે એમ જાણે છે; અને ક્રિયાના ગર્વે એટલે અહંકારે જે ગાંડો બન્યો છે, પણ બંધ શાથી થાય છે અને મોક્ષ શાથી થાય

છે, તે જાણતો નથી જ તે સર્વ મૂર્ખમાં પ્રથમ મૂર્ખ જાણવો. અર્થાત્ બહિરાત્મા બાહ્ય ક્રિયા અને તપથી મુક્તિ-પદ પ્રાપ્ત કરતો નથી, માટે આત્મજ્ઞાન કરવું અને યથાર્થ પદાર્થનો બોધ ગુરુગમથી લેવો એ જ હિતશિક્ષા છે.

**દોધક છંદ**

અભિનિવેશ પુદ્ગલ વિષય, જ્ઞાનીકું કહે હોત;
ગુણકોભી મદ મિટ ગયો, પ્રગટ સહજ ઉદ્યોત. ૩૨
ધર્મ ક્ષમાદિકભી મિટે, પ્રગટત ધર્મ સંન્યાસ;
તૌ કલ્પિત ભવ ભાવમેં, ક્યું નહિ હોત ઉદાસ. ૩૩

વિવેચન--આત્મજ્ઞાનીને પુદ્ગલ સંબંધી અભિનિવેશ શી રીતે હોય! જે આત્મજ્ઞાનીને હું જ્ઞાની અને હું વિદ્વાન છું ધ્યાની છું, એવો પ્રત્યય પણ મટી ગયો છે, તો તેવા આત્મજ્ઞાનીને પરમાં અભિનિવેશ કદાપિ હોય નહિ, પોતાના ગુણનો અહંકાર કરે તો પણ તે પરિગ્રહી જાણવા.

શ્રી યશોવિજયજી ઉપાધ્યાયે પરિગ્રહની સજ્ઝાયમાં કહ્યું છે કે--

જ્ઞાન ધ્યાન હેયાયવરે, તપ જપ શ્રુત પરિતંત સલુણે,
છોડી પ્રશમ પ્રભુતા લહી, મુનિ પણ પરિગ્રહવંત સલુણે;
પરિગ્રહ મમતા પરિહરો.

જ્ઞાન, ધ્યાન, તપ, જપ, શ્રુતનો અહંકાર મનમાં મુનિ રાખે તો તે પણ પરિગ્રહી છે અને જ્યારે તેનો ત્યાગ કરે ત્યારે સમરૂપપ્રભુતાની પ્રાપ્તિ થાય છે.

જ્ઞાનીને પરવસ્તુમાં અહંવૃત્તિ ઉત્પન્ન થતી નથી. આત્મજ્ઞાનરૂપ સૂર્યની આગળ અહંવૃત્તિરૂપ અંધકાર ટકી શકતો નથી.

જેને સહજ આત્મિક સ્વરૂપનો ઉદ્યોત હૃદયમાં પ્રગટ્યો છે, એવા મુનિવરો નિર્વાણ સુખનો અનુભવ ક્ષણે ક્ષણે ભોગવે છે.

ક્ષાયિકભાવે આત્મધર્મ પ્રગટ થતાં ક્ષમાદિક બાહ્ય ધર્મ પણ પોતાની મેળે શમી જાય છે, તો સંસારના કલ્પિત ભાવમાં જ્ઞાની કેમ ઉદાસ રહી શકે નહિ ? અલબત્ત રહી શકે, તે નિશ્ચય વાત છે.

ઔદાયિક ભાવે જે જે ક્રિયાઓ ઉદયમાં આવે છે, તે જ્ઞાની બાહ્યવૃત્તિથી કરે છે, પણ અંતરથી તે ન્યારો વર્તે છે. એમ દરેક કાર્યપ્રસંગમાં પણ અંતરની ઉપયોગ ધારા ન્યારી વર્તે છે.

તેનો ભાવદયામય શુદ્ધ આત્મા બની રહ્યો છે, તેથી તે બાહ્યભાવમાં રાગ–દ્વેષથી પરિણમતો નથી. બાહ્ય પદાર્થો જે જડરૂપ છે, તેમાં ઉદાસીનતા ધારણ કરે છે. એવી સહજ સ્વભાવે આત્મજ્ઞાનીની પ્રવૃત્તિ થાય છે.

**आत्मदेहान्तरज्ञानजनिताऽल्हादनिवृतः ।**
**तपसा दुष्कृतं घोरं, भुञ्जानोऽपि न खिद्यते ॥३४॥**

આત્મા અને દેહના અંતરનું જ્ઞાન થવાથી ઉત્પન્ન આનંદથી તૃપ્ત એવો ભવ્ય આત્મા તપથી ઘોર દુષ્કૃત ભોગવતો છતો, ખેદ પામતો નથી.

વિવેચન--આત્મા અને દેહના અંતર એટલે ભેદનું જ્ઞાન થવાથી, અક્ષય આનંદ થાય છે, તેનાથી તૃપ્ત એટલે અત્યંત સુખી મુનિરાજ બાર પ્રકારના તપથી ઘોર દુષ્કૃત ભોગવતાં છતાં પણ ખેદ પામતા નથી.

**रागद्वेषादिकल्लोलैरलोलं यन्मनोजलम् ।**
**स पश्यत्यात्मनस्तत्त्वं, तत्तत्वं नेतरो जनः ॥३५॥**

અર્થ--રાગદ્વેષાદિ કલ્લોલથી, જેનું મનરૂપ જલ અલોલ છે, સ્થિર છે, તે આત્મતત્ત્વ દેખે છે. તેથી અન્ય અસ્થિર આત્મતત્ત્વ દેખી શકતો નથી.

વિવેચન--જેનું આત્મરૂપ સરોવરમાં મન રૂપ જલ તે રાગદ્વેષરૂપ કલ્લોલથી એટલે જેનું મન કલુષતા ચંચલતાને ધારણ કરતું નથી. ચંચલતાનો નાશ થવાથી મન સ્થિર થાય છે. રાગદ્વેષાદિનો નાશ થવાથી મન શુદ્ધ થાય છે એવી રીતે જેનું મન શુદ્ધ, સ્થિર હોય તે જ આત્મતત્ત્વને અનુભવથી દેખે છે. અન્ય કોઈ તે દેખી શકતા નથી.

**अविक्षिप्तं मनस्तत्त्वं, विक्षिप्तं भ्रांतिरात्मनः ।**
**धारयेत्तदविक्षिप्तं, विक्षिप्तं नाश्रयेत्ततः ॥३६॥**

અર્થ--અવિક્ષિપ્ત મન આત્મતત્ત્વનું રૂપ છે અને વિક્ષિપ્ત મન આત્મસ્વરૂપ નથી; માટે મનને અવિક્ષિપ્ત જ રાખવું. વિક્ષિપ્તનો આશ્રય કરવો નહિ.

વિવેચન--રાગદ્વેષ, ઇચ્છા, અદેખાઈ, વૈર, નિંદા, ક્લેશ, કુસંપથી નહિ પરિણમેલું મન અર્થાત્ દેહ અને આત્માના ભેદથી વિવેકવાળું અને આત્મામાં રમણ કરનારૂં

અને નિશ્ચયતાને પામેલું મન, વાસ્તવિક આત્મસ્વરૂપ જ છે. અને તેથી વિપરીતમન તે પરવસ્તુમાં આત્મભ્રાંતિવાળું જાણવું, માટે અવિક્ષિપ્ત મનનો આશ્રય કરવો અને મનને સદા અવિક્ષિપ્ત જ રાખવું.

મનનો વિક્ષેપ શાથી થાય છે અને અવિક્ષેપ શાથી થાય છે તે બતાવે છે.

अविद्याभ्याससंस्कारैः शशं क्षिप्यते मनः ।
तदेव ज्ञानसंस्कारैः स्वतस्तत्त्वाऽवतिष्ठते ॥३७॥

અર્થ—અવિદ્યાભ્યાસના સંસ્કારથી મન અવશ થઈ વિક્ષેપ પામે છે અને જ્ઞાન સંસ્કારથી તે જ મન પાછું સ્વતઃ આત્મામાં વિરામ પામે છે.

વિવેચન—શરીર, મન, વાણી, પુત્ર, પરિવાર, ઘર, ધન, આદિ જગતના માયિક પદાર્થોને પવિત્ર, સ્થિર તથા આત્મરૂપ માનવા તેને અવિદ્યા તેનો અભ્યાસ એટલે પુનઃ પુનઃ તે માયિક કહે છે. પદાર્થોમાં પ્રવૃતિ; અને તે પ્રવૃતિથી પેદા થએલને સંસ્કાર કહે છે અને તેવા સંસ્કારોથી વિષયેન્દ્રિયાધીન થએલ મન વિક્ષેપતાને પામે છે. અને સંસ્કારોને પામેલું તેનું તે જ મન આત્માજ્ઞાનથી આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે.

अपमानादयस्तस्य, विक्षेपो यस्य चेतसः ।
नापमानादयस्तस्य. न क्षेपो यस्य चेतसः ॥३८॥

અર્થ—જેના ચિત્તનો વિક્ષેપ છે, તેને જ અપમાનાદિ છે, જેના ચિત્તનો વિક્ષેપ નથી, તેને અપમાનાદિ કંઈ નથી.

વિવેચન—અપમાન એટલે પોતાના મહત્ત્વનું ખંડન-અવજ્ઞા એટલે તિરસ્કાર, નિંદા, કલંક, ઈર્ષ્યા, માત્સર્ય, રાગ, દ્વેષ, આદિ દોષોથી જેના ચિત્તનો વિક્ષેપ થાય છે, તેને દોષો નડે છે. વિક્ષેપવાળા ચિત્તમાં પૂર્વોક્ત દોષોનો પ્રાદુર્ભાવ થાય છે, અને જેના ચિત્તમાં તે વિક્ષેપ થતો નથી. તેને તેમાંનું કંઈ નથી, દોષયુક્ત ચિત્ત જ સંસાર છે. કહ્યું છે કે—

**चित्तमेव हि संसारो, रागादिक्लेशवासितम् ।**
**तथैव तैर्विनिर्मुक्तं, भवांत इति कथ्यते ॥१॥**

અર્થ—સુગમ છે. મનમાંથી દોષો દૂર કરી, મન નિર્મલ કરવું સ્વસ્વરૂપમાં લય પામેલું મન પરમાત્મા તત્ત્વનો પ્રકાશ કરે છે, માટે ભવ્યજીવોએ સર્વ વિષયોમાંથી મનને ખેંચી લઈ એક આત્મામાં સ્થિર કરવું.

**वदा मोहात् प्रजायेते, रागद्वेषौ तपस्विनः ।**
**तदैव भावयेत्स्वस्थमात्मानं शाम्यतः क्षणात् ॥३९॥**

અર્થ—જ્યારે તપસ્વીને મોહથી રાગદ્વેષ ઉત્પન્ન થાય ત્યારે સ્થિર એવા આત્માને ભાવવો, તેથી ક્ષણમાત્રમાં રાગ દ્વેષ ઉપશમે છે.

વિવેચન—મોહનીય કર્મોદયથી, જ્યારે તપસ્વીને આત્મામાં રાગ દ્વેષ ઉત્પન્ન થાય; ત્યારે બાહ્ય વિષયથી વ્યાવૃત્ત કરેલા આત્માના સ્વરૂપની ભાવના કરવી, જેથી ક્ષણવારમાં જ રાગ દ્વેષાદિની નિવૃત્તિ થઈ જાય છે.

**यत्र काये मुनेः प्रेम, ततः प्रचाव्य देहिना ।**
**बुद्धया तदुत्तमे काये, योजनात्प्रेम नश्यति ॥४०॥**

અર્થ—જે કાયમાં મુનિને પ્રેમ હોય, ત્યાંથી દેહીએ દેહબુદ્ધિ છોડવી, તેમ કરતાં ઉત્તમ કાયમાં એટલે આત્મ-સ્વરૂપમાં પ્રેમ જોડવો, જેથી પૂર્વનો અપ્રશસ્યદેહિક પ્રેમ નાશ પામે છે.

વિવેચન—પોતાની કે પારકી જે કાયા તે ઉપર મુનિનો પ્રેમ હોય તો દેહી એટલે આત્માને વિવેક જ્ઞાને કરી છોડવો, પછી તો કાયા કરતાં પણ અધિક ઉત્તમ કાયા એટલે ચિદાનંદ યુક્ત આત્મરૂપી કાયા ઉપર પ્રેમ લગાડવો; તે પણ અંતર દૃષ્ટિથી પ્રેમ આત્મા રૂપી કાયામાં લગડાવો, એમ થવાથી પૂર્વનો જે કાયસ્નેહ તે દૂર થાય છે.

**आत्मविभ्रमजं दुःखमात्मज्ञानात् प्रशाम्यति ।**
**नाऽयतास्तत्र निर्वान्ति, कृत्वाऽपि परमं तप ॥४१॥**

અર્થ—આત્મવિભ્રમજન્ય જે દુઃખ તે આત્મજ્ઞાનથી નાશ પામે છે. પરમતપ કરીને પણ આત્મજ્ઞાનને વિષે અયન્તપર જે છે, તે મુક્તિ પામતા નથી.

વિવેચન—શરીર, મન; વાણીમાં આત્મબુદ્ધિથી ઉત્પન્ન થએલ વિભ્રમથી ઉત્પન્ન થએલ અનેક પ્રકારનું દુઃખ, તે આત્મજ્ઞાનથી નાશ પામે છે. આત્મજ્ઞાન અર્થે યત્ન નહિ કરનારાઓ ઘોર મહાકલેશકારક તપ કરીને પણ મુક્તિપદને પામતા નથી.

શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કહે છે કે—

આતમ અજ્ઞાને કરી, જે ભવ દુઃખ લહીએ,
આતમ જ્ઞાને તે ટળે, એમ મન સદ્દહીએ, આતમ૦ ૧

આત્મઅજ્ઞાનથી થતું દુઃખ આત્મજ્ઞાન થવાથી નાશ પામે છે; એમ શુદ્ધ દૃઢ શ્રદ્ધા કરવી.

**દોધક છંદ :**

રજ્જુ અવિદ્યા જનિત, અહિ મિટે રજ્જુ કે જ્ઞાન,
આતમ જ્ઞાને ત્યું મિટે, ભાવ અબોધ નિદાન. ૩૪
ધર્મ અરૂપી દ્રવ્ય કે, નહિ રૂપી પરહેત,
અપરમ ગુન રાચૈ નહિ યૂં જ્ઞાની મતિ દેત. ૩૫
નૈગમનયકી કલ્પના, અપરમ ભાવ વિશેષ,
પરભાવમેં મગનતા, અતિવિશુદ્ધ નય રેખ. ૩૬

વિવેચન—અંધકારમાં દૂરથી જોતાં, દોરડી સર્પના જેવી ભાસી; અને મનમાં જાણ્યું કે અરે આ તો સર્પ છે. એમ નિશ્ચય કરી મનમાં ભય પામ્યો. પણ મનમાં વિચાર થયો કે આ જો સર્પ હોય તો હાલવો જોઈએ અને આ તો સ્થિર લાગે છે, માટે આ તો દોરડી છે કે સર્પ છે. વળી છેક પાસે ગયો પણ સ્થિર જેવું ભાસ્યું.

અંતે તપાસ કરી જોયું તો દોરડી (રજ્જુ) લાગી ત્યારે સમજવાનું કે, પ્રથમ દોરડીમાં સર્પ બુદ્ધિ હતી, પણ દોરડીનું બરાબર જ્ઞાન થવાથી સર્પ બુદ્ધિ નાશ પામી. તેમ દેહાદિકમાં અવિદ્યા યોગે આત્મબુદ્ધિની ભ્રાંતિ થઈ છે, પણ જ્યારે આત્મજ્ઞાનનો નિર્ધાર થાય, ત્યારે દેહાદિકમાંથી આપોઆપ આત્મ બુદ્ધિની ભ્રાંતિ ટળે છે,

અને આત્મા આત્મસ્વરૂપે પ્રકાશે છે અને મિથ્યાત્વ આદિ ભ્રાંતિનાં કારણો આત્મજ્ઞાનથી નાશ પામે છે.

અરૂપી આત્મ દ્રવ્યનો ધર્મ પણ અરૂપી છે. તે અરૂપી આત્મ દ્રવ્ય ધર્મનો હેતુ રૂપી દ્રવ્ય નથી; કારણ કે અરૂપી ધર્મમાં રૂપીને હેતુતા ઘટતી નથી, તેમ પોતાની જાતિથી ભિન્ન એવું પુદ્ગલ દ્રવ્ય છે, તે આત્મદ્રવ્યમાં નિશ્ચયથી જોતાં કારણીભૂત નથી.

પરસ્પર લક્ષણોથી જે દ્રવ્ય ભિન્ન છે, તે પરસ્પર ઉપકારક બની શકતાં નથી. અપરમ ગુણમાં રાચવું નહિ, એમ જ્ઞાની પોતાની મતિ દઈ રહ્યા છે.

અપરમ ભાવ વિશેષ નૈગમનયની કલ્પના છે, અને પરમભાવમાં મગ્નતા તે અતિશુદ્ધ નયની રેખા છે. અતિવિશુદ્ધનય એટલે શુદ્ધ નિશ્ચય નય જાણવો.

ઉત્કૃષ્ટ આત્મધર્મમાં જ રમવું, તે નિશ્ચય નયનો માર્ગ છે. નૈગમનયની કલ્પનાએ જે જે ધર્મકરણી થાય છે, તે અપરમ ભાવ વિશેષ છે, માટે શુદ્ધ આત્મધર્મમાં રાચવું.

**દોધક છંદ**

રાગાદિક જબ પરિહરી, કરે સહજ ગુણ ખોજ;
ઘટમેં ભી પ્રગટે તદા, ચિદાનંદ કી મોજ. ૩૭
રાગાદિક પરિણામયુત, મનહિ અનંત સંસાર;
તેહ જ રાગારિક રહિત, જાનિ પરમપદ સાર. ૩૮
ભવપ્રપંચ મન જાલકી, બાજી જૂઠી મૂલ;
ચાર પાંચ દિન સુખ લગે, અંત ધૂલકી ધૂલ. ૩૯

વિવેચન—રાગ દ્વેષ, પરભાવ આદિ પરિહરીને પોતાના આત્માના ગુણોની ખોજ કરે, તો પોતાના ઘટમાં જ ચિદાનંદની મોજ પ્રગટે છે.

જે અનંતસિદ્ધિ પરમાત્મા થયા, થાય છે અને થશે, તે પોતાના ગુણોની ધ્યાન દ્વારા ખોજ કરીને થયા છે.

જ્યાં સુધી આત્માના ગુણોની પ્રાપ્તિ માટે ધ્યાન દ્વારા ખોજ કરી નથી, ત્યાં સુધી મોક્ષની પ્રાપ્તિ થતી નથી.

શ્રી યશોવિજયજી ઉમાધ્યાય આત્મગુણની ખોજ કરતા અનુભવજ્ઞાને કહે છે કે,

ચેતન અબ મોહે દર્શન દીજે, તુમ દર્શન શિવસુખ પામીજે;
તુમ દર્શન ભવ છીજે. ચેતન૦ ૧

પોતાના આત્માનું ધ્યાન અને તેમાં રમણતા તથા સ્થિરતા વિના ચિદાનંદની મોજ પ્રગટતી નથી. અનુભવ-જ્ઞાનનો રસ જેણે જાણ્યો તેણે જ જાણ્યો છે.

રાગ અને દ્વેષ પરિણામવાળું મન, તે જ અનંત સંસાર છે અને રાગાદિક રહિત એવું મન, તે જ પરમપદ સમજવું. મનને વશ કરવું તે જ સર્વથી મોટામાં મોટો જય છે.

યોગજ્ઞાનીએ મન પાંચ પ્રકારનું કહ્યું છે. ૧ ક્ષિપ્તમન, ૨ મૂઢમન, ૩ વિક્ષિપ્ત મન, ૪ એકાગ્રમન અને ૫ નિરૂદ્ધ-મન. તેમાં ક્ષિપ્તનું લક્ષણ કહે છે-પોતાના ચિત્ત સન્મુખ કલ્પેલા વિષયમાં રજોગુણથી યુક્ત તેમ જ સુખ દુઃખથી યુક્ત સ્થાપેલું મન તે બહિર્મુખતાને પામેલું, તેને ક્ષિપ્તમન કહે છે. (૧)

જેમાં બહુલતાએ (વિશેષ પ્રકારે) તમોગુણ હોય, ક્રોધાદિ સહિત વિરૂદ્ધ કામમાં તત્પર હોય, તેમ જ કૃત્યાકૃત્યના વિવેક રહિત હોય તેવા મનને મૂઢમન કહે છે. (૨)

સુખ દુઃખના કારણ તથા શબ્દ, રૂપ, રસ અને ગંધમાં પ્રવર્તેલા ચિત્તને વિક્ષિપ્તમન કહે છે (૩)

રાગદ્વેષાદિથી રહિત એવા ગુણવંત પુરુષોના નિરંતર ખેદાદિકનો પરિહાર કરવાથી જે મન સર્વ કાર્યમાં સરખું થયું છે, તેને એકાગ્રમન કહે છે (૪)

જેની વિકલ્પવૃત્તિ શાંત થઈ છે અને જેનું મન અવગ્રહાદિ ક્રમથી પાછું ઓસર્યું છે, એવું આત્મસ્વભાવમાં રમણ કરનાર મુનિઓનું મન એ નિરૂદ્ધમન કહેવાય છે. (૫)

ચિત્તની ત્રણ દશાઓ આત્મસમાધિમાં ઉપયોગવાળી નથી. ચિત્તની છેલ્લી બે દશા આત્મસમાધિમાં ઉપયોગી થાય છે. મનને ક્ષણમાં સાલંબન યુક્ત કરે, અને ક્ષણમાં નિરાલબન કરે, એ પ્રમાણે અનુભવની પરિપકવતાથી નિરાલંબનપણું પમાય છે. વળી કહે છે કે—

**आलम्ब्यैकपदार्थं, यदा किंचिद्विचिन्तयेदन्यत् ।**
**अनुपनतेन्धनवह्निरुपशान्त स्यात्तदा चेतः ॥ १ ॥**

અર્થ–મન એક પદાર્થ અવલંબીને જ્યારે અન્ય કંઈ ચિંતવે નહિ, ત્યારે જેમ કાષ્ટ વિનાનો અગ્નિ ઉપશમે છે; તેમ મન પણ ઉપશાંતપણું પામે છે.

વળી મન શાંત થતાં શું થાય છે, તે દર્શાવે છે.

**शान्ते मनसि ज्योतिः, प्रकाशते शान्तमात्मनः सहजम् ।**
**भस्मीभवत्यविद्या, मोहध्वान्तं विलयमेति ॥ १ ॥**

અર્થ—મન આત્મસ્વરૂપમાં શાંત થતાં, સહજ શાંત આત્માની જ્યોતિ પ્રકાશે છે. જ્યારે આત્મ જ્યોતિ પ્રગટ થાય છે, ત્યારે અવિદ્યા ભસ્મીભૂત થઈ જાય છે, અને મોહાન્ધકાર સમૂલગો નાશ પામે છે.

જેને આત્મજ્ઞાનના અનુભવનો નિશ્ચય નથી, બાહ્ય-દશામાં ક્ષણે ક્ષણે ચિત્ત મર્કટની પેઠે ભમ્યા કરે છે, તે ચારિત્ર માર્ગથી ભ્રષ્ટ છે. તથા બાહ્ય ક્રિયાના આચરણથી ચારિત્રાભિમાની છે, પણ જ્ઞાની નથી, માટે સમજવાનું કે મનની સ્થિરતા થતાં, આત્મા તે જ પરમાત્મારૂપે પ્રકાશે છે, એમ મનનું સ્વરૂપ જાણી નિશ્ચય કરવો.

ભવ પ્રપંચભૂત જે મન, તેથી બનેલી જાળ, તેની બાજી જૂઠી છે. તો પણ તેમાં રાચી રહેનારા જીવોને થોડા વખત સુધી તો તેથી સુખ લાગે છે, પણ અંતે તો ધૂલની વસ્તુ તે ધૂલરૂપ જ થઈ જાય છે.

ઘરબાર, સ્ત્રી, પુત્ર, દોલત, શરીર આદિ સુખકારી લાગે છે, પણ આંખ મીંચાયા પછી સર્વ ફના થઈ જાય છે; કાંઈ હાથમાં આવતું નથી, અને કોઈ વસ્તુ પરભવ જતાં સાથે આવતી નથી. કહ્યું છે કે—

બાજીગરની બાજી જેવી, જૂઠી જગત જંઝાળ રે;
ઝાંઝવાના નીર જેવું, જૂઠું જગતનું વ્હાલ રે. ભજન૦ ૪

જેમ કોઈ ભીખારીને ઉંઘમાં સ્વપ્ન આવ્યું, તેમાં ભાસ્યું કે હું રાજા થયો મારે અનેક રાણીઓ છે. સેવકો હાથ જોડી સામે ઉભા રહ્યા છે, એવામાં આંખ ઉઘડી ગઇ તો કંઈ દેખાયું નહિ; તેવી જ રીતે આ દુનિયાના માયિક પદાર્થો જે ક્ષણભંગુર છે, પ્રતિક્ષણે નાશવંતા છે અને જે આત્માના નથી, તેમાં રાચવું તે અજ્ઞાનતા સૂચવે છે. બાહ્ય પદાર્થોનું સુખ તે અસત્ય અને આત્માને સત્ય જાણી તેનું ધ્યાન કરવું.

**દોધક છંદ**

મોહ બાંગુરી જાલ મન, તામે મૃગ મત હોઉ;
યામેં જે મુનિ નહિ પરે, તાકૂં અસુખ ન કોઉ. ૪૦
જબ નિજ મન સન્મુખ હુએ, ચિતૈ ન પરગુણ દોષ;
તબ બહુરાઇ લગાઇએ, જ્ઞાન ધ્યાત રસ પોષ. ૪૧

વિવેચન—મોહરૂપ વાઘરી અને મનરૂપ જાળ તેમાં પડેલો જીવ મૃગસમાન જાણવો.

સમજવાનું છે કે મોહરૂપ વાઘરીએ સંસારી જીવરૂપ મૃગલાઓને પકડવાં મનરૂપ જાળ વિસ્તારી છે.

તે મન જાળમાં મૃગ સમાન થઇ હે મુનિઓ! તમે પડશો નહિ, તેમાં જે મુનિવર્ય મૃગ સમાન થઇ પડે નહિ, તેને કોઈ પણ પ્રકારનું દુઃખ નથી.

જે મન જાલમાં ફસાય છે, તે જ મૃગની પેઠે દુઃખી થાય છે. સંકલ્પ વિકલ્પયુક્ત મન તે જ મોહરૂપ વાઘરીની

જાળ સમજવી અને મનરૂપ જાળમાં પડેલા મુનિ મૃગ સમાન છે અને તેમાં પડતા નથી તે દુઃખી નથી.

જ્યારે મન આત્માના સન્મુખ થઈ પારકાના દોષ પ્રતિ દૃષ્ટિ દેતું નથી, ત્યારે બહુ રીતે મનને આત્મામાં લગાડવું, કે જેથી જ્ઞાન ધ્યાનના રસની પુષ્ટિ થાય.

**शुभं शरीरं दिव्यांश्च, विषयानभिवाञ्छति ।**
**उत्पन्नाऽऽत्ममतिर्देहे, तत्त्वज्ञानी ततश्च्युतिम् ॥४२॥**

અર્થ—જેને દેહમાં આત્મબુદ્ધિ છે, તે શુભ શરીર અને દિવ્ય વિષયની વાંછા કરે અને તત્ત્વજ્ઞાની તે થકી છુટા થવાને ઇચ્છે છે.

વિવેચન—દેહ તે જ આત્મા, એમ જેની બુદ્ધિ વર્તે છે, તે શુભ અને સુંદર શરીર, દિવ્ય વિષયભોગ, અને સ્વર્ગના ભોગ ઇચ્છે. અને જે અન્તરાત્મા તત્ત્વજ્ઞાની છે, તે શરીર ભોગાદિ થકી છૂટવાને ઈચ્છે છે.

જ્ઞાની અને અજ્ઞાનીની દૃષ્ટિમાં આકાશ અને પાતાળ જેટલો તફાવત છે. અજ્ઞાની જેથી બંધાય છે, તેથી જ્ઞાની છૂટે છે.

**परत्राऽहंमतिः स्वस्माच्च्युतो बध्नात्यसंशयम् ।**
**स्वस्मिन्नहंमतिश्च्युत्वा, परस्मान्मुच्यते बुधः ।४३॥**

અર્થ—પરમાં અહંમતિવાળો સ્વાત્માથી ભ્રષ્ટ થઇ અસંશય કર્મ બાંધે છે અને સ્વાત્મામાં અહંમતિવાળો જ્ઞાની પરથી—શરીર આદિથી ચ્યુત થઈ જુદો થઇને સકલ-કર્મથી મુક્ત થાય છે.

વિવેચન—પરત્ર એટલે શરીર, મન વાણી, ગૃહ, ધન, કામિની આદિમાં આત્મબુદ્ધિવાળો બહિરાત્મા સ્વાત્માથી ચ્યુત થઈ, આત્માને કર્મબંધનથી બાંધે છે, પણ જ્ઞાની આત્મામાં અહંવૃત્તિ ધારી, શરીરાદિકથી રહિત થઈ મુક્તિ-પદ પામે છે.

## દોધક છંદ

અહંકાર પરમેં ધરત, ન લહે નિજગુણ ગંધ,
અહં જ્ઞાન નિજગુણ લગે, છુટૈ પર હિ સંબંધ. ૪૨

આનો અર્થ તેંતાલીસમા શ્લોકની અંદર આવી જાય છે. પરમાં આત્મબુદ્ધિ ધારણ કરતો જીવ આત્મગુણની ગંધ પણ પામતો નથી અને આત્મામાં અહંપણું ત્યાગે તો કર્મનો સંબંધ છૂટે છે. આત્મપ્રકાશમાં કહ્યું છે કે—

### દુહા

અહં વૃત્યુદ્ભવ થતાં, અશુદ્ધ પરિણતિ પોષ;
અહં વૃત્તિ છે જ્યાં લગે, મિટે ન તાવત્ દોષ. ૧

અહં વૃત્તિ ઉદયે ગ્રહે, ભ્રાત માત ને તાત;
અહં મંત્ર મોહારિનો, સ્મરતાં નરકે પાત. ૨

જે અજ્ઞાની જીવ છે, પશુસમ વર્તે સોય,
અહં વૃત્તિ તેમાં ઘણી, કહ્યું વિચારી જોય. ૩

ભવ્ય જીવોએ પરમાંથી, અહંવૃત્તિ દૂર કરી, પોતાના આત્મસ્વરૂપમાં અહંત્વ ધારણ કરવું—

**दृश्यमानमिदं मूढस्त्रिलिङ्गमवबुध्यते ।**
**इदमित्यबुद्धस्तु, निष्पन्नं शब्दवर्जितम् ॥४४॥**

અર્થ—મૂઢજીવ આ દૃશ્યમાન ત્રિલિંગવાળા શરીરને આત્મારૂપે ધારે છે. અને અવબોધ પામેલો અજનિષ્પન્ન અનાદિ સંસિદ્ધ અને શબ્દ વર્જિત તે જ આત્મા એમ જાણે છે.

ભાવાર્થ—દૃશ્યમાન જે શરીરાદિ તે સ્રીલિંગ, પુરુષ-લિંગ, અને નપુંસકલિંગ એ ત્રણ લિંગ વિશિષ્ટ તેને મૂઢ એટલે બહિરાત્મા પ્રાણી, આત્મા જાણે છે. અને દૃશ્યમાનથી જુદો થઇ, બોધ પામેલો અન્તરાત્મા તે શબ્દવર્જિત અરૂપી આત્મતત્ત્વને આત્મરૂપ સ્વીકારે છે.

**દોધક છંદ**

અર્થ ત્રિલિંગી પદ લહે, સો નહિ આતમ રૂપ;
તો પદ કરિ ક્યું પાઇએ, અનુભવગમ્ય સ્વરૂપ. ૪૩

ચુમાલીસમા શ્લોકમાં આછંદનો અર્થ સમાઇ જાય છે, તેથી સમજી લેવું. સ્રી, પુરૂષ અને નપુંસક લિંગરૂપ આત્મા નથી. આત્મા સ્રી નથી, આત્મા પુરૂષલિંગ નથી, આત્મા નપુંસક નથી. માટે લિંગથી ભિન્ન અનુભવ ગમ્ય આત્મરૂપ જાણવું.

જે શબ્દોમાં લિંગના વાદથી શાસ્રાર્થ ફક્ત કરનારા છે, અને આત્મતત્ત્વથી કેવળ અજાણ છે, તો તેમની વિદ્યા કર્મનો નાશ કરી શકતી નથી. માટે ત્રિલિંગથી રહિત એવું આત્મત્ત્વ હૃદયમાં ધારણ કરવું.

**जानन्नप्यात्मनस्तत्त्वं, विविक्त भावयन्नपि ।**
**पूर्वविभ्रमसंस्काराद् भ्रान्ति भूयोऽपि गच्छति ॥४५॥**

**અર્થ**--આત્માનું તત્ત્વ જાણતો તથા વિવિક્ત ભાવના શરીર આદિથી ભિન્ન એવી ભાવના કરતો છતાં પણ પૂર્વ વિભાવના સંસ્કારથી પુનઃ પણ ભ્રાંતિ પામે છે.

વિવેચન--આત્માનું તત્ત્વ જાણતો છતાં પણ અને વિવિક્ત એટલે શરીરાદિથી ભિન્ન એ પ્રમાણે આત્માની ભાવના કરતો છતાં પણ પૂર્વ અવસ્થામાં જે વિભ્રમ હતો તેના સંસ્કારથી ફરથી ભ્રાન્તિ પામે છે; માટે આત્મસ્વરૂપનો દૃઢ સ્થિર ઉપયોગ રાખવો, કદાપિ પરવસ્તુમાં આત્મ ભ્રાન્તિ થઈ જાય તો પણ પુનઃ આત્મસ્વરૂપમાં રમણતા કરવી.

**દોધક છંદ**

આતમગુણ અનુભવત ભી, દેહાદિકતેં ભિન્ન;
ભલૈ વિભ્રમ વાસના, જો રહિ ફિરૈ ન ખિન્ન. ૪૬

વિવેચનમાં સમજવું કે પીસ્તાલીશમાં શ્લોકમાં આ છંદનો અર્થ સમાઈ જાય છે. ક્ષયોપશમ ચેતન યોગે આત્મગુણનો અનુભવ કરતાં પણ પૂર્વ વિભ્રમ વાસનાના યોગે પાછું આત્મસ્વરૂપ ભૂલાય છે; માટે આત્મસ્વરૂપની ક્ષણે ક્ષણે એવી ભાવના કરવી કે સ્વપ્નમાં પણ દેહાદિકથી આત્મા અનુભવાય, એમ ભવ્યજીવોએ આત્મરૂપ ભાવવું.

**अचेतनमिदं दृश्यमदृश्यं चेतनं ततः ।**
**क्व रुष्यामि क्व तुष्यामि, मध्यस्थोऽहं भवाम्यतः ॥४६॥**

અર્થ——આ દશ્ય પદાર્થ તે જડ છે, અને અદશ્ય છે તે ચેતન છે. ત્યારે કયાં રોષ કરૂં ? કયાં તોષ માનું ? માટે હવે હું મધ્યસ્થ જ થાઉ છું.

વિવેચન—આ ઇન્દ્રિયોથી પ્રતીયમાન, દશ્ય, શરીર; મન વાણી, વર્ણાદિક યુક્ત સાત ધાતુ અનેક પ્રકારના શરીરો, ઘર બાર, હાટ, મીલ, પાટ, પાટલા, વસ્ત્ર, પાત્ર, મેજ ખુરશી, બાગ, મિષ્ટાન્ન વિગેરે સર્વ અચેતન એટલે જડ છે, અને જે જડ છે તે જ્ઞાન થકી રહિત છે.

જડમાં સુખ દુઃખ જાણવાની શક્તિ નથી, તથા અમુક મારો મિત્ર તે જાણવાની શક્તિ જડમાં નથી. જે જે પદાર્થો આંખે દેખાય છે, તે તે સર્વ પદાર્થો જડ જાણવા.

જે દશ્ય વસ્તુ છે, તે જડ છે. અને ધર્માસ્તિકાય; અધર્માસ્તિકાય, અને કાલ એ ચાર દ્રવ્યને વર્જી બાકીનું અદશ્ય તત્ત્વ તે જ આત્મા છે; તો પછી રોષ અને તોષ કોના ઉપર કરવો ?

કારણ કે જે દેખાય છે, તે તો જડ વસ્તુ છે. તેથી તેના ઉપર તોષ કરવો યુક્ત નથી.

જડવસ્તુ કાંઈ સમજી શકતી નથી; અને ચેતન તો અદશ્ય છે, તો તેના ઉપર દેખ્યા વિના ક્રોધ થઈ શકતો નથી અથવા અદશ્ય એવા આત્મા ઉપર રોષ તોષ કરવો ઘટતો નથી; માટે પોતાના આત્માને પોતાની મેળે સમજાવી સ્વરૂપમાં મગ્ન રહેવું.

દોધક છંદ

દેખે સો ચેતન નહિ, ચેતન નહિ દેખાય;
રોષતોષ કિનસું કરે, આપહિ આપ બુઝાય. ૪૭

વિવેચન--આનો અર્થ છેતાલીસમાં શ્લોકમાં સમાઈ જાય છે. અર્થ સુગમ છે. આ શ્લોક વારવાર પ્રસંગે સ્મરણ કરવા યોગ્ય છે, રાગદ્વેષનો અભાવ આના સ્મરણથી થઈ જાય છે.

જડ વસ્તુઓમાં રાગદ્વેષની બુદ્ધિ ધારણ કરવી, તે અજ્ઞાનતા છે. જડ વસ્તુમાં ઈષ્ટ પણું અને અનિષ્ટપણું આત્માએ અજ્ઞાનતથી કલ્પી લીધું છે.

આત્મજ્ઞાન થતાં પરવસ્તુમાં થતો ઈષ્ટાનિષ્ટ અધ્યાસ છૂટી જાય છે. રાગ અને દ્વેષ પણ આત્માના અજ્ઞાનપણાથી થાય છે. પણ આત્મજ્ઞાન થતાં સર્વ દોષો ટળે છે અને આત્મ સ્વરૂપે પ્રકાશે છે.

**त्यागाऽऽदाने बहिर्मूढः, करोत्यध्यात्ममात्मवित् ।**
**नान्तर्बहिरुपादानं, न त्यागा निष्ठितात्मनः ॥४७॥**

અર્થ--મૂઢ જીવ બાહ્ય ત્યાગ આદાન કરે છે. આત્મવિત અધ્યાત્માને વિષે કરે છે; અને સિદ્ધાત્મા છે, તે બાહ્ય કે આંતર ત્યાગ કે આદાન કશું કરતા નથી.

વિવેચન- મૂઢ એટલે બહિરાત્મા બાહ્ય વસ્તુનું ત્યાગ ઉપદાન કરેછે. આત્માથી ભિન્ન વસ્તુમાં દ્વેષ થતાં તે વસ્તુનો અભિલાષ ભાવ થાય, તેથી મૂર્ખ તેનો ત્યાગ કરે છે. વળી તેમાં જ પાછો રાગ પ્રગટ થતાં તેને ગ્રહણ

કરે છે અને અંતરાત્મા અધ્યાત્મમાં ત્યાગ ગ્રહણ કરે છે. એટલે અંતરાત્મા અંતરમાં રહેલા રાગ, દ્વેષ, કર્માદિ તેને ત્યાગે છે અને અનંત જ્ઞાન, અનંતદર્શન આદિ પોતાના ગુણોનું ઉપાદાન કરે છે અને જે કર્મ રહિત સિદ્ધાત્મા છે, તેમને બાહ્ય કે આંતરથી ત્યાગ તથા ગ્રહણ નથી, કારણ કે ત્યાગવાનું જે આત્મસ્વરૂપ તે પ્રથમથી જ ગ્રહણ કર્યું છે, તેથી તેમને ત્યાગ ગ્રહણ કંઈ નથી. આવી સ્થિતિ ત્રણ પ્રકારના આત્માની સદાકાળ વર્તે છે.

**દોધક છંદ**

ત્યાગ ગ્રહણ બાહિર કરે, મૂઢ કુશલ અતિરંગ
બાહિર અંતર સિદ્ધકું, નહિ ત્યાગ ઔ સંગ. ૪૮

મૂઢ જીવ બાહ્યવસ્તુમાં ત્યાગ તથા ગ્રહણબુદ્ધિ ધારણ કરે છે અને અંતરાત્મા અંતરમાં કરેલા રાગદ્વેષનો તથા જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મનો ત્યાગ કરે છે. અને આત્માના આઠ ગુણ, આત્માની અંનતરિદ્ધિ તેનું ગ્રહણ અંતરાત્મા કરે છે. અર્થાત્ અન્તરાત્મા આવિર્ભાવની અપેક્ષાએ સ્વગુણ સ્વપર્યાયનું ગ્રહણ કરે છે અને સિદ્ધાત્માને બાહ્ય અથવા અંતરથી ત્યાગ કે ગ્રહણ કશું હોતું નથી. માટે સમજવાનું કે બહિરાત્માનો ત્યાગ કરી અન્તરાત્મા થઈ પરમાત્મપદ પ્રાપ્ત કરવું કે જેનાથી શાશ્વત શાંતિ મળે.

युञ्जीत मनसाऽऽत्मानं, वाक्कायाभ्यां वियोजयेत् ।
मनसा व्यवहारं तु, त्यजेद्वाक्काययोजितम् ॥ ४९ ॥

અર્થ—આત્માને મનની સાથે યોજવો. તેને વાણી અને કાયાથી વિયુક્ત કરવો અને મન વડે વાણી કાયા યોજિત વ્યહાર તજવો.

વિવેચન—આત્માને મનની સાથે યોજવો અને વાણી, તથા કાયાથી આત્માને ભિન્ન કરવો. કાયા અને વાણીથી આત્માને એટલો જુદો પાડવો કે તેનો અભેદ થઈ જાય નહિ.

કાયા અને વાણીનો મનની સાથે યોજેલો વ્યવહાર, તે પણ મનથી ત્યાગ કરવો. કાયા વડે જે જે કરાય છે તથા કાયાથી જે અનુભવાય છે, તે આત્મા નથી. વાણી અને વાણી વડે જે જે બોલાય છે તે આત્મા નથી. વાણી અને કાયામાં મનનો વ્યાપાર જો ભળે નહિ તો કાયા અને વાણીના વ્યાપારો લુખા નિરસ લાગે છે, તે સર્વે નિરાગતાએ થાય છે, માટે શ્લોકમાં બતાવેલો ઉપાય ઉપયોગથી વર્તણુંકમાં મૂકવો.

**દોધક છંદ**

આતમજ્ઞાને મન ધરે, વચનકાય રતિ છોડિ,
તો પ્રગટે શુભવાસના, ગુણ અનુભવકી જોડી. ૪૯

ભાવાર્થ—ભવ્ય પ્રાણી વચન અને કાયાની રતિ છોડીને જો આત્મજ્ઞાનમાં મન ધારણ કરે, આત્મા વિના અન્યમાં મનને જવા દે નહિ, તો અંતરમાં શુભ વાસના પ્રગટે અને આત્મગુણના અનુભવને જોડી આપે છે, માટે આત્મજ્ઞાનીએ આત્મામાં જ મનને લય કરવો.

મન હાથી કરતાં પણ વધારે મસ્તાન છે. બાહ્ય વિષયમાં મર્કટની પેઠે સંચળ અને ભટકતું ચિત્ત એકદમ વશ કરી શકાય નહિ. ધીમે ધીમે આત્મામાં જોડવું.

એમ કરવાથી વિકલ્પ સંકલ્પની જાળ નાશ પામશે. મન દ્વારા બંધાતાં અનેક પ્રકારનાં કર્મ નાથ પામશે અને અનુભવરૂપ સૂર્ય હૃદયમાં પ્રગટે છે; તેથી આત્માની અનંતરિદ્ધિ આત્માને મળે છે. અર્થાત્ આત્મા તે પરમાત્મા સ્વરૂપ થાય છે.

**जगद्देहात्मदृष्टीनां, विश्वास्यं रम्यमेव च ।**
**स्वात्मन्येवात्मदृष्टीनां, क्व विश्वासः क्व वा रतिः ॥४९॥**

અર્થ—દેહાત્મદષ્ટિવાળાને જગત્ વિશ્વાસે યોગ્ય છે; રમ્ય છે, પણ પોતાના આત્મદષ્ટિવાળાએ ક્યાં વિશ્વાસ કરવો અને ક્યાં રતિ કરવી ?

**શંકા**—પુત્ર, સ્ત્રી મિત્રાદિ સાથે વાણી અને કાયાના સુખ ઉપજે છે, તો તેનો ત્યાગ કેમ કરવો ?

**સમાધાન**—જે બહિરાત્મા છે. તેને પુત્ર, સ્ત્રી, કુટુંબ આદિ જગત્ વિશ્વાસ કરવા યોગ્ય તથા પ્યારું લાગે છે; પણ જેને આત્મામાં જ આત્મદષ્ટિ થઈ છે એવા સમકિતવંતને ક્યા પદાર્થમાં વિશ્વાસ કરવો અને ક્યાં આનંદ ધારણ કરવો ?

સર્વ પદાર્થ આત્માથી ભિન્ન છે અને જે ભિન્ન પદાર્થો છે, તેનાથી આત્માને આનંદ સુખ થતું નથી, માટે આત્મજ્ઞાની જગતમાં વિશ્વાસ તથા રતિ ધારણ કરતો નથી. અર્થાત્ તે ઉદાસીનતા ધારણ કરે છે.

**आत्मज्ञानात् परं कार्यं, न बुद्धौ धारयेच्चिरम् ।**
**कुर्यादर्थवशात्किञ्चिद्वाक्कायाभ्यामतत्परः ॥ ५० ॥**

અર્થ—આત્મજ્ઞાનથી અન્યકાર્ય બુદ્ધિમાં ચિરકાલ ધારણ કરવું નહિ; અને અર્થવશથી સ્વપર કલ્યાણકારક કિંચિત કરવું તે પણ અતત્પર-અનાસકત રહીને કરવું.

ભાવાર્થ—આત્મજ્ઞાનથી અન્યકાર્ય બુદ્ધિમાં ઘણા વખત સુધી આવવા દેવું નહિ. આત્મજ્ઞાનરૂપ કાર્ય તે જ બુદ્ધિમાં લાંબા વખત સુધી આવવા દેવું. તેમ અન્ય પણ ભોજન, વ્યાખ્યાન, વિગેરે જે કંઇ હોય તે વાણીકાયાવડે કરવું, અર્થાત્ એટલે અર્થને કંઈ સ્વપરોપકારરૂપ કાર્ય કરવું હોય તો તે કરવું પણ તેમાં આસક્તિ ધારણ કર્યા વિના કાર્ય કરવું.

આ વિષય આત્મજ્ઞાનીયે વર્તનમાં મૂકવો. વર્તનમાં મૂકયા વિના ઉચ્ચપદની પ્રાપ્તિ માટે આશા રાખવી વ્યર્થ છે. આત્મજ્ઞાનનું જ ઉત્સર્ગ માર્ગે ચિંતન કરવું.

**यत्पश्यामीन्द्रियैस्तन्मे, नास्ति यन्नियतेन्द्रियः ।**
**अन्तः पश्यामि सानन्दं, तदस्तु ज्योतिरुत्तमम् ॥५१॥**

અર્થ—હું ઇન્દ્રિયોથી જે જોઉં છું, તે મારૂં નથી. અને નિયતેન્દ્રિય થઇને જે અંતરમાં જોઉં છું, એ આનંદ ઉત્તમ જ્યોતિ મારૂં રૂપ છે.

વિવેચન—જે શરીરાદિક પદાર્થો ઇન્દ્રિયો વડે હું જોઉં છું, તે મારૂં રૂપ નથી, કારણ કે ચક્ષુ આદિ ઇન્દ્રિયો રૂપી પદાર્થના વર્ણ, ગંધ, સ્પર્શ શબ્દોને ગ્રહણ કરી શકે

છે, પણ આત્મસ્વરૂપ તો અરૂપ છે, તેને બાહ્ય ચક્ષુ આદિ ઇન્દ્રિયો ગ્રહણ કરી શકતી નથી.

બાહ્ય ઈન્દ્રિયોને સ્થિર કરી અંતરમાં સ્વયં વેદનથી–સ્વાનુભવથી જે જ્યોતિ દેખું છું, તે જ આત્મસ્વરૂપ છે. સાનંદ અને ઉત્તમ આત્મ જ્યોતિ છે.

જીવો બાહ્ય વસ્તુમાં સુખ માની આત્મજ્ઞાનથી પરાઙ્મુખ થઈ ઉપર ઉપરથી નદી, દેવમંદિર વિગેરે તીર્થ ગણી, તેને જ તરવાનો એકાંત ઉપાય ગણે છે, તે અજ્ઞાની છે.

અન્ય મતવાદીઓનાં શાસ્ત્રમાં કહ્યું છે કે,

**इदं तीर्थमिदं तीर्थं, ये भ्रमन्ति तमोवृताः ।**
**आत्मतीर्थं न जानन्ति, तेषां तीर्थं निरर्थकम् ॥ १ ॥**

એ શ્લોક સમજી આત્માને તીર્થરૂપી ગણી તેનું ધ્યાન કરવું. અંતર દૃષ્ટિથી આત્મા દૃશ્ય છે. માટે તેનો અનુભવ કરવો જોઈએ.

**सुखमारब्धयोगस्य, बहिर्दुःखमथाऽऽत्मनि ।**
**बहिरेवाऽसुखं सौख्यमध्यात्मं भाविताऽऽत्मनः ॥५२॥**

અર્થ—યોગારંભીને બાહ્યમાં સુખ અને અંતરમાં દુઃખ લાગે છે. અને સિદ્ધયોગીને અંતરમાં સુખ અને બાહ્યમાં દુઃખ લાગે છે.

વિવેચન—આત્મસ્વરૂપનો પ્રથમ અનુભવ કરનારને બાહ્ય વિષયમાં સુખ પડે છે. અને આત્મસ્વરૂપમાં દુઃખ જણાય છે. પણ યથાર્થ આત્મસ્વરૂપ જાણનાર સિદ્ધ યોગીને કેવલ આત્મસ્વરૂપમાં જ સુખ લાગે છે અને બાહ્ય વિષયો અસુખરૂપ લાગે છે.

## દોધક છંદ

યોગારંભીકૂં અસુખ, અંતર બાહિર સુખ;
સિદ્ધયોગકૂં સુખ હે, અંતર બાહિર દુઃખ. ૫૦

ભાવાર્થ—બાવનમા શ્લોકમાં આ છંદનો અર્થ સમાય છે. યોગારંભીને પ્રથમ જગતમાં દેખાતા દશ્ય પદાર્થોમાં સુખ બુદ્ધિ હોય છે. કારણ કે તેને હજી આત્મનિશ્ચય, આત્માનુભવ પ્રગટ્યો નથી. પણ જ્યારે સદ્ગુરુદ્વારા નય-નિક્ષેપા વડે યથાર્થ આત્મસ્વરૂપનો નિશ્ચય થાય છે. અને તેમાં રમણતા થાય, ત્યારે તેને આત્મામાં જ સુખ છે એવો નિશ્ચય થાય છે.

પછી તે કાયા, મન, વાણીથી આત્માને જુદો પાડી નિરાલંબનપણે ધ્યાન ધરે છે, ત્યારે અંતરમાં સુખનો મહા-સાગર પ્રગટે છે અને તે સુખ સાગરની લહેરોમાં અખંડ આનંદ ભોગવે છે, ત્યારે તેવા યોગીને પંચેન્દ્રિયના વિષયો વિષ જેવા દુઃખ દેનાર લાગે છે. બાહ્ય પ્રપંચમાં તેને શાંતિ મળતી નથી. વિકલ્પ અને સંકલ્પ ઉપજે છે. એવા જનોની સંગતિથી પણ તે દૂર રહે છે.

કેવલ સહજ આત્મિક સુખ ભોગવે છે, તેવા સિદ્ધયોગીને બાહ્ય પદાર્થોમાં કેવલ દુઃખ જ ભાસે છે. તેથી સમજવાનું કે જ્યાં સુધી બાહ્ય વસ્તુમાં જેને સુખ લાગે છે, તે અજ્ઞાની છે, અને અંતરમાં સુખનો જેને નિર્ધાર થયો છે, અને સંબંધથી સુખનો જેને નિર્ધાર થયો છે, અને બાહ્યવસ્તુના

સંબંધથી, ભોગથી સુખ નથી એમ જાણ્યું છે, તે સિદ્ધ-યોગી જાણવો. માટે સિદ્ધયોગી થવા સદ્ગુરુ સંગતિ કરી આત્મજ્ઞાન ગ્રહવું.

**तद्ब्रूयात्तत्परान् पृच्छेत् , तदिच्छेत् तत्परो भवेत् ।**
**येनाऽविद्यामयं रूपं, त्यक्त्वा विद्यामयं व्रजेत् ॥५३॥**

અર્થ—તે જ બોલવું અને તેની જ પૃચ્છા કરવી અને તેની જ ઇચ્છા કરવી, કે જેનાથી અવિદ્યાવાળું રૂપ ટળે અને-વિદ્યામય રૂપ મળે.

વિવેચન—આત્મતત્ત્વને વિષે બોલવું, અથાત્ તેની પારકા આગળ વાત કરી તેની સિદ્ધિ કરવી તેમજ જેઓએ આત્મસ્વરૂપ જાણ્યું છે, તેમને આત્મતત્ત્વની પૃચ્છા કરવી અને આત્મતત્ત્વનું જ્ઞાન સંપાદન કરવું તેની જ ઇચ્છા રાખવી.

અર્થાત્ આત્મતત્ત્વને જ પરમાર્થતઃ સત્ય માનવું. અને આત્મસ્વરૂપમાં જ નિમગ્ન થવું. એમ થવાથી બહિરાત્મ બુદ્ધિ સ્વરૂપ જે અવિદ્યા તેનો ત્યાગ કરીને આત્મ વિદ્યા-ત્મય એટલે જ્ઞાનમય આત્મ સ્વરૂપને પામે છે.

**દોધક છંદ**

સો કહિયે સો પૂછિયે, તામેં ધરિયે રંગ;
યાતેં મિટૈ અબોધતા; બોધ રૂપ વ્હૈ ચંગ. ૫૧

વિવેચન—તે જ આત્મસ્વરૂપ કથવું, અને તે જ આત્મતત્ત્વની પૃચ્છા કરવી અને તેમાં જ ચોલ-મજીઠના

રંગની પેઠે રાગ ધારણ કરવો, જેથી અબોધતા ટળે અને જ્ઞાન સ્વરૂપમય આત્મા પોતાનું સ્વરૂપ પામે.

જગતમાં અજ્ઞાની લોકો ક્રોધ, માન, માયા, લોભની ઉત્પત્તિ થાય તેવાં વચનો બોલે છે. કેટલાક લોકો ધનને અર્થે અહર્નિશ બોલવામાં પ્રવૃત્ત રહે છે. કેટલાક સ્ત્રીનું વર્ણન કરી જીભનું સાર્થકય સમજે છે. કેટલાક લોકો હિંદુસ્થાન અમેરિકાને પોતાનો દેશ માની દેશાભિમાનથી અનેક પ્રકારનાં ભાષણો આપે છે, કેટલાંક કવિઓ ઠઠ્ઠા-મશ્કરીમાં આનંદ ઉત્પન્ન કરાવવા અનેક પ્રકારના કવિતાઓ ગાય છે. એમ રાગ દ્વેષની વૃદ્ધિકારક જગતના જીવોનું બોલવું આત્મહિતકર નથી; અર્થાત્ તે સર્વ નિષ્ફળ છે. તેથી આત્મિક લાભ મળતો નથી માટે તેવા પ્રકારનું બોલવું તે યુક્ત નથી.

જેથી અબોધતા ટળે અને બોધની પ્રાપ્તિ થાય, મોક્ષ માર્ગની પ્રાપ્તિ થાય, એવું જ બોલવું. શાસ્ત્રો પણ તેવા જ પ્રકારના વાંચવાં કે જેથી આત્મજ્ઞાન થાય.

આયુષ્ય અલ્પ છે, તેમાં સારમાં સાર આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરી સ્વરૂપમાં રમણતા કરવી તે જ છે.

પોતાની જીભને લવ લવ કરતી વારવી, વિકથા કરવામાં નકામો દિવસ ગાળવો નહિ, વાતો કરવી તો પણ આત્મ સંબંધી કરવી, કારણ કે સાર આત્મા છે.

આત્મજ્ઞાનના પુસ્તકો વાંચવાં, પૃચ્છા કરવી, વળી તેનું પરાવર્તન કરી જવું. વળી તે આત્મજ્ઞાન વાતની અનુપ્રેક્ષા કરવી. આત્માનું જ ધ્યાન કરવું.

શ્રી આનંદઘનજી કહે છે કે—

આતમધ્યાન કરે જો કોઉં, સો ફિર ઇણમેં નાવે;
વાગજાલ બીજું સહુ જાણો, એહ તત્ત્વે ચિત્ત ચાવે.
મુનિસુવ્રત.

જે પ્રાણી આસન વાળી, અન્ય વસ્તુઓમાંથી ખેંચી આત્માના અસંખ્યાત પ્રદેશોમાં ચિત્તને સ્થાપી પર સંબંધી સંકલ્પ વિકલ્પનો ત્યાગ કરી, તદાકાર વૃત્તિથી શુદ્ધાત્મ સ્વરૂપનું ધ્યાન કરે છે, તે ભવ્યજીવ અનેક મતવાદીઓના વિભ્રમ મમત્વરૂપ જાળમાં ફસાઇ જતો નથી. આત્મતત્ત્વ વિના અન્ય સર્વ વાગજાળ-પ્રપંચ જાણવો એમ નિશ્ચયનયથી આત્મસ્વરૂપ જ હૃદયમાં ઇચ્છે છે.

જે ભવ્ય પ્રાણીએ વિવેકથી ઉપાદેય, સાધ્ય, સારમાં સાર આત્મધ્યાન સંબંધી પક્ષ ગ્રહણ કર્યો છે, તે જ આત્મતત્ત્વ જ્ઞાની કહેવો. માટે બોલવું, પૂછવું, ઇત્યાદિ સર્વ કાર્ય આત્મજ્ઞાની પ્રાપ્તિ અર્થે કરવું.

**शरीरे वाचि चात्मानं, सन्धत्ते वाक्शरीरयोः ।**
**भ्रान्तोऽभ्रान्तः पुनस्तत्त्वं पृथगेषां निबुध्यते ॥५४॥**

અર્થ—વાણી અને શરીર એ આત્મા છે, એમ જેને ભ્રાન્તિ છે, તે વાણી શરીરને આત્મા માને છે. અને જે અભ્રાન્ત છે, તે શરીર તથા વાણીથી આત્મતત્ત્વને પૃથગ્ જાણે છે.

વિવેચન—વાણી અને શરીરને આત્મા રૂપે જાણવારૂપ જેને ભ્રાન્તિ છે, તેવો બહિરાત્મા વાણી અને કાયાને આત્મા

જાણે છે. પણ યથાર્થ આત્મસ્વરૂપનો જાણનાર શરીર અને વાણીથી આત્માને પૃથક્ બરાબર જાણે છે.

**न तदस्तीन्द्रियार्थेषु, यत्क्षेमंकरमात्मनः ।**
**तथापि रमते बालस्तत्रैवाज्ञान-भावानात् ॥ ५५॥**

અર્થ—ઇન્દ્રિયાર્થમાં એવું કાંઈ નથી કે જે આત્માને ક્ષેયંકર હોય તો પણ બાલ **અજ્ઞાનભાવનાથી** તેમાં જ રમે છે.

ભાવાર્થ—પાંચ ઈન્દ્રિયોના વિષયમાં એવું કંઈ નથી કે જે આત્માને કલ્યાણકારી હોય, તો પણ બહિરાત્મા ભૂંડની પેઠે વિવેક રહિત તેમાં રાચીમાચીને રમે છે. તેમાં અજ્ઞાન ભાવના તે જ કારણ છે. અજ્ઞાનથી આત્મા પણ જડ જેવો બની ગયો છે. શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કહે છે કે–

હું એનો એહ મારો, એ હું એણી બુદ્ધિ,
ચેતન જડતા અનુભવે, ન વિમાસે શુદ્ધિ. આતમતત્ત્વ ૧

એ મારૂં, હું એનો છું, એવી જડની સાથે અભેદ બુદ્ધિ થવાથી આત્મા જડતાને અનુભવે છે. કંઈ પણ પોતાની શુદ્ધિ કરી શકતો નથી. માટે અજ્ઞાનભાવનારૂપ અંધકારનો જ્ઞાનરુપ સૂર્યથી નાશ કરવો યોગ્ય છે.

અનાદિકાળથી આત્મા ઈન્દ્રિયોના વશમાં પડી કર્માષ્ટકની વર્ગણાઓને ગ્રહણ કરી અનેક પ્રકારનાં શરીરો ધારણ કરી, છેદન, ભેદન, શોક, વિયોગ ક્ષુધા, પિપાસા, વધ, બંધન જન્મ, જરા મરણનાં ભયંકર દુઃખો પામે છે. ભવ્ય જીવે પંચેન્દ્રિય વિષયોથી દૂર રહી આત્મસ્વરૂપમાં સ્થિતિ કરવી.

**દોધક છંદ—**

નહિ કછુ ઇન્દ્રિયવિષયમેં, ચેતનકૂં હિતકાર,
લોભીજન તામેં રમૈ, અંધો મોહ અંધાર. ૫૨

ભાવાર્થ—પંચાવનમાં શ્લોકમાં આનો અર્થ સમાઈ જાય છે. ઈન્દ્રિય વિષયમાં ચેતનને કંઈ લાભ નથી. પુરુષો પરપુદ્ગલમાં રમે છે. મોહરૂપ અંધકારમાં અજ્ઞાનથી અંધ બનેલા જીવો કંઈ હિતાહિત જોઈ શકતા નથી.

કસ્તુરિયો મૃગ પોતાની દુંટીમાં કસ્તુરી છે તે જાણતો નથી, તેથી અન્યત્રથી સુવાસ આવે છે, એવી ભ્રાંન્તિથી વનમાં દોડે છે. તેમ અજ્ઞાની જીવ મોહથી પર વસ્તુમાં સુખની શાંતિથી રાચી રહે છે.

અહો! અહો! મોહનું કેટલું બધું જોર છે કે મનુષ્યાવતારમાં પણ સદ્ગુરૂ સમજાવે છે, તો પણ સમજી શકતો નથી. અંતે વિષયના કીડાની પેઠે અહર્નિશ પરભાવમાં અમૂલ્ય એવા આયુષ્ય વ્યર્થ ગાળે છે.

અહો ! ભવ્ય જીવ! હવે તું મનુષ્ય જન્મ પામી જીવનની સાફલ્યતા કર. સંસારનું વિષમ બીજ અજ્ઞાન એને જ્ઞાનાગ્નિથી બાળી ભસ્મ કર. સર્વ સંયોગથી આત્માને ભિન્ન દેખ.

સ્વપ્ન સમાન ભ્રાન્તિ જનક સંસારની મોહ માયાને આધિન થા નહિ. તારા પોતાના સ્વરૂપમાં સદાકાળ રહે. વિચારથી સમજો કે જે મુક્તિ પામ્યા, પામે છે. અને

પામશે. તે ધર્મધ્યાન અને શુકલધ્યાનનું આલંબન કરી, પોતાનું સ્વરૂપ પ્રગટ કરી રહ્યા છે.

સમય જાય છે, ગયો વખત પાછો આવનાર નથી. સર્વોત્તમ આત્મધ્યાનથી અનંત આનંદમય પરમાતમ પદનું ધ્યાન મંગલમાલા આપે છે. ભવ્યજીવ અંતરમાં સ્વલક્ષ રાખે છે. ઈન્દ્રિયમાં દૃષ્ટિ દેતા નથી.

**चिरं सुषुतास्तमसि, मूढात्मानः कुयोनिषु ।**
**अनात्मीयाऽऽत्मभूतेषु, ममाहमिति जाग्रति ॥५६॥**

અર્થ—ચિર કાલથી અંધકારમાં કુયોનિમાં સૂતેલા મૂઢાત્માઓ જાગતા જ અનાત્મીય ભાવોને વિષે હું અને મારૂં એમ માને છે.

વિવેચન——અનાદિકાળથી બહિરાત્માઓ સૂતેલા છે, અર્થાત્ સમક્તિ વિના જ્ઞાન વિના નિગોદાદિકમાં અતીવ જડતાને પામ્યા છતાં સૂઇ રહ્યો છે.

તે જીવોને ગાઢમિથ્યાત્વરૂપ નિદ્રાની લહેરીઓ એવી તો આવી રહી છે કે તે બીચારા કશુ પણ સમજી શકતા નથી.

કદાપિ દૈવયોગે સંજ્ઞા પામી તે જાગે છે તો હું અને મારું એમ માનતા જ જાગે છે. તે હું અને મારું એવો અધ્યાસ પણ પોતાના આત્મથી ભિન્ન એવી વસ્તુઓમાં ધારણ કરે છે, અર્થાત્ પુત્ર, સ્ત્રી. ઘરબાર, રાજ્ય, ધનાદિકને પોતાનાં માને છે. એવો બહિરાત્માનો અધ્યાસ ભ્રાન્તિવાળો વર્તે છે.

**पश्येन्निरंतरं देहमात्मानोऽनात्मचेतसा ।**
**अपरात्मधियाऽन्येषामात्मतत्त्वे व्यवस्थितः ॥५७॥**

અર્થ : આત્મતત્ત્વમાં જે વ્યવસ્થિત છે. તેણે પોતાના દેહને નિરંતર આત્મબુદ્ધિથી જોવો અને અન્યના દેહને અપરાત્મ બુદ્ધિથી જોવો.

વિવેચન—જેમાં પોતાનો આત્મા રહ્યો છે, તે શરીરને આ આત્મા નથી એવી બુદ્ધિથી જોવું. એને પરનો દેહ તે પરમાત્મા નથી એવી બુદ્ધિથી જોવું.

આત્મસ્વરૂપમાં જેણે સ્થિતિ કરી છે એવા ભવ્ય પુરૂષે આ પ્રમાણે સદાકાળ પ્રવૃત્તિ કરવી, તેથી અંતરમાં ઉપયોગ સહેજે પ્રગટશે.

**अज्ञापितं न जानन्ति, यथा मां ज्ञापितं तथा ।**
**मूढात्मानस्ततस्तेषां वृथा मे ज्ञापतश्रमः ॥५८॥**

અર્થ—જેમ કહ્યા વિના મને નથી જાણતા તેમ કહ્યા છતાં પણ નથી જાણતા તેવા મૂઢાત્મા પ્રતિ કહેવાનો શ્રમ વ્યર્થ છે.

વિવેચન—મને એટલે આત્મસ્વરૂપને જે મૂઢાત્મા છે, તે જેમ કહ્યા વિના જાણતા નથી, તેમ કહ્યા છતાં પણ જાણતા નથી, તો તેવા પ્રતિ કહેવાનો તેમને બોધ કરવાનો પ્રયત્ન નિષ્ફળ જાણવો.

**यद्बोधयितुमिच्छामि, तन्नाहं यदहं पुनः ।**
**ग्राह्यं तदपि नान्यस्य, तत्किमन्यस्य बोधये ॥५९॥**

અર્થ—જેને બોધ કરવા ઈચ્છું છું તે હું નથી. ને જે હું છું તે બીજાને ગ્રાહ્ય નથી. ત્યારે અન્યને શો બોધ કરૂં!

હું તો ચિદાનન્દસ્વરૂપ આત્મા છું. તે અન્યને ગ્રાહ્ય નથી. કેમ કે આત્મા તો સ્વસંવેદન ગ્રાહ્ય છે. તેથી અન્યને શો બોધ કરું ?

**દોધક છંદ :**

મૂઢાતમસુ તે પ્રબલ મોહે છોડી શુદ્ધિ;
જાગત હે મમતા ભરે, પુદ્ગલમે નિજ બુદ્ધિ. ૫૩
તાકું બોધન શ્રમ અફલ, જાકું નહિ શુભ યોગ,
આપ આપકું બુજેવ, નિશ્ચય અનુભવ યોગ. ૫૪
પરકો કિશો બુઝાવનો, તું પર ગ્રહણ ન લાગ,
ચાહે જેમેં બુઝવ્યો, સો નહિ તુજ ગુણ ભાગ. ૫૫

ભાવાર્થ—મોહથી શુદ્ધઆત્મસ્વરુપની શુદ્ધિ જેણે ત્યાગી છે એવા મૂઢાત્માને, પુદ્ગલ દ્રવ્યના સ્કંધોમાં, અહં મમત્ત્વબુદ્ધિ થાય છે અને તે મમતાનો સમુહ પરમાં જાગે છે તેથી આત્મસ્વરૂપનો અનુયોગ થાય છે.

અર્થાત્ પંચેન્દ્રિયના વિષયોમાં તથા જડમાં ક્ષયોપશમ ચેતના જેણે યોજી છે. તે મૂઢ પોતાના સ્વરૂપનો અનુયોગ થયો છે છતાં અને અનુપયોગરૂપ નિદ્રા યોગે દ્રવ્ય જીવપણાને પામ્યો હતો. પરભવમાં સ્વઆયુષ્ય નિરર્થક ગુમાવે છે.

જીવના ઉપર ચાર નિક્ષેપા લાગે છે. તેમાં સચિત્ત અગર અચિત્ત વસ્તુનું જે જીવ એવું નામ, તે નામ જીવ ચિત્ર અથવા પુસ્તકમાં જે જીવની સ્થાપના, તે સ્થાપના જીવ સ્યાદ્વાદપણે આત્મસ્વરૂપનો અનુપયોગી તે દ્રવ્યજીવ

જાણવો. જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ પોતાના ગુણોએ કરી આત્મપયોગી તે ભાવ જીવ જાણવો.

અહિં દ્રવ્ય જીવ તે પર ભાવમાં જાગે છે. તેથી તે પર વસ્તુમાં પોતાનો ઉપયોગ મેળવતો અને તેમાં તન્મય-પણે પરિણમતો છતો દુઃખ પરંપરાને પામે છે.

જે જીવને શુભયોગ પ્રગટ્યો નથી. પોતાના આત્મ-સ્વરૂપ પ્રતિ રુચિ થઈ નથી અને મોહ મદીરા પીને મસ્ત બન્યો છે. તેને બોધવાને માટે ઉદ્યોગ કરવો તે નિષ્ફળ છે.

પોતે જ પોતાના આત્માને નિશ્ચથી જોતાં સમજાવી શકાય છે, એમ અનુભવજ્ઞાનથી મહારાજા કહે છે.

પાંચકારણથી કાર્યની ઉત્પત્તિ થાય છે. ભવસ્થિતિ પરિપકવ થયા વિના ઉપદેશદાન પણ હૃદયમાં અસર કરતું નથી.

ત્રેપનમાં દોધકનો ઓગણસાઠમાં શ્લોકમાં અંતરભાવ થાય છે, તેથી વિસ્તાર કર્યો નથી.

**बहितुष्यति मूढात्मा, पिहितज्योतिरन्तरे ।**
**तुष्यत्यन्तः प्रबुद्धात्मा बहिर्व्यावृत्तकौतुकः ॥६०॥**

અર્થ—આન્તર જ્યોતિ આચ્છાદિત હોવાથી, મૂઢાત્મા બાહ્યમાં આનંદ માને છે અને પ્રબુદ્ધાત્મા બાહ્યકૌતુક ટાળી દઈ અંતરમાં સંતોષ માને છે.

વિવેચન—જેને સમકિત પ્રગટ્યુ નથી એવો બહિરાત્મા-શરીર, ધન, ધાન્ય ક્ષેત્ર, રાજ્ય, વેપાર, નાટક, સ્ત્રી, પુત્ર આદિ બાહ્ય વસ્તુઓમાં સુખ માને છે.

જ્યાં સુધી આંતર આત્મજ્યોતિ ઢંકાયેલી છે અને તેનો અનુભવ થયો નથી. ત્યાં સુધી પુદ્ગલ વસ્તુમાં જ આનંદ મૂઢ માને છે. મૂઢાત્માની અજ્ઞાન યોગે એવી દશા થઈ રહી છે.

જ્યારે અંતરજ્યોતિ પ્રગટે છે, ત્યારે જ્ઞાની આત્મા આત્માના સ્વરૂપમાં જ આનંદ માને છે. બાહ્ય વસ્તુઓમાં સ્વપ્ને પણ આનંદ માનતો નથી. બાહ્ય દશારૂપ નાટકના ખેલથી અન્તરાત્મા શાંત થાય છે. બાહ્ય દશામાં સુખ નથી. એવી દૃઢ ભાવના નિશ્ચયને ભજનારી થાય છે.

**न जानन्ति शरीराणि, सुखदुःखान्यबुद्धयः ।**
**निग्रहानुग्रहधियं, तथाऽप्यत्रैव कुर्वते ॥६१॥**

અર્થ—શરીર સુખ દુઃખ જાણતાં નથી, તો પણ અજ્ઞાની તેના ઉપર નિગ્રાહનુગ્રહ બુદ્ધિ રાખે છે.

વિવેચન : શરીરો સુખ દુઃખ જાણતાં નથી કારણ કે તે જડ છે. તો પણ બહિરાત્મા શારીરાદિકના ઉપર નિગ્રહ-બુદ્ધિ અને અનુગ્રહબુદ્ધિ કરે છે.

દ્વેષના વેશથી શરીરાદિને ભૂખ્યા રહેવું, ફાંસી ખાવી પંચાગ્નિ સાધના કરવી તે આદિથી પીડા કરે છે, અને રાગના વશથી શરીરને ઘરેણાં પહેરાવવાં, સારા વસ્ત્રથી શણગારવું, તેલનું મર્દન કરવું, સ્નાન કરી શોભાવવું વિગેરે કૃત્યોથી અનુગ્રહ બુદ્ધિથી પ્રવર્તતું મન તે જ સંસાર છે. પરવસ્તુમાં નિગ્રહ અને અનુગ્રહ બુદ્ધિથી

પ્રવર્ત્તુ મન તેજ સંસાર છે. એવી બુધ્ધિ જ્યાં સુધી છે, ત્યાં સુધી સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે.

**स्वबुद्धया यावद् गृह्णीयात् , कायावाक्चेतसां त्रयम्**
**संसारस्तावदेतेषां, मेदाभ्यासे तु निर्वृतिः ॥६२॥**

**દોધક છંદ**

જબલૌ પ્રાની નિજમતેં, ગ્રહે વચન મન કાય;
તબલૌ હૈ સંસારથિર, ભેદ જ્ઞાન મિટ જાય. ૫૬

અર્થ–જ્યાં સુધી પ્રાણી, મન વાણી અને કાયા એ ત્રણને આત્મબુધ્ધિથી ધારણ કરે છે, ત્યાં સુધી સંસાર સ્થિર જાણવો. અને ત્રણથી આત્મા ભિન્ન છે, એવું ભેદ જ્ઞાન થતાં સંસાર મટી જાય છે. અને મોક્ષ થાય છે.

વિવેચન—સ્વબુદ્ધિથી એટલે આત્મબુદ્ધિથી મન, વચન, અને કાયાને ગ્રહણ કરે છે, ત્યાં સુધી સંસારમાં પરિભ્રમણ કરવાનું સદા જાણવું.

અનેક પ્રકારની ભાષાઓ ભણો, અનેક પ્રકારની શિલ્પ કળાઓ શીખો, અનેક પ્રકારનની રસાયન વિદ્યાઓ શીખો, અનેક પ્રકારના હુન્નરો શીખો, અનેક પ્રકારની કિતાબો શીખો, ન્યાયનો અભ્યાસ કરો, વ્યાકરણનો અભ્યાસ કરો, પણ જ્યાં સુધી શરીર આદિ પરવસ્તુમાં આત્મા છે; એમ વાસના છે, ત્યાં સુધી મોક્ષ થવાનો નથી કારણ કે આત્મજ્ઞાન વિના બાકીનું જ્ઞાન તે અજ્ઞાન છે.

શ્રી જિનેશ્વર ભગવન્તે કહેલા ષડ્ દ્રવ્ય અને તેના ગુણપર્યાયનું નય નિક્ષેપાએ સહિત જ્ઞાન થાય છે, તે જ જ્ઞાન જાણવું અને તે જ જ્ઞાનથી ભેદ જ્ઞાન પ્રગટે છે, અને તે ભેદ જ્ઞાનથી આત્મા કર્મથી છૂટે છે અને પરમાત્મ સ્વરૂપ બને છે. અને સકલ પ્રપંચનું મૂળ અવિદ્યા પણ ક્ષણમાં નષ્ટ થાય છે. ભેદજ્ઞાની આત્મા સ્વ આત્મહિત સાધી મનુષ્ય જન્મ સફળ કરે છે.

घने वस्त्रे यथात्मानं, न घनं मन्यते तथा ।
घनेस्वदेहेऽप्यात्मानं, न घनं मन्यते बुधः ॥६३॥

नष्टे वस्त्रे यथात्मानं, न नष्टं मन्यते तथा ।
नष्टे स्वदेहेऽप्यात्मानं, न नष्टं मन्यते बुधः ॥६४॥

रक्ते वस्त्रे यथात्मानं, न रक्तं मन्यते तथा ।
रक्ते स्वदेहेऽप्यात्मानं, न रक्तं मन्यते बुधः ॥६५॥

**દોધક છંદ**

સૂખમ ધમ ઝારન નવૈ, જ્યું કપરે ત્યું દેહ,
તાતૈં બુધ માનૈ નહિ, અપની પરિણતિ તેહ. ૫૭
જૈસે નાશ ન આપકો, હોત વસ્ત્રકો નાશ,
તૈસે તનુકે નાશસે, આતમ અચલ અનાશ. ૫૮

ભાવાર્થ—જ્ઞાની જાડું વસ્ત્ર પહેરવાથી હું જાડો છું, એમ માનતો નથી, તેમ શરીર જાડું થતાં પણ આત્મા જાડો છે, એમ માનતો નથી. શરીર પાતળું પડતાં આત્મા પાતળો છે, એમ માનતો નથી. શરીર સુકાતાં પોતાને સુકાએલો માનતો નથી. કહ્યું છે કે—

૫૬

અનુભવ આતમાની વાત કરતાં, લહેરી સુખની આવશે. એ ટેક.
રોગી નહિ તું ભોગી નહિ, તું જાડો નહિ તલ ભારજી,
દેહમાં વસીયો માયા રસીયો, અનુપયોગે ધાર. અનુભવ૦ ૧
તુજથી સહુ શોધાયા વહાલાં, આદિ નહિ તુજ અંતજી,
માયામાં મસ્તાન થઈ, તું લાખ ચોરાશી ભમંત. અનુભવ૦ ૨
પરસ્વભાવે ભાન ભૂલી, ઠર્યો નહિ એક ઠામજી,
પાદ નીચે ઋદ્ધિ પરગટ, દેખે નહિ દુઃખ ધામ. અનુભવ૦ ૩
કર્મસાહિબ રીજીને, તને આપી નરની દેહજી,
સાધ્યસિદ્ધિ સાધી લે તું, માગ્યા વરશ્યા મેહ. અનુભવ૦ ૪
સોહં સોહં ધ્યાન લગે, જાગે આતમ જ્યોતજી.
બુદ્ધિસાગર ભાનુ પ્રગટે, થાય ભુવન ઉદ્યોત. અનુભવ૦ ૫

ઈત્યાદિથી સમજવાનું કે, જ્ઞાની પોતાના આત્મામાં જ આત્મબુદ્ધિ સ્થાપન કરી, સર્વ પ્રપંચથી ન્યારો વર્તે છે. સર્વ પુદ્ગલ વસ્તુથી આત્માનું સ્વરૂપ પ્રતિદિન ભિન્ન છે, એમ એકાન્ત સ્થાનમાં બેસી ભાવવું.

એક દિવસથી બીજા દિવસે કંઈ અનુભવમાં વૃદ્ધિ થશે. અન્તે સ્પર્શ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, ત્યારે જેમ વસ્ત્ર નષ્ટ થવાથી શરીર નષ્ટ થતું નથી તેમ ઔદારીક સ્થૂલ શરીર નષ્ટ થવાથી જ્ઞાની પોતાના આત્માને નષ્ટ થયો માનતો નથી.

જ્ઞાની એમ જાણે છે કે, શરીર એ પુદ્ગલ સમુહથી બનેલું છે અને તે જડ છે. તેમાં ચૈતન્યપણું કંઈ નથી.

શરીર એ આત્માને રહેવાનું સ્થાન છે. આયુષ્યની પૂર્ણાવસ્થાએ શરીર છૂટી જાય છે.

શરીર છૂટી જતાં આત્માના કરેલાં કર્માનુસાર પરગતિમાં ગમન કરે છે. ત્યાં પુણ્ય પાપના અનુસારે સુખ દુઃખના સાધનો પામી, સુખ દુઃખ ભોગવે છે.

ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી, અન્ય ગતિમાં આત્મા ગમન કરે છે. એમ કર્મ સત્તાથી પુનઃ પુંનઃ અનેક પ્રકારનાં શરીર ધારણ કરી સુખ દુઃખ ભોગવે છે.

અનાદિ કાળથી આ આત્માએ ચાર ગતિમાં અનેકશઃ જન્મ ધારણ કરી અનેક શરીરો ધારણ કર્યા, પરંતુ પાર આવ્યો નહિ. અનેક ભવમાં અનેક શરીર ઉપર મમતાં-પ્રેમ રાખ્યો, પણ કોઈ શરીર પોતાનું થયું નહિ.

તો હવે આ શરીર જે હાલ ચક્ષુ વડે દેખાય છે, તે પણ અન્તે પોતાનું ક્યાંથી થવાનું ?

જ્ઞાનીઓ પૂર્વોક્ત ભેદજ્ઞાનથી દૃઢ ભાવના ધારણ કરી શરીરને પોતાનું કદી માનતા નથી જ અને અંતે શરીર નષ્ટ થતાં આત્માને તેથી ન્યારો ભાવે છે અને સંસારીક પદાર્થોમાંથી મમતાભાવ દૂર કરે છે અને સમતાભાવ ક્ષણે ક્ષણે સેવે છે.

જે ભવ્યે પોતાના આત્માની સિદ્ધિ કરવાને મમતા ત્યાગી સમતા આદરી તે પુરુષ આ ભવ તથા પરભવના સઘળા વૈરભાવને ટાળી નાંખે છે. એવા સમતાધારી મુનીશ્વરોની પાસે વસતા જાનવરો પણ પોતાનો જાતિવૈરભાવ દૂર કરે છે.

જેણે સંસારરૂપ સમુદ્ર તરવા માટે મમતા ત્યાગી સમતા આદરી છે, તે પુરુષોને ધન્ય છે. જગતમાં દેવલોકનાં સુખ તો દૂર છે અને મોક્ષ પદવી તો મોટી છે; ત્યારે મનની પાસે પ્રગટપણે વર્તનાર સમતાનું સુખ તો આ ભવમાં પ્રત્યક્ષ પણે છે. સમતારૂપ અમૃતના કુંડમાં સ્નાન કરવાથી કંદર્પનું વિષ નાશ પામે છે.

જે ભવ્ય પ્રાણી એક ક્ષણ માત્ર મનને ખેંચીને સમતા સેવે છે, તો તે પ્રાણીને આત્મામાં એવા પ્રકારનું અદ્ભુત સુખ પ્રગટે છે કે, તેનું વર્ણન મુખથી થઈ શકતું નથી.

જેમ કુમારિકા ભર્ત્તારની સાથેના ભોગ વિલાસના સુખને જાણતી નથી, તેમ જગતના અજ્ઞાની જીવો પણ મુનીશ્વરની સમતાના સુખને જાણતા નથી.

જેમ સૂર્યના પ્રકાશથી અંધકાર નાશ પામે છે, તેમ કોટી ભવનાં કરેલાં કર્મ પણ સમતા વડે એક ક્ષણમાં નાશ પામે છે.

સમતા જ્ઞાનનું ફળ છે. સમતાથી તપ, જપ, ક્રિયા લેખે આવે છે, માટે મોહરાજાની પુત્રી મમતા તેનો ત્યાગ કરી, ભવ્યોએ સમતાનું સેવન કરવું એ જ સાર છે.

શ્રી યશોવિજયજી ઉપાધ્યાય પદદ્વારા તેનું સ્વરૂપ જણાવે છે.

ચેતન મમતા છાંડ પરીરી
પર રમણી શું પ્રેમ ન કીજે, આદર સમતા આપ વરીરી.
ચેતન૦ ૧

મમતા મોહ ચંડાલકી બેટી, સમતા સંજમ નૃપ કુમરીરી,
મમતા મુખ દુર્ગંધ અસતી, સમતા સત્ય સુગંધ ભરીરી.
ચેતન૦ ૨

મમતાસે લરતે દિન જાવે, સમતા નહિ કોઉ સાથ લરીરી;
મમતા હેતુ બહુત હે દુશ્મન, સમતાકો કોઉ નહિ અરિરી.
ચેતન૦ ૩

મમતાકી દુરમતિ સે આલી, ડાયણ જગત અનર્થ કરીરી;
સમતાકી શુભમતિ હે આલી, પર ઉપકાર ગુણસે ભરીરી.
ચેતન૦ ૪

મમતાપુત ભયે કુલખંપણ, શોક વિયોગ મહા મછરીરી;
સમતાસુત હોયગા કેવલ, રહેગો દિવ્ય નિશાન ધુરીરી.
ચેતન૦ ૫

સમતા મગન હોયગો ચેતન, જો તું ધારીશ શીખ ખરીરી;
સુજસ વિલાસ લહેગો તો તું, ચિદાનંદઘન પદવી વરીરી.
ચેતન૦ ૬

આ પ્રમાણે મમતા અને સમતાનું સ્વરૂપ સમજી મુનીશ્વર અથવા આત્મહિતેચ્છુ સમતાનો આદર કરે છે, અને નિરંજન નિરાકાર જ્યોતિસ્વરૂપ આત્માને જાણી તેમાં રમણતા કરે છે. સર્વ વસ્તુઓથી પોતાના આત્માને ન્યારો ગણે છે.

આત્માજ્ઞાની વિચારે છે કે પરવસ્તુનો સંકલ્પ કરવો, તે જ સંસારમાં બંધન છે. પરવસ્તુના મમતાયોગે વિકલ્પ સંકલ્પ કરવાથી કર્મનું ગ્રહણ છે જ્યારે પરવસ્તુ સંબંધી

વિકલ્પ સંકલ્પ થતાં નથી, ત્યારે આત્મા સંવરભાવને પ્રાપ્ત કરે છે, તત્ત્વથી જોતાં માલુમ પડશે કે સંકલ્પ વિકલ્પ જ સંસારમાં સ્થિર કરવાનું એક પ્રબલ સાધન છે.

જ્યારે આત્મજ્ઞાન થાય છે, ત્યારે શરીરમાંથી મમત્વ બુદ્ધિ દૂર થાય છે. એવી બુદ્ધિ થયા બાદ જ્ઞાની અંતરથી ભિન્નપણે વર્તે છે.

નષ્ટ વસ્ત્રની જેમ શરીર નષ્ટ થતાં આત્મા નષ્ટ થતો નથી, શરીર ઉપર પહેરેલું વસ્ત્ર રક્ત થતા જેમ મનુષ્ય પોતાને રક્ત માનતો નથી, તેમ જ્ઞાનીનું શરીર રક્ત હોય તો તેથી પોતાને રક્ત માનતો નથી. કારણ કે આત્મા કંઈ રાતો નથી, કાળો નથી.

કૃષ્ણવર્ણાદિકથી આત્મા ભિન્ન છે. માટે જ્ઞાની શરીર પરિણમનમાં આત્મપરિણતિ માનતો નથી. જ્ઞનીની આવી દશા છે.

અજ્ઞાની જીવ શરીરના વિકારને પોતાની પરિણતિ કલ્પી દુ:ખી થાય છે અને શરીરમાં રોગ ઉત્પન્ન થતાં હું રોગી, શરીર પાતળું થતાં હું પાતળો, શરીર જાડું થતાં હું જાડો. અને શરીર વૃદ્ધ થતાં હું વૃદ્ધ, એમ શરીરની અવસ્થા તે જ આત્માની અવસ્થા માની, રાગ દ્વેષનાં કારણો સેવી. ચોરાશી લાખ જીવયોનિમાં પરિભ્રણ કરે છે.

અજ્ઞાની જીવ શરીરના ધર્મને જ પોતાને કલ્પે છે અને તે ઉપરાંત દુનિયાના પદાર્થોમાં મમત્વ બુદ્ધિ કલ્પી લીંટમાં જેમ માખી લપટાય છે, તેમ સંસારના પદાર્થોમાં

લપટાય છે. માટે અજ્ઞાનથી આચ્છાદિત એવા અજ્ઞાની આત્માને સદ્ગુરુ મહારાજના ઉપદેશથી બોધ થાય છે.

ઉપદેશદ્વારા કહે કે “ હે જીવ! તને ચેતાવું છું. તું ચેતી લેજે. આ સંસારમાં તારું કંઇ નથી. એક દિવસ આવી અવસ્થામાંથી ઉઠીને તારે જવું પડશે. તારા હાથે ભેગી કરેલી ઘરબાર, હાટરૂપ બાજી ધૂળની છે અને તે ધૂળમાં ભળી જશે, એમ નકકી જાણ.

તારી નજરે જોતો ખરો? જગતના હજારો જીવો ધન, દોલત, ઘરબાર મૂકીને પરભવમાં ચાલ્યા જાય છે. તેવી જ તારી દશા થવાની છે. અન્તે મરણના શરણ થવું પડશે. રાજા કે રંક, જોગી કે ભોગી, સર્વના શરીર માટીમાં મળી જવાનાં છે. આ દેખાતી વસ્તુઓ સ્વપ્નની બાજી સમાન અંતે થવાની છે. એમ નકકી જાણ. ફોગટ તેમાં તારે કેમ મલકાવું જોઈએ ?

ચેતાવું ચેતી લેજે રે, એક દિન જરૂર ઉઠી જાવું;
ધૂળની રે માયા ધૂળમાં ભળશે, ફોગટ મન લલચાવું. ચેતાવું૦ ૧
સ્વપ્નાની સુખલડી ખાતાં, ભૂખ ન મનની ભાગે,
તન ધન યૌવન પામી સંતો, હરખાવું શું રાગે, ચેતાવું૦ ૨
આશા બેડીએ બંધાણો. પરધન ખાંતે ખાવું,
નીચાં કર્મ કરીને અંતે, નાહક નરકે જાવું. ચેતાવું. ૩
ભૂલી આતમ જ્ઞાનકી બાજી, માયામાં મલકાવું.
ભમણામાં ભૂલીને ભાઇ, બ્રહ્મસ્વરૂપ કેમ પાવું. ચેતાવું૦ ૪
તારુ તાહરી પાસે જાણી, સમતા દીલ લાવું,
અલખનિરંજન આતમજ્યોતિ, બુદ્ધિસાગર ધ્યાવું. ચેતાવું. ૫

આ પદ આત્માને પોતાના સ્વરૂપમાં રમણ કરવાનું સૂચવે છે. અને માયાના પ્રપંચથી દૂર રહેવાનું સૂચવે છે.

આ સંસારિક પ્રત્યક્ષ દેખાતો પ્રપંચ આત્માથી ન્યારો છે. ત્રિકાલમાં પણ પ્રપંચથી આત્મહિત થવાનું નથી, એમ નિશ્ચયથી હૃદયમાં ધારવું. ચાલતાં, બેસતાં, ઉઠતાં, દરેક કામકાજ કરતાં પણ આત્માનું સ્મરણ કરી, સ્વકાર્ય સાધવું.

અજ્ઞાની જીવ કોઈ મોટા રાજાની અથવા શેઠની મુલાકાત લેવાનું નક્કી થાય તો આનંદી બની જાય છે; પણ તે રાજા અગર શેઠના કરતાં અનંતગણો મોટો શરીરમાં રહેલો જે આત્મા છે તેના દર્શન કરવા, તેનું ધ્યાન કરવા, તેની સ્તુતિ કરવા શું જરા માત્ર મનમાં પ્રેમ લાવે છે? ના. તે લાવતો નથી. તો તેનું શું કારણ છે.

ઉત્તર તે અજ્ઞાની જીવ વાસ્તવિક પોતાનું આત્માસ્વરૂપ જાણતો હોત અને તેની શ્રદ્ધા થઈ હોત તો પોતાના આત્માની મોટી શક્તિ જાણી શકત.

આત્મા જ રાજા થાય છે. આત્મા જ પુણ્ય કરવાથી શેઠ, બાદશાહ, દેવ, દેવેંદ્ર થાય છે અને તે જ આત્મા પાપ કરવાથી નીચ અવસ્થા પામે છે. તે જ આત્મા પંચ પરમેષ્ઠિ રૂપે બને છે.

આત્માની અનંત શક્તિ છે. તે શક્તિ જ્ઞાનાવરણિય આદિ કર્મના યોગે આચ્છાદિતપણાને પામી છે. જ્યારે આત્મા પોતાનું સ્વરૂપ સદ્‌ગુરુ ઉપદેશથી જાણે છે, ત્યારે ઉપશમભાવ ક્ષયોપશમભાવ તથા ક્ષાયિક ભાવને પામી સ્વસ્વરૂપે પ્રકાશે

છે અને સાદિ અનંત સ્થિતિ સુખમાં સદાકાળ રહે છે. માટે ભવ્યજીવોએ ભેદજ્ઞાનની પ્રાપ્તિદ્વારા પરમાત્મપદની પ્રાપ્તિ કરવી.

**यस्य सस्पन्दमाभाति, नि:स्पन्देन समं जगत् ।**
**अप्रज्ञमक्रियाभोगं, शमं याति नेतर: ॥६७॥**

**દોધક છંદ**

જંગમ જગ થાવર પરેં, જાકૂં ભાસૈ નિત્ત,
સો ચાખૈ સમતા સુધા, અવ નહિ જડચિત્ત. ૫૯

અર્થ—જેને સસ્પન્દ એવું પણ જગત નિઃસ્પન્દ જેવું અપ્રજ્ઞ, અક્રિય, અભોગ લાગે છે, તે જ મહાત્મા સમતારૂપ અમૃતને ચાખે છે. બીજો જડ પુરુષ ચાખી શકતો નથી.

**अनिच्छन् कर्मवैषम्यं, ब्रह्मांशेन समं जगत् ।**
**आत्माभेदेन य: पश्येदसौ मोक्षगमी शमी ॥१॥**

અર્થ—કર્મથી બનેલી વિષમતાને નહિ ઇચ્છતો પોતાના આત્મ સમાન ચેતના લક્ષણથી સર્વ જગતને જાણતો છતો જે ભવ્ય જુએ છે, તે શમી જાણવો. શમી જે ગુણ પામે છે તે ગુણ જ્ઞાન, ધ્યાન, તપ, શીલ અને સમક્તિ સહિત ભવ્ય પણ પામી શકતો નથી. અને તે જ શમી મોક્ષને પામે છે.

વિવેચન-સસ્પન્દ એટલે હાલતું એવુ શરીરાદિરૂપ જગત્ તે નિસ્પન્દ એટલે જડ એવાં જે કાષ્ટ પોષાણાદિ તેના જેવું જડ તથા અક્રિય, અભોગ એટલે પદાર્થ પરિચ્છેદ વસ્તુ વિવેકજ્ઞાન રૂપ ક્રિયા, અને સુખાદિ અનુભવરૂપ ભોગ જેને નથી એવું જેને લાગે છે, તે પુરુષ સમતાને પામે છે.

પરમ વીતરાગના અથવા સંસારના ભોગ તથા દેહ ઉપર વૈરાગ્ય ભાવને આવો ઉત્તમ પુરુષ પ્રાપ્ત કરે છે.

મન, વચન અને કાયાના વ્યાપારને ક્રિયા કહે છે. પંચેન્દ્રિયો દ્વારા જે વિષયાનુભવ થાય છે. તેને ભોગ કહે છે. એવી ક્રિયા અને ભોગ રહિત સ્થિર ચિત્તવાળો આત્મધ્યાની પોતાના સ્વરૂપમાં સ્થિર થઈ સમતારૂપ અમૃતનું વારંવાર આસ્વાદન કરી જન્મ, જરા, અને મરણના દુઃખોથી મુક્ત થાય છે.

આ દશાની પ્રાપ્તિ વિના સમતારૂપ અમૃતની પ્રાપ્તિ દુર્લભ છે અને એવી અવસ્થાની જે સમતા આવે છે, તેથી મોક્ષની પ્રાપ્તિ સહજમાં થાય છે. સમતા ગુણધારી મનુષ્ય પોતાના આત્માના સમાન સર્વ જંતુના આત્માને લેખે છે.

સમતાનું સ્વરૂપ વર્ણવતાં શ્રી યશોવિજયજી ઉપાધ્યાય શ્રી જ્ઞાનસારમાં કહે છે કે–

**ज्ञानध्यानतपः शीलसम्यक्त्वसहितोऽप्यहो ।**
**तन्नाप्नोति गुणं साधुर्यमाप्नोति शमाऽन्वितः ॥३॥**

ભાવાર્થ–જ્ઞાન, ધ્યાન, તપ, શીલ અને સમ્યક્ત્વ સહિત ભવ્ય પણ જે કેવળજ્ઞાનાદિ ગુણને પામતો નથી, તે ગુણને સમતા ચારિત્રશીલ આત્મા પામે છે.

ક્ષયોપશમ ભાવના જ્ઞાનાદિક ગુણ છે. તે નિરાવરણ લોકાલોક પ્રકાશક કેવલ જ્ઞાનનું પરંપરાએ કારણ છે, અને કષાયનો અભાવ તદ્રુપ યથાખ્યાત ચારિત્ર કેવલજ્ઞાનનુ આસન્ન કારણ છે.

યથાખ્યાત ચારિત્રથી નિર્વિકલ્પ સમાધિમાં અભેદ રત્નત્રયીથી પરિણમેલો આત્મા ક્ષિણમોહાવસ્થામાં જ્ઞાનાવરણિય, દર્શનાવરણિય, અને અંતરાય કર્મનો સમૂળ ક્ષાયિકભાવે ક્ષય કરે છે. અને તેથી કેવલજ્ઞાન અને કેવળદર્શન અને દાનાદિક પાંચ લબ્ધિ પામે છે.

આ પ્રકારની સમતાનું ભવ્ય પુરૂષે સેવન કરવું અને અધ્યાત્મ ભાવનાથી સદાકાળ જીવન સફળ કરવું. શુદ્ધ આત્મસ્વરૂપનો અનુભવ થતાં આત્માને જાણવાનું કાંઇપણ બાકી રહેતું નથી.

અલબત્ત આત્મસ્વરૂપનો અહર્નિશ વિચાર કરવો, તેનું મનન કરવું કે જેથી જંગમ જગરૂપ જે શરીર તે પણ થાવરની જેમ એટલે કાષ્ટ પાષાણની પેઠે સ્થિર ભાસે.

આટલી હદ જ્યારે આવે ત્યારે સંસારમાં વાદવિવાદનો પ્રપંચ મટી જાય છે અને આત્મા આત્મસ્વરૂપે પ્રકાશે છે. સંબંધી યોગીશ્વર મહારાજા શ્રી ચિદાનજી કહે છે કે–

### પદ

મતિ મત એમ વિચારે, મતમતિયનકા ભાવ–મતિ૦
વસ્તુગતે વસ્તુ લહ્યાં રે, વાદવિવાદ ન કોય;
સૂર્ય તિહાં પરકાશ પિયારે, અંધકાર નવિ હોય મતિ૦ ૧

રૂપ રેખા તિહાં નવિ ઘટે રે. મુદ્રા ભેખ ન કોય;
ભેદ જ્ઞાન દૃષ્ટિ કરિ પ્યારે, દેખો અંતર જોય. મતિ૦ ૨

તનતા મનતા વચનતા, પરપરિણિતિ પરિવાર;
તન મન વચનાતીત પ્યારે, નિજસત્તા સુખકાર. મતિ૦ ૩
અંતરશુદ્ધ સ્વભાવમેં રે, નહિ વિભાવ લવલેશ,
ભ્રમ આરોપિત લક્ષથી રે, હંસા સહત કલેશ મતિ૦ ૪
અંતરગતિ નિહચેં ગહિરે, કાયાથી વ્યવહાર;
ચિદાનંદ તબ પામિએ રે, ભવ સાયરકો પાર મતિ૦ ૫

આત્મિક અનુભવના રસિક શ્રી ચિદાનંદજી મહારાજ આ પ્રમાણે આત્મસ્વરૂપની સ્થિતિ બતાવે છે, અને તે સ્વરૂપની પ્રાપ્તિ કરવી, તે પણ પોતાના હાથમાં છે.

જે સિદ્ધ ભગવંત થયા અને થશે, તે સર્વ પણ જ્યારે આત્માભિમુખ થઈ આત્મધ્યાન કર્યું ત્યારે જ થયા છે.

આત્માનું સ્વરૂપ સમજવાની શક્તિ પામી સદ્ગુરુનો સંગ કરી, શુદ્ધાત્મ સ્વરૂપનો ઉદ્યોગ કરવો.

જે પોતાની વસ્તુ નથી, તેની પ્રાપ્તિ અર્થે રાત્રી અને દિવસ ઉદ્યોગ કરાય છે, પણ આત્મસ્વરૂપની પ્રાપ્તિ અર્થે તો જરામાત્ર પણ ઉદ્યોગ થતો નથી. આત્મસ્વરૂપ દર્શક સદ્ગુરુનો સમાગમ કરવાનો વખત પણ મળતો નથી, ત્યારે આત્મા પોતાના પ્રમાદથી જ પોતે દુઃખના હેતુઓ સર્જન કરી, દુઃખનું ભાજન બને છે એમ સમજવું.

વળી આશ્ચર્ય તે કેવું સમજવું, તે બતાવે છે. જેમ જલમાં રહેલું માછલું તરસ્યું રહે તેમ સંપૂર્ણ સામગ્રી પામીને પણ શરીરમાં રહેલો આત્મા પોતે પોતાના સ્વરૂપથી

તરશ્યો રહે, અર્થાત્ પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કરે નહિ, તે પણ મોટું એક આશ્ચર્ય જણાય છે.

વળી આત્મસ્વરૂપાનુભવરૂપ અમૃતને મૂકી, વિષયરૂપી હલાહલ વિષનું જીવ પાન કરે છે, તે પણ કેવી આશ્ચર્યની વાત?

વળી પોતાની આત્મિકરિદ્ધિ ચિંતામણિ રત્ન સમાન છે, તેને ફેંકી દઈ પરરિદ્ધિરૂપ કાચનો કકડો ગ્રહી ખુશી થાય છે, તે પણ આશ્ચર્યની વાત છે.

પરપરિણતિ અને રાગદ્વેષાદિક તેનું કુટંબ ખરી રીતે જોતાં આત્માના વૈરી છે, અને તે પરપરિણતિ તથા તેના કુટુંબથી આત્મા, સ્વરિદ્ધિથી ભ્રષ્ટ થઈ, પુદ્ગલરુપ ભિક્ષા માગીને ભિખારી બન્યો છે, તો પણ આત્માને પરપરિણતિ તે મારી વૈરીણી છે, એમ લાગતું નથી, અને ઉપર ઉપરથી બાહ્ય દૃષ્ટિથી જોતો તે પોતાનું સગું કુટુંબ હોય એમ આત્માને લાગે છે.

અહો! આ પણ આશ્ચર્યની વાત છે કે જે શત્રુ વર્ગ છે, તે પણ સગા જેવો લાગે છે.

અહો! સંતપુરુષો સમજો કે, આ સંસારમાં આશ્ચર્યકારક તમાસા થઈ રહયા છે. જે ઉત્તમ પુરુષ હોય છે, તે પરપરિણતિના પ્રપંચરૂપ પાસને વિવેક દૃષ્ટિરૂપ વજ્રથી છેદી નાખે છે.

તે સંબંધી યોગીરાજ શ્રી ચિદાનંદજી કહે છે કે—

## પદ

સંતો અચરિજ રૂપ તમાસા, સંતો. એ આંકણી.
કીડીકે પગ કુંજર બાંધ્યો, જલમે મકર પિયાસા. સંતો૦ ૧
કરત હલાહલ પાન રૂચિધર, તજી અમૃતરસ ખાસા;
ચિંતામણિ તજ ધરત નિત ચિત્તમેં કાચ શકલકી આશ.
સંતો૦ ૨
બિન વાદર વરખા અતિ વરસત, બિન દ્રિક બહતાસ્યા;
બજી ગલત દેખયા હમ જલમેં, કોરા રહત પતાસા. સંતો૦ ૩
વેર અનાદિ પણ ઉપરથી, દેખત લગત સગાસા;
ચિદાનંદ ઐસા જન ઉત્તમ, કાપત યાકા પાસા. સંતો૦ ૪

ભાવાર્થ સમજી શકાય તેવો છે. જો સમજાય નહિ તો આત્માનુભવી સદ્ગુરુ દ્વારા તેનો મર્મ સમજવો.

શ્રી ચિદાનંદજી મહારાજે આત્માનુભવની ખોજ કરતા એ પ્રમાણે ગાયું છે. આત્માર્થી પુરુષે સ્યાદ્વાદપણે આત્મજ્ઞાન શ્રવણ, મનન માટે પ્રયત્ન કરવો. જ્ઞાનીએ જેટલી ધર્મની ક્રિયાઓ, આચરણાઓ બતાવી છે, તે એક આત્મ સ્વરૂપની પ્રાપ્તિ અર્થે જ બતાવી છે. કારણ કે અનંત સુખ આપનાર શાશ્વત ધર્મ આત્મામાં રહે છે, માટે આત્મા ધર્મી કહેવાય છે.

વ્યવહાર અને નિશ્ચયનય પણ આત્મિક ધર્મનુ સ્વરૂપ વર્ણવે છે, માટે હે ભવ્ય જીવો! તમારે મોક્ષની જિજ્ઞાસા હોય તો સંસારિક પદાર્થોમાંથી મોહ ઉતારી અને

ભોગને રોગ સમાન લેખવી, તેમજ સ્વપ્ન સમાન કુટુંબ વર્ગ જાણી, શુદ્ધ ધર્મનું સેવન કરો; એ જ સત્ય તત્ત્વ સમજો. એ જ અંતે સાચું સુખ આપનાર છે. તેમ વીત-રાગના વચનથી પ્રતીતિ લાવો. આત્માની શુદ્ધ સ્થિતિ પ્રાપ્ત કરો.

જેણે આત્માનું શુદ્ધ સ્વરૂપ પામ્યુ, તે અન્યને કહી શકતા નથી. લવણની પૂતળી સમુદ્રનો તાગ લેવા જળમાં પડી લવણ પૂતળી પોતે જ જળ રૂપ થઈ ગઈ, તો તે બહાર આવી બીજાને કહી શકે નહિ. તેમ જેણે પરમાત્મ-સ્વરૂપનો તાગ લેવા, પરમાત્મસ્વરૂપના ધ્યાનમાં પ્રવેશ કર્યો તે પણ પરમાત્મસ્વરૂપ થઇ ગયા તો પરમાત્મસ્વરૂપ કોણ વર્ણવી શકે? અલબત કોઇ વર્ણવી શકે જ નહિ એવી પરમાત્મસ્વરૂપની સ્થિતિ છે અને એ જ સત્ય ધર્મ છે.

આ સંબંધી શ્રી ચિદાનંદજી મ. પોતાનો અનુભવ કહે છે—

## પદ

અબ હમ એસી મનમેં જાણી,
પરમારથ પથ સમજ; વિના નિરવેદ પુરાણી કહાણી અબ૦ ૧
અંતર લક્ષ વિગત ઉપરથી, કષ્ટ કરત બહુ પ્રાણી;
કોટી જતન કરિ તૂપ લહત, નહિ મથતાં નિશદિન પ્રાણી અબ૦ ૨
લવણપૂતળી થાહ લેણકું, સાયરમાંહિ સમાણી,
તામેં લીન તદ્રૂપ ભઈ, પલટ કહે કુણ વાણી. અબ૦ ૩

ખટમત મિલમાતંગ અંગ લખ યુક્તિ બહોત વખાણી,
ચિદાનંદ સરવંગ વિલોકી, તત્ત્વારથ લ્યો તાણી. અબ૦ ૪

આ પ્રમાણે ચિદાનંદજી મહારાજ પ્રરૂપે છે. તત્ત્વમાર્ગ પણ આ જ છે, માટે આત્માર્થી જીવે આત્મસ્વરૂપમાં મન વચન, કાયાની એકાગ્રવૃત્તિથી સ્થિરતા કરવી. તેથી આત્મા શમસુખોદધિમય બને છે.

**शरीरकञ्चुकेनाऽऽत्मा, संवृतज्ञानविग्रहः ।**
**नात्मानं बुध्यते तस्माद्-भ्रमत्यति चिरं भवे ॥६८॥**

અર્થ=જ્ઞાન છે શરીર જેનું એવો આત્મા જે તે શરીર રૂપ કંચુકથી ઢંકાઈ ગયો છે અને તેથી તે આત્માને જાણતો નથી અને તેથી તે અજ્ઞાની જીવ ચિરકાલ ભવમાં પરિભ્રમણ કરે છે.

વિવેચન—શરીર તે જ કંચક—વસ્ત્ર તેનાથી ઢંકાયું છે. જ્ઞાન રૂપી શરીર તે જેનું એવો આત્મા થઈ ગયો છે, તેવા પ્રકારના મૂઢાત્માને આત્મજ્ઞાન થતું નથી. અત્રે આવરણ કરનાર સામાન્યતઃ કાર્મણશરીર સમજવું, કેમ કે તે જ મુખ્ય વૃત્તિએ તેના આવાવરણ રૂપે હોઈ શકે છે.

આવા પ્રકારનો બહિરાત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ નહિ જાણ્યાથી અનન્તકાલ પર્યન્ત સંસારમાં પરિભ્રમણ કરે છે.

જ્યાંસુધી બહિરાત્મબુદ્ધિ છે, ત્યાં સર્વ પ્રકારની વિદ્યાનો અભ્યાસ પણ પરિભ્રમણ હેતું છે. કારણ કે તત્વસ્વરૂપ જાણ્યા સિવાય, સંસારનો પાર આવતો નથી.

સર્વ પ્રકારનાં શાસ્ત્ર ભણો, અનેક પ્રકારના વાદવિવાદ કરો, પોતાની બુદ્ધિના પ્રકાશથી ખંડન મંડન કરો, કુતર્કો કરી અન્યને ભ્રમજાળમાં નાખો, પણ તેથી આત્માનું કંઇ હિત થવાનું નથી.

તેમ ઉપર ઉપરથી શાસ્ત્રાભ્યાસ કરી શુક સમાન પંડિતાઈ ધારણ કરી, મનમાં મલકાવાથી કંઈ આત્માનુભવ પ્રગટવાનો નથી.

શ્રી યોગીશ્વર ચિદાનંદજી મહારાજ આ સંબંધી કહે છે.

જો લોં અનુભવ જ્ઞાન રે, ઘટમાંહે પગટ ભયો નહિ. જો લો.
તો લોં મન થિર હોત નહિ છિન, જિમ પિપલકા પાન;
વેદ ભણ્યો પણ ભેદ વિના શઠ, પોથિ પોથિ જાણ રે.
ઘટ. જો૦ ૧

રસ ભાજનમેં રહત દ્રવી નિત, નહિ તસ રસ પહિછાન;
તિમ શુકપાઠ પંડિતકું પણ, પ્રવચન કહત અજ્ઞાન રે.
ઘટ. જો૦ ૨

સાર લહ્યા વિન ભાર કહ્યા શ્રુત, ખર દષ્ટાંત પ્રમાન;
ચિદાનંદ અધ્યાતમ શૈલી, સમજ પરત એકતાન રે.
ઘટ. જો૦ ૩

શ્રી ચિદાનંદ કર્પૂરચંદજી મહારાજ કહે છે કે,

શ્રુતજ્ઞાનનો ઘણો અભ્યાસ કર્યો, અનેક પ્રકારની ભાષાનું અધ્યયન કર્યું, પણ જો શ્રુતજ્ઞાનનો સાર આત્માનુભવ તથા સંવર ભાવની પ્રાપ્તિ થઈ નહિ, તો ખરની પેઠે તે જાણવો.

ખર (ગધેડો)ની પીઠ ઉપર ચંદનનો ભાર ભર્યો હોય, પણ તેને જેમ ઉપયોગી નથી, તેમ અહિં પણ સમજી લેવું.

પઠિતમૂર્ખ બકવાદી મનુષ્યો પણ આત્મસ્વરૂપ તરફ વળી શકતા નથી અને બહિરભાવમાં માન, પૂજાની લાલચે પરમાં ચિત્ત રાખી સ્વરૂપથી ભ્રષ્ટ થાય છે.

અજ્ઞાની જીવને મોહજ્વરના યોગે આત્મજ્ઞાનરૂપ મિષ્ટાન્ન ભોજન ઉપર રુચિ થતી નથી.

શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કહે છે–

કરૈ મૂઢમતિ પુરૂષકું, શ્રુત ભી મદ ભય રોષ;
જ્યું રોગીકું ખીર, ઘૃત, સન્નિપાતકો પોષ. ૧

જેમ રોગીને ખીર, ઘૃત પણ સન્નિપાતની પુષ્ટિ અર્થે થાય છે, તેમ આત્મસ્વરૂપથી અજાણ બહિરાત્માને શ્રુતજ્ઞાન પણ અહંકાર, ભય અને રોષ આદિ દોષોની ઉત્પત્તિ અર્થે છે.

જ્ઞાનીને શ્રુતજ્ઞાન સ્વગુણની પ્રાપ્તિ અર્થે છે, અકથ્ય આત્મસ્વરૂપના રહસ્યમાં અજ્ઞાનીને સમજણ પડતી નથી. અનુભવજ્ઞાની જ જાણી શકે છે. જેણે આત્મસ્વરૂપ અનુભવ્યું, તે જ સ્વસ્વરૂપનો નિર્ધાર કરી આનંદમાં મગ્ન રહે છે.

વ્યવહારથી શુદ્ધ આચરણાએ ઉપાધિના સ્થાનો પરિહરી, અંતરથી શુદ્ધાત્મસ્વરૂપમાં રમી, આત્મગુણોને પ્રગટાવે છે. ચિત્તસમાધિ દ્વારા પૂર્ણ પદ પ્રગટ કરે છે.

તે જ સ્વરૂપને શ્રી ચિદાનંદજી જણાવે છે.

**પદ**

અલખ લખ્યા કિમ જાવે હો,
એસી કોઈ યુગતિ બતાવે, અલખ.
તન મન વચનાતીત ધ્યાન ધર, અજપાજાપ જપાવે;
હોય અડોલ લોલતા ત્યાગી, જ્ઞાની સરોવર ન્હાવે.
હો એસી૦ ૧

શુદ્ધ સ્વરૂપે શક્તિ સંભારે, મમતા દૂર વહાવે;
કનક ઉપલ મલ ભિન્નતા કાજે, જોગાનલ ઉપજાવે.
હો એસી૦ ૨

એમ સમે સમશ્રેણિ આરોપી, ચિદાનદ ઈમિ ગાવે,
અલખરૂપ હોય અલખ સમાવે, અલખ ભેદ ઈમ પાવે.
હો એસી૦ ૩

આ પ્રમાણે અજપાજાપથી જે ધ્યાન કરે છે અને મન, વચન, કાયાથી જુદો આત્માને જાણી, બાહ્ય મમતા ત્યાગી, પોતાની શક્તિને સંભારી સ્વસ્વરૂપમાં રમે છે, એવા મુનીશ્વર સ્વસ્વરૂપની પ્રાપ્તિ કરે છે અને અનંત સુખનો ભોક્તા બને છે.

**प्रविशद्गलतां व्यूहे, देहेऽणूनां समाकृतौ ।**
**स्थितिभ्रान्त्या प्रपद्यन्ते तमात्मानमबुद्धयः ॥६९॥**

અર્થ—બુદ્ધિ વિનાના બહિરાત્માઓ પ્રવેશતા અને નીકળતા પરમાણુઓના સમૂહરૂપ તથા સમાનાકાર દેહને

સ્થિતિ ભ્રાંતિથી આત્મા રૂપે માને છે. પણ તેઓ આત્મ-સ્વરૂપને આત્મત્વ વડે માની શકતા નથી.

વિવેચન--ભેદબુદ્ધિ વિનાના જીવો સડણ, પડણ, વિધ્વંસણ સ્વભાવવાળા અને પ્રવેશ કરતા અને નીકળતા એવા પરમાણુઓના સમૂહરૂપ શરીરને આત્મા છે એમ સ્થિતિ ભ્રાંતિથી માની લે છે.

આત્મા અને દેહના અભેદ અધ્યવસાયરૂપ ભ્રાંતિથી એવો દૃઢ પ્રત્યય-વિશ્વાસ અજ્ઞાની જીવોને થાય છે કે તે શરીરને જ આત્મા સ્વીકારે છે તેથી તે શરીરના ઉપર મમતા રાખે છે અને સ્વ-તત્વનું ભાન ભૂલે છે.

આવો અજ્ઞાની જીવ ચતુર્ગતિરૂપ સંસારમાં વારંવાર પરિભ્રમણ કરે છે. બહિરાત્મા પ્રાણી અજ્ઞાનપણાથી આસ્રવના હેતુઓને રાચી-માચીને સેવે છે અને અંતે સ્વજીવન નિષ્ફલપણે વ્યતીત કરી માનવ જન્મ હારી જાય છે.

**गौरः स्थुलः कृशो वाऽहमित्यङ्गेनाऽविशेषयन् ।**
**आत्मानं धारयेन्नित्यं, केवलज्ञप्तिविग्रहम् ॥७०॥**

અર્થ--હું ગૌર, સ્થુલ અને કૃશ છું, એવું જે માનવામાં આવે છે તે આત્મામાં ન આરોપતા કેવલજ્ઞાન સ્વરૂપ વિગ્રહ એવા આત્માની ધારણા કરવી.

વિવેચન--હું ગોરો, હું જાડો, હું દુર્બલ, હું બળવાન ઈત્યાદિ જે જે પ્રત્યય શરીરમાં થાય, તેને આત્માના વિશેષણ રૂપે માનવા નહિ અને બાહ્ય ઉપાધિથી

રહિત કેવળ આત્માની ધારણા કરવી. વિશેષતઃ ચિત્તમાં તેનું જ ધ્યાન કરવું.

કેવળજ્ઞાન છે સ્વરૂપ જેનું એટલે જ્ઞાન શરીરવાળો આત્મા ધારવો. અનેક પ્રકારનાં કામ કરતાં પણ અંતરથી સતત તેવી જ ધારણા રાખવી.

એવી ધારણા રાખવાથી ભેદજ્ઞાનની દૃઢતા થાય છે. અને તેની દૃઢતા વૃદ્ધિ પામવાથી રાગદ્વેષની પરિણતિ સ્વયંમેવ મંદ પડે છે. અંતરમાં આનંદ પ્રગટે છે.

**मुक्तिरेकान्तिको तस्य, चित्ते यस्याऽचला धृतिः ।**
**तस्य नैकान्तिकी मुक्तिर्यस्य, नास्त्यचला धृतिः ॥७१॥**

**દોધક છંદ**

મુગતિ દૂર તાકું નહીં, જાકૂં થિર સંતોષ;
દૂર મુગતિ તાકૂં સદા, જાકૂં અવિરતિ પોષ. ૫૮

અર્થ—જેના ચિત્તમાં અચલવૃત્તિ છે, તેને એકાંતિક મુક્તિ છે અને ચિત્તમાં અચલવૃત્તિ નથી, તેને એકાન્તિક મુક્તિ થતી નથી.

વિવેચન—જેના ચિત્તમાં અચલ આત્મસ્વરૂપની ધારણા છે. તે અન્તરાત્માને અવશ્ય થવાવાળી મુક્તિ થાય છે અને જેને પૂર્વોક્ત પ્રકારની અચલ ધારણા નથી, તેને મુક્તિ અવશ્ય થતી નથી.

જેના હૃદયમાં સ્થિરતાપણે સંતોષે વાસ કર્યો છે. તેવા જનને મુક્તિ પાસે છે અને જેને અવિરતિની પુષ્ટિ થાય છે; તેને મુક્તિ દૂર છે. માટે સંતોષનું વારંવાર સેવન કરવું.

સર્વ વસ્તુ સંબંધી તૃષ્ણાનો પરિહાર કરી, સંતોષ ધારણ કરવો.

જ્યાં સુધી સંતોષ પ્રગટયો નથી, ત્યાં સુધી તાત્ત્વિક સુખ નથી. સંતોષથી તાત્ત્વિક સુખ સહેજે પ્રગટે છે. દુનિયામાં સંતોષ ધારણ કરનાર ફક્ત એક મુનિરાજ સુખી છે. બાકી મમતા તૃષ્ણાથી પીડિત જીવો રાજા, ચક્રવર્તી, ઇંદ્ર, નાગેંદ્ર હોય તો પણ તે સુખી નથી.

**जनेभ्यो वाक्ततः स्पन्दो, मनसश्चित्रविभ्रमाः ।**
**भवन्ति तस्मात्संगसर्ग, जनैर्योगी ततस्त्यजेत् ॥७२॥**

**દોધક છંદ**

હોત વચન મન ચપલતા, જનકે સંગ નિમિત્ત,
જન સંગી હોવૈ નહીં, તાતે મુનિ જગમિત્ત, ૫૯

**અર્થ**-મનુષ્યોના સંસર્ગથી વાણીની પ્રવૃત્તિ થાય અને તેથી મનની ચપલતા થાય છે અને તેથી ચિત્ત વિભ્રમ થાય છે, માટે યોગીએ અજ્ઞાની માણસોનો સંસર્ગ તજવો.

**ભાવાર્થ :** મનુષ્યોમાં મળવાથી પરસ્પર બોલવાનું થાય છે, અને તેથી મનની વ્યગ્રતા થાય છે, અને મનની વ્યગ્રતાથી ચિત્તવિભ્રમ થાય છે, નાના પ્રકારના વિકલ્પની પ્રવૃત્તિ થાય છે; આમ પ્રવર્તન થાય છે. માટે યોગીએ અજ્ઞાની મનુષ્યોનો સંસર્ગ તજવો.

જે યોગી મનુષ્યોના સંસર્ગમાં આવે છે, તે માયાના પ્રપંચમાં ફસાય છે, અને માયાના પ્રપંચમાં ફસાયાથી રાગ-

દ્વેષની ઉત્પત્તિ થાય છે અને રાગદ્વેષ ભવનું મૂળ છે. માટે મનુષ્યનો સંસર્ગ ત્યજવો.

જે મુનિરાજ મનુષ્ય સંસર્ગ રહિત છે, તે મુનિ જગતના મિત્ર છે. અને તે મુનિ પોતાનું હિત સાધી શકે છે. પ્રાય: મનુષ્યના સંસર્ગથી ઉપાધિની પ્રાપ્તિ થાય છે. માટે મુનિરાજ મનુષ્યોનો સંસર્ગ ત્યાગી એકાંત સ્થાનમાં વસે છે. કારણ વિના વિશેષ પ્રકારે કોઈની સાથે ભાષણ પણ કરતા નથી. જે મનુષ્યોના પરિચયથી આત્માનું હિત નથી. તો તેમનો પરિચય કેમ કરે ?

વ્યાખ્યાન શિક્ષાદિ કારણે મનુષ્યોના સંબંધમાં આવે, તો પણ અંતર વૃત્તિથી ન્યારા વર્તે છે, એવા મુનિરાજ ઉપાધિ રહિત હોય તે અનુપમ આનંદના ભોગી બને છે. આત્મજ્ઞાનથી આવો વિવેક પ્રગટે છે.

આત્મજ્ઞાની આત્મમાં જ સ્વસુખ માની અજ્ઞાની મનુષ્યનો સંસર્ગ ત્યજે છે. આત્મજ્ઞાનની બલીહારી છે, કે જેથી મનુષ્ય સ્વકાર્ય સાધે છે.

શ્રી ચિદાનંદજી મહારાજ પણ જ્ઞાનનો મહિમા કહે છે.

## પદ

જ્ઞાનકલા ઘટ ભાસી, જાકું જ્ઞાન.

તન ધન નેહ નહિકે જાકુ, છિનમેં ભયો ઉદાસી. જાકું૦ ૧

હું અવિનાશી ભાવ જગતકે, નિશ્ચયે સકલ વિનાશી;

એહુવી ધારણા ધાર ગુરુગમ, અનુભવ મારગ પ્યાસી. જાકું૦ ૨
મેં મેરા એ યહ મોહજનિત, જસ એસી બુદ્ધિ પ્રકાશી,
તે નિશંક પગ મોહશીશ દે, નિહચેં શિવપુર જાસી જાકું. ૩
સમતા ભઈ સુખી એમ સુણ કે, કુમતા ભઈ ઉદાસી,
ચિદાનંદ આનંદ ભયો ઈમ, તોર કરમકી ફાંસી જાકું. ૪

જ્ઞાનનું સામર્થ્ય અનુપમ છે. જે કોઈ આત્માર્થી જીવને આત્મજ્ઞાનની ઈચ્છા હોય તેણે સદ્ગુરુ સમાગમ કરવો, નિત્યાનિત્ય પક્ષથી આત્મસ્વરૂપ જાણવું, જેમ બને તેમ પુદ્ગલાનંદી અજ્ઞાની એવા મનુષ્યના સંસર્ગમાં આવવું નહિ, એ જ નિરૂપામિ પદ પામવાનો હેતુ છે.

**ग्रामोऽरण्यमिति द्वेधा, निवासोऽनात्मदर्शिनाम् ।**
**दृष्टात्मनां निवासस्तु, विविक्ताऽऽत्मैव निश्चलः ॥७३॥**

ગામ નગર વનકે વિષે, માન દુવિધ અબુદ્ધ,
આતમ દરશીકૂ વરસતિ, કેવલ આતમ શુદ્ધ. ૬૦

ગામ અથવા અરણ્ય (વન) એ બેને તો અજ્ઞાની પોતાનાં નિવાસ માને છે, અર્થાત્ અજ્ઞાની શુદ્ધ નિવાસ-સ્થાન ઓળખ્યા વિના જડ વસ્તુમાં પોતાનું સ્થાન કલ્પે છે.

વનમાં વસતો પોતાને વનવાસી કલ્પે છે. નગરમાં વસતો પોતાને નગરવાસી કલ્પે છે. અર્થાત્ નગર છોડીને વનવાસી બને છે. પણ શું છોડવું જોઈએ તેની અજ્ઞાનીને ખબર પડતી નથી.

જ્યારે અજ્ઞાનીની આવી સ્થિતિ હોય છે, ત્યારે જ્ઞાનીની સ્થિતિ કેવી હોય છે તે બતાવે છે--

જ્ઞાની ગ્રામમાં કે વનમાં પોતાનો નિવાસ કલ્પતો નથી, કારણ કે ગ્રામ અગર વન એ કંઈ આત્માનું સ્થાન નથી. તેમ જ શરીર પણ આત્માનું સત્ય રહેવાનું નથી. ત્યારે આત્મા ક્યાં રહે છે તે બતાવે છે.

આત્માના અસંખ્યાત પ્રદેશ છે. તે અસંખ્યાતા પ્રદેશ અરૂપી છે, અજ છે, અવિનાશી છે. અને એક એક પ્રદેશે અનંતજ્ઞાન, દર્શન, ચારિત્ર, રહ્યું છે. અસંખ્યાત પ્રદેશે (મળીને) જ્ઞાન અને દર્શન રૂપ ઉપયોગ પ્રગટે છે.

આત્મા શુદ્ધ નિશ્ચયનયથી જોતાં નિરંજન છે. પોતાના સ્વરૂપથી કોઈપણ વખતે ચલાયમાન થતો નથી, માટે તે અચલ છે. તથા આત્માની આદિ પણ નથી, તેમ અન્ત પણ નથી.

પરમાનંદમય છે. સમયે સમયે અનંત સુખ ભોક્તા છે. પોતાના શુદ્ધ સ્વરૂપનો વિલાસી છે. તેવો શુદ્ધાત્મા તે જ જ્ઞાનીને રહેવાનું સ્થાન છે.

પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી શુદ્ધ અસંખ્ય પ્રદેશી આત્મા જ જ્ઞાનીનું નિવાસ સ્થાન જાણવું.

શુદ્ધાત્મસ્વરૂપમાં નિવાસ સ્થાન જાણતો જ્ઞાની ઇષ્ટ અને અનિષ્ટ વસ્તુઓના સંયોગે રાગ, દ્વેષથી લેપાતો નથી, તેમ જ ગ્રામ, હવેલી તથા વન વિગેરેને પોતાનું નિવાસ-સ્થાન કલ્પી મમતાભાવ સેવન કરતો નથી. તેમ જ શરીર-માંથી પણ જેને આત્મબુદ્ધિ ઉઠી ગઈ છે, એવો જ્ઞાની શરીરમાં પણ મમતાભાવ ધારણ કરતો નથી. જ્ઞાનીની

આવી સ્થિતિ સહેજે બને છે અને તેથી તે પોતાની અક્ષય રિદ્ધિ પ્રગટ કરે છે અને અનંત સુખનો ભોક્તા બને છે.

દોધક છંદ

देहान्तरगतेर्बीजं, देहेऽस्मिन्नात्म-भावना ।
बीजं विदेहनिष्पत्ते-रात्मन्येवाऽऽत्मभावना ॥७४॥

આપ ભાવના દેહમેં, દેહંતરગતિ હેત,
આપ બુદ્ધિજો આપમેં, સો વિદેહપદ હેત. ૬૧

અર્થ--દેહાંતરગતિનું બીજ આ દેહમાં આત્માભાવના કરવી તે જ છે. અને વિદેહપદ નિષ્પત્તિનું બીજ તો આત્મામાં જ આત્મભાવના કરવી તે જ છે.

વિવેચન--દેહાંતર એટલે બીજો ભવ, તેમાં ગતિ એટલે ગમન કરવાનું કારણ શું? તો એ જ કે આ દેહમાં આત્મબુદ્ધિ ધારણ કરવી તે જ છે.

અનંતા ભવ આત્માએ ધારણ કર્યા, તેનું કારણ બહિરાત્મભાવના છે અને મુક્તિનું કારણ તો આત્માને આત્મા સ્વરુપે ધારવો તે જ છે.

આત્માને જ આત્મા ધાર્યા વિના કોઈની મુક્તિ થઈ નથી, અને થવાની પણ નથી. આત્મસ્વરૂપના જ્ઞાનથી મુક્તિ પદની પ્રાપ્તિ છે. આત્માના જ્ઞાન વિના ગુણઠાણું તાણ્યું આવતું નથી.

અનેક પ્રકારનાં કષ્ટ કરો, તપ જપ કરો. દેશોદેશ પરિભ્રમણ કરો પણ આત્મજ્ઞાન વિના સફળતા થતી નથી

માટે આત્મામાં જ આત્મભાવના કરવી. અંતરમાં તેનો ઉપયોગ ધારવો, સર્વ પદાર્થોમાંથી મનને સંહરીને આત્મામાં જ સ્થિર કરી આત્માનું ધ્યાન કરવું.

આ સંબંધી શ્રી કપૂરચંદજી (ચિદાનંદજી મહારાજ) ચિદાનંદ સ્વરોદયમાં કહે છે કે—

આપ આપણા રૂપમેં, મગન મમતા મલ ખોય,
રહે નિરંતર સમરસી, તાસ બંધ નવિ કોય. ૮૨
પરપરિણતિ પરસંગસૂં, ઉપજત વિનસત જીવ;
મેટયાં મોહ પ્રભાવકું, અચલ અબાધિત જીવ. ૮૩

આત્મા આત્માના સ્વરૂપમાં મગ્ન રહે, ત્યારે મમતા મલનો નાશ કરે છે. જે નિરંતર સમભાવરસમાં રાચી રહે છે, તે સંસારમાં બંધાતો નથી.

પરપરિણતિના પ્રસંગે જીવ સંસારમાં ઉપજે છે અને વિણસે છે. અને મોહપ્રભાવના નાશથી, અમલ અને બાધા વિનાનો જીવ થાય છે.

વળી ચિદાનંદજી મહારાજ કહે છે કે—

વિનાશક પુદ્ગલ દિશા, અવિનાશી તું આપ;
આપો આપ વિચારતાં, મિટે પુન્ય અરૂ પાપ. ૮૯
પંચમગતિ વિણ જીવકું, સુખ તિહુલોક મઝાર;
ચિદાનંદ નવિ જાણજ્યો, એ મોટો નિરધાર. ૯૨
ઈમ વિચાર હૃદયે કરત, જ્ઞાન ધ્યાન રસલીન;
નિરવિકલ્પ રસ અનુભવ, વિકલ્પતા હોય છીન. ૯૩

નિરવિકલ્પ ઉપયોગમેં, હોય સમાધિરૂપ;
અચલજોત ઝલકે તિહાં પાવે દરસ અનૂપ. ૯૪
દેખ દરસ અદ્ભુત મહા, કાલ ત્રાસ મિટ જાય;
જ્ઞાન જોગ ઉત્તમ દશા, સદ્ગુરુ દિયો બતાય. ૯૫

પુદ્ગલ દશા વિનાશી છે, અને આત્મા તો અવિનાશી છે. આત્માનું સ્વરૂપ આત્મા વિચારે તો પુણ્ય અને પાપરૂપ કર્મ મળ દૂર થાય છે.

શ્રી ચિદાનંદજી મહારાજ કહે છે કે, આ મોટો નિરધાર જાણો કે પંચમગતિ–મોક્ષ વિના ત્રણ લોકમાં જરા માત્ર સુખ નથી.

એમ સત્ય નિરાધાર કરીને, જે ભવ્ય આત્મ જ્ઞાન ધ્યાન રૂપ રસમાં લીન થઈ જાય છે, તેને નિર્વિકલ્પ રસનો અનુભવ થાય છે, અને નિર્વકલ્પ રસના અનુભવથી વિકલ્પતાનો નાશ થાય છે.

જ્યારે નિર્વિકલ્પ ઉપયોગમાં આત્મા રમે છે, ત્યારે તે સમાધિરૂપ બને છે, અને તેવી સમાધિમાં આત્માની અચલજ્યોત ઝળકે છે, અને અનુપમ દર્શન પામે છે.

આ અદ્ભુત આત્મદર્શનથી કાલનો ત્રાસ મટી જાય છે, અજરામરતા મેળવે છે. એવી જ્ઞાન યોગની ઉત્તમ દશા સદ્ગુરુએ બતાવી છે. એવી આત્મદશામાં આત્મભાવના ધારી જ્ઞાની પરામાત્મપદ પામે છે. એ જ સાધકનું કર્તવ્ય છે.

**દોધક છંદ**

**नयत्यात्मानमात्मैव, जन्म निर्वाणमेव वा ।**
**गुरुरात्माऽऽत्मनस्तस्मान्नान्योऽस्ति परमार्थतः ॥७५॥**

ભાવિ શિવપદદે આપકું, આપ હિ સનમુખ હોઈ;
તાતેં ગુરુ હૈ આતમા, અપનો ઔર ન કોઇ. ૬૨

અર્થ—આત્માને આત્મા જ જન્મ અને નિર્વાણ પ્રત્યે ધરે છે. માટે આત્મા જ આત્માને પરમાર્થથી ગુરુ છે, અન્ય કોઈ બીજો આત્માનો ગુરુ નથી.

વિવેચન—દેહાદિકમાં દૃઢાત્મભાવનાથી આત્મ જ પોતાને સંસારમાં પાડે છે. અને આત્મા જ પોતાને મોક્ષમાં લઈ જાય છે, માટે નિશ્ચયથી જોતા આત્મા જ આત્માનો ગુરુ છે, બીજો કોઇ નથી. પછી વ્યવહાર ગુરુ હોય તો હરકત નથી.

નિશ્ચયથી જોતા પોતાનો આત્માં તે જ દેવ છે, અને તે જ ગુરુ છે, અને આત્માનો સ્વભાવ તે જ નિશ્ચયથી ધર્મ છે, એવી શુદ્ધ શ્રદ્ધા તે મોક્ષનું કારણ છે. કેમ કે જીવસ્વરૂપ ઓળખ્યા વિના કર્મ ખપે નહિ.

આત્મા પોતાના સન્મુખ થતાં પોતે જ પોતાને શિવપદ આપે છે. પોતાના સન્મુખ થયા વિના ત્રિકાલમાં પણ મુક્તિ થતી નથી. જે તીર્થંકર થયા, જે સિદ્ધ થયા તે સર્વે પોતાના સન્મુખ થયા, ત્યારે જ સ્વકાર્ય સિદ્ધ કર્યું છે.

મુંબાઇ જવાનું હોય, અને મારવાડ તરફ ગમન કરે તો, તે મુંબાઈ પહોંચતો નથી. તેમ જે શિવપદની પ્રાપ્તિ અર્થે પ્રયત્ન કરે છે, અને આત્મસન્મુખ થતો નથી, તે શિવપદ પ્રાપ્ત કરતો નથી.

જે ભવ્યો આત્માના સન્મુખ થઇને, કંચનને માટીના ઢેફા સમાન લેખે છે, અને રાજગાદીને તુચ્છપદ સરખી જાણે છે, સ્નેહને કેદ સમાન લેખે છે, મોટાઇને દુઃખનું ઘર જાણે છે, સિદ્ધિ વિગેરે ઐશ્વર્યને અશાતા સમાન લેખે છે, ઔદારિકાદિ કાયાને કીડાથી ભરપૂર કાદવ સમાન લેખે છે, ગૃહસ્થાવાસને કારાગૃહસમાન અંતઃકરણથી લેખે છે, કીર્તિની ઇચ્છાને બંધન સમાન લેખે છે; તે આત્માર્થી મહાપુરૂષ આત્માભિમુખી થઈ પરમપદ પ્રકટ કરે છે.

दृढात्मबुद्धिर्देहादावुत्पश्यन्नाशमात्मनः ।
मित्रादिभिर्वियोगं च, बिभेति मरणाद् भृशम् ॥७६॥

અર્થ—દેહાદિકમાં દૃઢ આત્મબુદ્ધિવાળો મરણ પાસે જોઈ, તથા મિત્રાદિનો વિયોગ પાસે જોઈ, મરણથી બહુ ભય પામે છે.

વિવેચન—દેહાદિમાં દૃઢ થયેલી આત્મબુદ્ધિ વાળો બહિરાત્મા પ્રાણવિયોગ રૂપ મરણ, તથા સગા-સંબંધી, મિત્ર, પુત્ર, સ્ત્રી આદિનો વિયોગ, એ બે વાત પાસે જોતાં મરણથી બહુ ડરે છે.

અનેક પ્રકારની ચિંતા કરે છે. મોહમાયામાં મુંઝાય છે, અને બહુ ભય પામે છે, અને તેને પરભવમાં પણ દુઃખો ભોગવવા પડે છે.

હવે જેને આત્મામાં જ આત્મબુદ્ધિ છે તે મરણ સમીપ આવતાં શું કરે છે તે કહે છે.

आत्मन्येवाऽऽत्मधीरन्यां, शरीरगतिमात्मनः ।
मन्यते निर्भयं त्यक्त्वा, वस्त्रं वस्त्रान्तरग्रहम् ॥७७॥

અર્થ—આત્મામાં જ આત્મબુદ્ધિવાળો શરીર ગતિને નિર્ભય રહી ભિન્ન જુએ છે. જેમ એક વસ્ત્ર ત્યજી બીજું વસ્ત્ર ગ્રહણ કરે તેમ.

વિવેચન—આત્મામાં જ આત્મબુદ્ધિ છે એવો અન્તરાત્મા શરીરગતિ એટલે શરીરપરિણતિ અથવા શરીરવિનાશ અથવા બાલ્યવસ્થા તેને આત્માથકી ભિન્ન માને છે, અને જાણે છે કે શરીરના ઉત્પાદ વિનાશાદિથી આત્માને કંઈ નથી. તે હર્ષ શોક ધારણ કરતો નથી. આવું જ્ઞાન તેને જ થાય છે કે જે વ્યવહારમાં અનાદર રાખે છે, પણ જે વ્યવહારમાં આદર રાખે છે, તેને તેમ થતું નથી.

व्यवहारे सुषुप्तो यः स जागर्त्यात्मगोचरे ।
जागर्ति व्यवहारेऽस्मिन्सुषुप्तश्चाऽऽत्मगोचरे ॥७८॥

**દોધક છંદ**

સોવતહે નિજ ભાવમેં, જાગૈ જે વ્યવહાર.
સૂતો આતમ ભાવમેં, સદા સ્વરૂપ આધાર. ૬૩

અર્થ—જે વ્યવહારમાં ઉંઘે છે, તે આત્મદર્શનમાં જાગતાં છે; અને જે વ્યવહારમાં જાગે છે, તે આત્મદર્શનમાં ઉંઘે છે.

વિવેચન—વ્યવહાર એટલે મનમાં ઉત્પન્ન થતાં અનેક પ્રકારના સંકલ્પ અને વિકલ્પના સ્થાનરૂપ, અર્થાત્ સંસારમાં ઈષ્ટમાં પ્રવૃત્તિ, અને અનિષ્ટથી નિવૃત્તિ, જે પોતાના નામને સારૂ લાગે, ત્યાંથી નિવૃત્તિ કરવી. વળી આ મારૂં, અને આ અન્ય, એવી જ્યાં બુદ્ધિ છે, એવા વ્યવહાર રૂપ જ

સંસારમાં જ ઉંઘે છે, અર્થાત્ સર્વ વ્યવહારની કલ્પનાજાળને વિસારી દીધી છે, તે ભવ્ય આત્મદર્શનમાં જાગે છે, અર્થાત્ તે જ આત્મસંવેદન પામે છે.

અને જે ઉક્ત પ્રકારના વ્યવહારમાં જાગે છે અર્થાત્ હું અને મારૂં એવો અધ્યાસ ધારણ કરે છે, દેહાદિકમાં મમત્વબુદ્ધિ ધારણ કરે છે, મોહમાયામાં ક્ષણે ક્ષણે લપટાય છે, વિકલ્પ અને સંકલ્પ રૂપ પ્રવૃત્તિ કર્યા કરે છે, એવો જીવ વ્યવહારમાં એટલે સંસારમાં જાગે છે, અને તેથી આત્મદર્શનમાં ઉંઘે છે, અર્થાત આત્મસ્વરૂપના ઉપયોગથી શૂન્ય વર્તે છે, અને તે આત્મજ્ઞાન પામતો નથી.

**आत्मानमन्तरे दृष्ट्वा, दृष्ट्वा देहादिक बहिः ।**
**तयोरन्तरविज्ञानादभ्यासादच्युतो भवेत् ॥७९॥**

**દોધક છંદ**

અંતર ચેતન દેખિકે, બાહિર દેહ સ્વભાવ,
તાકો અંતર જ્ઞાનતેં, હોઇ અચલ દ્દઢભાવ. ૬૪

અર્થ—આત્માને અંતરમાં દેખી અને દેહાદિકને બાહ્ય દેખી, તેમના અંતરના જ્ઞાનથી તથા અભ્યાસથી મુક્ત આત્મા થાય.

વિવેચન—અસંખ્ય પ્રદેશ સ્વરૂપી આત્માને અંતરમાં એટલે શરીરની અંદર વ્યાપી રહેલો જોઇ અને દેહાદિકને બાહ્ય માની, દેહ અને આત્માનો અંતર સમજવો. એમ ભેદ જ્ઞાન થતાં, અચ્યુત થાય. એકલા ભેદજ્ઞાનથી અચ્યુત થાય એમ નહિ પણ તે ભેદજ્ઞાનના અભ્યાસથી તથા પુનઃ પુનઃ આત્મભાવનાથી, મુક્તિ પદ મળે છે.

ભેદજ્ઞાનની ભાવના ભાવતા મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગાય છે કે—

ચેતન અબ મોહે દર્શન દીજે, તુમ દર્શન શિવસુખ પામીજે;
તુમદર્શન ભવ છીજે. ચે૦ ૧
તુમ કારણ તપ સંજમ કિરીયા, કહો કહાંલો કીજે;
તુમ દર્શન બિન યા સબ જુઠી, અંતરચિત્ત ન ભીજે. ચે૦ ૨
ક્રિયા મૂઢ મતિ હે જનકે, જ્ઞાન ઓરકું પ્યારો;
મિલત ભાવરસ દોઉ ન ચાખે, તું દોનુંથી ન્યારો. ચે૦ ૩
સબમેં હે ઓર સબમેં નહિ, તું નટરૂપ એકેલો;
આપસ્વભાવે વિભાવે રમતો, તું હિ ગુરુ તુંહિ ચેલો. ચે૦ ૪
અકલ અલખ પ્રભુ તું સબ રૂપી, તું અપની ગતિ જાને;
અગમરૂપ આગમ અનુસારે, સેવક સુજસ પ્રમાને. ચે૦ ૫

અહો? આ પદમાં કેવી ભેદજ્ઞાનથી આત્મભાવના ભાવી છે! તે મહાપુરુષ કહે છે કે,

હે ચેતન! તારા વિના તપ સંજમાદિ ક્રિયા પણ જુઠ છે. તું આત્મા જ્યાં ઉપયોગ ભાવમાં વર્તે છે, ત્યારે સંયમાદિકની સફળતા છે.

વળી કહે છે કે તારા વિના અન્યમાં ચિત્ત ભીંજાતું નથી. હે ચેતન! તું અકલ છે, તારું રૂપ કળી શકાતું નથી, તેમ તું અલખ છે. હે ચેતન! તારી ગતિ તું પોતે જ જાણે છે.

આ પદનો સંપૂર્ણ ભાવાર્થ લખતાં ગ્રંથ ગૌરવ થઈ જાય માટે જ્યાં ટીકા કરીને જણાવાનું હોય છે, તે જ

જણાવીશું. પદનો અર્થ સુગમ છે. આવું અધ્યાત્મદશાનું પદ શ્રી યશોવિજયજી રચીને ભેદ જ્ઞાનની પુષ્ટિ કરે છે.

વળી બહુ હર્ષમાં આવી આત્માનું એકાગ્ર ચિત્તવૃત્તિથી ધ્યાન કરી આત્મા સંબંધીનું પદ શ્રી ઉપાધ્યાયજી લખે છે કે–

અબ મેં સાચો સાહિબ પાયો,

યાકી સેવા કરત હું યાકો, મુજ મન પ્રેમ સોહાયો અબ૦ ૧
વાકું ઓરન હોવે આપનો, જે દીજે ઘર માયો;
સંપત્તિ અપની ક્ષીણમેં હેવે, વે તો દીલમેં ધ્યાયો. અબ૦ ૨
ઓરનકી જન કરતહે ચાકરી, દૂર દેશ પાઉ ઘાસે.
અંતરજામી ધ્યાસે દીસે, વે તો અપને પાસે. અબ૦ ૩
ઓર કબહું કોઇ કારણ કોપ્યો, બહોત ઉપાય ન તુસે,
ચિદાનંદમેં મગન રહેતું હૈં, વે તો કબહુ ન રુસે. અબ૦ ૪
ઓરનકી ચિંતા ચિત્તે ન મિટે, સબ દિન ધંધે જાવે;
થિરતા સુખ પુરણ ગુણ ખેલે, વે તો અપને ભાવે. અબ૦ ૫
પરાધીનહે ભોગ ઓરકો, યાતે હોત વિજોગી
સદાસિદ્ધ સમ સુખ વિલાસી, વે તો નિજગુણ ભોગી. અબ૦ ૬
જ્યું જાનો ત્યું જગ જન જાણો, મેં તો સેવક ઉનકો;
પક્ષપાત તો પરશું હોવે, ધરત હું ગુનકો. અબ૦ ૭
ભાવ એકહી સબ જ્ઞાનીકો, મૂરખ ભેદ ન ભાવે;
અપનો સાહિબ જો પિછાને, સો જસલીલા પાવે અબ૦ ૮

ઉપાધ્યાયજી કહે છે કે હવે જ્ઞાન, દર્શન ચારિત્રાદિ ગુણ વિરાજિત આત્મારૂપ સત્ય સાહિબ પામ્યો અને તેની

સેવા કરતાં મારા મનમાં પ્રેમ સોહાય છે, વિગેરે આત્મ-સ્વરૂપ દશાના આ પદમાં ઉદ્ગારો કાઢયા છે, તેનું વર્ણન કરીએ તેટલું થોડું છે.

જગતને જેમ જાણવું હોય તેમ જાણે પણ હું તો આત્માનો સેવક છું. પરપુદ્ગલથી પક્ષપાત થાય, પણ આત્માના સ્વરૂપમાં પક્ષપાત થાય નહિ. તેથી તો સમતા ધારણ કરૂં છું. સર્વ જ્ઞાનીનો એકભાવ છે. મૂર્ખ અર્થનો ભેદ પામતો નથી.

અસંખ્યપ્રદેશથી જ્ઞાનાદિ ગુણમય આત્મારૂપ સાહેબને જે જાણે છે, તે જ ત્રણ ભુવનમાં કર્મનો પરાજય કરી, જશ લીલા પામે છે, એમ ઉપાધ્યાયજી કહે છે આ પદો ગાનાર ઉપાધ્યાયજી ભેદજ્ઞાન તથા ભાવનાની ઉચ્ચ દશા કેવી અદ્ભુત હશે, તે વાચકો વિચારશે.

શ્રી આનંદઘનજી મહારાજ પણ આત્મદશાને ગાય છે. માટે આત્માર્થી જીવે પણ આવી ભેદજ્ઞાન બુદ્ધિથી સતત આત્મભાવના ભાવીને અંતરનો આનંદ ભોગવવો.

पूर्वं दृष्टात्मतत्त्वस्य, विभात्युन्मत्तवज्जगत् ।
स्वभ्यस्तात्मधियः पश्चात्काष्ठपाषाणरूपवत् ॥८०॥

**દોધક છંદ**

ભાસૈ આતમજ્ઞાન ધુરિ, જગ ઉન્મત્ત સમાન;
આગે દૃઢ અભ્યાસતેં, પથ્થર તૃણ અનુમાન. ૬૫

અર્થ—પ્રારબ્ધ યોગીને પ્રથમ ઉન્મત્તત્ જગત જણાય છે, અને પછીથી સારી રીતે આત્માભ્યાસ થતાં કાષ્ટ પાષાણવત્ જણાય છે.

વિવેચન–પ્રથમ છે દૃષ્ટ આત્મતત્ત્વ જેને એટલે જેને દેહ થકી આત્મા ભિન્ન છે, એવું પ્રથમ જ્ઞાન થયું છે, અને જેણે યોગને આરંભ કર્યો છે, તેને ગાંડા માણસના જેવું જગત લાગે છે.

સારાંશ કે સ્વરૂપ ચિંતવન વિકલ હોવાથી, આ જગત નાના બાહ્ય વિકલ્પ યુક્ત ઉન્મત્ત જેવું ભાસે છે. પછીથી એટલે જયારે આગળ ધ્યાનની પરિપકવ દશાથી, જગતની કંઈપણ ચિંતા ન રહેવાથી તે કેવળ કાષ્ટ પાષાણ જેવું લાગે છે, એમ પરમ ઉદાસીનતા ભાવથી છે.

આત્મા ભિન્ન થાય છે. એવું તે જ્ઞાન જાણનાર પાસેથી સાંભળતાં મુક્તિ થઈ શકે છે. આવી જે શંકા થાય તેના સમાધાન અર્થે કહે છે કે–

**शृण्वन्नप्यन्यतः कामं, वदन्नपि कलेवरात् ।**
**नात्मानं भावयेद्भिन्नं, यावत्तावन्न मोक्षभाक् ॥८१॥**

અર્થ–અન્ય પાસેથી આત્મ તત્ત્વ સ્વરૂપ બહુ બહુ રીતે શ્રવણ કરતો છતો, શરીરથી આત્મા ભિન્ન છે. એમ અનેકવાર વદતો છતો, પણ જ્યાં સુધી આત્માને દેહથી ભિન્નરૂપે ભાવનાથી જાણતો નથી. ત્યાં સુધી મોક્ષ પામતો નથી.

વિવેચન–બીજા પાસેથી, એટલે ગુરુ ઉપાધ્યાય પાસેથી આત્મા દેહથી ભિન્ન છે, એમ સાંભળતો છતો તથા બીજાને તે પ્રમાણે ઉપદેશ દેતો છતો, પણ જ્યાં સુધી આત્મામાં જ સ્વ સ્વરૂપની દૃઢ ભાવના કરી નથી, ત્યાં સુધી મોક્ષ પામી શકતો નથી.

શ્રી આત્મપ્રકાશ ગ્રંથમાં કહ્યું છે કે–

કથની કથતાં શું થયું જો નહિ તત્ત્વ પમાય,
રાખ તું રહેણી આત્માની થાવે ચિન્મયરાય. ૧

આત્મિક શુદ્ધ સ્વભાવના ઉપયોગે છે ધર્મ;
સમજ સમજ ભવ્યાત્મા, જેથી નાસે કર્મ. ૨

આત્મજ્ઞાન શ્રવણ કરી તે પ્રમાણે ધ્યાન કરવું જ્યારે આત્મધ્યાન કરવામાં આવે છે, ત્યારે સહજ શુદ્ધ આત્મા અને સત્યાનંદ પ્રગટે છે. માટે એક શ્વાસોશ્વાસ પણ આત્મ ધ્યાન વિના જવા દેવો નહિ.

શ્રી ચિદાનંદજી કહે છે કે–

ચિદાનંદ નિત કીજીએ, સુમરન શ્વાસોશ્વાસ;
વૃથા અમૂલ્ય જાતહેં સ્વાસ ખબર નહીં તાસ. ૧

એક શ્વાસોશ્વાસ પણ અમૂલ્ય છે, તે ફોગટ જવા દેવો નહિ. આત્મસ્વરૂપ જાણીને તે પ્રમાણે આત્મધ્યાનમાં પ્રવર્તવું શુષ્કજ્ઞાનથી આત્મહિત થતું નથી, માટે આત્મસ્વરુપની ધ્યાન વડે દૃઢ ભાવના કરવી.

**तथैव भावयेद्देहाद्, व्यावृत्त्यात्मानमात्मनि ।**
**यथा न पुनरात्मानं, देहे स्वप्नेऽपि योजयेत् ॥८२॥**

**દોધક છંદ :**

ભિન્ન દેહતેં ભાવિયે, ત્યું આપહિમેં આપ,
જ્યું સ્વપ્નહિમેં નહિ હુએ, દેહાતમ ભ્રમ તાપ. ૬૬

અર્થ-દેહથી ભિન્ન કરીને આત્માની આત્મામાં એવી રીતે ભાવના કરવી કે જેથી સ્વપ્નમાં પણ ફરી વાર દેહનો આત્મા સાથે યોગ ન થાય.

ભાવાર્થ-પ્રથમ તો પુદ્ગલ તે હું નથી, એવી દૃઢ ભાવના કરવી. પશ્ચાત અરૂપી અસંખ્ય પ્રદેશી આત્મા તેજ હું છું, એવી ભાવના ભાવવી. સતત દૃઢ ઉપયોગ રાખવો.

આત્મા વિના અન્ય સર્વ વસ્તુ પોતાની નથી, એમ હૃદયમાં નિશ્ચય કરવો. પોતાના સ્વરૂપમાં એક સ્થિર ઉપયોગમાં વર્તવું કે અન્ય કોઈ પદાર્થનો જરામાત્ર પણ વિકલ્પ ઉત્પન્ન થાય નહિ. નિર્વિકલ્પ દશા ઉત્પન્ન થાય, એમ સતત અભ્યાસ કરવો.

સ્વપ્નમાં દેહ સાથે આત્માનો યોગ ન થાય, એટલે સુધી અભ્યાસ વધારવો. આવી દશા તેજ મોક્ષમાર્ગનું પગથિયું છે. આવી દશા જેને હોય, તેજ પુરુષ મોટામાં મોટો સમજવો.

કોઈ મુનિરાજ તપ કરે કોઈ અભ્યાસ કરે, તેના કરતાં પણ આત્માની આવી ધ્યાન દશામાં વર્તે તે મહા મોટા પુરુષ સમજવાં ?

ક્યાં સંકલ્પ વિકલ્પ દશા ? અને ક્યાં નિર્વિકલ્પ દશા ? ક્યાં આકાશ ? અને ક્યાં પાતળા ? તેટલો ફેર આમાં વર્તે છે. બાહ્ય ઉપાધિ ઉપરથી જ્યારે ત્યાગ ભાવ થાય, અને સારમાં સાર આત્મા જ છે એમ સત્ય જ્યારે હૃદયમાં ભાસે ત્યારે આત્માના ધર્મ ઉપર રુચિ થાય છે.

આત્માના ધર્મની પ્રાપ્તિ માટે પ્રવૃત્તિ થાય છે. અને સંસારમાં ચેન પડતું નથી. ચકોરને ચંદ્રની સાથે જેમ પ્રેમ છે, તેમ જ્ઞાનીને આત્મા ઉપર જ પ્રેમ વૃદ્ધિ પામે છે.

આત્મા તેજ સાધ્ય છે. આત્મા જ મુક્તિ પામે છે. આત્મધ્યાનમાં જ એક તાન લાગે છે. અને તેથી આત્મ સહજસિદ્ધ સ્વરુપ પ્રગટ કરે છે.

**अपुण्यमव्रतैः पुण्यं, व्रतैर्मोक्षस्तयोर्व्ययः ।**
**अव्रतानीव मोक्षार्थी, व्रतान्यपि ततस्त्यजेत् ॥८३॥**

**દોધક છંદ :**

પુણ્ય પાપ વ્રત અવ્રતે, મુગતિ દોઉકે ત્યાગ,
અવ્રતપરે વ્રતમી તજૈ, તાતેં ધારિ શિવરાગ. ૬૭

અર્થ–અવ્રતથી પાપ, અને વ્રતથી પુણ્ય, અને મોક્ષ તે બેનો વ્યય. માટે મોક્ષાર્થીએ અવ્રતની પેઠે વ્રતને તજવાં.

વિવેચન–અપુણ્ય એટલે પાપ તે અવ્રત એટલે, હિંસાદિકથી વિરામ ભાવ તેથી પુણ્ય થાય છે. અને મોક્ષ તો બન્નેનો વ્યય થાય ત્યારે જ થાય છે.

પાપ તે લોઢાની બેડી છે. અને પુણ્ય તે સુવર્ણની બેડી છે. પુણ્ય તે છાંયા સમાન છે, અને પાપ તે તડકા સમાન છે.

પુણ્ય પાપના ક્ષયથી મુક્તિ થાય છે, માટે મોક્ષાર્થીએ વ્રતની પેઠે અવ્રત પણ તજવાં.

કયારે અને કયા પ્રકારે તજવાં ? તેનો ક્રમ બતાવે છે.

अव्रतानि परित्यज्य, व्रतेषु परिनिष्ठितः ।
त्यजेत्तान्यपि संप्राप्य, परमंपदमात्मनः ॥८४॥

**દોધક છંદ :**

પરમભાવ પ્રાપતિ લગૈ, વ્રત ધરિ અવ્રત છોડી,
પરમભાવરતિ પાયકે, વ્રતભી ઈનમેં જોડી. ૯૮

વિવેચન—અવ્રત જે હિંસાદિક તેને પ્રથમથી જ તજવા અને વ્રતોને અંગીકાર કરવાં. અને પછી પરમ વીતરાગતા રૂપ પદ પમાય, ત્યારે વ્રતોને પણ તજવાં.

પરમ ભાવની પ્રાપ્તિ પર્યંત વ્રતને ધારણ કરવાં. પરમ ભાવની પ્રાપ્તિ થઈ નથી અને જે વ્રતને છોડે છે, તે દુઃખી થાય છે અને તત્ત્વ ફળ પામતો નથી.

વ્રતોથી પાપનો રોધ થાય છે. વ્રત એ મોક્ષમાર્ગની નીસરણી છે. વ્રતથી આત્મા સારી સ્થિતિ પામે છે, માટે ભવ્ય જીવોએ વ્રતનો આદર કરવો.

કેટલાક શુષ્કજ્ઞાની બ્રહ્મની કેવળ વાતો કરે છે. અને અવ્રતમાં સદાકાળ પ્રવૃત્તિ કરે છે; તેઓ મોક્ષમાર્ગે સન્મુખ થઈ શકતા નથી. કારણ કે વસ્તુને જાણીને તદર્થે ઉદ્યમ કરવો જોઈએ, એમ, ઉત્તમ પુરુષોનું વચન છે.

અવ્રતનો ત્યાગ, વ્રતનો આદર કર્યા સિવાય થતો નથી. માટે વ્રતનો આદર કરવો, અને અંતે પરમ પદ પ્રાપ્ત થતાં તેનો પણ ત્યાગ કરવો.

**દોધક છંદ**

દહન સમૈ જ્યું તૃણ દહી, ત્યું વ્રત અવ્રત છેદ;
ક્રિયાશક્તિ ઇનમેં નહી, જાગતિ નિશ્ચય ભેદ. ૯૯

વિવેચન—જેમ અગ્નિ તૃણને બાળીને પોતે સમાઈ જાય છે. તેમ વ્રત પણ અવ્રતને છેદી, અંતે વ્રતપણે વિલય ભાવને પામે છે.

અગ્નિ વિના તૃણ બળતું નથી, તેમ વ્રત અંગીકાર કર્યા વિના અવ્રત પણ ટળતાં નથી. પણ વ્રતમાં અવ્રતને છેદવાની ક્રિયાશક્તિ નથી. બાહ્ય અને અભ્યંતર બે પ્રકારનાં અવ્રતને છેદવાની શક્તિ તો નિશ્ચય નયથી જોતાં આત્માનાં સ્વભાવમાં રહી છે.

તાત્પર્યાર્થ કે—જ્યારે આત્મા ક્ષયોપશમ ભાવના યોગે જ્ઞાન પામી તથા મોહનીય કર્મનો ઉપશમ અથવા ક્ષયોપશમ ભાવ પામી ધ્યાન વડે પોતાના સ્વરૂપમાં તન્મય થઈ જાય છે, ત્યારે પાપાસ્રવરૂપ અવ્રતનો પરિહાર કરે છે. પોતાના સ્વરૂપમાં જ રમતાં પોતાની મેળે પાપરૂપ અવ્રત દૂર થાય છે, અને પાપના હેતુઓનું પણ કંઇ ચાલતું નથી.

પુણ્ય રૂપ જે વ્રત તેથી કંઈ આત્માની સાથે લાગેલાં પાપનાં દળીયાં દૂર થતાં નથી.

આત્માના પ્રદેશોની સાથે લાગેલાં પાપનાં દળીયાં દૂર કરવાની શક્તિ તો નિશ્ચયનયથી જોતાં આત્મસ્વભાવ રમણતામાં રહી છે. વ્રત રૂપ વ્યવહારથી પાપના હેતુઓ દૂર થાય છે અને તેથી શુભ પરિણામ યોગે પુણ્ય બંધ થાય છે તે પુણ્યનાં યોગે સ્વર્ગનાં સુખની પ્રાપ્તિ થાય છે અને પરંપરાએ મોક્ષનું કારણ થાય છે.

શુભાસ્રવ અને અશુભાસ્રવ એ બન્નેથી આત્મતત્ત્વ ન્યારૂં છે. આત્મા જ પોતાના સ્વરૂપમાં ધ્યાન વડે સ્થિર થઇ બન્ને પ્રકારના આસ્રવનો છેદ કરે છે. આસ્રવનો છેદ કરનારી આત્મસ્વભાવની શક્તિ જાણવી. વસ્તુતઃ કર્તાનો ખરો વિશેષ આશય તેઓ જાણી શકે.

यदन्तर्जल्पसम्पृक्तमुत्प्रेक्षाजालमात्मनः ।
मूलं दुःखस्य तन्नाशे, शिष्टमिष्टं परं पदम् ॥८५॥

ભાવાર્થ—જે ઉત્પ્રેક્ષા જાળ એટલે ચિંતાની જાળી, કેવી છે તે કહે છે કે અન્તર્ વચન વ્યાપાર યુક્ત તે જ દુઃખનું મૂળ છે, માટે એવી અન્તર્માં વિકલ્પ સંકલ્પ રૂપ થતી ચિંતા જાળ તેનો નાશ થતાં, અભિલષિત એવું પરમપદ જે મોક્ષ તે જ બાકી રહે છે, અને આત્માનો શુદ્ધ અનુભવ થાય છે.

વૈખરીવાણીથી બોલવામાં ન આવે તેથી જાણીએ કે આપણે કર્મ બાંધતાં નથી, પણ તેમ માનવું ભૂલ ભરેલું છે. મનમાં અનેક વિચારનાં કોકડાં વણવાં તે પણ કર્મ વૃદ્ધિ કરાવે છે. સંકલ્પ વિકલ્પ એ કર્મ બંધ છે.

પ્રસન્નચંદ્રરાજર્ષિએ જ્યારે મનમાં ચિંતાજાળ રચી, ત્યારે સાતમી નરકનાં દલિક ઉપાર્જન કર્યાં અને જ્યારે અન્તર્માંથી ચિંતા જાળથી રહિત થયા, અને પોતાના સ્વરૂપમાં રમણ કરવા લાગ્યા, નિર્વિકલ્પપણે આત્મધ્યાનમાં સ્થિર થયા. આ પ્રમાણે અન્તર્જાળનો સ્વસ્વરૂપના ધ્યાનથી નાશ કરવો.

अव्रती व्रतमादाय, व्रती ज्ञानपरायण: ।
परात्मज्ञानसंपन्न:, स्वयमेव परो भवेत् ॥८६॥

દોધક છંદ

વ્રત ગુણ ધારત અવ્રતી, વ્રતી જ્ઞાનીગુણ હોઇ;
પરમાતમકે જ્ઞાનતેં, પરમ આતમા હોઇ. ૭૦

વિવેચન—અવ્રતીએ વ્રત લઇને, અને વ્રતીએ જ્ઞાન ગ્રહીને એમ અનુક્રમે સ્વયંમેવ પરમાત્મજ્ઞાન સંપન્ન થવું. અવ્રતાવસ્થામાં થતી વિકલ્પ જાળને વ્રતનું ગ્રહણ કરી છેદવી અને વ્રતાવસ્થામાં જ્ઞાન પરાયણ થવું.

જ્ઞાન પરાયણ થવાથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને વ્રત પણ સ્વયંમેવ પશ્ચાત્ છૂટે છે. પરમાત્મજ્ઞાનથી આત્મા પરમાત્મા સ્વરૂપનું ધ્યાન ધરે તો પરમાત્મા રૂપે પ્રકાશે છે.

એવી રીતેં પરમાત્મસાર તે જ સર્વ ધર્માચરણનું સારમાં સાર તત્ત્વ છે. અવ્રત અથવા વ્રત એ બે વિકલ્પથી ભિન્ન પરમાત્મ સ્વરૂપ છે, તે જ સાધ્ય ધારવું.

लिङ्गं देहाश्रितं दृष्टं, देह एवात्मनो भव ।
न मुच्यन्ते भवात्तस्मात्ते ये लिङ्गकृताग्रहा: ॥८७॥

जातिर्देहाश्रिता दृष्टा, देह एवात्मनो भव ।
न मुच्यन्ते भवात्तस्मात्ते ये जातिकृताग्रहा: ॥८८॥

जातिलिङ्गविकल्पेन, येषां च समयाग्रह: ।
तेऽपि न प्राप्नुवन्त्येव, परमं पदमात्मन: ॥८९॥

## દોધક છંદ

લિંગદેહ આશ્રિત રહે, ભવકો કારણ દેહ,
તાતેં ભવ છેદૈ નહી, લિંગ પક્ષ રત જેહ. ૭૧
જાતિ દેહ આશ્રિત રહે, ભવકો કારણ દેહ,
તાતેં ભવ છેદૈ નહી, જાતિ પક્ષ રતિ જેહ. ૭૨
જાતિ લિંગકે પક્ષમેં, જિનકૂં હૈ દૃઢરાગ,
મોહ જાલમેં સો પરૈ, ન લહે શિવસુખ ભાગ. ૭૩

વિવેચન—લિંગ એટલે જટા ધારણ કરવી, કષાયલાં ભગવાં વસ્ત્ર, દંડ ધારણ કરવો, શરીર ઉપર અમુક ચિન્હ ધારણ કરવું, તે સર્વ દેહાંશ્રિત એટલે દેહને આશ્રયી કહ્યાં છે. અને તે શરીરનો ધર્મ છે અને દેહ છે તે સંસારનું કારણ છે.

જે લિંગ (ચિન્હ)માં આગ્રહ રાખનારા છે, તેઓની દૃષ્ટિએ લિંગ વેષ તે જ મુક્તિનું કારણ છે. અમુક લિંગ વિના મુક્તિ થતી જ નથી, એવા એકાન્ત કદાગ્રહવાળા જીવો મુક્તિ પામતા નથી. લિંગ કહો કે વેષ કહો તે કંઈ ચૈતન્ય વસ્તુ નથી, તેમ છતાં તેમાં જ જે એકાંત નિરપેક્ષપણે ધર્મ માને, તો તે અજ્ઞાની છે અને એવા અજ્ઞાનીની મુક્તિ થઇ શકતી નથી.

જાતિ એટલે બ્રાહ્મણાદિ સમજવી. જાતિ તે દેહને આશ્રયી રહી છે અને દેહ છે તે સંસાર હેતુ છે, માટે જે જીવ જાતિમાં જ મુક્તિ માને છે અને જાતિથી જ રાચી રહે છે, તે સંસારનો નાશ કરતો નથી.

જાતિ કંઇ આત્મ વસ્તુ નથી. તેવી જાતિમાં અભિમાન ધારણ કરે અને નીચ જાતિવાળાની હીલના કરે, નિંદા કરે તો તે મનુષ્ય ધર્મના બદલે ઉલટાં કર્મ ગ્રહણ કરે છે. હરિકેશી જાતિનો મદ કરીને ઘણું દુઃખ પામ્યો.

જે મનુષ્યને જાતિ અને લિંગના પક્ષમાં દૃઢ રાગ છે, એટલે જાતિ અને લિંગને જ મુક્તિનું કારણ માને છે, તે બિચારો મોહની જાળમાં ફસાએલો છે, અને તે મોક્ષ સુખ પામી શકતો નથી.

શ્રી ચિદાનંદજી મહારાજ પણ આત્મભાવના ભાવતાં કહે છે કે—

વરણ ભાંત તામેં નહિ, જાત પાંત કુલરેખ,
રાવ રંક તો તું નહિ, બાબા નહિ ભેખ. ૧
જે ઉપજે સો તું નહિં, વિણસે સો પણ નાંહિ,
છોટા મોટા તું નહિ, સમજ દેખ દિલમાંહિ. ૨

હે આત્મા! જેટલી જાતની વરણ કહેવામાં આવે છે; તે વરણ તારામાં નથી. જે મનુષ્યની જાતિના ભેદ છે, તે તારામાં નથી. તું રાવ કે રંક નથી ઇત્યાદિ. તથા ઉપજે છે અને વિનાશ પામે છે એવા શરીરાદિ પણ તું નથી.

તું છોટો નથી, કે મોટો નથી. છોટા અને મોટાપણું તે વર્ષ અને ધન સત્તાદિથી કહેવામાં આવે છે બાહ્યધન અને બાહ્ય સત્તાથી તું સદા ન્યારો છે.

હે આત્મા! એવી રીતે તું દિલમાં સમજી તારું સ્વરૂપ ગ્રહણ કર અને હવે માયાની ભ્રાન્તિને ભૂલી જા.

તું અરૂપી છે. જેમ સ્ફટિક રત્નની લાલ, પીળી, કાળી, એવી વસ્તુની ઉપાધિયોગે જુદી જુદી અવસ્થા ભાસે છે, પણ તે ઉપાધિથી સ્ફટિક રત્ન ન્યારૂં છે, તેમ આત્મા પણ જાતિ, લિંગ આદિથી ન્યારો છે.

બહિરાત્મબુદ્ધિથી તે હું છું. એવી ભ્રાન્તિ થાય છે. તે ભ્રાન્તિનો નાશ સહજવારમાં સદ્ગુરુ મહારાજના ઉપદેશથી થાય છે અને આત્માનું સ્વરૂપ જેવું છે તેવું સમજાય છે. પોતાનું શુદ્ધ સ્વરૂપ સમજાતાં સંશય, વિપર્યાદિ દોષોનો સહેજે નાશ થાય છે.

**દોધક છંદ**

લિંગ દ્રવ્ય ગુણ આદરૈ, નિશ્ચય સુખ વ્યવહાર,
બાહ્યલિંગ હઠ નય ગતિ, કરૈ મૂઢ અવિચાર. ૭૪

વિવેચન—દ્રવ્યલિંગ છે તે આત્મગુણોનો સ્વીકાર કરવામાં હેતુભૂત છે. નિશ્ચયનયથી સાધ્ય જે શાશ્વત સુખ તેમાં દ્રવ્યલિંગ રૂપ વ્યવહાર કારણભૂત છે, પણ દ્રવ્યલિંગ તે એકાંતે પરમાત્મપદનું કારણ નથી. તેમ છતાં જે મૂઢ બાહ્ય લિંગમાં હઠ કદાગ્રહ રાખે છે, તે વસ્તુ સ્વરૂપને સમજતો નથી.

પરમાત્મપદ રૂપ કાર્યનું ઉપાદાન કારણ જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણ છે. "सम्यग् ज्ञानदर्शनचारित्राणि मोक्षमार्गः"

ભાવલિંગ તે આત્માના ગુણો છે અને સાધુનો વેષ આદિ દ્રવ્યલિંગ છે. જેની નિશ્ચય ઉપર બીલકુલ રુચિ નથી, અને કેવળ લિંગમાં જ જે ધર્મ માનનાર છે, તે મૂઢ જાણવો.

નિશ્ચય અને વ્યવહાર જેના હૃદયમાં વશ્યો છે, તેના માટે આ વચન નથી. પણ એકાંત લિંગ રૂપ બાહ્ય વ્યવહારમાં નિશ્ચય સુખ માને છે, તેને હિત શિક્ષા અર્થે આ વચન છે.

**દોધક છંદ**

ભાવલિંગ જાતે ભયે, સિદ્ધ પનરસ ભેદ,
તાતેં આતમકૂં નહિ, લિંગ ન જાતિ ન વેદ. ૭૫

ભાવાર્થ—ભાવલિંગની ઉત્કૃષ્ટતા દર્શાવે છે. ભાવલિંગ ઉત્પન્ન થતાં પન્નર ભેદે જીવો સિદ્ધ થયા, માટે આત્માને લિંગ, જાતિ અને વેદ એમાંનું કશું નથી.

આત્મા સ્વગુણોથી જ સિદ્ધ થાય છે. ભાવલિંગ છે, તે આત્માના ગુણ સ્વરૂપ છે, માટે બાહ્ય વેષાદિકમાં મોહ કરવો નહીં.

**यत्त्यागाय निवर्तन्ते, भोगेभ्यो यदवाप्तये ।**
**प्रीतिं तत्रैव कुर्वाति, द्वेषमन्यत्र मोहिनः ॥९०॥**

અર્થ—જેના ત્યાગ અર્થે અને જેની પ્રાપ્તિ અર્થે, જ્ઞાની ભોગથી પાછા હઠે છે. તેના ઉપર જ મોહાન્ધ જીવો પ્રીતિ કરે છે અને અન્યત્ર દ્વેષ ધારણ કરે છે.

વિવેચન—શરીર, મન, વાણી તેના ત્યાગ માટે, એટલે તેમાં થતી મમતા તેના ત્યાગાર્થે પુત્ર, સ્ત્રી, ધન, વૈભવાદિ થકી નિવૃત્તિ પામી પાછા હઠે છે, પણ ઉલટા તે ત્યાગ કરવા યોગ્ય શરીરના ઉપર જ પ્રીતિ ધારણ કરે છે. શાથી તેમ કરે છે

તો કહે છે કે મોહથી મુંઝાયા છે, તેથી મોહી જીવોની એવા પ્રકારની સ્થિતિ છે. મોહનીય કર્મ બે પ્રકારનું છે; એક દર્શન મોહનીય કર્મ, બીજું ચારિત્ર મોહનીય કર્મ.

પ્રથમ દર્શન મોહનીયના ત્રણ ભેદ છે, ૧. સમક્તિ મોહનીય. ૨. મિશ્ર મોહનીય. ૩. મિથ્યાત્વ મોહનીય. એ ત્રણ પ્રકારની મોહનીય કર્મની પ્રકૃતિના ક્ષયથી દર્શન ગુણ પ્રગટે છે.

બીજું ચારિત્રમોહનીય કર્મના ક્ષયથી ચારિત્ર ગુણ પ્રગટે છે. દર્શન મોહનીયના ઉદયવાળાં જીવો તો સત્ય આત્મસ્વરૂપ ઓળખી શકતા નથી અને ઉલટા વિપરીત દૃષ્ટિથી કર્મબંધન કરી સંસારમાં પરિભ્રમણ કરે છે.

**अनंतरज्ञः संधत्ते, दृष्टिं पङ्गोर्यथान्धके ।**
**संयोगाद् दृष्टिमङ्गेऽपि, सन्धत्ते, तद्वदात्मनः ॥९१॥**

અર્થ-તફાવતને નહિ જાણનાર પુરૂષ, જેમ સંયોગને પાંગળાની દૃષ્ટિ આંધળાને આરોપે છે, તેમ જ અજ્ઞ આત્માની દૃષ્ટિ દેહમાં આરોપે છે.

વિવેચન-અંધ પુરુષના ખભે પાંગળો બેઠો હોય, તેમાં આંધળો ચાલે અને પાંગળો માર્ગ બતાવે, બન્નેને ચાલતાં દેખીને તેમનો ભેદ ન સમજનાર એમ વિચારે કે પાંગળાની દૃષ્ટિ તે આંધળાની છે. એમ માની પંગુદૃષ્ટિનો અંધમાં આરોપ કરે, તેવી જ દેહ અને આત્માના સંયોગને લીધે અજ્ઞાની જીવ આત્માના ધર્મને દેહમાં આરોપીને ભ્રમ પામે છે. આવી ભૂલથી શરીરથી આત્મધર્મ ભિન્ન છે, એવું

જ્ઞાન નથી થયું ત્યાં અજ્ઞાની જીવ કર્મ માર્ગ સન્મુખ ગતિ કરે છે.

બાહિરાત્માને આમ થાય છે, ત્યારે અંતરાત્મા કેમ કરે છે તે બતાવે છે.

दृष्टभेदो यथादृष्टिं, पङ्गोरन्धे न योजयेत् ।
तथा न योजयेद्देहे, दृष्टात्मा दृष्टिमात्मनः ॥९२॥

**દોધક છંદ**

પંગુ દષ્ટિ જ્યું અંધમેં, દષ્ટિભેદ નહુ દેત;
આતમ દષ્ટિ શરીરમેં, ત્યું ન ધરે ગુણ હેત. ૭૬

વિવેચન—જેને દષ્ટિ ભેદની ખબર છે, તે પુરૂષ જેમ પાંગળાની દષ્ટિ આંધળાની માનતો નથી. તેમ જે દેહ અને આત્માના ભેદને જાણનાર છે. એવો અન્તરાત્મા છે, તે આત્માની દષ્ટિ દેહમાં આરોપતો નથી.

આત્મજ્ઞાની શરીરને પોતાનું માને નહીં, જળપંકજવત્ ઉપયોગ દષ્ટિથી અન્તરાત્મા સદાકાળ શરીરથી ન્યારો વર્તે છે.

હવે ભ્રાન્તિ અને અભ્રાન્તિનું લક્ષણ બતાવે છે.

सुप्तोन्मत्ताद्यवस्थैव, विभ्रमोऽनात्मदर्शिनाम् ।
विभ्रमोऽक्षीणदोषस्य, सर्वावस्थात्मदर्शिनः ॥९३॥

**દોધક છંદ**

સ્વપ્રવિકલતાદિક દશા ભ્રમ માનૈ વ્યવહાર;
નિશ્ચય નયમેં દોષ ક્ષય, વિના સદા ભ્રમચાર. ૭૭

વિવેચન—અનાત્મદર્શી બહિરાત્મા છે, તેને સુપ્ત એટલે નિદ્રાવસ્થા અને ઉન્મત્ત દશા તે આદિ સર્વ વિભ્રમાવસ્થા છે.

આત્મદર્શી અન્તરાત્મા તો અક્ષીણ દોષવાળા બહિ-રાત્માની અવસ્થા માત્ર તેને વિભ્રમ રૂપ જ માને છે.

આ શ્લોકનો અર્થ જુદી રીતે કરતા એવો પણ થાય કે, આત્મદર્શિઓને સુત્પાદિ અવસ્થા પણ વિભ્રમ રૂપ નથી, કારણકે આત્મધ્યાન રમણતાના અત્યન્ત અભ્યાસથી તેઓને વિપર્યાસ થતો નથી. એવા આત્મદર્શીઓને આત્મજ્ઞાનની વિકલતાનો અસંભવ છે. આત્મદર્શી અન્તરાત્માને સુપ્તાદિ અવસ્થામાં પણ વિભ્રમ નથી તો જાગ્રત અવસ્થામાં કયાંથી હોય ? અલબત્ત હોય નહિ.

પરંતુ જેમના દોષ ક્ષીણ થયા નથી, એવા દેહાદિ અવ-સ્થાને પણ આત્મા માને છે, તેમને અનેક વિભ્રમનો સંભવ છે. આત્મદર્શીને જરાપણ વિભ્રમનો સંભવ નથી. આત્મ-દર્શીની નિદ્રાવસ્થાની બરોબર પણ બહિરાત્માની જાગ્રત અવ-સ્થા નથી. અહો! બન્નેની દશામાં કેટલો ફેરફાર વર્તે છે.

હવે બાલ્ય, યૌવન, વૃદ્ધાવસ્થાદિને આત્મબુદ્ધિથી દેખ-નાર મનુષ્ય પણ સંપૂર્ણ શાસ્ત્રના જાણપણાથી નિદ્રા રહિત થતાં. મુક્ત થશે જ એમ કહેનાર કહે છે.

विदिताशेषशास्त्रोऽपि, न जाग्रदपि मुच्यते ।
देहात्मदृष्टिर्ज्ञातात्मा, सुप्तोन्मत्तोऽपि मुच्यते ॥९४॥

**દોધક છંદ**

છુટૈ નહિ બહિરાતમા, જાગત ભી પઢિ ગ્રંથ;
છુટે ભવમેં અનુભવી, સુપન વિકલ નિગરંથ. ૭૮

વિવેચન-બહિરાત્મા સંપૂર્ણ શાસ્ત્રનો જાણનાર છતાં, અને જાગતો છતો, પણ કર્મથી છુટતો નથી. અને ભેદજ્ઞાની અનુભવી અન્તરાત્મા ખુબ દૃઢ અભ્યાસને લીધે નિદ્રા લેતો હોય તથા વિકાલ હોય, તો પણ સંસારમાંથી છૂટે છે. અર્થાત્ કર્મ રહિત થાય છે.

**દોધક છંદ**

પઢી પાર કહે પાવનો, મિટયો ન મનકો ચાર,
જ્યું કૌલુકે બૈલુકું, ઘરકી કોસ હજાર. ૯૯

વિવેચન-મનના વિકલ્પ ટાળ્યા નહિ તો ભણીને પાર શી રીતે પામી શકાય. ભણવાનો સાર એ છે કે, મનના વિકલ્પ સંકલ્પ ટળી જાય અને મન આત્માભિમુખ થાય.

જો મન આત્માભિમુખ ન થયું, તો ભણવું, ગણવું સર્વ વ્યર્થ છે.

જેમ કોલુનો બળદ આખો દિવસ ફર્યા કરે અને મનમાં જાણે કે હું હજારો ગાઉ ચાલ્યો પણ તે ઘેરનો ઘેર હોય છે તેવો જ રીતે મન જેનું વશ થયું નથી તેનું પઠન પાઠન સંસારમાં પરિભ્રમણ કરાવનાર છે, પણ તેથી સંસારાન્ત થતો નથી.

વાદવિવાદના શાસ્ત્રઠ અધ્યયન કરવાથી તેમજ બાહ્ય તપ, જપ, ભક્તિની કેવલ વાતો કરવાથી-ચર્ચા કરવાથી પણ સંસાર પાર પામતો નથી.

શ્રી જ્ઞાનસારમાં કહ્યું છે કે-

**वादांश्च प्रतिवादांश्च, वदन्तोऽनिश्चितांस्तथा ।**
**तत्त्वान्तं नैव गच्छन्ति, तिलपीलकवद्गतौ ॥८॥**

વિવેચન—અનિશ્ચિત એવાવાદ અને પ્રતિવાદને કહેતા એવા મનુષ્યો તેલીના બળદની પેઠે તત્ત્વનો પાર પામતા નથી. ઘાંચીનો બળદ ગમનનો પાર પામતો નથી, તેમ સાત નયના અજાણ પુરુષો ખંડન, મંડન કરતા સંસાર સમુદ્રનો પાર પામતા નથી.

સાધ્યશૂન્ય દશાએ વ્યાકરણ, ન્યાય, અલંકાર, સિદ્ધાંતાદિનું પઠન, પાઠન, આત્મહિતાર્થે થતું નથી, અને તેથી મનોગત વિકલ્પ સંકલ્પ ટળતા નથી, માટે વિકલ્પ સંકલ્પ રૂપ ઘાસને બાળવા અગ્નિ સમાન આત્મજ્ઞાનના અભ્યાસને જ સારમાં સાર જાણવો.

**यत्रैवाऽऽहितधीः पुंसः, श्रद्धा, तत्रैव जायते ।**
**यत्रैव जायते श्रद्धा, चित्तं तत्रैव लीयते ॥९०॥**

**દોધક છંદ**

જિહાં બુદ્ધ થિર પુરુષકી; તહેં રુચિ વહેં મન ધીન,
આતમમતિ આતમરુચિ, કહૌ કૌન આધીન. ૮૦

વિવેચન—જ્યાં મનુષ્યની બુદ્ધિ સ્થિરપણે ચોંટે છે, ત્યાં તેની રુચિ પણ થાય છે, ત્યાં જ શ્રદ્ધાવાળું ચિત્ત બને છે અને ત્યાં જ ચિત્ત લય પામે છે.

જેને આત્મવિષયમાં જ મતિ થઈ છે, અને આત્મામાં ચિત્ત લય પામ્યું છે એવો પુરુષ કોઈના આધીન વર્તતો નથી. અથવા તેની રુચિ આત્મા વિના બીજા કોના આધીન છે? અર્થાત્ કોઈના આધીન નથી.

તેવો પુરુષ અન્તરથી જોતાં સ્વતંત્રપણે વર્તે છે. રાગ-રાગદ્વેષ પરપરિણતિના આધીન તે થતો નથી. અને સ્વપરિ-ણતિમાં રમવાથી પોતાની રિદ્ધિનો પોતે ભોકતા થયો અને ષટકારક પોતાના આત્મામાં સઘળાં પરિણમ્યાં; ત્યારે ત્રણ જગતમાં તે આત્મા પૂજ્યતાને પામ્યો. આઠ કર્મ રૂપ પિંજરથી આત્મા છૂટો થાય છે, અને અખંડ સુખ ભોગવે છે, તેથી ભવ્ય જીવોએ આત્મામાં જ રુચિ ધારણ કરવી જોઇએ.

પોતાની રિદ્ધિ પોતાની પાસે છે. બહિરાત્મબુદ્ધિથી કયાં આડા અવળાં ભટકો છો, અષ્ટ સિદ્ધિ અને નવ નિધિ પણ ઘટમાં છે. તે સંબંધી શ્રી ઉપાધ્યાયજી કહે છે કે–

ધર્મ સિદ્ધિ નવનિધિ હૈ ઘટમેં, કહા ઢુંઢત જઇ કાશી હો;
જશ કહે શાંત સુધારસ ચાખ્યો, પૂરણ બ્રહ્મ અભ્યાસી હો. ૯

**यत्रैवाऽऽहितधी पुंस, श्रद्धा, तस्मान्निवर्तते ।**
**यस्मान्निवतते श्रद्धा, कुतश्चित्तस्य तल्लय: ।।९६।।**

વિવેચન–જે વિષયમાં મનુંષ્યની બુદ્ધિ ન ચોંટે તે વિષયમાં તેની શ્રદ્ધા થતી નથી, એટલે તેથી બુદ્ધિ પાછી કરે છે એમ જયારે થાય ત્યારે તે વિષયમાં ચિત્તનો લય શી રીતે થાય ? અર્થાત્ થાય નહિ. પરસ્વભાવમાં આત્માની તેવા પ્રકારની બુદ્ધિ થતાં તેમાં ચિત્ત લાગતું નથી. જ્યાં ચિત્તનો લય થાય છે, એવું જે ધ્યેય તે ભિન્ન હોય, અથવા અભિન્ન એવા ધ્યેયનું ધ્યાન કરવાથી થતા ફળને બતાવે છે–

**भिन्नात्मानमुपास्यात्मा, परो भवति तादृशः ।**
**वर्तिर्दीपं यथोपास्य, भिन्ना भवति तादृशी ॥९७॥**

સેવત પર પરમાતમા, લહે ભવિક તસ રૂપ;
બતિયાં સેવત જ્યોતિકું, હોવત જ્યોતિ સ્વરૂપ. ૮૧

વિવેચન–ભિન્નાત્મા એટલે પોતાના આત્માથી ભિન્ન એવા અરિહંત, સિદ્ધ રૂપ આત્માની ઉપાસના કરવાથી, આરાધક પુરૂષ પણ પરમાત્મા થાય છે. તે ઉપર દૃષ્ટાંત બતાવે છે. જેમ દીપથી ભિન્ન એવી જે વાટ, તે દીપની જ્યોતિને સેવી, પોતે પણ જ્યોતિરૂપ બને છે, તેમ અત્રે સમજવું. હવે પોતાનાથી અભિન્ન એવા આત્માની ઉપાસનાનું ફળ બતાવે છે–

**उपास्यात्मायमेवात्मा, जायते परमोऽथवा ।**
**मथित्वाऽऽत्मानमात्मैव, जायतेऽग्निर्यथा तरुम् ॥९८॥**

આપ આપમેં સ્થિત હુએ, તરુથેં અગનિ ઉદ્યોત;
સેવત આપહિ આપકું, ત્યું પરમાતમ હોત. ૮૨

આત્મા પોતે ચિદાનંદ સ્વરૂપ એવા પોતાને ઉપાસી પરમાત્મરૂપ બને છે, માટે આત્માએ પોતાના સ્વરૂપનું ધ્યાન કરવું સ્વસત્તા સિદ્ધાત્મ સમાન જાણી તેમાં રમણતા કરવી.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી પરદ્રવ્યનું સ્વરૂપ જાણી તેનાથી ઉપયોગ સંહરી, પોતાના સ્વદ્રવ્યાદિક ચતુષ્ટય વડે, પોતાના સ્વરૂપમાં ઉપયોગ જોડવો.

આત્માના પ્રતિ પ્રદેશ અનંતા ગુણ તથા અનંતા પર્યાય છે, તેનું સ્થિર ઉપયોગે ધ્યાન ધરવું.

ધ્યાનના ઘણા ભેદ છે. તેમાં રૂપાતીત ધ્યાન મોટામાં મોટું છે. અને રૂપાતીત ધ્યાન ઉત્કૃષ્ટ ધ્યાન દશા વાળા જીવને પ્રાપ્ત થાય છે. પોતાના સ્વરૂપમાં એવી રીતે ઉપયોગ જોડવો કે તે જરામાત્ર ચલાયમાન થાય નહિ.

જ્યારે દૃઢપણે ઉપયોગની ધારા આત્મસ્વરૂપમાં વહન કરે છે, ત્યારે પ્રથમ અનુભવ જ્ઞાન પ્રગટે છે. અને જ્યારે અનુભવજ્ઞાનથી આત્માનો નિર્ધાર થાય છે; ત્યારે આત્માનો અપૂર્વ અલૌકિક શુદ્ધાનંદ પ્રગટે છે.

સરજાનંદની ખુમારી જુદા જ પ્રકારની છે. તે ખુમારી પ્રાપ્ત થતાં આનંદ છવાઈ જાય છે, એવો આનંદ કોઈપણ ઠેકાણે મળતો નથી. એવા પ્રકારના આનંદનું કોઈ હાટ પણ નથી કે ત્યાંથી વેચાતો લાવીએ.

જ્યારે પોતાના સ્વરૂપમાં આવીને સમતા સંગે ખેલીએ. ત્યારે એવો આનંદ પ્રગટે છે. વળી એવો સહજાનંદ કંઈ વાટમાં કે ઘાટમાં મળતો નથી. વળી એવા પ્રકારનો આનંદ કંઈ વિષય સુખ ભોગવતાં મળતો નથી.

ચોસઠ ઇંદ્ર છે જે ભૂતકાળમાં થઈ ગયા, હાલ વર્તે છે, અને ભવિષ્યકાળમાં થશે, એમ ત્રણકાળના દેવતાઓ તથા ત્રણ કાળના ચક્રવર્તિ અને વાસુદેવાદિ રાજાઓને વિષયાદિક સુખ ભોગવતાં, જે કાંઈ આનંદ મળે છે, તે સર્વ આનંદ ભેગો કરીએ, અને એક તરફ આવી રીતે આત્માનુભવથી પ્રગટેલો જે આનંદ તેની આગળ ઇંદ્રાદિકનો આનંદ તે સ્વયંભૂરમણ સમુદ્રની આગળ એક જળનું બિંદુ તેની બરાબર નથી. માટે આત્માનો આનંદ અનુપમેય છે.

બાલ્યાવસ્થામાં રમત ગમતમાં જે આનંદ મળે છે, તે પણ આત્માનાં આનંદની આગળ કંઈ હિસાબમાં નથી. વળી એવા પ્રકારનો આનંદ તે અજ્ઞાન ભક્તિથી પણ મળતો નથી. વળી આત્માનુભવથી પ્રગટેલા આનંદની આગળ સ્વયંભૂરમણ સમુદ્ર પણ એક બિંદુ સમાન છે.

આ પ્રકારના આનંદનું સ્વરૂપ પદ દ્વારા કહે છે.

## પદ

આનંદ ક્યાં વેચાય ચતુર નર, આનંદ ક્યાં વેચાય એ દેશી.

આનંદની નહિ હાટડી રે, આનંદ વાટ ન ઘાટ;
આનંદ અથડાતો નહિ રે, આનંદ પાટ ન ખાટ. ચતુર૦ ૧
ક્ષણિક વિષયાનંદમાં રે, રાચ્યા મૂરખ લોક;
જડમાં આનંદ કલ્પીને રે, જન્મ ગુમાવે ફોક. ચતુર૦ ૨
બાલપણે અજ્ઞાનથીરે, રમવામાં આનંદ;
ક્ષણિક આનંદ તે સહિ રે, રાચે ત્યાં મતિમંદ. ચતુર૦ ૩
અજ્ઞાને જે ભક્તિમાં રે, માન્યો મન આનંદ;
આનંદ સાચો તે નહિ રે, મૂર્ખ મતિનો ફંદ ચતુર૦ ૪
ભેદજ્ઞાન દૃષ્ટિ જગે રે, જાણે આતમ રૂપ;
આતમમાં આનંદ છે રે, ટાળે ભવભયધૂપ. ચતુર૦ ૫
જ્ઞાની જ્ઞાનથકી લહે રે, શાશ્વત સત્યાનંદ;
યોગી આત્મસમાધિમાં રે, પાવે આનંદ કંદ. ચતુર૦ ૬
આનંદ અનુભવ યોગથી રે, પ્રગટે ઘટમાં ભાઈ;
સદ્ગુરુ સંગત આપશે રે, જ્ઞાનાનંદ વધાઇ. ચતુર૦ ૭
સદ્ગુરુ હાટે પામશો રે, આનંદ અમૃતમેવ;
બુદ્ધિસાગર કીજીએ રે, પ્રેમે સાચી સેવ. ચતુર૦ ૮

શ્રી સદ્ગુરુ મહારાજની સંગતિથી, આવા પ્રકારનો આત્માનંદ પ્રગટે છે. હવે મૂળ વિષય ઉપર આવીએ.

આત્મધ્યાન કરતાં સૂર્યસમાન અનુભવ પ્રગટે છે, તેથી જ સહજાનંદ પ્રગટે છે, માટે સર્વ શાસ્ત્રાનુસાર એવા અનુભવ જ્ઞાન માટે ધ્યાન કરવું. આત્મામાં રમણ કરતાં ધ્યાન ધારાથી સહેજે અનુભવ પ્રગટે છે. અનુભવનું સ્વરૂપ વર્ણવે છે કે—

## પદ

ચેતન અનુભવ રંગ રમીજે;
આગમ દોહન અનુભવ અમૃત, યોગી અનુભવ રિઝે. ચે૦ ૧
અનુભવ સુરતરૂ વેલી સરખો, અનુભવ કેવલ ભાઇ;
અનુભવ શાશ્વત સુખ સહોદર, ધ્યાન તનુજ સુખદાયી. ચે૦ ૨
અનુપમ અનુભવ વર્ણન કરવા, કોણ સમર્થ કહાવે;
વચન અગોચર સહજ સ્વરૂપી, અનુભવ કોઇક પાવે. ચે૦ ૩
અનુભવ હેતુ તપ જપ કિરિયા, અનુભવ નાત ન જાતિ;
નયનિક્ષેપાથી તે ન્યારો, કર્મ હણે ઘનઘાતી ચે૦ ૪
વિરલા અનુભવ રસ આસ્વાન, આતમ ધ્યાને યોગી;
આતમ અનુભવ વિણ જગ લોકો, થાવે નહિ સુખ ભોગી. ચે૦ ૫
અનુભવયોગે આતમ દર્શન, પાતી લહત ખુમારી;
બુદ્ધિસાગર સાચી ન્હાલી, અનુભવમિત્તસું યારી. ચે૦ ૬

એ પ્રમાણે અનુભવ જ્ઞાન યોગે, આત્મદર્શન પ્રગટતાં અનહદ આનંદની ખુમારી પ્રગટે છે.

હવે અનુભવની ખુમારીનો સ્વાદ ચાખી આત્મા પોતાના ગુણપર્યાયના ધ્યાનમાં એક સ્થિર ઉપયોગથી વર્તે અને એમ સ્વગુણમાં રમણતા કરતો ક્ષપક શ્રેણી આરોહી શુકલ ધ્યાનનો દ્વિતીય પાયો ચિંતવતાં, ઘટમાં કેવલજ્ઞાનાદિ રત્નત્રયી પ્રગટ કરે.

સમભિરૂઢનયની અપેક્ષાએ ઘાતીયાં કર્મ ખપાવી સિદ્ધ, થાય અને અંતે એવંભૂતનયની અપેક્ષાએ અષ્ટકર્મનો સંપૂર્ણ ક્ષય કરી સિદ્ધિશિલાની ઉપર એક યોજન અને તે એક યોજનના ચોવીસ ભાગ કરીએ તેમાં ત્રેવીસ ભાગ નીચે મૂકીએ અને ચોવીસમા ભાગમાં અવગાહના ગ્રહે થાય, પરમાત્મા થાય.

આત્માનો શુદ્ધ પર્યાય તે જ સિદ્ધાવસ્થા જાણવી. જેમ વૃક્ષ પોતે પોતાની સાથે ઘસતાં વૃક્ષમાં અગ્નિ પ્રગટે છે; અને પોતે અગ્નિ થઈ જાય છે; તેમ આત્મા પણ આત્માનું ધ્યાન કરતાં પરમાત્મારૂપ થઈ જાય છે

શ્રી આનંદઘનજી મહારાજ પણ કહે છે કે–

જિન સ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવેરે,
ભૃંગી ઈલીકાને ચટકાવે તે, ભૃંગી જગ જોવે રે ષટ્. ૭

જે ભવ્ય તદાકારવૃત્તિએ પરમાત્માનું ધ્યાન કરે છે, તે પ્રાણી નિશ્ચયથી જ્ઞાનાદિગુણયુક્ત પરમાત્મારૂપ થાય છે.

જેમ મદની ઉન્મત્તતાથી ભમરી કામી અથવા પીળી ભીંજેલી માટીમાં લાવી મૂકી, પોતે તેની ગોળી વાળીને, એકેક ગોળી લાવી ઘર બાંધી, તેમાં ઇલિકાને ચટકો દઈ,

લાવી ઘરમાં મૂકે, અને એક ગોળીથી ઘરનું મુખ ઢાંકે. સત્તરમા દિવસે ચટકાથી તે ઘરનું મુખ ખોલનાં તે ઇલીકા ભમરી થઈ ઉડી જાય છે.

તેમ આત્માનું પણ પોતાના નિજસ્વરૂપમાં પરિણમવું તે પોતાના ઘરમાં રહેવું, અને તે ઘરમાં જ આત્મા તે પરમાત્મા રૂપ બને છે; અને જેમ ઘરમાંથી પેલી ભમરી ઉડી જાય છે, તેમ આત્મા પણ અષ્ટકર્મનો ક્ષય કરી, ચૌદ રાજલોકનાં અંતે એક સમયે સમશ્રેણીથી જાય અને ત્યાં સાદિઅનંતિ સ્થિતિના ભાંગે વસે છે.

ભવ્ય જીવોએ, આત્મરૂપ છે તે જ પોતાનું છે, એમ હૃદયમાં નિશ્ચય કરવો અને પોતાના આત્માની સાથે પ્રીતિ કરવી.

આત્મામાં પ્રીતિ થતાં. અન્યત્ર થતી પ્રીતિ નાશ પામે છે. આત્માની પ્રીતિ થયા વિના, પરથી–પુદ્ગલભાવથી પ્રીતિ છુટતી નથી.

શ્રી આનંદઘનજી મહારાજ આત્મરૂપ પ્રભુની સાથે પ્રીતિના એકતાનમાં આવી કહે છે કે–

### પદ

મત કોઈ પ્રેમ કે ફંદ પડે, પરત સો નીકસત નાંહી. મત૦ ૧
જલ બીચ મીન કમલ જલ જેંસે, બિરહે સોઈ મરે, મત૦ ૨
બુંદકે કારણ પવઇયા પુકારત, દીપક પતંગ જરે. મત૦ ૩
આનંદઘન પ્યારે આય મિલો, તુમ બિરહકી પીર ટરે. મત૦ ૪

કોઈ પ્રેમના ફંદમાં ફસાશો નહિ. પ્રેમના ફંદમાં ફસાયો તે ત્યાંથી નીકળતો નથી. જલની સાથે મીનનો પ્રેમ અને કમળનો એવો પ્રેમ છે, કે તે બન્ને જળથી દૂર થતાં પોતાના પ્રાણ ખુએ છે.

એક બુંદને માટે વારંવાર આકાશ સામું જોઈ પપઇઓ પોકારે છે. તે મેઘના જલની સાથે જ પ્રેમ ધરાવે છે.

પતંગીયું પ્રેમના વશે દીવામાં ઝંપલાઈ મરી જાય છે, તેમ મારે પણ આત્મારૂપ પ્રભુની સાથે પ્રેમ અવિહડ છે. માટે આનંદનો જે સમૂહ તેના આધાર ભૂત હે આત્મારૂપ પરમાત્મા! હવે તમે મને મળો, તો અનાદિ કાળથી તમારા સ્વરૂપની પ્રાપ્તિનો જે વિરહ તેથી થતું જન્મ, જરા, મરણનું દુઃખ તે પીડા જરૂર ટળી જાય, એમ આનંદઘનજી કહે છે. હે આત્મા પ્રભુ! તમારા વિના હું જીવી શકનાર નથી. તમારો વિરહ મને બહુ સાલે છે.

વળી તે જ મહાત્મા આત્માનું ધ્યાન કરતા ગાય છે

## પદ

ચેતન અપ્પા કૈસેં લહોહી, સત્તા એક એક અખંડ અબાધિત;
ઈહ સિદ્ધાંત પરવ જોઈ. ચેતન૦ ૧

અન્વય અરૂ વ્યતિરેક હોઉકો સમજરૂપ ભ્રમ ખોઈ.
આરોપિત સબ ધર્મ ઓરહે, આનંદઘન તત સોઈ. ચેતન૦ ૨

જે આત્માની સત્તા અખંડ અબાધિત એક સ્વરુપ છે, એવી આત્મસત્તાનું ધ્યાન વ્યક્તિ ભાવને અર્પે છે. આત્મામાં પોતાના ધર્મ વિના જે અન્ય ધર્મનો આરોપ છે, તે અસત્ય છે.

આ પદનો અર્થ કરતાં ઘણો વિસ્તાર થઈ જાય માટે કર્યો નથી. તાત્પર્ય કહેવાનું એ છે કે આ આત્માનું અભિન્ન ભાવે ધ્યાન કરતાં આત્મા તે જ પરમાત્મા રૂપ થાય છે માટે ગુરુગમથી આત્મસ્વરૂપ ધારી, ધર્મ અધર્મ, આકાશ, કાળ, અને પુદ્ગળ, એ પંચ દ્રવ્યથી ન્યારો આત્મા અસંખ્ય પ્રદેશી છે એમ ધારી, તેનું સ્વરૂપ વિચારવું તે સંબંધી પ્રસંગે પદ કહે છે–

## પદ

(રાગ પ્રભાતી ચાલ)

એસા સ્વરૂપવિચારો હંસા ! ગુરુગમ શૈલી ધારી રે. એસા૦
પુદ્ગલરૂપાદિકથી ન્યારો, નિર્મલ સ્ફટીક સમાનો રે;
નિજસત્તા ત્રિહુકાલે અખંડિત, કબહુ રહે નહિ છાનો રે એ૦ ૧
ભેદજ્ઞાન સૂર ઉદયે જાગી, આતમ ધંધે લાગો રે;
સ્થિરદૃષ્ટિ સત્તા નિજ ધ્યાયી, પર પરિણતિ ત્યાગો રે એ૦ ૨
કર્મબંધ રાગાદિક વારી, શક્તિ શુદ્ધ સમારી રે;
ઝીલો સમતા ગંગા જલમેં, પામી ડ્રુબકી તારી રે. એ૦ ૩
નિજગુણ રમતો રામ ભયો જબ, આતમરામ કહાયો રે,
બુદ્ધિસાગર શોધો ઘટમાં નિજમાં નિજ પરખાયો રે. એ૦ ૪

જે કંઈ તત્ત્વ છે. તે આત્મા જ છે. આત્મારૂપ ત્રણ ભવનનો રાજા મૂકીને અન્ય રાજાને રાજા માનવો, તે કેટલી બધી ભૂલ છે.

અન્ય કોઈ મોટો માણસ નજરે પડે તો તમો તેની કેટલી આજીજી કરો છો ? તો સર્વથી મોટામાં મોટો જે આત્મા તેની સેવામાં તમે સમજતા નથી, તે મોટી ભૂલ છે.

હવે સમજો ! પોતાનું શુદ્ધ સ્વરૂપ ઓળખો, અસંખ્ય પ્રદેશ રૂપ પોતાના ઘરમાં વાસ કરો, તેથી જ અભિન્ન એવા આત્માની ઉપાસના સફળ થશે.

**इतीदं भावयेन्नित्यमवाचागोचरं पदम् ।**
**स्वत एव तदाप्नोति, यतो नावर्तते पुनः ॥९९॥**

એહિ પરમ પદ ભાવિયેં, વચન અગોચર સાર;
સહજ જ્યોતિ તો પાઈયેં, ફિરિ નહિ ભવ અવતાર. ૮૩

વિવેચન—એ પ્રમાણે ભિન્ન કે અભિન્ન ગમે તે પ્રકારે આત્મસ્વરૂપની ભાવના નિત્ય દરેક પળે કરવી.

આ પ્રકારની ભાવનાથી અગોચર એવું મોક્ષપદ પમાય છે. મોક્ષપદ પામ્યા પછી ફરીથી ત્યાંથી પાછા ફરાતું નથી. અર્થાત્ સંસારમાં આવાગમન નથી. આવું મોક્ષપદ આત્મા સ્વયંમેવ પામે છે.

તિરોભાવ નિજઋદ્ધિનો, આવિર્ભાવ પ્રકાશ;
પરમાતમ પદ તે કહ્યું, તે પદનો હું દાસ. ૧

અનાદિકાળથી છે, તેનો આવિર્ભાવ થવો, તે જ પરમાત્મપદ જાણવું.

આત્માના અસંખ્ય પ્રદેશની નિર્મલ જ્યોતિ છે, અને વળી તે પ્રદેશ નિરાકાર છે, તેવો આત્મા શુદ્ધ સત્તાએ હું છું.

વળી જેમ ધૃવનો તારો અચલ છે, તેમ મારૂં સ્વરૂપ પણ સત્તાથી જોતાં અચલ છે. ધ્રુવના તારાની પેઠે આત્મા દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ ધ્રુવ છે.

**अयत्नसाध्यं निर्वाणं, चित्तत्वं भूतजं यदि ।**
**अन्यथा योगतस्तस्मान्न दुःख योगिनां क्वचित् ॥१००॥**

વિવેચન--ચેતના લક્ષણ આત્મતત્ત્વ જો ભૂતજ એટલે પૃથ્વી, જલ, વાયુ અને અગ્નિ એ ચાર તત્વના સમૂહથી ઉત્પન્ન થયું છે, એવું માનીએ તો નિર્વાણ જે મોક્ષ તે યત્નથી સાધી શકાય નહિ.

કારણ કે ચાર્વાકમતમાં શરીર ત્યાગ પછી રહી શકે એવા આત્માનો અભાવ છે. ચાર ભૂતથી ઉત્પન્ન થએલો આત્મા માનતાં શરીર નષ્ટ થતાં, આત્મા પણ નષ્ટ થઈ જાય, કારણ કે શરીરથી આત્મા ભિન્ન ચાર્વાકમતમાં નથી.

વળી સાંખ્યમતમાં ભૂતજ એટલે સહજ સિદ્ધ આત્મા નિર્લેપ છે. સાંખ્યતમાં કહ્યું છે કે, 'प्रकृतिः कर्त्री पुरुषस्तु पुस्करपलाशवत् निर्लेपः" પ્રકૃતિ કરે છે, પુરૂષ તો કમળના પત્ર સમાન નિર્લેપ છે.

તે માતાનુસારે આત્મા પ્રથમથી જ શુદ્ધ અને મુક્ત માનવામાં આવે તો, નિર્વાણ યત્નથી સિદ્ધ થતું નથી.

ચાર્વાકમતવાળા ભૂતથી આત્માની ઉત્પતિ માને છે, પણ તે અસત્ય છે. ભૂત તો જડ છે, અને જડથી ચૈતન્ય વસ્તુની ઉત્પતિ નથી મૃતક શરીરમાં ચારભૂત દેખવામાં આવે છે, પણ ત્યાં આત્મા નથી.

આત્મા તો જ્ઞાન ગુણી છે, તે અરૂપી એવો આત્મા તે રૂપી એવાં ચાર ભૂતનું કાર્ય નથી; માટે ચાર ભૂતથી આત્મા જુદો છે. અન્યથા એટલે જુદી રીતે યોગથી આત્મ સ્વરૂપ સ્વીકારવામાં આવે તો ચિત્તવૃત્તિ નિરોધરૂપે યોગથી નિર્વાણ સહેજે પ્રાપ્ત થાય છે અને સ્વરૂપમાં રમતા એવા યોગીઓને છેદન ભેદન થતાં પણ દુઃખ થતું નથી કારણ કે આનંદ સ્વરૂપ પોતનાં આત્માના જ્ઞાનથી છેદનાદિથી જો ઉત્પન્ન થતું દુઃખ જ્ઞાન તેનો અભાવ છે, માટે સદા કાળ યોગી સુખ અનુભવે છે.

પાતંજલ યોગનાં અષ્ટ અંગ કહે છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ; એ અંગ જાણવાં. સહજ સમાધિથી આત્મા પરમાત્મા રૂપ થાય છે.

શ્રી વિનયવિજયજી ઉપાધ્યાય યોગ દ્વારા આત્માનું સ્વરૂપ વર્ણવે છે.

### ૫૬

સાધુભાઈ સોહે જનકા રાગી, જાકી સૂરત મૂલ ધૂન લાગી, સાધુ૦
સો સાધુ અષ્ટકર્મ શું ઝગડે, સૂન્ય બાંધે ધર્મશાળા,
સોહં શબ્દકા ધાગા સાધે, જપે અજપામાળા. સાધુ૦ ૧
ગંગા જમના મધ્ય સરસ્વતિ, અધર વહે જલધારા,
કરિય સ્નાન મગન હોય બેઠે, તોડયા કર્મદલ ભારા. સાધુ૦ ૨
આપ અભ્યંતર જ્યોતિ બીરાજે, બંકનાલ ગ્રહે મૂલા,
પશ્ચિમ દશાકી ખડકી ખોલે, તો બાજે અનહદ તુરા. સાધુ૦ ૩

પંચભૂતકા ભ્રમ મિટાયા; છઠામાંહિ સમાયા,
વિનયપ્રભુ સુજ્યોતિ મિલી જબ, ફિર સંસાર ન આયા. સાધુ૦ ૪

યોગવિષયક આ પદનો ભાવાર્થ યત્નથી સાધ્ય મોક્ષ વર્ણવે છે, અને સાધનાવસ્થાની ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત થતાં અદ્ભુત આનંદ પ્રગટે છે, તેથી ત્યાં દુઃખનું લેશ પણ ભાન થતું નથી.

**દોધક છંદ**

જ્ઞાનીકૂં દુઃખ કુછ નહીં, સહજ સિદ્ધ નિર્વાણ,
સુખ પ્રકાશ અનુભવ ભયે, સબહી ઠૌર કલ્યાણ. ૮૪

વિવેચન--જ્ઞાનીને કોઈ પણ પ્રકારનું દુઃખ નથી. જેણે ષટ્ દ્રવ્ય, તેના ગુણપર્યાય તથા નયનિક્ષેપાનું જાણપણું સારી રીતે કર્યું છે, તે જ્ઞાની જાણવો.

જ્ઞાનીને સહેજે મોક્ષ સિદ્ધ છે. સુખનો પ્રકાશ કરનાર અનુભવ, ઘટમાં ઉત્પન્ન થતાં સર્વત્ર કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય છે અને સંપૂર્ણ કર્મનો ક્ષય કરી સિદ્ધસ્થાનમાં આત્મા ગમન કરે છે.

"कृत्स्नकर्मक्षयातूर्ध्वं, निर्वाणमधिगच्छति"

સંપૂર્ણ કર્મના ક્ષયથી, ઉર્ધ્વ–મોક્ષ સ્થાનને જીવ પામે છે. કર્મ રહિત જીવનો સ્વભાવથી જ મોક્ષસ્થાનમાં ગમન કરવાનો સ્વભાવ છે. તેમને કોઈની સ્પૃહા નથી. બાહ્ય ધન, બાહ્ય વસ્ત્રાદિક તથા બાહ્ય રાજ્યથી રહિત પણ તે સર્વ રાજાઓના પૂજ્ય છે. અને તેઓ જ સુખીમાં સુખી છે.

લક્ષ્મી, ભોગ વિલાસનું સુખ થોડાકાળનું છે, માટે તે ક્ષણીક છે. અને જ્ઞાનથી થતું સુખ તો સત્ય અને શાશ્વત છે, માટે તે જ આદેય–ગ્રહણ કરવા યોગ્ય જાણવું.

જ્યાં ઉપાધિ વળગતી નથી અને ઉપાધિનો સંબંધ થતાં પણ તેથી સદા ન્યારો રહે છે, માટે જ્ઞાની નિરૂપાધિયોગે સુખનો ભોકતા બને છે.

સંસારમાં રાજા, શેઠ, રંક ભોગી, વિદ્વાન, કલાવાન; સર્વ ઉપાધિરૂપ ગ્રહથી પકડાયાં છે, માટે તેઓ ખરેખર સુખી નથી.

જેમ, વિષ્ટામાં ભૂંડ રાચે, તેમ જ્ઞાની બાહ્ય જગતની ઉપાધિમાં રાચતો નથી. જ્ઞાની નિર્લેપપણે વર્તવાથી કર્મ રહિત થાય છે

અજ્ઞાની જ્યાં જાય, જ્યાં વસે, ત્યાં સર્વત્ર ઉપાધિવાળું મન હોવાથી. જરામાત્ર શાંતિ પામતો નથી. અને જ્ઞાની નિર્લેપપણે વર્તવાથી સર્વત્ર, સર્વદા કલ્યાણ પામે છે.

ઇગ્લીશ, સંસ્કૃત, ફારશી વિગેરે સાત આઠ ભાષાના જાણપણાથી કંઈ જ્ઞાનીપણું આવી જતું નથી. ફક્ત તેથી તો ભાષા પંડિત કહેવાય છે.

જે અધ્યાત્મશાસ્ત્રનો જાણ હોય તથા તેનો અનુભવી હોય તથા સ્વાદ્વાદપણે આત્મસત્તાનો ધ્યાતા હોય તે જ જ્ઞાની જાણવો.

આત્મજ્ઞાનીને આસ્ત્રવના હેતુઓ પણ સંવરરૂપે પરિણમે છે. જ્ઞાનીની ક્રિયા સફળ થાય છે.

જ્ઞાની શ્વાસોસમાં કઠીન કર્મનો ક્ષય કરે છે. અજ્ઞાનથી કોટિભવે તપશ્ચર્યાથી પણ કર્મનો ક્ષય થઈ શકતો નથી.

જ્ઞાનની થતું સુખ જ્ઞાની જ જાણે છે. વાણીથી અગોચર જ્ઞાનીનું સુખ છે, માટે તેવા પ્રકારનું સુખ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો.

**स्वप्ने दृष्टे विनष्टेऽपि, न नाशोऽस्ति यथाऽऽत्मनः ।**
**तथा जागरदृष्टेऽपि, विपर्यासो विशेषतः ॥ १०१ ॥**

**દોધક છંદ**

સુપન દૃષ્ટિ સુખ નાશ તે, જ્યૂં દુઃખ લહે ન લોક;
જાગર દૃષ્ટિ સુખ વિનષ્ટમેં, ત્યૂં બુધકં નહિ શોક. ૮૫

વિવેચન—સ્વપ્નાવસ્થામાં દૃષ્ટ જે શરીરાદિ તેનો નાશ થતાં જેમ આત્માનો નાશ થતો નથી, તે પ્રમાણે જાગ્રત દૃષ્ટ જે શરીરાદિ તેનો નાશ થતાં, આત્માનો નાશ થતો નથી.

કોઇ એમ કહે કે સ્વપ્નદશામાં ભ્રાન્તિને લીધે આત્મનો પણ નાશ ભાસે એવી શંકા કરનારને ઉત્તમ કે તે વાત તો જાગ્રતને પણ સરખી છે. કેમકે જેને ભ્રાન્તિ નથી. તેનો કોઇ પણ મનુષ્ય દેહના નાશથી, આત્માનો નાશ થાય એમ માને જ નહિ. માટે ઉભયત્ર આત્માનો નાશ ઘટતો નથી. જાગ્રત અને સ્વપ્ન એ બે અવસ્થામાં પણ આત્મા અવિનાશી નિત્ય વર્તે છે.

વળી કહે છે કે સ્વપ્નમાં દેખેલા પદાર્થના સુખના નાશથી, લોક દુઃખ પામતું નથી, તેમ જાગ્રત અવસ્થામાં દેખેલા પદાર્થના નાશથી, જ્ઞાનીને શોક થતો નથી.

હવે બીજી આત્માની ચાર પ્રકારની અવસ્થા છે, તે કહે છે. (૧) નિદ્રાવસ્થા, (૨) સ્વપ્નાવસ્થા, (૩) જાગ્રતં અવસ્થા, (૪) ઉજાગર અવસ્થા.

ભવ્ય તથા અભવ્ય સંસારી જીવોને નિદ્રા તથા સ્વપ્ન એ બે અવસ્થા હોય, તેમ જ ભવ્યને ભવ્યત્વપણાનો પરિપકવકાલ તેરમે ગુણ ઠાણે થાય, ત્યારે એ બે અવસ્થાનો નાશ થાય છે, અને જાગ્રત અવસ્થાની પ્રાપ્તિ થાય છે, એમ આનંદઘન ચોવીશીમાં શ્રી મલ્લિનાથના સ્તવનમાં કહ્યું છે.

વળી ચાર અવસ્થા બીજી કહે છે: પ્રથમ બહુ શયન અવસ્થા, તે ઘોર નિદ્રા રૂપ જાણવી. બીજી શયન અવસ્થા, તે ચક્ષુ મીંચવા રૂપ જાણવી. ત્રીજી જાગ્રત અવસ્થા, તે જાગવા રૂપ જાણવી. ચોથી બહુ જાગરણ અવસ્થા જાણવી. એ ચાર અવસ્થામાં ગુણાઠાણાં દર્શાવે છે.

બહુ શયનદશા તે પ્રથમ બીજા અને ત્રીજા ગુણઠાણે જાણવી.

બીજી શયનદશા તે ચોથા પાંચમા અને છઠ્ઠા ગુણઠાણે જાણવી.

ત્રીજી જાગરણ અવસ્થા તે સાતમા, આઠમા, નવમા, દશમા, અગીયારમા અને બારમા ગુણઠાણે જાણવી.

ચોથી બહુ જાગરણ અવસ્થા, તે તેરમા અને ચૌદમા ગુણઠાણે જાણવી.

શ્રી પદ્મવિજયજી મહારાજ એ પ્રમાણે યથાર્થ કહે છે. વિશેષાર્થ તો બહુશ્રુત જીવે નયચક્રમાંથી જોઇ લેવો.

આ ભાવાર્થ તો પ્રસંગને અનુસરીને લખ્યો છે. હવે મૂળ વિષય ઉપર આવીએ.

સર્વાવસ્થામાં આત્મા નિત્યપણે વર્તે છે. કોઈ પણ અવસ્થામાં આત્માનો નાશ થતો નથી.

આત્માની મુક્તિ અર્થે મહાક્લેશ ઉઠાવવાની જરૂર નથી. ફક્ત જ્ઞાન ભાવના માત્રથી જ મુક્તિ થશે એવી શંકા કરનારને કહે છે.

अदुखं भावितज्ञानं, क्षीयते दुःखसन्निधौ ।
तस्माद्यथाबलं, दुखैरात्मानं भावयेन्मुनिः ॥१०२॥

**દોધક છંદ**

સુખ ભાવિત દુખ પાયકે, ક્ષય પાવે જગજ્ઞાન;
ન રહે સૌ બહુતાપમે; કોમલ ફુલ સમાન. ૮૯

વિવેચન-અદુઃખ એટલે કાયકષ્ટાદિ દુઃખ વિના જે ભાવિત એટલે એકાગ્રતાથી પુનઃ ચિત્તમાં ધારણ કરેલું જ્ઞાન તે ક્ષય પામે છે.

ક્યારે તે જ્ઞાન ક્ષય પામે છે, તો કહે છે કે, જ્યારે દુઃખ પ્રાપ્ત થાય છે ત્યારે. શરીરથી આત્મા ભિન્ન છે, એવું શાતાવેદનીયના યોગે ભાવિતજ્ઞાન દુઃખના વખતમાં ટકી શકતું નથી. દષ્ટાંત બહુ તાપમાં કોમલ પુષ્પ અવશ્ય કરમાઈ જાય છે, તેમ સુખ ભાવિતજ્ઞાન દુઃખ પડવાથી રહે નહી. માટે પોતાની શક્તિને અનુસરી દુઃખ સહન કરતા જવું. અનેક પ્રકારનાં કષ્ટ તથા પરીષહ સહન કરવા.

ઉભા રહેવાથી શરીર ઉભું રહે છે, તે કેમ? એવી શંકા કરનારને આ શ્લોક દ્વારા પ્રત્યુત્તર આપે છે—

આત્મસંબંધી પ્રયત્નથી શરીરમાં વાયુ પેદા થાય છે. વાયુના સ્થાન ભેદથી પાંચ ભેદ થાય છે.

(૧) હૃદયમાં પ્રાણ વાયુ છે. (૨) ગુદામાં અપાન વાયુ રહે છે. (૩) નાભિ મંડળમાં સમાન વાયુ વર્તે છે. (૪) કંઠ દેશમાં ઉદાન વાયુ રહે છે, અને (૫) સર્વ શરીરમાં વ્યાન વાયુ રહે છે.

આત્મ સંબંધી પ્રયત્ન રાગ અને દ્વેષથી પ્રવર્તિત છે. પૂર્વોક્ત પ્રકારના વાયુથી શરીરરૂપ જે યંત્રો તે પોતપોતાનાં કર્મ કરવા પ્રવર્તે છે.

શરીરને યંત્ર શામાટે કહ્યા તે જણાવે છે કે—

કાષ્ટનાં બનાવેલાં સિંહ વ્યાઘ્રાદિ યંત્ર છે, તે પરપુરૂષની પ્રેરણાથી પોતાને સાધવાની અનેક પ્રકારની ક્રિયાઓ કરે છે. તેમજ શરીર પણ કરે છે એટલે ઉભયમાં પરસ્પર સમાનતા છે.

આવા જે શરીર યંત્ર તેમનો આત્મામાં આરોપ તથા અનારોપ કરીને જડ પુરૂષો તથા વિવેકી પુરૂષો શું કરે છે તે શ્લોક દ્વારા જણાવે છે.

**तान्यत्मनि समारोप्य, साक्षाण्यास्ते सुखं जडः ।**
**त्यक्त्वारोपं पुनर्विद्वान्, प्राप्नोति परमं पदम् ॥१०४॥**

વિવેચન—બહિરાત્મા ઈન્દ્રિયો સહિત શરીરોને આત્માને વિષે આરોપે છે, અને હું ગોરો છું, હું કાળો

છું, હું સુલોચન છું, ઇત્યાદિ અભેદાધ્યવસાય માને છે. અને જડ અસુખને પણ સુખ સમજી, એ પ્રમાણે વર્તે છે.

પણ જે ભેદજ્ઞાની અન્તરાત્મા છે તે તો આરોપ એટલે શરીર, મન, વાણીમાં માનેલી જે આત્મબુદ્ધિ તેનો ત્યાગ કરી આત્મામાં જ આત્મપણાનો નિર્ધાર કરી, સ્વ-સ્વભાવમાં રમણતા કરી અને પરસ્વભાવને પરિહરી મોક્ષપદ પામે છે.

मुक्त्वापरत्र परबुद्धिमहं धियं च,
संसारदुःखजननी, जननाद्विमुक्तः ।
ज्योतिर्मयं सुखमुपैति परात्मनिष्ठ-
स्तन्मार्गमेतदधिगम्य समाधितन्त्रम् ॥१०६॥

વિવેચન—જેનાથી સંસાર દુઃખની ઉત્પતિ થાય એવી પરમાં આત્મબુદ્ધિ અને અહંપણાની બુદ્ધિ, તેનો ત્યાગ કરીને સંસારમાંથી વિશેષ પ્રકાર મુક્ત થએલ અને પરમાત્મસ્વરૂપનો સંવેદક એવો જ્યોતિમય સુખને પામે છે. તેનો જ માર્ગ આ સમાધિતંત્ર જાણનું તે છે.

બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્મા એ ત્રણ પ્રકારના આત્માનું આ ગ્રંથમાં પ્રતિપાદન કર્યું છે.

પરમાત્મફળ સાધ્ય છે. અંતરાત્મા સાધન છે. બહિરાત્મા ત્યાગ કરવા યોગ્મ છે. જે ભવ્ય આ ગ્રંથ જાણી સ્વસ્વરૂપનું સદ્ધ્યાન કરે છે તે પરમપદને પ્રાપ્ત કરે છે.

**દોધક છંદ**

રનમેં લરતેં સુભટ જ્યું, ગિનૈ ન બાન પ્રહાર;
પ્રભુરંજનકે હેતુ ત્યું, જ્ઞાની અસુખ પ્રચાર. ૮૯
વ્યાપારી વ્યાપારમેં, સુખકરિ માને દુઃખ;
ક્રિયાકષ્ટ સુખમેં ગિને, ત્યૂં વંચિત મુનિ સુખ. ૯૦

વિવેચન—રણમાં લડતા એવા સુભટો બાણના પ્રહારને ગણતા નથી અને યુદ્ધમાંથી પાછા હઠતા નથી, તેમ આત્મારૂપ પ્રભુનો શત્રુ જે કર્મ, તેની સાથે લડતા જ્ઞાની દુઃખને ગણતો નથી.

પોતાનો આત્મારૂપ પ્રભુ તેનું રંજન ક્યારે થાય, કે જ્યારે મોહાદિક શત્રુઓ નાસી જાય અને આત્માનો ત્રણ ભુવનમાં જય થાય ત્યારે આત્મારૂપ પ્રભુ રંજિત થાય છે.

જ્યારે આત્મ પ્રભુ રીઝે ત્યારે અનંત જ્ઞાન, દર્શન ચારિત્રરૂપ રત્નત્રયીનો લાભ આપે છે, માટે દુઃખો પણ સહન કરીને મોહાદિકનો પરાજય કરવો યેગ્ય છે.

પોતાના સ્વરૂપમાં એક ધ્યાનથી રમતા સહેજે સર્વ કર્મનો ક્ષય થાય છે. આ એક મોક્ષ માર્ગની ગુપ્ત કુંચી છે.

જે મનુષ્ય હંમેશા મોહ નાશ કરવો, મોહ નાશ કરવો એમ કહ્યા કરે છે અને પોતાના સ્વભાવમાં રમતો નથી તેમ પ્રયત્ન પણ કરતો નથી, તે મોક્ષ કદી પામી શકતો નથી. પોતાના સ્વભાવમાં રમ્યા વિના ત્રણ કાળમાં પણ મુક્તિ નથી, એમ સિદ્ધાંત છે.

જેમ વ્યાપારીને વ્યાપાર કરતા અનેક પ્રકારનું દુઃખ થાય છે, છતાં તેને સુખ કરીને માને છે, તેમ સુખ વાંછક મુનિરાજ પણ ક્રિયા કષ્ટનું દુઃખ તેને સુખ કરીને માને છે.

ચારિત્ર માર્ગ પાળતાં, અનેક પ્રકારના પરીષહ ઉપજે તો પણ મુનિરાજ તે સમભાવે સહન કરે છે. પોતાના આત્માને રુડી રીતે સ્વસ્વરૂપ ભાવનાથી ભાવે છે, સંસારની મોહજાળમાં ફસાતા નથી.

વળી મુનિરાજ જાણે છે કે આ દુનિયાદારી સ્વપ્ન સરખી મિથ્યા છે, તો તેમાં હું કેમ રાચું ? દુનિયાદારી કદી કોઈની થઇ નથી અને થશે પણ નહીં

સંસારની સર્વ બાજી છે તે બાજીગરની બાજી સમાન મિથ્યા છે, ફક્ત એક અલખ એવો આત્માં તે જ સત્ય છે અને તે આત્મસ્વરૂપ હું છું.

હું મારા આત્માના જ્ઞાનસ્વરૂપમાં મસ્ત છું મારે બીજા કોઈની યારી નથી, પરવા નથી. કોઇ બીજો મારૂં ભલું કરનાર નથી. પોતે હું જ મારૂં ભલુ કરનાર છું.

કર્મ જો શાતાવેદનીય અથવા અશાતાવેદનીય રૂપ ફળ આપે તો, તે જ્યાં સુધી કર્મના સંબંધમાં છું ત્યાં સુધી ભોગવવું પડશે.

હવે કર્મની પણ મારે કોઈ યારી નથી, કારણ કે કર્મ એ જડ છે, અને જડરૂપ કર્મના યોગે જ હું દુઃખી થાઊં છું, તો તેનો સંગ્રહ હવે કેમ કરૂં ? તેની મિત્રતામાં કશો સાર નથી.

અનાદિકાળથી એકેન્દ્રિયાદિગતિમાં અનંતિવાર હું કર્મના યોગે ભટકયો અને દુઃખી થયો. હવે જાણી જોઈને કર્મની સાથે પ્રેમ કરું ! અલબત્ત હવે નહિ કરૂં.

હવે મેં મુનિપદ અંગીકાર કર્યું તેથી હવે હું મોક્ષનો સાધક બન્યો. ગૃહસ્થાવાસ ધન,-સ્ત્રી, કુંટુંબ છોડીને અણગાર થયો, તો હવે એક મોક્ષ વિના મારે બીજી કોઈ જાતની સ્પૃહા નથી.

મોટા બાદશાહની પણ મારે પરવા નથી. જગતનો બાદશાહ તે કર્મરાજાનો દાસ છે તેની હું કેમ પરવા રાખું ? તે મને શું આપનાર છે ?

નિંદક પુરુષો ભલે નિંદો, તેમ દોષી આત્માઓ દોષ જુએ, તોપણ તે મુનિરાજને કંઇ નથી.

જેવું તમારૂં મન, તેવા તમે માયાના સંગી અને માયાની ભીખ માગનારા સંસારી જીવો સમજો તેથી કંઈ આત્મહિત થતું નથી.

સારાંશ કે સંસારી જીવો મુનિરાજને ભિક્ષુક સમજે, ગાંડા સમજે, તો પણ તેથી મુનિરાજનું કશું બગડતું નથી ગૃહસ્થાવાસ અને મુનિપદ આકાશ અને જમીન જેટલો ફેર છે.

મુનિપદ મોટું છે, એમ તીર્થંકર ભગવાને કહ્યું છે. પરમાત્મપદ રૂપ લક્ષ્મી-મિલ્કત કોઈની સહીયારી નથી. જે ચારિત્ર રૂપ પ્રયત્ન કરે, તે તે પરમાત્મરૂપ લક્ષ્મીને પામે.

મુનિરાજ આવી રીતે નિંદાસ્તુતિના વચનો ચલાયમાન થતા નથી. મનોજ્ઞ અને અમનોજ્ઞમાં સમાભાવી હોય છે. સંસારી જીવો ગમે તેમ બોલે તો તે હીસાબમાં ગણતા નથી.

સંસારી જીવોની કેવી સ્થિતિ છે, તે ઉપાધ્યાયજી પદ દ્વારા કહે છે.

## પદ

દેખો ભાઈ! મહા વિકલ સંસારી;
દુઃખિત અનાદિ મોહકે કારણ, રાગદ્વેષ ઉર ભારી દેખો૦ ૧
હિંસારંભ કરત સુખ સમજે, મૃષા બોલે ચતુરાઈ;
પરધન હરત સમર્થ કહાવે, પરિગ્રહ વધત બડાઈ. દેખો૦ ૨
વચન રાખે કાયા દૃઢ રાખે, મિટે ન મન ચપલાઈ
ચોતે હોતે ઓરકી ઓર, શુભકરણી દુઃખદાઈ દેખો૦ ૩
જોગાસન કરે પવન નિરોધે, આતમ દૃષ્ટિ ન જાગે;
કથની કહત મહંત કહાવે, મમતા મૂલ ન ત્યાગે. દેખો૦ ૪
આગમ વેદ સિદ્ધાંત પાઠ સુને, હિયે આઠ મદ આણે;
જાતિ લાભ કુળ બલ તપ વિદ્યા, પ્રભુતા રૂપ બખાણે દેખો૦ ૫
જડશું રાચે પરમપદ સાધે, આતમ શક્તિ ન સુજે,
વિનય વિવેક વિચાર દ્રવ્યકો, ગુણ પર્યાય ન બુજે. દેખો૦ ૬
જસવાલે જસ સુની સંતોષે, તપવાલે તપ શોષે,
ગુનવાલે પરગુણકું દોષે, મતવાલે મત પોષે. દેખો૦ ૭
ગુરૂ ઉપદેશ સહજ ઉદયાગત, મોહ વિકલતા છૂટે,
શ્રીનયવિજય સુજલ વિલાસી, અચલ અક્ષયનિધિ લૂટે દેખો૦ ૮

પદનો અર્થ સુગમ છે. ઉપાધ્યાયજીએ સંસારી જીવોની જેવી સ્થિતિ છે, તેવી વર્ણવી છે.

મુનિરાજની પદવી સર્વ કરતાં મોટામાં મોટી છે, માટે તે પદનું ગ્રહણ પરમાત્મપદ અર્થે કરવું જોઈએ.

અને મુનિવરપણું અંગીકાર કરી સર્વ પ્રકારનાં કષ્ટ જે આવે, તે સમભાવે, સહન કરવા એવા મુનિ પરમમુક્તિનાં સહજ સુખ પામે છે.

હવે એવી પરમ યોગીની અવસ્થા આદરવી કે જેથી સદાકાળ સુખ પ્રાપ્તિ થાય. તે સંબંધી શ્રી વિનયવિજયજી ઉપાધ્યાય ગાન કરે છે કેઃ—

### પદ

જોગી ઐસા હોય ફિરૂં, પરમ પુરૂષસેં પ્રીત કરું.
ઓરસેં પ્રીત હરૂં, જોગી૦ ૧
નિરવિષયકી મુદ્રા પહેરું, માલા ફિરાઉં મેરા મનકી,
જ્ઞાન ધ્યાનકી લાઠી પકડું, ભમૂત ચઢાવું પ્રભુગુનકી જોગી૦ ૨
શીલ સંતોષકી કંથા પહેરું, વિષય જલાવું ધૂણી;
પાંચું ચોર પેરેં કરી પકરું, તો દિલમેં ન હોય,
ચોરી હુંણી. જોગી૦ ૩
ખપર લેઊં મેં ખીજમતકેરી, શબ્દ શીંગી બજાઊ;
ઘટ નિરંજન બેઠે, વાંસુ લય લગાવું જોગી૦ ૪
મેરે સુગુરુને ઉપદેશ દિયા હે, નિરમલ જોગ બતાયો;
વિનય કહેં મેં ઉનકું ધ્યાવું, જિણે શુદ્ધ માર્ગ
બતાયો. જોગી૦ ૫

આવી યોગી અવસ્થા મોક્ષપદ આપનાર છે. પદનો અર્થ સુગમ છે, તેથી વિસ્તારના ભયથી ભાવાર્થ લખ્યો નથી.

આવી સ્થિતિની પ્રાપ્તિ કરનાર સાધક અનંત આનંદનો અનુભવ ક્ષણે ક્ષણે કરે છે. મુનિવર જ્ઞાન ધ્યાનમાં રમણ

કરતા અખંડ સુખનો અનુભવ પામે છે. સંયમ માર્ગમાં મેરૂની પેઠે દૈર્ય ધારણ કરી વર્તે છે

**દોધક છંદ**

ક્રિયા યોગ અભ્યાસ હે, ફલ હે જ્ઞાન અબંધ
દોનુકૂં જ્ઞાની ભજે, એક મતિ તે અંધ. ૯૧

યોગ અભ્યાસ રૂપ ક્રિયા છે અને અબંધ એવું જ્ઞાન અને ક્રિયા એ બેમાંથી એકને ભજે. તે અજ્ઞાની છે. જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ' જ્ઞાન અને ક્રિયા એ બેથી મોક્ષ છે. કહ્યું છે કે–

परस्परं कोऽपि योगः, क्रियाज्ञानविशेषयोः ।
स्त्रीपुंसयोरिवानन्दं, प्रसूते परमात्मजम् ॥ १ ॥
भाग्यं पंगूपमं पुंसां, व्यवसायोऽन्धसन्निभः ।
यथासिद्धिस्तयोर्योगे, तथा ज्ञानचरित्रयोः ॥ २ ॥

જ્ઞાન અને ક્રિયા બેથી મોક્ષોત્પતિ થાય છે. અહિં મોક્ષમાર્ગના અભિમુખ કરનારી તે ક્રિયા જાણવી. ધર્મજ્ઞાન રૂપ ક્રિયા જાણવી.

આર્તધ્યાન અને રૌદ્રધ્યાન રૂપ ક્રિયાનો ત્યાગ કરવો. રાગદ્વેષથી રહિત થઈ, અંતરમાં ઉપયોગ રાખી જે ક્રિયા કરે તે સફળ થાય છે. જ્ઞાનનો મહીમા તો અનંત છે.

પ્રથમ જ્ઞાન અને પશ્ચાત્ ક્રિયા જાણવી. જ્ઞાન વિના આત્મસ્વરૂપ અને ક્રિયાસ્વરૂપ પણ જાણવામાં આવતું નથી, તો પછી અજ્ઞાની સમ્યક્ ક્રિયા શી રીતે કરી શકે, અલબત્ત અજ્ઞાની સમ્યક્ ક્રિયા કરી શકતો નથી.

સૂત્ર મુખે ગોખી ગયા અને તે સર્વ સૂત્ર મુખે કરી ગયા પણ તેનો ભાવાર્થ જાણી આસ્રવનો ત્યાગ અને સંવરનો ત્યાગ આદર કર્યો નહિ, ત્યાં સુધી ફક્ત શુક પંડિત સમાન જાણવો.

જેમ એક ગૃહસ્થને ઘેર પોપટ હતો તેને સારી રીતે બોલતાં શીખવ્યું, પોપટ બોલવામાં બહુ વાચાળ થયો. પોપટના માલીકે વિચાર્યું કે કોઈ દિવસ લાગ જોઈ બિલાડી પોપટને મારી નાંખશે; માટે તેને એક સૂત્ર શીખવું કે જેથી તે મરી જાય નહિ

પોપટ જે પાંજરામાં રહેતો હતો. ત્યાંથી ઉપરના ભાગમાં થઈ નાસી જવાય એવી રીતે પાંજરાની ગોઠવણ કરી હતી.

પોપટના ધણીએ સૂત્ર શીખવ્યું, बील्ली आवे तब भाग जाना' આ પાઠ પોપટે મુખે કર્યો, પણ તેનો ભાવાર્થ સમજ્યો નહિ.

એક દિવસ ખરેખર બિલાડી આવી. પોપટ બિલાડીને ઓળખતો નહોતો. બિલાડીએ ઝડપ મારી પોપટને પકડયો, તો પણ પોપટ બિલ્લી આવે તબ ભાગ જાના એમ પોકાર કરવા લાગ્યો અને અંતે તે મરી ગયો.

તેમ અનેકનાં સૂત્રો ગોખી લીધાં પણ તેનો ભાવાર્થ સમજવામાં ન આવે, સમજ્યા પછી જીવનમાં ઉતારવામાં ન આવે તો પોપટના જેવી ગતિ થાય છે. માટે ભાવાર્થ રૂપ જ્ઞાન તે જ જ્ઞાન જાણવું.

જે કંઈ ધર્મ કરવામાં આવે છે, તેનો પરમાર્થ જાણવામાં નહિ આવે તો કરેલી ધર્મની ક્રિયા ફલદાયક થતી નથી. તેમ કહ્યું છે કે–

કથા પુરાણી બહુ કરે રે, રામ રામ કીર જંપે
પરમારથ પામે સો પુરા, નહીં વળે કંઈ ગપ્પે;
શૂરાની ગતિ શૂરા જાણે રે, ત્યાં તો કાયર થરથર કંપે

તેમ એકલું શુષ્કજ્ઞાન પણ આત્મહિત કરી શકતું નથી. જ્ઞાન અને ક્રિયામાં મોટું અંતર છે. શ્રીયશોવિજયજી ઉપાધ્યાય કહે છે કે–

**દોધક છંદ :**

ખજુઆ સમી ક્રિયા કહી, નાણા ભાણા સમ જોય;
કલિયુગ એહ પટંતરો, વિરલા બૂઝે કોય. ૯૧

વિવેચન–ખદ્યોતના સમાન ક્રિયા છે અને તે જ્ઞાન તે સૂર્ય સમાન છે. કલિયુગમાં આટલું અંતર કોઇ વીરલા જાણે છે.

જે જ્ઞાન વિના ફક્ત બાહ્યક્રિયામાં હઠ કરીને રાચ્યા માચ્યા રહે છે, તેને શ્રી ઉપાધ્યાયજી મ. ઉપાલંભ આપતા કહે છે કે–

નાણ રહિત પરિહરિ, અજ્ઞાન જ હઠ માતા રે;
કપટક્રિયા યતિ ન હિયે, નિજમતિ માતા રે.
શ્રી જિન૦ ૧

કપટ ન જાણે રે આપણો, પરના ગુહ્ય તે ખોલે રે.
ગુણનિધિ ગુરૂ થકી બાહેરા,
વિરલો નિજમુખ બોલે રે. શ્રી જિન૦ ૨

બહુવિધ બાહ્ય ક્રિયા કરે, જ્ઞાનરહિત જે ટોલે રે;
શત જિમ અંધ અદેખતા,
તે તો પડિયા છે ભોલે રે શ્રી જિન૦ ૩

જ્ઞાનનું આવું અદ્ભૂત માહાત્મ્ય જાણી જ્ઞાનાભ્યાસ કરવો. આત્મજ્ઞાન જાણવું, બાકી સર્વ અજ્ઞાન છે.

આત્મજ્ઞાન વિના જીવ શું ગ્રહણ કરે, અથવા શું ત્યાગે, તેનો વિચાર કરો, માટે જીવાદિક નવતત્વ જાણી, આત્મતત્ત્વ આદરવું.

આત્મા અસ્રવથી છૂટે એવી જે આત્મભાવમાં પ્રવૃત્તિ કરવી, તે જ ચારિત્ર જાણવું અને તે જ ક્રિયા જાણવી. એવા સમ્યગ્ જ્ઞાન અને સમ્યગક્રિયાનો આદર કરવો.

જ્ઞાનીની નિંદા તથા જ્ઞાનની આશાતના કરવી નહિ. જૈન ધર્મ ધુરાની ગતિ જ્ઞાન વિના શાસન ચાલી શકતું નથી. માટે આત્મજ્ઞાનનો ખપ કરવો એ હિતાવહ છે.

**દોધક છંદ :**

ઇચ્છા શાસ્ત્ર સમર્થના ત્રિવિધ યોગે હૈ સાર,
ઇચ્છા નિજ શક્તિ કરી, વિકલ યોગ વ્યવહાર. ૯૨
શાસ્ત્રયોગ ગુણ ઠાણકો, પૂરન વિધ આચાર,
પદ અતીત અનુભવ કહ્યો, યોગ તૃતીય વિચાર. ૯૩

યોગ અભ્યાસ રૂપ ક્રિયા તે મોક્ષ સાધક છે, માટે તેનું સ્વરુપ દર્શાવે છે.

યોગ શબ્દથી મન, વચન અને કાયાના યોગનું ગ્રહણ થાય છે. તથા આત્માની સાથે આર્વિભાવ રૂપે જ્ઞાન દર્શન અને ચારિત્રનો જે મેલાપ (યોગ) તેને યોગ કહે છે.

અહિં તો પાતંજલાદિક ગ્રંથાનુયાયી ત્રણ યોગ કહ્યા છે, તેનું ગ્રહણ કરવું. હવે તે ત્રણ યોગનાં નામ કહે છે. ૧. ઇચ્છાયોગ ૨. શાસ્રયોગ અને ૩ સામર્થ્ય પ્રતિજ્ઞાયોગ.

૧ ઇચ્છાયોગ–તથાવિધ જ્ઞાનાવરણીયાદિક કર્મના ક્ષયોપશમ વિશેષથી, શ્રવણ કરેલા શ્રુતનું અર્થજ્ઞાન લઇને કરવા વાંછતા પુરુષને અંતઃકરણમાં સૂત્રાર્થનું ઇચ્છિકપણું હોય, કિંતુ યથાર્થ બોધ હોય નહિ તે ઇચ્છાયોગ.

૨. શાસ્ત્રયોગ–તત્ત્વસ્વરૂપનો શ્રદ્ધાવંત તથા યથાર્થ સ્વરૂપથી રાજકથા, ભક્તકથા, દેશકથા અને સ્રીકથાનો ત્યાગી તથા પ્રમાદ રહિત ધર્મ વ્યાપાર યોગવંત અને તીવ્ર જ્ઞાને કરી અવિરત ભાષણ કરનાર તથા તથા તથાવિધ મોહનીય કર્મના નાશથી સત્ય પ્રતિતીવંત એવો તથા કાલાદિવિકલ-પણાની બાધાએ અતિચારાદિક દોષને જાણે તો ખરો પણ તથા પ્રકારે લાગતા એવા અતિચારાદિક દોષને ટાળી શકે નહિ એવો જે પુરુષ તેને યથાયોગ્ય ગુણઠાણે વર્તતાં, શાસ્ર યોગ હોય છે.

૩. શાસ્ત્રમાં દેખાડેલા જે ઉપાય તેનું અતિક્રમણ કરીને શક્તિના અધિકપણાથી ધર્મવ્યાપારયોગ આદરે, તે સામાર્થ્યયોગ જાણવો.

સિદ્ધિપદ પ્રાપ્તિનાં વિશેષણ આમાં બહુ છે. સામર્થ્ય-યોગથી સર્વજ્ઞ પદ પ્રાપ્તિ; સિદ્ધિપદ સૌખ્યપ્રાપ્તિ સકલપ્રવચન પરિજ્ઞાપ્રાપ્તિ થાય છે, ઇત્યાદિ સર્વનો સાક્ષાત્ લાભકારી, એ ત્રીજો યોગ જાણવો.

આ ત્રણ યોગનો વિચાર 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ગ્રંથથી વિશેષ પ્રકારે જાણવો.

**દોધક છંદ**

રહે યથાબલ યોગમેં, ગહે સકલ નય સાર,
ભાવ જૈનતા સો લહે, ચાહે ન મિથ્યાચાર. ૯૪
મારગ અનુસારી ક્રિયા, છેદૈ સો મતિહીન,
કપટક્રિયા બલ જગ ઠગૈ, સોભી ભવજલ મીન. ૯૫

વિવેચન—યથાશક્તિ યોગબલમાં રહી, જે સકલ નયનો સારાગ્રહણ કરે છે, તે મિથ્યાચારને ઇચ્છતો નથી; અને તે જ ભાવજૈનતા પામે છે.

નામ જૈન, સ્થાપના જૈન, દ્રવ્ય જૈન અને ભાવ જૈન તેમાં ભાવ જૈનતા સુખસ્થાન રૂપ છે, પૂર્વોક્ત લક્ષણલક્ષિત જીવ પામે છે.

મોક્ષમાર્ગને અનુસરી, અર્થાત્ મોક્ષમાર્ગમાં સ્થિતિ કરાવનારી ક્રિયાનો જે છેદ કરે છે તે જીવ મતિહીન જાણવો. તેમ જ કપટથી ક્રિયાના બલે જગત્‌ને ઠગે તે પણ સંસાર સમુદ્રમાં મત્સ્યની પેઠે પરિભ્રમણ કરે છે.

કપટથી જે જે ક્રિયા કરવામાં આવે છે, તે નિષ્ફલ જાય છે. જ્યાં સુધી મનમાં કપટરૂપ કાળો નાગ બેઠેલો

છે, ત્યાં સુધી તેમાં ધર્મ પ્રવેશી શકતો નથી. જ્યાં સુધી મનમાં કપટરૂપ અગ્નિ છે, ત્યાં સુધી તેમાં ધર્મના અંકુરે ઉગી નીકળતા નથી.

ક્રિયા રૂપ ચંદ્રને ગ્રાસ કરવામાં કપટ તે રાહુ સમાન છે. જ્ઞાન રૂપ પર્વતને તોડવા વજ્ર સમાન છે, કામ રૂપ અગ્નિની વૃદ્ધિ કરવામાં કપટ ઘી સમાન છે. વ્રત રૂપ લક્ષ્મીનો ચોર પણ દંભ જ છે.

એકેક માસના ઉપવાસ કરે અને નગ્ન રહે તો પણ જ્યાં સુધી મનમાં કપટ છે, ત્યાંસુધી તપ, જપ સર્વ નિષ્ફળ જાણવું. કેશનું લુંચવું, ભૂમિ ઉપર શયન કરવું, ભિક્ષા માગવી, શીલવ્રતાદિક પાળવા સુંદર છે, કપટનો ત્યાગ કરવો દુષ્કર છે.

જે પોતાના આત્માની વડાઈ કે, ઘણું કપટ કરે અને પારકાના દૂષણ લોકોની આગળ કહે, તે પુરુષની ધર્મ ક્રિયા સફળ થતી નથી, માટે નિર્દંભ ક્રિયા રૂડી રીતે અંતરમાં ઉપયોગ રાખી કરવી. તદ્ધેત અને અમૃતક્રિયા શાશ્વત સુખ ઉત્પન્ન કરનારી છે, માટે તે ક્રિયાનું અવલંબન કરી આત્માહિત સાધવું.

**દોધક છંદ**

નિજ નિજ મતમેં લરિ પરૈં, નયવાદી બહુરંગ,
ઉદાસીનતા પરિણમી, જ્ઞાનીકૂં સરવંગ. ૯૬
દોઉ લરૈ તિહાં એક પરૈ, દેખનમેં દુઃખ નાહિ,
ઉદાસીનતા સુખસદન, પર પ્રવૃત્તિ દુઃખ છાહિ. ૯૭

વિવેચન—એકેક નયના પક્ષગ્રહી વાદીઓ, પોતપોતાના મતમાં પરસ્પર ખંડન મંડન કરી લડી મરે છે. તે નયવાદીઓનો ઝગડો દેખી જ્ઞાનીના સર્વાંગમાં ઉદાસીનતા પરિણમે છે.

અહો! બીચારા એકેક નયપક્ષાગ્રહે અન્યનયોના કથનનું ખંડન કરે છે અને પોતાને ઇચ્છિત નયનું પ્રતિપાદન કરી, પક્ષપાતમાં પડે છે.

બે વાદીઓ લડે ત્યાં એકની હાર થવાથી જ તે દેખવામાં દુઃખ નથી. પણ તેમાં પ્રવેશ કરી નયવાદથી હઠ કદાગ્રહ કરવાથી દુઃખ થાય છે. જ્ઞાની આવું નયવાદીઓનું સ્વરૂપ જાણીને ઉદાસીનતાભાવે રહે છે

ઉદાસીનતા કેવી છે, તે કહે છે કે ઉદાસીનતા સુખનું સદન છે, એટલે ઘર છે અને પરમાં પ્રવૃત્તિ કરવી, તે દુઃખની છાયા છે. જ્ઞાની નિરપક્ષપણે વર્તી પરમાં પ્રવૃત્તિ કરતો નથી. વસ્તુ ગતે વસ્તુસ્વરૂપ પામતાં જ્ઞાનીને વાદ વિવાદ રહેતો નથી.

## દોધક છંદ

ઉદાસીનતા સુરલતા, સમતારસ ફળ ચાખી,
પરપેખનમેં મતપરે, નિજમેં ગુણ નિજ રાખી. ૯૮
ઉદાસીનતા જ્ઞાન ફલ, પર પ્રવૃત્તિ હૈ મોહ,
શુભ જાનો સૌ આદરો, ઉદિત વિવેક પ્રરોહ. ૯૯

ભાવાર્થ—ઉદાસીનતા તે સુરવેલડી છે, તેનું ફળ સમતારસ રૂપ જાણવું. ઉદાસીનતા સેવી, સમતા ફળનો રસ હે ભવ્ય! તું ચાખ.

સમતાફળ રસના આસ્વાદનથી તું અનંતસુખ પામીશ. માટે હે ભવ્ય ! પોતાના સ્વભાવમાં રમી, પરને જોવામાં પડીશ નહિ. ઉદાસીનતા જ જ્ઞાનનું ફળ છે, અને પરમાં પ્રવૃત્તિ કરવી, તે જ મોહ છે. ઉદિત વિવેકપ્રરોહ જેને છે એવા ભવ્ય બેમાંથી સારૂં જાણો તે આદરો.

દોધિક શતકે ઉધરવું, તન્ત્ર સમાધિ વિચાર,
ધરો એહ બુધ કંઠમેં, ભાવ રતનકો હાર. ૧૦૦
જ્ઞાન વિમલ ચારિત્ર, પવિ, નંદન સહજ સમાધ,
મુનિ સુરપતિ સમતા શચી, રંગે રમે અગાધ. ૧૦૧
કવિ જશવિજયે એ રચ્યો, દોધિક શતક પ્રમાણ,
એહભાવ જો મન ધરે, સૌ પાવે કલ્યાણ. ૧૦૨

વિવેચન—સમાધિશાસ્ત્રનો ઉદ્ધાર દોધિક છંદથી ઉધર્યો છે. ભાવરત્નોનો આ હાર પંડિત પુરુષો કંઠમાં ધારણ કરો. ભાવરત્ન આત્માના ગુણો જાણવા.

આ પ્રમાણે જ્ઞાનવંત મુનિ અધ્યાત્મભાવમાં રમતા ઇન્દ્રસમાન સુખ ભોગવે છે. અહિં ઇન્દ્રની તુલ્યતા દર્શાવે છે.

જ્ઞાન રૂપ વિમાનમાં મુનિરાજ બેસે છે. ઇન્દ્રના હાથમાં જેમ વજ્ર રહે છે, તેમ મુનિરાજ રૂપ ઇન્દ્રના હાથમાં ચારિત્ર રૂપ વજ્ર છે.

ઇન્દ્ર જેમ વજ્રથી પર્વતને છેદી નાખે છે, તેમ મુનિરૂપ ઇન્દ્ર ચારિત્રરૂપ વજ્રથી કર્મરૂપ આઠ પર્વતોને છેદે છે.

ઇન્દ્રને જેમ નંદનવન રમવા માટે છે, તેમ ઇન્દ્રસમાન મુનિરાજ પણ સહજ સમાધિરૂપ નંદનવનમાં આનંદ કરે છે.

ઈન્દ્રને જેમ પટરાણી છે. તેમ મુનિરૂપ ઈન્દ્રને સમતા-રૂપ પટરાણી છે, જે સમતાની પ્રાપ્તિથી મુનિરાજ મમતા-રૂપ કુલટાને છોડે છે. સમતા સંયમ નૃપતિની પુત્રી છે. અને મમતા મોહ ચંડાલની બેટી છે.

સમતાનું અદ્‌ભુત સ્વરૂપ છે, તે શ્રી ઉપાધ્યાયજી મ. પદ દ્વારા કહે છે કે :–

### પદ

ચેતન ! મમતા છાંડ પરીરી, પરરમણીશું પ્રેમ ન કીજે,
આદર સમતા આપ વરીરી. ચેતન૦ ૧
મમતા મોહ ચંડાલકી બેટી સમતા સંજમ નૃપ કુમરીરી,
મમતા મુખ દુર્ગંધ અસતી, સમતા સત્ય સુગંધ ભરીરી.
ચેતન૦ ૨
મમતાસે લરતે દિન જાવે, સમતા નહિ કોઉ સાથ લરીરી;
મમતા હેતુ બહુત હે દુશ્મન, સમતાકો કોઈ નહિ અરીરી.
ચેતન ૩
મમતાકી દુરમતિ હે આલી, ડાયણ જગત અનર્થ કરી,
સમતા શુભ મતિ હે આલી, પર ઉપગાર ગુણસે ભરીરી.
ચેતન૦ ૪
મમતા પુત ભયે કુલખંપણ, શોક વિયોગ મહા મછરીરી,
સમતા સુત હોયગા કેવલ, દહેગો દિવ્ય નિશાન ઘુરીરી.
ચેતન૦ ૫
સમતા ગગન હોયગો ચેતન, જો તું ધારીશ શિખ ખરીરી,
સુજસ વિલાસ લહેગો તો તું, ચિદાનન્દઘન પદવી વરીરી.
ચેતન૦ ૬

ભાવાર્થ—પદનો અર્થ સુગમ છે. એવી સમતારૂપ ઇન્દ્રાણીની સાથે મુનિરૂપ ઇન્દ્ર સદાકાળ અખંડ સુખ ભોગવે છે. સમતાની સાથે રમતાં ચેતન મગ્ન થાય છે. માટે હે ચેતન! તું પણ સમતાનો સંગ કર.

સમતા સદા અખંડ નવયૌવનને ચાહે છે. સમતા ચેતનથી કદી રીસાતી નથી, તેમ સમતાની પ્રાપ્તિ થતાં, ચૌદ રાજલોકના જીવ પણ કદી રીસાતા નથી.

સમતાના સંગે જે આનંદ ચેતનને મળે છે, તેનું વર્ણન કદાપિ કાળે થઈ શકનાર નથી. સમતા છે તે શુદ્ધ આત્મપરિણતિ છે. સમતાની પ્રાપ્તિ થતાં મુક્તિ કરતલમાં છે, એમ જાણવું. પરમાત્મપદની પ્રાપ્તિ તે જ સમતાનું કાર્ય છે.

આત્મારૂપ પ્રભુ અનાદિકાળથી રીસાઇ ગયો છે, અને તે અસંખ્ય પ્રદેશ રમણરૂપ પોતાના ઘરમાં આવતો નથી.

સમતારૂપ સ્રીમાં એવી શક્તિ છે કે તે ક્ષણમાં પોતાના આત્મારૂપ સ્વામીને મનાવી, પોતાના ઘરમાં લાવે છે.

જ્યાં સુધી મનમાં જ્ઞાન વૈરાગ્ય પ્રગટતો નથી. ત્યાં સુધી સમતા પ્રગટતી નથી.

જ્ઞાનથી તત્ત્વ સ્વરૂપનો વિવેક પ્રગટ થાય છે અને તત્ત્વસ્વરૂપના વિવેકથી વૈરાગ્ય પ્રગટ થાય છે, અને વૈરાગ્ય પ્રગટયાથી રાગ—દ્વેષથી નિવૃત્તિ થાય છે.

ક્ષણે ક્ષણે વૈરાગ્યને ધારણ કરનાર આત્મા સ્વસ્વરૂપ પ્રતિ અંતર દૃષ્ટિથી જુએ છે અને ઔદયીક ભાવનો જે ભોગ તેને ભોગવતો પણ અંતરથી રોગ કરી જાણે છે.

ભેદજ્ઞાનથી ઔદયીકભાવને ભોગવતો છતો પણ સંવર-ભાવમાં રમણુતાથી નવીન કર્મ ગ્રહણ કરતો નથી.

ઉપશમભાવ તથા ક્ષયોપશમભાવ તથા ક્ષાયીકભાવથી પ્રગટ થતા આત્માના ગુણોમાં રમે છે. બાહ્ય જગતને વિલોકીને તેમાં સ્વસ્વરૂપ ભૂલી પરિણમી જતો નથી.

આત્માનુભવ કરતો છતો, આનંદમાં આનંદ વ્યતીત કરે છે. શાતા અને અશાતા વેદનીયના યોગે સુખ તથા દુઃખ થાય તથા યશનામ કર્મોદયથી યશ થાય અને અપયશ નામકર્મ ઉદયમાં આવ્યાથી અપયશ થાય, તો પણ સમતા-ભાવથી વૈરાગ્ય અનુભવી જીવ શાન્તપણે સહન કરે છે.

કહ્યું છે–

અનુભવીને એટલું આનંદમાં રહેવું રે,<br>
સુખ દુઃખ આવે ત્યારે સમભાવે સહેવું રે;<br>
કોઇને કંઇ ન કહેવું રે. અનુભવી૦ ૧

શરીરમાં રહેલા આત્માને પરમાત્મા રૂપ માની અનુ-ભવી શ્વાસોશ્વાસે આત્માનું સ્મરણ કરે છે. ' સોઽહં ' એટલે જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ રત્નત્રયીનો ધારક અસંખ્ય પ્રદેશી પરમાત્મા તે જ હું છું, એમ અજપાજાપે હંસ પોતાના સ્વરૂપે નિર્મલ પ્રકાશે છે.

સોઽહં સોઽહં" એ પ્રમાણે ધ્યાન ધરતો આત્મા સહજ સમાધિભાવને પામે છે.

યોગવિદ્યાના જ્ઞાતા શ્રી ચિદાનંદજી મહારાજ યોગા-નુભવ પ્રમાણે સોઽહં શબ્દથી ધ્યાન કરતાં આત્માની જેવી સ્થિતિ થાય છે, તેવી પદ દ્વારા જણાવે છે—

## પદ

સોઽહં સોઽહં સોઽહં, સોઽહ
સોઽહં સોઽહં રટના લગીરી. સોઽહં.
ઇંગલા પિંગલા શુષમણા સાધકે,
અરુણ પતિથિ પ્રેમ પગીરી;
બંકનાલ ખટચક્ર ભેદકે,
દશમ દ્વાર શુભ જ્યોત જગીરી. સોઽહં૦ ૧
ખુલત કપાટ નિજ પાયો,
જન્મ જરા ભય ભીત ભગીરી;
કાચશકલ દે ચિંતામણિ,
લે કુમતી કુટિલકું સહજ ઠગીરી. સોઽહં૦ ૨
વ્યાપક સકલ સ્વરૂપ લખ્યો ઇમ,
જિમ નભમેં મગ લહત ખગીરી;
ચિદાનન્દ આનન્દ આનન્દમય મૂરતિ,
નિરખિત પ્રેમભરી બુદ્ધિથગીરી. સોઽહં૦ ૩

યોગવિદ્યામાં સોઽહં શબ્દનો જે અજપાજાપ દર્શાવ્યો છે, તેનો અહિં અનુક્રમ ચિદાનંદજીએ બતાવ્યો છે. ઈડા, પિંગલા, સુષુમ્ણા એ ત્રણ નાડીઓ શરીરમાં વર્તે છે, તેનું સાધન તથા વંકનાલનું સ્વરૂપ તથા ષટ્ચક્ર ભેદન તથા દશમદ્વારમાં આત્મજ્યોતિનો પ્રકાશ આદિ સકલભેદનું સ્વરૂપ અહિં વિસ્તારના ભયે લખ્યું નથી. માટે તેનો ભાવાર્થ ગુરુગમથી ધારવો તથા વળી યોગવિદ્યાનું સ્વરૂપ ગુરુગમથી

ધારવું જોઈએ યોગાભ્યાસમાં ગુરુગમ વિના પ્રવર્તવું નહી. શ્રી ચિદાનંદજીએ યોગના અનુભવથી આ પદ રચ્યું છે.

એ પ્રમાણે સોડહં શબ્દયોગે, આત્મા પ્રથમ સવિકલ્પ સમાધિભાવને પામી, અંતે નિર્વિકલ્પ સમાધિભાવની પ્રાપ્તિ કરે છે.

આત્માની ઉચ્ચ દશા પ્રાપ્ત કરાવી આપનાર વૈરાગ્ય તથા જ્ઞાન છે.

વૈરાગ્ય વિનાનું જ્ઞાન આત્માની પરમાત્મદશા પ્રગટાવી આપનાર નથી.

પ્રથમ સાધનદશામાં વૈરાગ્યથી ભેદજ્ઞાનની પુષ્ટિ થાય છે અને ભેદજ્ઞાનથી સ્વપરનો ભેદ ભાસે છે. અને ભેદ-જ્ઞાનથી આત્મા સંવરભાવમાં રમી સિદ્ધપદ પામે છે. કહ્યું છે કે—

**भेदविज्ञानतः सिद्धा, सिद्धा ये किल केचन ।**
**तस्यैवाऽभावतो बद्धा-बद्धा ये किल केचन ॥१॥**

વિવેચન—જે કોઈ આત્માઓ સિદ્ધ થયા છે, તે ભેદ વિજ્ઞાનથી અને જે કોઈ જીવ સંસારમાં બંધાયા છે, તે ભેદ વિજ્ઞાનના અભાવથી જ જાણવા.

ભવ્ય જીવ ભેદજ્ઞાન પામી અલ્પકાળમાં સંસાર સમુદ્ર તરી જાય છે. ભવ્યજીવ સ્વરૂપાભિમુખ થઇ આધ્યાત્મ-ચિંતન ભાવનામાં રમણ એ મોટોમાં મોટો ધર્મ છે.

*

અંતરદૃષ્ટિથી જોતાં આત્મિકધર્મ જ ખરેખર મોટો ધર્મ જણાય છે. ચર્મચક્ષુથી ધર્મ માર્ગ જોતાં સકલ સંસારી જીવો ભૂલ્યા છે. શ્રી આનન્દઘનજી મહારાજ કહે છે કે—

ચરમ નયણ કરી મારગ જોવતાં રે, ભૂલ્યો સયલ સંસાર;
જેણે નયણે મારગ જોઈએ રે, નયણ તે દિવ્ય વિચાર;
પંથડો નિહાળ રે બીજા જિન તણો રે.

સારાંશ કે અધ્યાત્મદશા એ પરમપંથનો ઉત્કૃષ્ટ માર્ગ છે. અન્યત્ર પણ કહ્યું છે કે—

यावज्जीवं सदाकालं, नयेदध्यात्मचिन्तया ।
किंचिन्नावसरं दद्यात्, कामादीनां मनागपि ॥ २ ॥

સદાકાલ સર્વજીવન અધ્યાત્મ-ચિંત્વનથી ગાળવું. કામાદિ શત્રુઓને હૃદયમાં પ્રવેશ કરવાનો જરા માત્ર પણ સમય આપવો નહિ. કામ ! તું દૂર થા, ક્રોધ ! તું દૂર થા એમ બોલી કામ ક્રોધને કાઢવા માટે જે પ્રયત્ન કરવો તે ખોટો છે, કારણ કે એમ બોલવા માત્રથી તે દૂર થતા નથી.

જ્યારે આત્મા આધ્યાત્મસ્વરૂપમાં રમણ કરે છે અને શુદ્ધ ઉપયોગથી આત્મધ્યાનમાં સ્થિરતા થાય છે, ત્યારે પોતાની મેળે જ કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર અને માયાદિ શત્રુઓ નાસી જાય છે.

અહિં દૃષ્ટાંત આપે છે કે, જેમ સૂર્યનો ઉદય થતાં પોતાની મેળે અંધકાર નાશ પામે છે, તેમ આત્મા અધ્યાત્મભાવમાં રમતાં, રાગદ્વેષાદિ શત્રુઓ નાસી જાય છે, માટે આધ્યાત્મચિંત્વન અવિચ્છિન્ન ધારાથી હૃદયમાં કરવું.

અનેક પ્રકારનાં શાસ્ત્રનો અભ્યાસ કર્યો હોય, પણ જ્યાં સુધી આત્મસ્વરૂપમાં નિષ્ઠા થઇ નથી, ત્યાં સુધી સર્વ શાસ્ત્રાભ્યાસ નિષ્ફળ જાણવો.

વાંજણી ગાયને ઘાસ ખવરાવવાથી જેમ દૂધનો લાભ થતો નથી, તેમ જે પુરુષને આત્મસ્વરૂપની ચાહના ન હોય તેને અનેક પ્રકારનો શાસ્ત્રનો અભ્યાસ અનેક ભાષાનું જાણપણુ, તે સર્વ નિષ્ફળ જાણવું. પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા પ્રયત્ન કરવો.

અન્યદ્રવ્યથી એટલે (૧) ધર્માસ્તિકા દ્રવ્ય અસંખ્ય પ્રદેશી લોકાકાશમાં વ્યાપી રહ્યું છે. તે અરૂપી છે, અચેતન છે, અક્રિય છે અને ચાલવામાં સાહાય્ય આપવી તે તેનો ધર્મ છે.

(૨) અધર્માસ્તિકાય દ્રવ્ય છે. તે લોકાકાશ વ્યાપી અસંખ્ય પ્રદેશી છે, સ્થિર રહેવામાં સાહાય્ય ગુણ કર્તા છે; અક્રિય, અરૂપી તથા અચેતન છે.

(૩) આકાશાસ્તિકાય દ્રવ્ય છે તે લોકાલોક વ્યાપી છે. અને તે અનન્તપ્રદેશી છે, અરૂપી છે, અક્રિય છે, અચેતન છે.

(૪) પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય લોકાકાશ વ્યાપી છે. અને તેનામાં વર્ણ ગંધ, રસ, અને સ્પર્શગુણ રહેલા છે. તે રૂપી છે, અચેતન છે, સક્રિય છે, પુરણ, ગલન, સડણ, વિધ્વંસણ સ્વભાવવાળું પુદ્ગલ દ્રવ્ય છે.

પુદ્ગલ પરમાણુઓ અનંત છે. પુદ્ગલ પરમાણુ ભેગા મળતાં સ્કંધ થાય છે. પુદ્ગલ સ્કંધના બે ભેદ છે. એક સચિત્ત પુદ્ગલ સ્કંધ અને બીજા અચિત્ત પુદ્ગલ સ્કંધ છે.

જીવને લાગેલા જે સ્કંધો તે સચિત્ત સ્કંધ કહેવાય છે અને જીવથી છૂટા જે સ્કંધો છે તે અચિત્ત સ્કંધ કહેવાય છે.

(૫) જીવદ્રવ્ય છે. ચારિત્રાદિ જીવના ગુણો જાણવા, લોકાકાશમાં વ્યાપીને જીવદ્રવ્ય રહે છે. તે અરૂપી છે, સચેતન છે, સક્રિય છે, જીવદ્રવ્ય અનંતા છે. જીવના બે ભેદ છે. (૧) સંસારી અને (૨) સિદ્ધ જીવ જાણવા.

(૬) છઠું કાલદ્રવ્ય છે, તે ઉપચારથી દ્રવ્ય જાણવું.

આ ષડ્દ્રવ્યમાં અનંત ગુણપર્યાય રહે છે. તેનું વિસ્તારથી સ્વરૂપ જોવું હોય તો આગમસાર વિગેરે ગ્રંથો જોવા. અહિં તેનો વિસ્તાર કર્યો નથી.

આ ષડ્દ્રવ્યમાં આત્મદ્રવ્ય ઉપાદેય છે અને બાકીનાં દ્રવ્ય હોય, એટલે ત્યાગ કરવા યોગ છે.

તેમાં પણ ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય તથા આકાશાસ્તિકાય એ ત્રણ દ્રવ્યથી આત્મગુણનો ઘાત થતો નથી. કર્મરૂપ જે પુદ્ગલદ્રવ્ય છે, તેનાથી આત્માના ગુણનો ઘાત થાય છે.

શિષ્ય પ્રશ્ન–કર્મ રૂપ જે પુદ્ગલ સ્કંધો છે, તે તો અચેતન છે, તે તો કંઈ સમજતા નથી, તો તે આત્મા-ગુણોનો ઘાત શી રીતે કરી શકે. વળી કર્મ શું જાણે કે હું આત્માને લાગું? માટે સમજાવો કે કર્મ શી રીતે આત્માને લાગે છે.

ગુરુ—હે શિષ્ય! એકાગ્રચિત્તથી શ્રવણ કર. કર્મ બે પ્રકારનું છે. ૧ દ્રવ્યકર્મ અને ૨ ભાવકર્મ. તેમાં દ્રવ્યકર્મ અષ્ટકર્મ સ્વરૂપ છે, અને રાગદ્વેષ છે, તે ભાવકર્મ, દ્રવ્યકર્મના બંધમાં કારણ છે. દ્વેષ છે, રાગ તે આત્માની અશુદ્ધ પરિણતિ છે. અનાદિકાળથી આત્મા રાગ, દ્વેષની અશુદ્ધ પરિણતિથી અશુદ્ધ બન્યો છે.

હવે મૂળ વિષય ઉપર આવીને કહેવાનું કે જેમ લોહચુંબકમાં એવી શક્તિ રહી છે કે, તે સોયને પોતાની ભણી આકર્ષે છે.

તેમ આત્માની અશુદ્ધ પરિણતિમાં સ્વભાવે જ એવી શક્તિ રહી છે કે, તે પુદ્ગલ સ્કંધોને ખેંચી કર્મરૂપે પરિણમાવે છે. પુદ્ગલ સ્કંધો પણ કર્મરૂપ પરિણમે છે.

વળી કહ્યું કે, પુદ્ગલ સ્કંધ છે તે અચેતન છે, તેથી તે કંઈ સમજતા નથી તો તે આત્મગુણનો શી રીતે ઘાત કરી શકે.

તેના ઉત્તરમાં કહેવાનું કે, તાલપુટ વિષના પરમાણુઓ અચેતન છે, તેનામાં બીજાનો ઘાત કરવો એવી સમજણ નથી, છતાં જે કોઈ તાલપુટ વિષ ભક્ષણ કરે છે, તો તે તાલપુટ વિષની શક્તિથી તુરત પ્રાણ છોડી દે છે.

તેવી રીતે કર્મ પણ અચેતન છે, પણ તે જેને લાગે છે, તેના આત્માના ગુણોનું આચ્છાદન કરે છે અને તેથી

આત્માના ગુણો તિરોભાવે વર્તે છે, તેથી આત્મગુણનો ઘાત કર્યો એમ કહેવાય છે.

કર્મ શું જાણે કે હું આત્માને લાગું? તેના ઉત્તરમાં સમજવાનું કે કર્મ તો અચેતન છે, તેથી તે કંઇ સમજી શકતું નથી. પણ લોહચુંબક તથા સોયના દૃષ્ટાંત પ્રમાણે આત્માની અશુદ્ધ પરિણતિમાં કર્મ ખેંચવાની શક્તિ રહી છે.

પોતાની શક્તિથી અશુદ્ધ પરિણતિ કર્મણા દલિયાં ખેંચી આત્માની સાથે અષ્ટકર્મ રૂપે પરિણમાવે છે. પુદ્ગલ રૂપ જે કર્મ તે પોતાની મેળે કંઇ લાગી શકતું નથી. અશુદ્ધ પરિણતિ તો જ્યારે નાશ થાય છે, ત્યારે કર્મનું ગ્રહણ થતું નથી. ઘાતી કર્મનું ગ્રહણ અશુદ્ધ પરિણતિના સદ્ભાવે છે. તેરમા ગુણઠાણે કેવલીને કર્મનો બંધ થાય છે; તે વેદનીય કર્મનો બંધ સમજવો. પ્રથમ સમયે કર્મ બાંધે છે, બીજા સમયે કર્મ વેદે છે અને ત્રીજા સમયે કર્મ નિર્જરાવે છે. કોઈ કહેશે કે ત્યારે તેરમા ગુણઠાણે કર્મનો બંધ થાય છે, તો ત્યાં વર્તતા એવા કેવલીને અશુદ્ધ પરિણતિ હોય કે કેમ?

તેના ઉત્તરમાં સમાધાન કે રાગ, દ્વેષ; અજ્ઞાન, પ્રમાદ, મોહાદિકના સદ્ભાવે અશુદ્ધ પરિણતિ કહેવાય છે. તેરમા ગુણઠાણે વર્તતા એવા કેવલીએ ઘાતી કર્મનો ક્ષય કર્યો છે, તેથી અશુદ્ધ પરિણતિનો તેમણે નાશ કર્યો છે.

તેરમા ગુણઠાણે કર્મનો બંધ શાથી થાય છે?

તેના ઉત્તરમાં કહેવાનું કે, ત્યાં યોગથી બંધ છે. અને વેદનીય રૂપ અઘાતી કર્મનો બંધ કંઈ હીસાબમાં નથી, તેથી કંઈ જન્મ, જરા મરણના ફેરા પ્રાપ્ત થતા નથી.

અશુદ્ધ પરિણતિથી આત્મા કર્મનું ગ્રહણ કરે છે, અને જ્યારે આત્મા શુદ્ધ પરિણતિનું સેવન કરે છે, ત્યારે તે કર્મ ગ્રહણ કરતો નથી.

ભેદ જ્ઞાનથી અન્તરાત્મા પોતાના શુદ્ધ સ્વરૂપ સન્મુખ થતાં કર્મનો નાશ કરી આત્મા પરમાત્મારૂપ પ્રકાશે છે.

શુદ્ધ પરિણતિ અને અશુદ્ધ પરિણતિ પણ આત્માની છે. અશુદ્ધ પરિણતિનો કર્તા તથા શુદ્ધ પરિણતિનો કર્તા પણ આત્મા જ છે. પોતાના સ્વભાવમાં રમે તો શુદ્ધ પરિણતિનો કર્તા આત્મા થાય છે આ આત્મા જ કર્મનો કર્તા છે. આત્મા જ કર્મનાશ કરે છે.

હે ચેતન! જો તું પોતાના સ્વભાવમાં રમે તો ત્રણ જગતની લક્ષ્મી પણ દાસી સમાન થાય છે. હવે સર્વ પ્રકારની બાહ્ય આશા છોડીને પોતાના સ્વરૂપનો ધ્યાસી થા.

જે બાહ્ય વસ્તુની આશા ધારે છે, તે બાહ્ય વસ્તુ ક્ષણિક વિનાશી છે. તારું સ્વરૂપ અવિનાશી છે, માટે તું જ્ઞાનથી પોતાના સ્વરૂપનો અભ્યાસી થા.

તે સંબંધી શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી પદ ગાય છે કે—

## ૫૬

ચેતન! જો તું જ્ઞાન અભ્યાસી, આપ હિ બાંધે;
આપ હિ છોડે, નિજમતિ શક્તિ વિકાસી ચેતન૦ ૧

જો તું આપ સ્વભાવે ખેલે, આશા છોરી ઉદાસી;
સુરનર કિન્નર નાયક સંપત્તિ, તો તુજ ઘરકી દાસી.
ચેતન૦ ૨

મોહ ચોર જન ગુન ધન લુસે, દેત આસગલ ફાંસી;
આશા છોર ઉદાસ રહે જો, તો ઉત્તમ સન્યાસી.
ચેતન૦ ૩

જોગ લઈ પર આશા ધરત હે, યાહી જગમેં હાસી;
તું જાને મેં ગુનકું સંચુ, ગુન તો જાવે નાશી.
ચેતન૦ ૪

પુદ્ગલકી તું આશ ધરત હે, સોતો સબહી વિનાશી;
તું તો ભિન્નરૂપ હે ઉનતે, ચિદાનંદ અવિનાશી.
ચેતન૦ ૫

ધન ખરચે નર બહુત ગુમાને, કરવત લેવે કાશી;
તો ભી દુઃખકો અન્ત ન આવે, જો આશા નહીં ઘાસી.
ચેતન૦ ૬

સુખજલ વિષય મૃગતૃષ્ણા, હોત મૂઢમતિ પ્યાસી:
વિભ્રમભૂમિ ભઈ પર આસી, તું તો સહજ વિલાસી.
ચેતન૦ ૭

યાકો પિતા મોહ દુઃખ ભ્રાતા. હોત વિષયદતિ માસી,
ભવ સુત ભરતા અવિરતિ પ્રાની, મિથ્યામતિ એ હાંસી
ચેતન૦ ૮

આસા છોર રહે જો જોગી, સો હોવે શિવ વાસી,
ઉનકો સુજસ બખાને જ્ઞાતા, અન્તરદૃષ્ટિ પ્રકાશી.
ચેતન૦ ૯

ભાવાર્થ—સુગમ છે. શ્રી ઉપાધ્યાયજીની વાણી અતિ ગંભીર છે. બાહ્ય આશા ધરતો, પ્રાણી કદી સુખી થતો નથી. ઝાંઝવાના જળની સમાન બાહ્ય પદાર્થો પોતાના કદી થયા નથી, અને થશે પણ નહિ.

આશા છોડીને જે રહે છે, તે યોગી શિવનગરીનો વાસી થાય છે; એમ હૃદયમાં ઉપદેશ સમજી, આસ્રવના હેતુઓ દૂર કરવા અને સંવરભાવનાનું સેવન કરવું. આત્મ-ધ્યાનમાં સદાકાળ પ્રવૃત્તિ કરવી, નિર્વિકલ્પ આત્મસ્વભાવમાં સ્થિર રહેવું.

રૂપાતીત એવું આત્મધ્યાન તે મોટામાં મોટું છે અને ધ્યાનની પ્રાપ્તિ માટે પિંડસ્થ ધ્યાન પ્રધાનપણે વર્તે છે.

યમ, નિયમ, આસન, પ્રાણયામ, પ્રત્યાહારાદિના ક્રમથી પિંડસ્થ ધ્યાનની સિદ્ધિ થાય છે.

પિંડસ્થ ધ્યાનની સ્થિરતાએ રૂપાતીત જ્ઞાનનો અંશ અનુભવ ગોચર થઇ શકે, અને તે સંબંધી યોગીરાજ શ્રી ચિદાનન્દજી કહે છે કે—

૫૬

(રાગ સોરઠ)

આતમધ્યાન સમાન જગમેં, સાધન નવિ કોઈ આન. આ૦
રૂપાતીત ધ્યાનકે કારણ, રૂપસ્થાદિક જાણ;
તાહુમેં પિંડસ્થ ધ્યાન પુન, ધ્યાતાકું પરધાન. આ૦
તે પિંડસ્થ ધ્યાન કિમ કરિયેં, તાકો એમ વિધાન;
રેચક પૂરક કુંભક શાંતિક, કર સુખ મન ઘર આન. આ૦
પ્રાણ સમાન ઉદાન વ્યાન હુ, સમ કર ગહો અપાન,
સહજ સુભાવ સુરંગ સભામેં, અનુભવ અનાહદ તાન. આ૦
કર આસન ધરે શુચિસમ મુદ્રા, ગહિ ગુરુગમ એ જ્ઞાન;
અજપાજાપ સોઽહું સમરન શુભ, કર અનુભવ રસપાન. આ૦
આતમધ્યાન ભરતચક્રી લહ્યો, ભવન આરીસા જ્ઞાન,
ચિદાનન્દ શુભધ્યાન યોગે જન, પાવત પદ નિરવાણ. આ૦

ભાવાર્થ સુગમ છે. આ પદમાં પિંડસ્થ ધ્યાનની સિદ્ધિ અર્થે ક્રમ દર્શાવ્યો છે. રેચક પૂરક અને કુંભક એ ત્રણ પ્રકારે પ્રાણાયામની સ્થિતિ છે.

આ પ્રમાણે આત્મધ્યાન કરતો જીવ મોક્ષપદની પ્રાપ્તિ કરે છે. સાધ્યપદ મોક્ષપદ છે. આત્મા તે જ પરમાત્મા છે.

આત્માની પરમાત્મપદ પ્રાપ્તિતાં આઠ કર્મ અંતરાય કરનાર છે. જેમ ઘાસની મોટી ગંજી હોય તેમાં જરા લેશ માત્ર અગ્નિ મૂકવામાં આવે, તો તે બળીને ભસ્મ થઇ જાય છે, તેમ આઠ કર્મ પણ ધ્યાનાગ્નિથી બળીને ભસ્મ

થઇ જાય છે. માટે ભવ્ય જીવો! આત્મધ્યાનનો બહુ ખપ કરજો.

આયુષ્ય સ્થિતિનો ભરોસો નથી. દુનિયામાંની કોઇ વસ્તુ પરભવમાં સાથે આવનાર નથી, એમ નિશ્ચયથી માનજો. રાજા, રંક, શેઠ, ભોગી, રોગી, આદિ સર્વ શરીર છોડી પરગતિ ભજનારા થયા.

આત્મા રૂપ પરમાત્માનું ભજન એટલે સેવન કરી લેવું. સારમાં સાર પરમાત્માસ્વરૂપનું ભજન જાણવું. નિશ્ચયનય હૃદયમાં ધારણ કરવો અને વ્યવહારનયથી વર્તવું.

શબ્દનય, સમભિરૂઢનય તથા એવંભૂતનય, તે નિશ્ચયનયના ભેદ છે. અને નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય અને ઋજુસૂત્રનય એ ચાર નય છે, તે વ્યવહારના ભેદ છે. નિશ્ચયનય સાધ્ય એવું આત્મસ્વરૂપ જાણી વ્યવહારનયને ત્યાગવો નહિ. સિદ્ધાંતમાં કહ્યું છે કે—

**जइ जिणमयं पवज्जह, ता मा ववहार-निच्छये मुयह।**
**ववहारनओच्छेए तित्थुच्छेओ जओ भणिओ ॥ १ ॥**

જો જિનમતને અંગીકાર કરો તો વ્યવહારનય અને નિશ્ચયનયને મૂકશો નહિ. વ્યવહારનયનો છેદ કરતાં તીર્થનો ઉચ્છેદ થાય, માટે વ્યવહારનયથી થતી ધર્મની પ્રવૃત્તિ મૂકવી નહીં. વ્યવહારનો નિષેધ કરવો નહીં.

સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ તીર્થની ઉન્નતી તથા તીર્થની શોભા તથા ઉત્પત્તિ વ્યવહારનયથી છે. વ્યહારનય માતા સમાન છે. વ્યહારનયનું આલંબન જીવને

હિતકારી છે. જ્ઞાન વિના એકલો વ્યવહારમાર્ગ પણ હિતકારક નથી.

વ્યવહારનય દૂધ સમાન છે. અને નિશ્ચયનય ધૃત-સમાન છે.

શુદ્ધ વ્યવહારનો આદર કરવો, ધર્મની ક્રિયાઓનું અવલંબન કરવું, પ્રભુ પૂજા, ગુરૂ ભક્તિ, ગુરુ વૈયાવચ્ચ, ગુરૂમહારાજને શુદ્ધ આહાર પાણી વહોરાવવાં.

સકલ સંઘની ભક્તિ કરવી, જ્ઞાનનાં પુસ્તકો લખાવવાં તથા છપાવવાં, ગુરુમહારાજનો ઉપદેશ સાંભળવો તથા જે જે પુસ્તકો વાંચવાં તેમાં ગુરુગમ લેવો, નાસ્તિકોના સંઘમાં ઘણું આવવું નહિ.

શ્રાવકના બાર વ્રત તથા સર્વવિરતિરૂપ ભાગવતી દીક્ષા અંગીકાર કરવી, ગુરુમહારાજને ત્રિકાલ ત્રણ ખમાસમણ તથા અબ્ભુટ્ઠિઓ અબ્ભિંતરના પાઠ સહિત વંદન કરવું. ગુરુને દેવ સમાન ધારવા ઈત્યાદિ સર્વ વ્યવહારની કરણીનું અવલંબન ભવ્ય જીવોએ કરવું, સર્વ કરતાં મુનિપણું અંગીકાર કરવું. એ મોટામાં મોટો મોક્ષમાર્ગ છે.

અનેક પ્રકારે પાપની ઉપાધિનો વ્યવહાર છે, તે દીક્ષા અંગીકાર કરવાથી દૂર થાય છે. દીક્ષાગ્રહણ કરી અનેક જીવો સંસાર સમુદ્ર તરી ગયા, અને તરી જશે.

ક્યાં સૂર્ય ? અને ક્યાં ખદ્યોત ?

ક્યાં મેરૂપર્વત ? અને ક્યાં સરસવનો દાણો ?

કયાં સ્વયંભુરમણ સમુદ્ર ? અને કયાં ખાબોચિયું ?
કયાં ઈન્દ્ર ? અને કયાં વિષ્ઠાનો કીડો ?
કયાં નરક ? અને કયાં સ્વર્ગ ?

કયાં ચિંતામણિ રત્ન ? અને કયાં કાચનો કટકો ? એમાં જેટલું અંતર છે, તેટલું જ ગૃહસ્થ અને મુનિ–પણામાં અંતર છે.

મુનિ થવા સદાકાળ ભવ્ય જીવોએ હૃદયમાં ભાવના ભાવવી. જેના મનમાં મુનિ થવાની ભાવના નથી, તે મનુષ્ય શ્રી વીતરાગદેવની વાણીમાં શ્રદ્ધાળુ નથી એમ સમજવું.

શ્રી જિનેશ્વરના વચનની શ્રદ્ધા કરવી. શ્રી જિનના વચનમાં શંકા કરવી નહિ. શુદ્ધ શ્રદ્ધા રાખવી. ગુરુગમ લઈ ષડ્દ્રવ્યના સ્વરૂપનું જ્ઞાન મેળવવું, સદાકાળ ક્ષયોપશમ જ્ઞાન દ્વારા ધ્યાન પ્રવાહધારા હૃદયમાં વહેવરાવવી.

ષડ્યંદ્રવ્યનું નયનિક્ષેપાથી જ્ઞાન થતાં, નિશ્ચય સમક્તિ પ્રગટે છે; માટે દ્રવ્યાનુયોગી ગીતાર્થના ચરણકમળ સેવવા.

આ કાળમાં પણ એકાગ્રચિત્તથી પ્રમાદ પરિહરી, આત્મસાધન કરવામાં આવે તો અલ્પભવમાં મુક્તિની પ્રાપ્તિ થાય છે.

રાગ દ્વેષની ક્ષીણતા અધ્યાત્મજ્ઞાનથી વિશેષ થાય છે. અધ્યાત્મજ્ઞાનથી સહજાનંદ પ્રગટે છે. અધ્યાત્મ ભાવનાથી આત્માનો નિશ્ચય થાય છે. અને કાળભય પણ મટી

જાય છે. અધ્યાત્મજ્ઞાનથી જન્મ, જરા મરણનાં બંધન નાશ પામે છે.

શ્રી આનંદઘનજી મહારાજ પણ આત્મધ્યાનમાં લીન થઈ આનંદમાં આવી નિશ્ચયથી કહે છે કે–

અમે અમર થઈશું. હવેથી વારંવાર મરણ પામીશું નહિ. એવા રહસ્યનું પદ તેમનું ગાયેલું છે.

**પદ**

(રાગ : સારંગ તથા આશાવરી)

અબ હમ અમર ભએ ન મરેંગે અબ૦
યા કારણ મિથ્યાત દીયો તજ, કયું કર દેહ ધરેંગે ? અબ૦
રાગ દોષ જગ બંધ કરત હે, ઈનકો નાશ કરેંગે;
માર્યો અનંતકાલ તેં પ્રાની, સો હમ કાલ હરેંગે. અબ૦
દેહ વિનાશી હું અવિનાશી, અપની ગતિ પકરેંગે;
નાશી જાશી હમ થિર વાસી, ચોખે વ્હેં નિખરેંગે. અબ૦
મર્યો અનંતવાર બિન સમજ્યો, અબ સુખ દુઃખ વિસરેંગે;
આનંદઘન નિપટ નિકટ અક્ષર દો, નહિ સમરે સો મરેંગે અબ૦

ભાવાર્થ—સુગમ છે, છતાં સમજાય નહિ તો તેનો અર્થ ગુરુગમથી ધારી લેવો.

જે ભવ્ય અધ્યાત્મજ્ઞાની છે તે સહજાનંદનો ભોક્તા અવશ્ય બને છે. કેટલાક અધ્યાત્મજ્ઞાનના કંઈક જ્ઞાતા થઈ, વ્યવહાર માર્ગ ઉપર અરુચિ ધરાવે છે, અને સાધુ સાધ્વી કરતાં પણ પોતાને ગૃહસ્થાશ્રમી છતાં મોટા સમજે છે, તે મિથ્યાજ્ઞાનમાં પડયા છે એમ જાણવું.

કોઈક એમ કહે કે સાધુ, સાધ્વી હાલ ક્યાં છે? તો તેના વચનથી સમજવું કે તે મહામિથ્યાત્વી છે, તેવી કુશ્રદ્ધાવાળાનો સંગ પણ કરવો નહિ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના અનુસારે હાલ પણ સાધુ, સાધ્વીનો માર્ગ વિદ્યમાન છે.

જે અધ્યાત્મી પૂર્ણ હોય તે સાધુ, સાધ્વી શ્રાવક, શ્રાવિકારૂપ તીર્થને અવશ્ય માને છે. અને તેને તીર્થંકર સમાન લેખે છે.

પ્રસન્નચંદ્ર રાજર્ષિની જેમ વેષ પણ ધર્મનું રક્ષણ કરનાર થાય છે. જ્યારે પ્રસન્નચંદ્ર રાજર્ષિના મનમાં દુર્ધ્યાન થયું, ત્યારે લડાઈ મનમાં ને મનમાં કરી, અંતે શત્રુને મારવા મુકુટ ઉપાડયો, પણ મસ્તકે તો મુંડ હતા, એટલે દીક્ષાવસ્થાની યાદી આવી અને પશ્ચાત્તાપ થતા નિર્મલ ભાવના ભાવતાં શુક્લધ્યાનની પ્રાપ્તિથી કેવલજ્ઞાન પામ્યા.

તેમ અન્ય ભવ્ય જીવોને પણ વેષ ધર્મમાં સ્થિર કરે છે, માટે દ્રવ્યથી પણ મુનિપણું પામવું મહા દુર્લભ છે. મોટા પુણ્યના ઉદયથી પમાય છે; માટે સાધુ–સાધ્વીની ભક્તિ કરવી.

સારાંશ કે અધ્યાત્મજ્ઞાન પામી વ્યવહારનો ઉચ્છેદ કરવો નહિ. વ્યવહાર અને નિશ્ચયનય છે, તે ચંદ્ર અને સૂર્યની માફક સદાકાળ વિજયવંતા વર્તે છે.

આ સમાધિશતક ગ્રંથનું પુનઃ પુનઃ વાચન કરવું, મનન કરવું, આ ગ્રંથના મનન યોગે સહજ સમાધિભાવ-રૂપ સ્વભાવને। ઘટમાં પ્રાદુર્ભાવ થશે.

શ્રી યશોવિજયજી ઉપાધ્યજીએ આ સંમધિશતક દોધક-છંદમાં સંસ્કૃત સમાધિશતકમાંથી ઉદ્ધરી કહ્યું છે. એ સમાધિશતકને। ભાવાર્થ જે ભવ્ય પોતે હૃદયમાં ધારણ કરશે, અને બીજાને ધારણ કરાવશે, તે કલ્યાણની પરંપરા પામશે.

એક વાર વાંચવું, બે વાર વાંચવું, પુનઃ પુનઃ વારંવાર સમાધિશતકનું વિવેચન વાંચવુ., તેનું સ્મરણ કરવું અને તેનું નિદિધ્યાસન કરવું. પ્રમાદને ત્યાગી સ્વાત્મરણમાં આયુષ્ય વ્યતીત કરવું.

પુનઃ પુનઃ મનુષ્ય અવતાર મળવો દુર્લભ છે

અનંતકાળથી આ જીવ ચોરાશી લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરે છે. તેનું કારણ અજ્ઞાનદશા છે. તે અજ્ઞાન-દશાનું નિવારણ સમ્યગ્જ્ઞાનથી કરીને મોહનીય કર્મને। નાશ કરવા ચારિત્રવસ્થાને। આદર કરવો.

સમકિતદાયક ગુરુ મહારાજની આજ્ઞા પ્રમાણે પ્રવર્તી આત્મધર્મનું સેવન કરવું.

શ્રુતજ્ઞાન તે અનુભવજ્ઞાન તથા કેવલજ્ઞાનને। હેતુ છે, માટે ક્ષયોપશમભાવે પ્રાપ્ત થતા મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનથી અહંકાર કરવો નહિ.

શબ્દજ્ઞાનનું ફળ આત્મધ્યાન અનેક પ્રકારના તત્ત્વ-ગ્રંથોને। અભ્યાસ કર્યો હોય પણ આત્મધ્યાન તથા આત્મ

સમાધિમાં નિષ્ઠ થવાયું નહિ, તો શબ્દજ્ઞાનનો શ્રમ તે શ્રમરૂપ જાણવો. અન્ય મતવાળા ભાગવતમાં (એકાદશ સ્કંધમાં) કહે છે ––

**शब्दे ब्रह्मणि निष्णातो-न निष्णायात् परे यदि ।**
**श्रमस्तस्य श्रमफलो-ह्यधेनुमिव रक्षतः ॥ १ ॥**

શબ્દ બ્રહ્મથી પર જે આત્મ રૂપ બ્રહ્મ તે સાધ્ય છે. શબ્દ બ્રહ્મમાં કુશળ હોય, પણ પરબ્રહ્મમમાં કુશળ ન હોય તો તેનો શ્રમ; તે શ્રમ ફલવાળો છે. બાખડી ગાયની ચાકરીમાં દૃષ્ટાંત પેઠે અહિં સમજવું.

આત્માર્થી જીવોએ વૈરાગ્યથી આત્માને ભાવવો. શ્રાવકવ્રત તથા મુનિવ્રતનો આદર કરવો. સામાયિક પૌષધ, પ્રતિક્રમણ, પ્રભુ પૂજા કરવી. ગુરુવંદન તથા ગુરુવૈયાવચ્ચ તથા ગુરુની ભક્તિ કરવી.

સાધુ તથા સાધ્વી, શ્રાવક તથા શ્રાવિકાનું બહુમાન કરવું. તીર્થયાત્રાઓ કરવી, આસ્રવ હેતુઓનો ત્યાગ કરવો. સદ્ગુરુની પુનઃ પુનઃ સંગતિ કરવી.

વ્યવહારધર્મ તથા નિશ્ચયધર્મનું જ્ઞાન કરવું વ્યવહાર અને નિશ્ચય ધર્મનો આદર કરવો. જ્ઞાનદાન ભવ્યજીવોને આપવું, જ્ઞાનપૂર્વક ક્રિયાનું અવલંબન કરવું. ક્ષયોપશમભાવીય જ્ઞાનનું ફળ ધ્યાન છે અને ધ્યાનનું ફળ તે અનુભવ જ્ઞાન કેવલજ્ઞાનાદિ ગુણોની પ્રગટતા જાણવી.

નિશ્ચયધર્મનું વર્ણન છે, તે નિશ્ચય ધર્મનો આદર કરવાને માટે છે, પણ વ્યવહાર ધર્મના ખંડન માટે નથી.

વ્યવહાર ધર્મનું વિશેષથી પ્રતિપાદન છે, તે વ્યવહાર ધર્મનું વર્ણન કંઈ નિશ્ચય ધર્મના ખંડનના અર્થે નથી.

વ્યવહારધર્મ તથા નિશ્ચયધર્મની મુખ્યતા તથા ગૌણતા સાપેક્ષ બુદ્ધિથી પ્રત્યેક જીવના અધિકાર પ્રમાણે જાણવી. વ્યવહારધર્મ છે, તે નિશ્ચયધર્મનું કારણ છે. સાપેક્ષ બુદ્ધિથી સર્વ સત્ય છે.

**गाथा**

**कालो सहाव नियई, पुव्वकयं पुरिसकारणे पंच ।**
**समवाये सम्मतं, एगंते होइ मिच्छतं ॥ ॥१॥**

પંચ કારણના સમવાયે કાર્યોત્પત્તિ માનતાં સમયકત્વ હોય છે અને એકેકને કારણ માનતાં મિથ્યાત્વ જાણવું.

સાત નયથી પરિપૂર્ણ એવા અનેકાંત દર્શનમાં સાગરમાં જેમ સરિતાઓ ભળે છે, તેમ સર્વ દર્શન ભળે છે.

જે ભવ્યે સ્યાદ્વાદ દર્શન આદર્યું તેણે સર્વ દર્શન આદર્યાં તેણે સર્વ દર્શન આદર્યા, એમ સ્યાદ્વાદ દષ્ટિથી જાણવું.

**॥ इत्येवं श्री शान्तिः शान्तिः शान्तिः ॥**

**॥ ॐ शंखेश्वरपार्श्वनाथाय नमः ॥**

□

## યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી
## મ. સા. વિરચિત અમુલ્ય — પુસ્તકો

વાંચો... વંચાવો... વસાવો...

| | | |
|---|---|---|
| (૧) | આનંદ ઘનપદ ભાવાર્થ ભા. ૧-૨-૩ | ૭૫-૦૦ |
| (૨) | કર્મયોગ ભા. ૧-૨-૩ | ૬૦-૦૦ |
| (૩) | પરમાત્મા જ્યોતિ | ૨૫-૦૦ |
| (૪) | પરમાત્મ દર્શન | ૨૫-૦૦ |
| (૫) | યોગ દિપક યોગ સમાધિ | ૨૦-૦૦ |
| (૬) | જૈન ખ્રીસ્તી ધર્મનો મુકાબલો | ૧૬-૦૦ |
| (૭) | પૂજા સંગ્રહ ભા. ૧-૨ | ૫-૦૦ |
| (૮) | આત્મ શીક્ષા ભાવના પ્રકાશ | ૪-૭૫ |
| (૯) | તત્વજ્ઞાન દિપીકા | ૪-૭૫ |
| (૧૦) | આધ્યાત્મ વ્યાખ્યાન માળા | ૪-૫૦ |
| (૧૧) | સ્નાત્ર પૂજા-મંગલ પૂજા | ૪-૦૦ |
| (૧૨) | યોગ વિદ્યા | ૪-૦૦ |
| (૧૩) | શોક વિનાશક ગ્રંથ | ૪-૦૦ |
| (૧૪) | સાંવત્સરીક ક્ષમાપના | ૪-૦૦ |
| (૧૫) | ધ્યાન વિચાર | ૩-૫૦ |
| (૧૬) | આત્મશક્તિ પ્રકાશ | ૩-૦૦ |
| (૧૭) | આત્મ દર્શન | ૩-૦૦ |
| (૧૮) | જૈન સુત્રમાં મૂ. પૂજા | ૨-૦૦ |
| (૧૯) | સંઘ પ્રગતિ મહામંત્ર | ૧-૦૦ |
| (૨૦) | જ્ઞાનામૃત | ૧-૦૦ |
| (૨૧) | સમાધિશતકમ્ | ૧૪-૦૦ |

-: પ્રાપ્તિ સ્થાન :-

**શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ**

શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વે. મૂ. પૂ. ટ્રસ્ટ

મુ. મહુડી તા. વિજાપુર, જિ. મહેસાણા.